શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ-૨

સંસ્કાર ગ્રંથાવલિ

ક્રમાંક ને એક મું

# હીરાની ચમક

રમણલાલ વ. દેસાઈ

આર. આર. શેઠની કંપની

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

❁ **સંપુટ-૧**

## નવલકથાઓ

જયંત ★ શિરીષ ★ કોકિલા ★ હૃદયનાથ ★ સ્નેહયજ્ઞ ★ દિવ્યચક્ષુ ★ પૂર્ણિમા ★ ભારેલો અગ્નિ ★ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ★ બંસરી ★ પત્રલાલસા ★ ઠગ ★ શોભના ★ ક્ષિતિજ ★ ભાગ્યચક્ર ★ હૃદયવિભૂતિ ★ છાયાનટ ★ પહાડનાં પુષ્પો ★ ઝંઝાવાત ★ પ્રલય ★ કાલભોજ ★ સૌંદર્યજ્યોત ★ શૌર્યતર્પણ ★ બાલાત્તેગણ ★ સ્નેહસૃષ્ટિ ★ શચી પૌલોમી ★ ત્રિશંકુ ★ આંખ અને અંજન

❁ **સંપુટ-૨**

## નવલિકાસંગ્રહો

ઝાકળ ★ પંકજ ★ રસબિંદુ ★ કાંચન અને ગેરુ ★ દીવડી ★ સતી અને સ્વર્ગ ★ ધબકતાં હૈયાં ★ હીરાની ચમક

❁ **સંપુટ-૩**

## કાવ્યસંગ્રહો

નિહારિકા ★ શમણાં

## નાટ્યસંગ્રહો

શંકિત હૃદય ★ પરી અને રાજકુમાર ★ અંજની ★ તપ અને રૂપ ★ પુષ્પોની સૃષ્ટિમાં ★ ઉશ્કેરાયેલો આત્મા ★ કવિદર્શન ★ પૂર્ણિમા ★ બેજુ બહાવરો ★ વિદેહી ★ સંયુક્તા

❁ **સંપુટ-૪**

## પ્રકીર્ણ

જીવન અને સાહિત્ય ૧-૨ ★ સુવર્ણરજ ★ ગ્રામોન્નતિ ★ ગઈકાલ ★ મધ્યાહ્નનાં મૃગજળ ★ તેજચિત્રો ★ અભિનંદન-ગ્રંથ ★ ઊર્મિ અને વિચાર ★ ગુલાબ અને કંટક ★ અપ્સરા ૧ થી ૫ ★ રશિયા અને માનવશાંતિ ★ ગુજરાતનું ઘડતર ★ સાહિત્ય અને ચિંતન ★ ભારતીય સંસ્કૃતિ ★ માનવસૌરભ ★ કલાભાવના ★ શિક્ષણ અને સંસ્કાર ★ ઊર્મિના દીવડા

## ચિંતનમાળા

મહાત્મા ગાંધી ★ ન્હાનાલાલ-કલાપી ★ માનવી - પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ★ ભારતીય કલા - સાહિત્ય - સંગીત ★ સમાજ અને ગણિકા ★ અંગત - હું લેખક કેમ થયો ?

એકી સાથે પિતા અને પુત્રના મિત્ર થવાની
કલા સાધ્ય કરનાર સરસ ગોષ્ઠિકાર

**ઉમાશંકર જોશીને**

અક્ષયકુમાર ર. દેસાઈ

DESAI, Ramanlal V.
HIRANI CHAMAK, Short Stories
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1992
891·47301

© ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ–મે, ૧૯૯૨

મૂલ્ય રૂ. ૪૦–૦૦

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ * અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક
પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી,
સોનગઢ ૩૬૪ ૨૫૦

# પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

'હીરાની ચમક' મુ. ભાઈસાહેબનો પંદર ટૂંકી વાર્તાઓનો નવો વાર્તાસંગ્રહ. જુદાં જુદાં માસિકો અને દીપોત્સવી અંકોમાં આ વાર્તાઓ પ્રસિદ્ધ થઈ ચૂકી છે; હવે તે ગ્રંથસ્થ થઈ પ્રકાશન પામે છે.

"ઝાકળ", "પંકજ", "રસબિંદુ", "કાંચન અને ગેરુ", "દીવડી", "ભાગ્યચક્ર", "સતી અને સ્વર્ગ" તથા "ધબકતાં હૈયાં" દ્વારા વિસ્તરેલું એમનું ટૂંકી વાર્તાઓનું સર્જન "હીરાની ચમક" સુધી ફેલાઈ સમાપ્ત થાય છે. હજી એમની કેટલીક ટૂંકી વાર્તાઓ જડતી નથી; પરંતુ આ કલાક્ષેત્રમાં મુ. ભાઈસાહેબનું સર્જન આ ગ્રંથથી સમાપ્ત થાય છે એમ કહીએ તો ચાલે.

લગભગ દોઢસોથી ઉપર નવલિકાઓનું તેમનું સર્જન સંખ્યાની દૃષ્ટિએ બહુ ઓછું કહી શકાય નહિ. હું ધારું છું ત્યાં સુધી ગુજરાતના બહુ જ થોડા નવલિકાકારોનો ફાલ આટલો વિપુલ હશે. જનહૃદયમાં એમની ટૂંકી વાર્તાઓ ઠીક પ્રમાણમાં પ્રવેશી ચૂકી છે. બંગાળી, હિન્દી અને બીજી ભારતીય ભાષાઓમાં પણ એમની વાર્તાઓના અનુવાદ થયા કરે છે. અંગ્રેજી અને બીજી યુરોપીય ભાષાઓમાં પણ એમની વાર્તાઓ પ્રસિદ્ધ થયે જાય છે. આમ વાચકો તેમની વાર્તાઓને રસપૂર્વક વાંચે જાય છે.

પરંતુ સાહિત્યના વિવેચકોની દૃષ્ટિએ તેમનું મૂલ્યાંકન શું? વસ્તુ, પાત્ર, વાતાવરણ, સંવિધાન, વૈવિધ્ય, રસનિષ્પત્તિ અને વાચક ઉપર 'એક જ છાપ પૂરેપૂરી મૂકી જવી', 'સંપૂર્ણ રીતે એક જ છાપ' અગર 'સમગ્રતા'ની છાપ પાડવાની શક્તિ વગેરે કલાતત્ત્વોની

દૃષ્ટિએ મુ. ભાઈસાહેબ કેટલા પ્રમાણમાં સફળતા પામ્યા છે એ સરવૈયું હું વિવેચકો ઉપર જ છોડું છું.

ગુજરાતમાં ટૂંકી વાર્તાનું સાહિત્ય હમણાં બહુ ઝડપથી વિકસતું જાય છે. મલયાનિલની 'ગોવાલણી'થી શરૂ થયેલાં તેનાં કામણ, 'સવિતા' માસિક તરફથી હમણાં જ પ્રસિદ્ધ થયેલા ગુર્જર વાર્તાવૈભવના સંગ્રહિત ગ્રંથો દ્વારા પણ હજી ચાલુ છે.

આ કલાપ્રકારનો પદ્ધતિસરનો ઇતિહાસ સમજવા મેં પુસ્તકો શોધવા પ્રયત્ન કર્યો. છૂટાછવાયા લેખો સિવાય, સર્વાંગી ક્રમબદ્ધ વિવેચનનો અભાવ દેખાયો.

રામચંદ્ર શુકલના નવલિકાસંગ્રહમાં, તેમ જ 'બે ઘડી મોજ'ના ખાસ વાર્તાઅંકોમાં આવેલા કેટલાક લેખો, શ્રી નરસિંહરાવ દિવેટિયા, શ્રી ધૂમકેતુ, શ્રી રામનારાયણ પાઠક, શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ, શ્રી ગુલાબદાસ બ્રોકર અને શ્રી મનસુખલાલ ઝવેરી, તથા અન્ય થોડા લેખકોના છૂટાછવાયા નિબંધો, એ આપણા નવલિકાસાહિત્યનો વિવેચનવિસ્તાર. આમાં આપણને આછો ઇતિહાસ અને થોડું મૂલ્યાંકન મળે છે; પરંતુ તે ખૂબ જ અધૂરું લાગે છે.

બ્રિટિશ સાથેના સંપર્કથી વિકસી આવેલા, જૂની સામંતશાહી અર્થતંત્રમાંથી પ્રથમ બ્રિટિશ સંસ્થાન તરીકે અને પછી આઝાદ ભારત તરીકે નવા મૂડીવાદી ઔદ્યોગિક અર્થતંત્રવાળા ભારતીય સમાજમાં, જૂનાં સામાજિક જૂથો, સંસ્થાઓ, નિયામકબળો, સામાજિક સંબંધોના પ્રકારો, જીવનમૂલ્યો, કલ્પનાના રંગો અને ઊર્મિના આવેગોમાં પરિવર્તન થવા માંડ્યાં. ગુજરાતના અર્થતંત્રમાં, સમાજવ્યવસ્થામાં અને મૂલ્યોમાં આ પરિવર્તન એકંદરે વધુ પ્રમાણમાં થયું છે. જૂની જ્ઞાતિઓમાંથી નવા વર્ગો વિકસવા માંડ્યા, સામાજિક સંબંધોની કક્ષા બદલાવા માંડી. પરદેશી ધૂંસરી, નવું રાજ્યતંત્ર આર્થિક ઝંઝાવાતો, સામાજિક આંદોલનો અને રાજકીય ચળવળોથી

ગુજરાત નવું ચૈતન્ય અનુભવવા માંડયું. આ સર્વની અસર તળે ઊર્મિના નવા પ્રકારના ઝરા વહેવા માંડયા, કલ્પના નવા સ્વાંગ સજી ઉડ્ડયન કરવા માંડી. ઊર્મિ અને કલ્પનાજીવનની આ ભૂમિકા ઉપર વર્તમાન સાહિત્ય અને કલા રચાવા લાગ્યાં. વિવિધ યુગોમાં વિવિધ સાહિત્ય અને કલાસ્વરૂપો ખીલવા માંડયાં.

આ ખૂબ જ ઝડપી જીવનપરિવર્તનને પ્રતિબિંબત કરવાનું કાર્ય સાહિત્યનું. પછી તે કાવ્યરૂપે, વાર્તારૂપે, નાટકરૂપે, નિબંધરૂપે કે નવલકથારૂપે પ્રતિબિંબ પાડે. વિવિધ વર્ગોની ઊર્મિઓ, અનુભૂતિઓ અને દર્શન પણ જુદાં. સાહિત્યકાર પણ આખરે તો સામાજિક માનવી છે. તેની ઊર્મિ, તેનાં ઉડ્ડયનો, તેનાં મૂલ્યો અને તેની કલ્યાણભાવના પણ તે કયા વર્ગમાંથી આવે છે, કયા વર્ગોનાં હિતો વ્યક્ત કરે છે અને કયા પ્રકારનું તાત્ત્વિક દર્શન ધરાવે છે તેના ઉપર જ આધાર રાખે છે.

બેલીન્સ્કી, પ્લેખેનોફ, ટ્રોટસ્કી, કોડવેલ, થોમસન, લ્યુકાસ, ફોક્સ, હાવર્ડ ફાસ્ટ, ફિંકલ્ટન, હાઉસોફર ડંકન અને બીજા ઘણા રસશાસ્ત્રના મીમાંસકો આ સત્ય ઉપર આપણું ખાસ ધ્યાન દોરે છે. સાહિત્યકારનું સાચું સામર્થ્ય આ વાસ્તવને ઊર્મિ અને કલ્પના દ્વાર. વ્યક્ત કરવાની તેની શક્તિ ઉપર જ આધાર રાખે છે.

ટૂંકી વાર્તા પણ દરેક કલાપ્રકારની માફક content–અંતસ્તત્ત્વ રહસ્ય કે વસ્તુ, અને form–આકાર, સ્વરૂપ–ની બનેલી હોય છે. સ્વરૂપ વસ્તુને પુષ્ટ કરે છે અને વસ્તુ સ્વરૂપને ઘડે છે.

કલાકાર સીધા પ્રચારક કરતાં વસ્તુને જુદી ઢબે રજૂ કરે છે. તે સીધી બુદ્ધિને સ્પર્શવાને બદલે તે જ વસ્તુમાંથી નિષ્પન્ન થતાં ઊર્મિ, ભાવના, લાગણી અને કલ્પનાનાં સમકોને ઝણઝણાવી ઊર્મિ અગર કલ્પનાનાં બિમ્બો ખડાં કરી તે ઘટનાને વાચક, શ્રોતા અગર દ્રષ્ટાના હૃદયમાં અંકિત કરે છે અને આ ઊર્મિ, ભાવના, લાગણી

ગુજરાત નવું ચૈતન્ય અનુભવવા માંડ્યું. આ સર્વની અસર તળે ઊર્મિના નવા પ્રકારના ઝરા વહેવા માંડ્યા, કલ્પના નવા સ્વાંગ સજી ઉડ્ડયન કરવા માંડી. ઊર્મિ અને કલ્પનાજીવનની આ ભૂમિકા ઉપર વર્તમાન સાહિત્ય અને કલા રચાવા લાગ્યાં. વિવિધ યુગોમાં વિવિધ સાહિત્ય અને કલાસ્વરૂપો ખીલવા માંડ્યાં.

આ ખૂબ જ ઝડપી જીવનપરિવર્તનને પ્રતિબિંબત કરવાનું કાર્ય સાહિત્યનું. પછી તે કાવ્યરૂપે, વાર્તારૂપે, નાટકરૂપે, નિબંધરૂપે કે નવલકથારૂપે પ્રતિબિંબ પાડે. વિવિધ વર્ગોની ઊર્મિઓ, અનુભૂતિઓ અને દર્શન પણ જુદાં. સાહિત્યકાર પણ આખરે તો સામાજિક માનવી છે. તેની ઊર્મિ, તેનાં ઉડ્ડયનો, તેનાં મૂલ્યો અને તેની કલ્યાણભાવના પણ તે કયા વર્ગમાંથી આવે છે, કયા વર્ગોનાં હિતો વ્યક્ત કરે છે અને કયા પ્રકારનું તાત્ત્વિક દર્શન ધરાવે છે તેના ઉપર જ આધાર રાખે છે.

બેલીન્સ્કી, પ્લેખેનોફ, ટ્રોટસ્કી, કોડવેલ, થોમસન, લ્યુકાસ, ફોક્સ, હાવર્ડ ફાસ્ટ, ફિંકલ્ટન, હાઉસોફર ડંકન અને બીજા ઘણા રસશાસ્ત્રના મીમાંસકો આ સત્ય ઉપર આપણું ખાસ ધ્યાન દોરે છે. સાહિત્યકારનું સાચું સામર્થ્ય આ વાસ્તવને ઊર્મિ અને કલ્પના દ્વાર. વ્યક્ત કરવાની તેની શક્તિ ઉપર જ આધાર રાખે છે.

ટૂંકી વાર્તા પણ દરેક કલાપ્રકારની માફક content—અંતસ્તત્ત્વ રહસ્ય કે વસ્તુ, અને form—આકાર, સ્વરૂપ—ની બનેલી હોય છે. સ્વરૂપ વસ્તુને પુષ્ટ કરે છે અને વસ્તુ સ્વરૂપને ઘડે છે.

કલાકાર સીધા પ્રચારક કરતાં વસ્તુને જુદી ઢબે રજૂ કરે છે. તે સીધી બુદ્ધિને સ્પર્શવાને બદલે તે જ વસ્તુમાંથી નિષ્પન્ન થતાં ઊર્મિ, ભાવના, લાગણી અને કલ્પનાનાં સમકોને ઝણઝણાવી ઊર્મિ અગર કલ્પનાનાં બિમ્બો ખડાં કરી તે ઘટનાને વાચક, શ્રોતા અગર દ્રષ્ટાના હૃદયમાં અંકિત કરે છે અને આ ઊર્મિ, ભાવના, લાગણી

અને કલ્પનાનાં ક્યાં સત્તત્વો ઝણઝણશે તે સર્જકનાં વર્ગમૂલ્યો ઉપર આધાર રાખશે.

ટૂંકી વાર્તાનાં સ્વરૂપ—આકારમાં અનેકાનેક અખતરાઓ થયા જ કરે છે. ઘણી વાર આ અખતરાઓ આકાર પરત્વેના જ હોય છે, એટલું જ નહિ પણ "અખતરા તરફની પ્રીતિના કારણે અથવા આકારસૌંદર્યના લોભમાં," વાર્તાના અંતસ્તત્ત્વ સાથે સમન્વય ખોઈને, અંતસ્તત્ત્વને પુષ્ટિ આપવાને બદલે તેને લગભગ નિશ્ચેષ્ટ બનાવી દે છે. શ્રી વિશ્વનાથ ભટ્ટનું મંતવ્ય ધ્યાન રાખવા સરખું છે. "કોઈ પણ સાહિત્યકૃતિની અંતિમ મૂલવણીમાં એની આયોજનકલા, રચનાપદ્ધતિ કે નિરૂપણશૈલીને આપણે ગૌણ ગણવી જોઈએ. અને મુખ્ય વિચાર તો એ બધી પ્રણાલિકા વાટે જે જે તાત્ત્વિક પ્રતિભા અને સાચું સર્જનસામર્થ્ય વ્યક્ત થઈ રહેલ હોય તેનો જ કરવો જોઈએ."

આપણા નવલિકાકારોમાં વિશિષ્ટ તાત્ત્વિક પ્રતિભા કઈ અને કેટલી? સાચું સર્જનસામર્થ્ય કેટલું? માત્ર વસ્તુસંકલનાની અટપટી પટાબાજીથી પર જઈ સાચું પ્રતિભાવાન સાહિત્ય કોનું? વિવિધ નવલિકાકારોની પ્રતિભા એકબીજાથી ભિન્ન ક્યાં હોય છે? આ સર્વ પ્રશ્નો વધુ પદ્ધતિસર ચર્ચાય અને તેમને સામાજિક પરિબળો સાથે સાંકળી તુલનાત્મક અભ્યાસ થાય એ બહુ જ આવશ્યક છે.

ગુજરાતમાં ટૂંકી વાર્તાનો વિકાસ અને તેના ઐતિહાસિક તબક્કાઓ કડીબદ્ધ નિદર્શન માગે છે. રામચન્દ્ર શુકલનો "નવલિકા સંગ્રહ" માંનો અગ્રલેખ, અને શ્રી ગુલાબદાસ બ્રોકરની "શ્રેષ્ઠ નવલિકા" સંગ્રહની પ્રસ્તાવના તેમ જ બીજા લેખકોનાં આવાં વિવરણો આ દિશામાં સ્તુત્ય પ્રયત્નો છે.

ગુજરાતી ટૂંકી વાર્તાને કલાસ્વરૂપે ખીલવનારા સર્જકોની ખૂબીઓ અને ખામીઓ અને તેમના પરસ્પર પ્રત્યાઘાતો યોગ્ય પ્રકાશ

માગે છે. આ કલાસ્વરૂપનાં શિલ્પીઓએ કઈ વસ્તુ ક્યાં મળ્યા, ક્યાં અંતસ્તત્ત્વો અને વાસ્તવને વ્યક્ત કર્યાં છે અને તે દ્વારા જીવનની અનુભૂતિઓને કેટલી અને કેવી રીતે સભર કરી છે તેની તાત્ત્વિક છણાવટ હવે જરૂરી બની છે.

ટૂંકી વાર્તા એ અન્ય કલાપ્રકારથી નોખો કલાપ્રકાર છે. આ કલાસ્વરૂપે કેવા આકાર લીધા, કેટલું વૈવિધ્ય વિકસાવ્યું, કથનશૈલીમાં તેણે કેટલો વૈભવ આણ્યો અને તે કોણે અને ક્યાં કારણોએ, તેનું અવલોકન હવે આવશ્યક બન્યું છે.

આ કલાપ્રકારનું અને આ કલાપ્રકારને ખીલવનારા કલા-સ્વામીઓનું સાચું વિશ્લેષણ અને સાચું સ્થાન આ રીતનો અભ્યાસ કરવાથી જ નક્કી કરી શકીશું.

શ્રી મનસુખલાલ ઝવેરીનો મનનીય અગ્રલેખ તેમ જ શ્રી ગુલાબદાસ બ્રોકરની "શ્રેષ્ઠ નવલિકાઓ"ની બે પ્રસ્તાવના ટૂંકી વાર્તાના પદ્ધતિસરના વર્ગીકરણ માટે ભૂમિકા બાંધવા યત્ન કરે છે. શ્રી મનસુખલાલ ઝવેરીના મત અનુસાર ટૂંકી વાર્તાનાં પાત્ર, ક્રિયા અને વાતાવરણ એ મુખ્ય અંગો; એ અંગોને ધ્યાનમાં લઈ તેઓ ટૂંકી વાર્તાઓને મુખ્યત્વે પાત્રપ્રધાન, ક્રિયાપ્રધાન અને વાતાવરણ-પ્રધાન એવા ત્રણ વિભાગોમાં વહેંચી નાખવા સૂચન કરે છે. આ વર્ગીકરણ આણીશુદ્ધ તર્કબદ્ધ છે કે નહિ તેની ચર્ચામાં ઊતર્યા વગર તેને ઉપયોગી માળખા તરીકે સ્વીકારી ટૂંકી વાર્તાઓનું વિસ્તૃત વર્ગીકરણ કરીશું તોપણ આપણે ટૂંકી વાર્તાના પદ્ધતિસરના અવલોકન માટે અને તુલનાત્મક વિવેચન માટે ભૂમિકા ઉપજાવી શકીશું.

નવલિકાનાં સિદ્ધહસ્ત સ્વામીઓનું પણ આ ઢબનું વિસ્તાર-પૂર્વકનું વિવેચન જરૂરી બન્યું છે. Content–અંતસ્તત્ત્વ" અને "form–સ્વરૂપ"ની દૃષ્ટિએ આ સર્વનો પદ્ધતિસરનો અભ્યાસ હવે આવશ્યક છે.

શ્રી વિષ્ણુભાઈ, શ્રી મનસુખભાઈ, શ્રી ઉમાશંકર, શ્રી ગુલાબદાસ, શ્રી અનંતરાય રાવળ, શ્રી મંજુભાઈ મઝમુદાર, શ્રી જયંતી દલાલ, શ્રી નિરંજન ભગત, શ્રી સુરેશ જોશી તથા આપણા બીજા જાણીતા વિવેચકો પાસેથી આ ખૂબ જ લોકપ્રિય કલાપ્રકારનું સળંગ વિવેચન જનતાના ઊર્મિજીવન અને કલ્પનાનાં ઉડ્ડયનોને ઘડવાની ટૂંકી વાર્તાની પ્રતિભાનાં કારણો સમજાવવામાં ખૂબ જ ઉપયોગી થઈ પડશે.

મુ. ભાઈસાહેબના સાહિત્યને ઘડતી તાત્ત્વિક પ્રતિભા કઈ? તેમના સાહિત્યનું સાચું સર્જનસામર્થ્ય શેમાં સમાયું છે?

ટૂંકી વાર્તાના સર્જક તરીકે તેમનું આ ઢબનું વિસ્તૃત અવલોકન થાય એટલી જ ઇચ્છા.

"હીરાની ચમક" એ શ્રેષ્ઠ વાર્તાસંગ્રહ નથી. પરંતુ તેમના વાચકો તેમના બીજા વાર્તાસંગ્રહોની માફક આને પણ આવકારશે જ એવી આશા રાખું છું.

'કૈલાસ',
રમણલાલ વ. દેસાઈ રોડ,
વડોદરા, ૨૪-૧૦-૫૧

**અક્ષયકુમાર ર. દેસાઈ**

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ગ્રામશિક્ષકનું એક ગૌરવ | ૧ | મોક્ષ | ૧૧૨ |
| સાચી અર્ધાંગના | ૧૫ | જીવન : પ્રભુપ્રીત્યર્થે | ૧૨૮ |
| અણધાર્યો મેળાપ | ૩૩ | ભક્તિ ? કે પ્રભુકૃપા ? | ૧૪૦ |
| કલ્યાણી | ૪૯ | દુઃખમાંથી અમૃત | ૧૫૮ |
| મારો એકનો એક આશ્રય | ૬૨ | કુલશેખર | ૧૬૭ |
| દેહ અને દેહી | ૭૪ | રૂપનો ઇજારદાર | ૧૭૫ |
| કોણ શ્રેષ્ઠ ? શૂદ્ર ? | ૮૮ | હીરાની ચમક | ૧૮૨ |
| કમલનયના | ૮૯ | | |



મુદ્રણો

નવેમ્બર : ૧૯૫૭

સપ્ટેમ્બર : ૧૯૬૪

માર્ચ : ૧૯૭૭

**ચોથું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ, મે ૧૯૯૨**

પ્રત : ૧૬૫૦

# ગ્રામશિક્ષકનું એક ગૌરવ

## ૧

શિક્ષકના જીવનમાં સાહસ ક્યાંથી હોય? અને તે શિક્ષક પણ વળી ગામડાનો! ગિરિજાશંકર માસ્તર ઠીક ઠીક ભણ્યા હતા. ભણતરના લાભ સમજતા પણ હતા, અને મોટા કુટુંબનું તેમને પોષણ કરવાનું હોવાથી તેમણે તાત્કાલિક મળી ગયેલી શિક્ષકની નોકરી પોતાના જ ગામડામાં સ્વીકારી લીધી હતી. માતા, પિતા, ભાઈ, ભાડું, પુત્ર, પરિવાર, એ સૌનો આધાર તેમની નોકરી ઉપર જ હતો. માતા-પિતા તેમની સતત સેવા માગે એવી પરિસ્થિતિમાં હોવાથી ગિરજા-શંકરથી ગામ છોડીને બહાર નીકળાય એમ હતું જ નહિ એટલે ગામમાં ને ગામમાં તેમણે માસ્તરગીરી કરી, સરકારી પ્રાથમિક શાળા લાંબા સમય સુધી ચલાવી અને વર્ષોવર્ષ નવનવા વિદ્યાર્થીઓને તેમણે તૈયાર કર્યા.

વિદ્યાર્થીઓની ગ્રામશાળામાં તૈયારી એટલે કોઈ બહુ મોટી વાત નહિ. ચારપાંચ ચોપડી ભણી, થોડી ઘણી કવિતાઓ મોઢે કરી, લેખાં હિસાબની મૂળ વાત સમજી, વિદ્યાર્થીઓ શાળામાંથી બહાર પડતા અને ખેતી, મજૂરી કે સુથારી-લુહારી ધંધામાં પડી શાળાને અને ભણતરને એક સ્વપ્ન સરખો આભાસ બનાવી દેતા. ગિરિજાશંકર માસ્તરે શીખવેલી કેટલીક કવિતાઓ કેટલાક ગ્રામનિવાસીઓને મોઢે ચઢી ગયેલી. એટલે મજૂરી કરતાં, ધાર્મિક ભાવો ઊભરાઈ આવતાં, અગર જીવનથી કંટાળતાં કદી કદી એ કવિતાઓ ગ્રામવાસીઓને મુખેથી સરી પડતી. અને કદાચ કોઈ સરકારી કાગળમાં કે દસ્તાવેજમાં સહી સાક્ષી કરવાં પડે તો સહીના અક્ષરો લાંબા ટૂંકા લખાઈ

જતા, એટલે ગિરિજાશંકરના શિક્ષણનો અવશેષ ગામમાં રહ્યો હતો. ઉપરાંત સાતઆઠ વર્ષનાં નવનવાં બાળકો તેમની પાસે આવી વર્ષો-વર્ષ ભણ્યે જતાં હતાં એટલી જ ગિરિજાશંકર માસ્તરની મહત્તા.

ગામલોકો ગિરિજાશંકર પ્રત્યે ખૂબ માનવૃત્તિ ધરાવતા, તેમની ગાય માટે બાર માસનું ઘાસ ભરી આપતા, અને ઘરની ઓસરી-પડાળીનાં નળિયાં ખસી ગયાં હોય તો તે ઠીક પણ કરી આપતા. કદી કદી ગામલોકો તેમની સલાહ પણ લેતા અને ગિરિજાશંકર માસ્તર સહુને સાચે માર્ગે જવાની સલાહ આપી ગામ-ખટપટમાંથી વેગળા રહેતા. ગામના તલાટી પટેલ સાથે તેઓ સારો સંબંધ રાખતા, અને કોઈ અમલદારનો મુકામ ગામે આવે તો ગામના સંભવિત સદ્‌ગૃહસ્થો તરીકે અમલદારને મળવાનું ગિરિજાશંકરને આમંત્રણ પણ મળતું. ગામનાં સ્ત્રી, પુરુષ અને બાળક એ સર્વના તેઓ મિત્ર હતા અને તેમના સારા કામની કદર તરીકે શાળા ઉપરાંત ગામની ટપાલનું કામ સાતેક રૂપિયા વધારે આપી તેમને હસ્તક સોંપ્યું હતું,

પચીસ વર્ષ સુધી ગિરિજાશંકરે શાળા અને ટપાલકામ ચલાવ્યું. છેવટે એમાં વિક્ષેપ આવ્યો. આ ગામથી શાળા બંધ કરી પાંચેક ગાઉ દૂર આવેલા વધારે મોટા ગામની શાળા સાથે ભેળવી દેવાનો સરકારી હુકમ આવ્યો. અને નોકરીના પાછલા ભાગમાં ઘર છોડીને મદદનીશ શિક્ષક તરીકે જવાનો ગિરિજાશંકરને પ્રસંગ આવ્યો. મોટા અમલદારોને બદલી એક ઉત્સવનો પ્રસંગ હોય છે એટલે તેમને સમજ પડતી નથી કે નાના નોકરો એક ગામથી પાસેના જ બીજે ગામ જવામાં શા માટે આનાકાની કરતા હશે. પરંતુ ગિરિજાશંકરે તો પરગામ જવાની ના પાડી, જે મળતું હોય તે પેન્શન આપવા ઉપરીને વિનંતી કરી, અને શાળા બંધ થઈ તે દિવસે તેમના હૃદયનો એક ભાગ તૂટી ગયો હોય એવી લાગણી અનુભવતા ગિરિજાશંકર ઘેર આવી દુઃખી બનીને બેઠા; અને બેસી રહેવું ન ગમ્યું એટલે ગામની બહાર લટાર મારતાં ભીડભંજન હનુમાનને મંદિરે વિચારશૂન્ય દશામાં પહોંચી ગયા.

હનુમાનની દેરી આગળ ખુલ્લું ચોગાન હતું, વૃક્ષની ઘટા હતી, અને બેસવા માટે એક છોબંધ બાંકડો હતો. સંધ્યાકાળનો સમય હતો. હનુમાનની પૂજા કરનાર બાવા સાથે ગિરિજાશંકરે થોડી વાત-ચીત કરી અને બાવો ગામમાં લોટ માગવા નીકળી પડ્યો. એકલા પડેલા ગિરિજાશંકર પોતાના આખા જીવનનો સરવાળો-બાદબાકી કરતા ત્યાં જ બેસી રહ્યા. એમની દૃષ્ટિ સમક્ષ પોતાની નિષ્ફળતાનાં અનેકાનેક ચિત્રો તાદશ પ્રગટ થવા લાગ્યાં. તેમનો જ બાલમિત્ર જયકૃષ્ણ ગામની બહાર નીકળ્યો અને આજ મહાન કથાકાર બની મુંબઈ અમદાવાદમાં શેઠિયાઓનું ગુરુપદ પામી પોતાના સ્વતંત્ર બંગલાઓ પણ શહેરમાં બંધાવી શક્યો.

તેમની જ પાસે હિસાબ-કિતાબ શીખીને તૈયાર થયેલો કાન્તિ લુહાણો આફ્રિકા પહોંચી ગયો અને ત્યાં તે લખપતિ બની ગયાના પણ સમાચાર ગિરિજાશંકરે થોડાં વર્ષો ઉપર સાંભળ્યા. અને એ જ કાન્તિએ તેમને આફ્રિકા જવાનું આમંત્રણ આપ્યું, પરંતુ ગામને, શાળાને અને કુટુંબને છોડીને ગિરિજાશંકરથી શી રીતે જવાય? કાન્તિએ તો વિશ્વાસ આપ્યો હતો કે પાંચ વર્ષ માસ્તર સાહેબને આફ્રિકા રાખી તે હજારોની કમાણી તેમને કરાવી આપશે. પણ ગામમાં દટાઈ ગયેલા ગિરિજાશંકરના પગ ગામ બહાર જવા ઊપડ્યા જ નહિ!

વરજીવન કાપડિયો ખભે ગાંસડી ભેરવી ગામડે ગામડે કાપડ વેચતો. આખા કુટુંબને લઈને એ કલકત્તે નીકળી ગયો, અને આજ કલકત્તા અને કાનપુરમાં કાપડની મોટી પેઢી ચલાવે છે, અને કહે છે કે એનો દીકરો તો વિલાયત–અમેરિકા જઈ સાહેબોને ટક્કર મારે એવું અંગ્રેજી બોલતો થઈ આવ્યો છે!...શું એનું નામ?

જે છોકરીને એ પરણ્યો હતો એનું નામ તો હતું જયા–જડીનું જયા નામ કરી નાખેલું તે! અને એ છોકરી ભણેલી ન હતી એટલા માટે એનું વેવિશાળ તોડવા પણ એ છોકરો તૈયાર થયો હતો. પણ એ છોકરી બડી હોશિયાર! ચટ લઈને નામ એણે

બદલી નાખ્યું અને ગિરિજાશંકર માસ્તર પાસે તેણે ભણવા માંડ્યું! ભણતાં ભણતાં અધવચ જ જયા અને એનાં માબાપ આ ગામમાંથી કલકત્તા ઊપડી ગયાં અને સાંભળ્યા પ્રમાણે જયાનાં લગ્ન પણ એ જ છોકરા સાથે થઈ ગયાં. કેટલી યે વાર જયાએ ગિરિજાશંકરને કાગળો લખ્યા અને જગન્નાથજીની જાત્રાએ જવા માટે કાયમનું આમંત્રણ પણ આપ્યું. ગામ છોડીને, બે પાંચ વીઘાં જમીન છોડીને આદર્શોની સૃષ્ટિ રચીને ચલાવેલી શાળાને છોડીને, અને કલ્લોલતાં બેત્રણ બાળકો અને પતિનું જ અવલંબન લઈ સુશીલ, ગરીબ સ્વભાવની પત્નીને છોડીને ગિરિજાશંકરથી જાત્રા માટે પણ ક્યાં નીકળાતું હતું ?

અને હવે તો આખું જીવન વેડફી ઉછરેલી શાળા પણ તેમના હાથમાંથી ચાલી ગઈ હતી અને ગામનાં નાનકડાં બાળકોનો નિર્દોષ સાથ પણ આજથી ચાલ્યો ગયો હતો! ગિરિજાશંકરે એક ઊંડો નિઃશ્વાસ નાખ્યો. જીવતી જાગતી, ધબકતી, શહેરી દુનિયાની પ્રતીક સરખી બે મોટરકાર હનુમાનની દેરી પાસેથી પસાર થઈ. ધોરી રસ્તો દેરી પાસે જ થઈને જતો હતો.

## ૨

ધોરી રસ્તા ઉપર આજના સમયમાં કદી કદી ધનિકોની મોટરકાર પણ જાય, ખાનગી વાહન-વ્યવહારના ચાલકોના ખટારા પણ જાય અને સરકારી કે અર્ધસરકારી બસ પણ જાય. ગિરિજાશંકરનો વાહનઅનુભવ ખટારા સુધી પહોંચેલો હતો; બસ કે કારમાં પગ મૂકવાની તેમનામાં હજી સુધી શક્તિ આવી ન હતી. જીવતી જાગતી શાળા તેમના હાથમાંથી ચાલી ગઈ; ચમકતી, પ્રકાશના બબ્બે ત્રણત્રણ સૂર્યને આગળ પાછળ રાખતી કાર સાથે તો તેમને સંબંધ હોઈ જ કેમ શકે ? કાર સાથે તેમને નિસબત પણ ન હતી, કારની તેમને તૃષ્ણા પણ ન હતી. સંધ્યા જરા ઘેરી થઈ છતાં તેઓ દેરીની બેઠક ઉપર બેસી જ રહ્યા. બાવાજી પણ એટલામાં લોટ લઈને

ઉતાવળા પાછા આવ્યા. આવતાં બરાબર ગિરિજાશંકરને બેઠેલા જોઈ બાવાજીએ કહ્યું :

'હજી અહીં જ છો, માસ્તર સાહેબ ?'

'હા, બાવાજી ! આજ તો શાળા ગઈ છે એટલે ઘેર જવું પણ ગમતું નથી.' ગિરિજાશંકરે કહ્યું.

'પણ માસ્તર સાહેબ ! તમારે ઘેર મહેમાન આવ્યા છે; બહુ મોટા માણસો લાગે છે. તેમને ખબર નથી? મોટર અહીંથી જ ગઈ તે તમે ન જોઈ? જાઓ જલદી કરો; તમને ખબર આપવા જ હું ઉતાવળો આવ્યો છું.' બાવાજીએ સમાચાર આપ્યા.

'કોઈ ભૂલા પડેલા લોકો હશે. મારે ત્યાં કારમાં આવે એવા કોઈ મહેમાનો આવે જ નહિ.' ઊભા થતાં ગિરિજાશંકરે જવાબ આપ્યો.

'અરે, તમારા ઘરમાંથી જ મને કહ્યું ને–હું લોટ માગતો હતો ત્યારે? જાઓ જાઓ, ઝડપ કરો; કોઈ બાઈ પણ છે–ઠકરાણી જેવી !' બાવાજીએ કહ્યું.

મહેમાનો આવવાની ખબર ન મળી હોત તોપણ ગિરિજાશંકર ઊઠવાની તૈયારી કરતા હતા. જીવનભરમાં કારમાં બેઠેલો કોઈ મહેમાન તેમને ઘેર હજી સુધી આવ્યો ન હતો; આજ શાળા ખૂંચવાઈ ગઈ તે જ દિવસે કોણ સધન મહેમાન તેમને ઘેર આવી શકે ? ઊંડા વિચારમાં તેઓ ઊતરી ગયા. નાનકડા ગામના નાનકડા માસ્તરને યાદ કરી કોણ ધનપતિ કારમાં બેસી પોતાને ઘેર આવી શકે; એનો તેમણે ઊંડો વિચાર કરવા માંડ્યો...જયંતી કલકત્તામાં; મનસુખલાલ મુંબઈમાં; પેલા ચબરાક વલ્લભને આફ્રિકામાં ભારે પૈસા મળ્યા. પરંતુ એ બધા પોતપોતાનાં ગામ છોડી આ નાનકડા ત્યજી દીધેલા ગામમાં શા માટે આવે ? ગિરિજાશંકરને કંઈ સમજ પડી નહિ.

એટલામાં તેમનું ઘર આવી ગયું. આછા અજવાળામાં તેમના ઘર પાસે જ બે ગાડી ઊભી રહેલી તેમણે જોઈ. બહાર કાથીના ભરેલા બે ખાટલા પાથરેલા હતા. બંને ખાટલા ઉપર ધનિકોને શોભતાં

લાગે છતાં ગિરિજાશંકરના ઘરનાં સ્વચ્છાંમાં સ્વચ્છ પાથરણું પાથરેલાં હતાં, અને તેના ઉપર એક સફાઈ ભરેલાં વસ્ત્રોવાળો યુવાન અને એને પણ ટપી જાય એવાં વસ્ત્રપરિધાન કરેલી યુવતી ખાટલા રોકી બેઠાં હતાં. ગિરિજાશંકરનાં બાળકો સ્તબ્ધ બનીને આવેલાં મહેમાનોને નિહાળી રહ્યાં હતાં, અને ગિરિજાશંકરનાં પત્ની સહજ ગભરાટભર્યાં સ્વચ્છ લોટા પવાલાં લાવી તેમની પાસે ભરતાં હતાં. ગિરિજાશંકરને એટલી ખાતરી તો થઈ જ કે આવનાર, કહો ન કહો, તેમને ઘેર જ આવ્યાં હતાં. ગામની આગેવાની ગઈ, તે છતાં કદાચ કોઈ રસ્તે જનાર ગૃહસ્થ આગેવાનનું ઘર પૂછી પોતાને ત્યાં આવ્યા હોય એમ સંભવિત લાગ્યું. નમસ્કાર કરતા ગિરિજાશંકર માસ્તર આગળ આવ્યા. તેમના ઘરને આંગણે નવા માણસોને જોવા સ્ત્રી, પુરુષ અને બાળકનું ટોળું ભેગું થઈ ગયું હતું. તેમને આવતા જોઈને જ ખાટલા ઉપર બેઠેલી દમામદાર યુવતી ઊભી થઈ અને ચમકી ઊઠેલા ગિરિજાશંકર માસ્તરના મેલા પગને પોતાના સ્વચ્છ હાથ અડાડી તેણે પોતાની આંખે લગાડ્યા.

'હાં, હાં, બહેન! આ શું ? આજના યુગમાં હવે આમ કોઈ પગે ન જ લાગે! અને હું વળી કોણ પગે લાગવાની યોગ્યતાવાળો ? બિરાજો. બહેન! મારું કંઈ કામકાજ હોય તો આપ કહી શકો છો.

'રસ્તો તો ભૂલ્યાં નથી ને ?' ગિરિજાશંકર આશ્ચર્ય અનુભવતા હતા છતાં તેમનું શિક્ષકનું ગૌરવ તેમની વાણીને બંધ કરે એ અશક્ય હતું. બહુ વિવેકપુરઃસર પોતાને પગે લાગતી સુંદરીને આશીર્વાદ આપી ઊભી કરી ગિરિજાશંકરે તેના અભિનયનો જવાબ આપ્યો. ગિરિજાશંકરના મોટા પુત્રે ઘરમાં એક સ્ટુલ હતું તે લાવી પિતાને બેસવા માટે પણ સાધન કરી આપ્યું, ગિરિજાશંકરએ સ્ટુલ ઉપર બેઠા, પરંતુ પેલી યુવતી હજી સુધી પોતે પ્રથમ રોકેલા ખાટલા ઉપર બેસતી ન હતી.

'બહેન! કેમ બેસતાં નથી ?...વાત સાચી; અમારા ગામડાંની બેઠકો આપને ન જ ફાવે.' ગિરિજાશંકરે યુવતીને બેસાડવા માટે

વિવેક કર્યો.

'માસ્તર સાહેબ! આપે મને ઓળખી હોય એમ લાગતું નથી.' સહજ સ્મિત મુખ ઉપર લાવી પેલી યુવતીએ કહ્યું. તેનો કંઠ એવો રણકારભર્યો હતો કે ગિરિજાશંકરને એ દેહ, એ રૂપ અને એ કંઠ જરા ય યાદ આવ્યાં નહિ – સ્મૃતિને તેમણે ખૂબ ઢંઢોળી જોઈ છતાં.

'ના, બહેન! તમને જોયાં હોય એમ અત્યારે યાદ આવતું નથી. હું ક્યાં નરસિંહ મહેતો છું કે મારે ઘેર તમારા સરખાં લક્ષ્મી આવે તેને ઓળખી શકું?' ગિરિજાશંકરે જવાબ આપ્યો.

'ત્યારે હું શું એટલી બધી બદલાઈ ગઈ છું? માસ્તર સાહેબ! તમારી પાસે તો હજારો છોકરાછોકરીઓ શિક્ષણ લઈ ગયાં એટલે આપ મને ન ઓળખો એ સંભવિત છે; પરંતુ હું આપના ઉપકારને અને આપને કેમ ભૂલી શકું? જે કંઈ સુખ, સંપત્તિ, વૈભવ મારી આસપાસ છે એ બધાં જ આપને લીધે છે.' હજી ઊભી રહેલી યુવતીએ ગિરિજાશંકરને પોતાનો પરિચય આપવો શરૂ કર્યો, પરંતુ ગિરિજાશંકરની સ્મૃતિમાં આવી કોઈ યુવતી સળવળતી દેખાઈ નહિ.

'બહેન! કાંઈ ભૂલ થતી ન હોય. હું તો માત્ર આ ગામડાગામમાં બાળકો ભણાવતો. અને કદી કદી આવતી લોકોની ટપાલ ગોઠવતો. તમારા સરખાં સન્નારીને હું વૈભવ કે સંપત્તિમાં દોરી શકું એવી શક્તિ મારામાં છે જ નહિ. આપ કોઈ જુદા જ ગામે અને અણધાર્યા માણસની સામે આવ્યાં લાગો છો – તેની કાંઈ હરકત નહિ, આજ રાત આપ મારાં મહેમાન!'

ગામડાનો શિક્ષક, ગામડાનો આગેવાન, ગ્રામગુરુ આજે જ બેકાર બન્યો હોવા છતાં આતિથ્ય ભૂલતો ન હતો.

'ત્યારે ખરેખર હું બદલાઈ ગઈ છું? માસ્તર સાહેબ! પેલી જયા કદી યાદ આવે છે ખરી?' સહજ લાડભર્યું હાસ્ય કરી યુવતી ગિરિજાશંકર સામે તાકીને જોઈ રહી.

અને એકાએક ગિરિજાશંકર માસ્તર સ્ટૂલ ઉપરથી ઊભા થઈ ગયા, યુવતીની પાસે આવ્યા, યુવતીના ખભા ઉપર આખી વસતિ

સમક્ષ તેમણે બન્ને હાથ મૂકયા, અને તેમનાથી બોલાઈ ગયું :

'તું ? જયા ? ખરેખર ? હવે તને ઓળખી, દીકરી ! નાની હરણી જેવી તું અહીં નાચતીકૂદતી હતી. હોય એના કરતાંસોગણું સુખ અને અખંડ સૌભાગ્ય તને મળો !...દીકરી ! બહુ બદલાઈ ગઈ. પ્રભુ તને સુખી રાખે !' ગિરિજાશંકરના શબ્દો ભાવપૂર્વક બોલાયે જતા હતા. જયા પોતાના દેહને, પોતાના મસ્તકને ગિરિજાશંકરના વક્ષ સમક્ષ રાખી નીચું જોઈ ઊભી રહી હતી. વાત્સલ્યના ધોધ વરસાવતા ગિરિજાશંકરના હસ્ત જયાને મસ્તકે, સ્કંધે અને વાંસે વહી રહ્યા હતા અને એક વખતના સોટીધારી, કડક, માનવંત શિક્ષકની આંખ પણ અશ્રુનો પડદો પાડી રહી હતી.

૩

ભેગો થયેલો આખો ગ્રામસમૂહ સ્તબ્ધ બની રહ્યો. રાજકુંવરી સરખી અલંકૃત, ચમકદાર યુવતી ચમક રહિત વસ્ત્રોવાળા એક મધ્યવયી, અર્ધમેલા પુરુષના વાત્સલ્ય, આશીર્વાદ અને હસ્તને કેટલી યે ક્ષણો સુધી ઝીલી રહી હતી ! ગુરુથી બોલી શકાયું નહિ એટલે જયાને ખાટલા ઉપર બેસાડી, ગિરિજાશંકર પોતે પણ તેની સાથે જ બેઠા. પાસે પડેલ જળપાત્રમાંથી પ્યાલો ભરી ગુરુએ શિષ્યાને પોતાને હાથે પાણી પાયું. શિષ્યાએ સાભાર તે પીધું, આંખો લૂછી નાખી અને ગુરુની સામે જોઈ તે હસી—જોકે આભારથી ઊર્મિભર્યું રુદન હજી મુખ ઉપર સેરડા પાડી જતું હતું ખરું !

'દીકરી ! ઘરનો રાજવૈભવ છોડી આ ધૂળિયા ગામમાં તું ક્યાંથી અકસ્માત આવી ચઢી ?' ગિરિજાશંકરે પૂછ્યું.

'માસ્તર સાહેબ ! તમે ન જ આવ્યા એટલે હું શું કરું ? પરણ્યા પછી પહેલી વાર પગે લાગવાની આટલે વર્ષે તક મળી ! તમે ન આવ્યા એટલે હું આવી—જોકે મારે બહુ વહેલાં આવવું જોઈતું હતું.' જયા બોલી. ગિરિજાશંકર માસ્તરનું સાન્નિધ્ય હજી જાણે તેને જોઈતું જ હોય એમ તેનું મન કહી રહ્યું હતું.

'હજી એ વાત સાંભરે છે ખરી? પંદર-સોળેક વર્ષનીતું હોઈશ. આજ તો એ પ્રસંગને બારપંદર વર્ષ વીતી ગયાં. હું તો આખી વાત લગભગ ભૂલી ગયો હતો; અને કદી કદી સાંભળતો હતો કે તારો સંસાર સુખભર્યો છે એટલે મને સંતોષ થતો.' ગિરિજાશંકરે વાત આગળ લંબાવી.

'એ પ્રસંગને હું કેમ વીસરું?—જનમ જનમ વીતી જાય તો યે? તમે ન હોત તો મારું સુખ અને મારું સૌભાગ્ય હતું જ ક્યાં?'

અને વીજળીની ચમક ચમકે એમ ગિરિજાશંકરના જીવનમાં બની ગયેલો એક નાનો સરખો એકલવાયો પ્રસંગ તેમની સ્મૃતિમાં ચમકી ગયો.

જડી—જયાના પિતા એક દિવસ એક કાગળનું પરબીડિયું લઈ માસ્તર સાહેબ પાસે આવ્યા; થોડી વાર પછી જયાની માતા પણ પતિની પાછળ આવી પહોંચી. જયાના પિતાએ ગિરિજાશંકર માસ્તર પાસે તે પરબીડિયું મૂકી દીધું અને કહ્યું :

'માસ્તર સાહેબ! જરા વાંચો ને?'

માસ્તર સાહેબે પત્ર વાંચ્યો. વાંચતાં જ તેમનું મુખ ગંભીર બની ગયું. જયાનું વેવિશાળ જે યુવક સાથે થયું હતું એ યુવકને ગામડાની અભણ છોકરી સાથે પરણવાનું મન ન હોવાથી સગપણ તોડી નાખવાની ઇચ્છા દર્શાવતો જયાના સસરાનો પત્ર જયાના પિતા ઉપર આવેલો હતો. માતાપિતા આ પત્ર વાંચી હતાશ થઈ ગયાં હતાં. ધનિક અને સુખી કુટુંબના વડીલ પુત્ર સાથે પોતાની પુત્રીનું લગ્ન થાય એવી અભિલાષા—ખાતરી કેટલાયે સમયથી જયાનાં માબાપ રાખી રહ્યાં હતાં. અને જયા પણ લગ્નની રાહ જોતી સુખી જીવનનું સ્વપ્ન સેવી રહી હતી. એને પણ આ વાતની ખબર પડી અને આખું કુટુંબ ક્લેશ અનુભવી રહ્યું.

ગામમાં સાચી સલાહ આપનાર હતા માત્ર એક ગિરિજાશંકર માસ્તર. એટલે જયાનાં માતાપિતા તેમની પાસે જ આવ્યાં અને અશ્રુભરી

આંખે માર્ગદર્શન માગ્યું. ગિરિજાશંકરને પણ આ ઘટનાનો ઉકેલ લાવતા સહજ ગૂંચવણ પડી. થોડી વાર વિચાર કરી તેમણે ગામડાંનાં માબાપને ગળે ઝટ ન ઊતરે એવું એક સૂચન કર્યું :

'આમાં મને એક જ રસ્તો દેખાય છે. આજના સુધરેલા છોકરાઓ શહેરમાં રહે અને ભણેલી, ટાપટીપવાળી, સોરીસમારી વહુ માગે. આપણી જડીનું નામ બદલી જયા કરી નાખો અને એની પાસે જ એના ભાવિ પતિને એક સરસ કાગળ લખાવીએ– એવો સરસ કે એ છોકરો પણ કાગળ વાંચે તો એક વાર ના પાડતાં વિચાર કરે...'

'હાયહાય, બાપ ! હજી પરણવાનું તો ઠેકાણું નથી, તે પહેલો જડી પાસે કાગળ લખાવવો છે ?' જૂની ઢબનાં માતુશ્રીએ આશ્ચર્ય પ્રગટ કર્યું.

'આજનો વખત જ એવો છે. સંભવ છે કે એ કાગળ વાંચીને વેવિશાળ તોડવાને બદલે આપણી દીકરીનો આગ્રહ જ જવાબમાં આવે.' માસ્તર સાહેબે નવી દુનિયાનું જ્ઞાન આપ્યું.

'પણ...એ બિચારી જડી !...નહિ પૂરું ભણેલી ! નહિ અક્ષરનાં ઠેકાણાં ! એનાથી કાગળ શી રીતે લખાય ?' માતાની મુશ્કેલી કરતાં પિતાએ જુદી જ મુશ્કેલી દેખાડી.

'એ મારા ઉપર છોડી દો...પણ એક શરતે. કાગળ જાય પછી જડીને છ મહિના સુધી તમારે મને સોંપી દેવી અને એ મારી દીકરી છે એમ માનીને ચાલવું.' માસ્તરે આગળ ઇલાજ દર્શાવ્યો.

'એટલે ?' માતાને સમજ ન પડી કે યૌવનના પ્રવેશથી પોતાની દીકરી સાથે આ બધી શી રમત ચાલવાની છે ? અલબત્ત ગિરજાશંકર માસ્તર માટે એટલી તો સહુને ખાતરી હતી કે આખા ગામની વહુદીકરીઓ તેમને મન બહેનદીકરી સમાન હતી.

છતાં ગિરિજાશંકર માસ્તરે માતાને અને પિતાને સમજાવ્યું કે પહેલો કાગળ જયાના નામનો તેઓ પોતે જ લખશે; પરંતુ પરણનારને છેતરવાની સ્થિતિમાં ન મૂકવા માટે જયાનું ભણતર માસ્તરે

પોતે જ હાથમાં લેવું પડશે. અને પ્રથમ કાગળ જેવા જ ઘૂંટાયેલા અક્ષરો અને એવા જ પત્રો ફરીથી લખવાની શક્તિ જયામાં જલદીથી આવે એવી કેળવણી પણ તેને માસ્તરે પોતે જ આપવી પડશે. દીકરીનું લગ્ન કરવા માટે અને એ લગ્ન સુખી નીવડે એ જોવાની માબાપે ફરજ બજાવવી હોય તો ગિરિજાશંકરને મતે આ એક જ માર્ગ હતો.

બીજો ઇલાજ ન હોવાથી માતાપિતાએ ગિરિજાશંકરની સલાહ માન્ય કરી; ગિરિજાશંકર હતા તો ગામડાના માસ્તર છતાં ભાવનાશીલ હતા, વાચન શોખીન હતા; એમની ગુંજાયશ અનુસાર માસિકો, કવિતાસંગ્રહો અને વાર્તાઓ મંગાવી તેના વાચનમાં જ પોતાની ભાવનાસિદ્ધિ વેરી દેતા હતા. આવો મુશ્કેલ પ્રસંગ આવતાં તેમને પણ એક નવલકથાને શોભે એવી આ કલ્પના સ્ફુરી અને તેનો તેમણે અમલ પણ કર્યો. પોતાની પુત્રીને જ મર્યાદામાં રહીને આખી પરિસ્થિતિ સમજાવતા હોય એમ તેમણે જડીને સમજાવી. જડીનું નામ તેમણે જ જયા પાડ્યું. અને શરમના શેરડા અનુભવતી જયાને પોતે જ તેના પતિને લખેલો પત્ર વાંચી સંભળાવ્યો – જે જયાને અડધો સમજાયો અને અડધો ન સમજાયો. ગિરિજાશંકરે લખેલા પત્રમાં કોઈ ખામી તો હોય જ નહિ. પત્ર નાનો પરંતુ પ્રેમાનંદ અને કલાપીનાં એકબે અવતરણોથી શુશોભિત બનાવેલો હતો. જયાની સહી પણ માસ્તર સાહેબે પોતે જ કરી હતી. શરમાતાં શરમાતાં જયાએ એ પત્ર પોતાની પાસે એક દિવસ રાખ્યો પણ ખરો. પોસ્ટ માસ્તર પણ ગિરિજાશંકર જ હતા. એટલે તેમણે એ પત્રને ટપાલમાં નાખ્યો પણ ખરો; અને જે જવાબ આવ્યો તે પણ તેમણે પિતા સરખી આતુરતા અનુભવી ફોડી વાંચ્યો પણ ખરો; અને જયાના સસરાની જ નહિ પરંતુ જયાના ભાવિ પતિની પણ જયા સિવાય બીજી કોઈ પણ યુવતી સાથે લગ્ન કરવાની દૃઢ અનિચ્છા જયાનાં માબાપને તેમણે વાંચી સંભળાવી. .

પરંતુ સાથે સાથે તેમણે અત્યંત કડકાઈથી જયાનું શિક્ષણ

હાથમાં લીધું. કડકાઈની જરૂરી પૂરી એક અઠવાડિયું પણ ન ચાલી. અડધું પડધું લખતી વાંચતી જયા ઘરકામ સાથે રાતદિવસ હવે લેખનવાચનમાં જ લીન થઈ ગઈ, અને ચારેક માસમાં તો માસ્તર સાહેબને ત્યાં હતાં એટલાં કવિતાનાં અને વાર્તાનાં પુસ્તકો જયાએ વાંચી નાખ્યાં, અને સરસ પ્રેમપત્રો લખવાની આતુરતાપૂર્વક શક્તિ કેળવી.

પછી તે ધનિક વેપારીએ જયાના આખા કુટુંબને શહેરમાં બોલાવી લીધું, જયાના પિતાને ભારે વ્યાપારમાં ભાગીદાર બનાવ્યા અને જયાના ધામધૂમથી લગ્ન પણ થયાં. પોતે સાથે જયા પરદેશ પણ જઈ આવી અને એ કુટુંબ સુખી છે એટલું જાણી સંતોષ મેળવી ગિરિજાશંકર માસ્તરે એ આખી વાતને પોતાની અનેક સ્મૃતિઓના પુંજમાં સામાન્ય સ્મૃતિ તરીકે મૂકી રાખી.

પરંતુ સુખી જીવન અનુભવી રહેલી જયા આ પરમ ભવ્ય ઉપકાર કેમ ભૂલે? આમંત્રણ આપ્યા છતાં કદી પોતાના નગરમાં ન આવતા આ ગૌરવશાળી શિક્ષક પાસે અંતે એ સુધરેલી શણગારાયેલી જયા પોતે જ આવી, અને પોતાના જીવનમાં પરિવર્તન કરનાર મહાન શિક્ષકને આંસુભરી આંખે પગે પડી.

સ્મૃતિનું પડ તો ખૂલેલું જ હતું. શાળા ગઈ તે જ દિવસે એક જીવનને શિક્ષક તરીકે સુખી કર્યાનો ઇતિહાસ અજબ રીતે માસ્તર સમક્ષ રજૂ પણ થયો. એમાં પોતે કંઈ વધારે કર્યું હોય એમ એમને લાગ્યું પણ નહિ. માત્ર એટલું જ કે પોતાના ભણતરનો ઉપયોગ થયો! અલબત્ત, એમાં જૂઠાણું તો હતું જ; અને વર્ષો સુધી તેમના મનમાં એ પ્રશ્ન ડહોળાતો પણ હતો કે તેમણે જે જૂઠાણા ઉપર જયાના સુખની રચના કરી હતી તે પાપ હતું કે પુણ્ય? શિક્ષકહૃદયમાં આવાં ડહોળાણ વખતોવખત થયા કરે છે ખરાં. એ પ્રશ્ન ફરી પણ અત્યારે તેમના મનમાં ઉદ્‌ભવ્યો. એ પ્રશ્નનું જોર ન વધે એ માટે તેમણે જૂની સ્મૃતિને ઝડપથી સંકેલી લઈ પૂછ્યું:

'આ સાથમાં કોણ છે?'

બીજા ખાટલા ઉપર બેસી ગુરુ અને શિષ્યની ચર્ચા જોયા કરતા યુવાનના મુખ ઉપર સ્મિત રમી રહ્યું. અને જયાના મુખ ઉપર પણ સ્મિત રમી રહ્યું. જયાના મસ્તક ઉપરથી ક્યારની યે સાડી નીકળી ગઈ હતી. વર્તમાન યુગની યુવતીઓને માથાઢાંકણની પરવા પણ હોતી નથી. પરંતુ ગિરિજાશંકર માસ્તરનો આ પ્રશ્ન સાંભળી સ્મિત સહ શરમાઈને જયાએ સાડી વડે મસ્તક સહજ ઢાંક્યું અને કહ્યું :

'જેનું હિંદુ સંસારમાં નામ ન દેવાય તે!'

'લુચ્ચી કહીંની! તારું પોકળ ફોડી દઉં?' ગિરિજાશંકર માસ્તરે હસતાં હસતાં જયાને કહ્યું.

'બધી વાત મેં જ એમને કહી દીધી છે. બન્નેનાં જીવન સુખી કરનાર મહાપુરુષને જોવા માટે એ મારી સાથે જ આવ્યા છે...ઊભો થા, જય! અને મારા ગુરુને પગે લાગ!'

પત્નીઆધીન પતિ ઊભો થયો અને ગિરિજાશંકર માસ્તરને પગે લાગ્યો. ક્ષણભર ગિરિજાશંકરને પણ વિચાર આવ્યો કે તેમની શિષ્યાએ આવા ભણેલાગણેલા ધનિક પતિને શું આવો મારેલ કરી મૂક્યો હશે? તેઓ આ વિચારે સહજ હસ્યા પણ ખરા. પરંતુ તેમને મારેલ લાગેલા પતિએ જ્યારે વાતચીત કરી ત્યારે તેમનો વિચાર બદલાઈ ગયો. તેમને હવે પણ યાદ આવ્યું કે જડી જેવા ગામડિયા નામની સ્ત્રીના પતિનું નામ સુધરેલું જયન્ત હતું અને એને જ એ જડી જયા બનીને જય તરીકે સંબોધતી હતી.

'માસ્તર સાહેબ! હું આ મોટરકાર અહીં મૂકી જાઉં છું. પાસેના શહેરમાં જ આવ્યો છું; મારે પણ મારા બાપદાદાનું ઘર જોવું હતું. આપને ઠીક પડે ત્યારે આપ બે દિવસે, ચાર દિવસે, બધાંને લઈને મારે ગામ આવો અને પછી જયા સાથે આપણે આસપાસનાં બધાં જ જાત્રાનાં ધામ જોઈ લઈએ. આપ નહિ આવો ત્યાં સુધી અમારી જાત્રા શરૂ નહિ થાય. મારાં માતાપિતા પણ એ માટે સાથે જ આવ્યાં છે.' જયન્તે કહ્યું.

માસ્તર ગિરજાશંકરને આજ લાગ્યું કે તેમની શાળા હાથમાંથી ગઈ હોવા છતાં શિક્ષકનો ધંધો છેક સાહસ અને ગૌરવરહિત છે એમ તો ન જ કહેવાય. તેમનો રહ્યોસહ્યો અસંતોષ દૂર થયો અને ગુરુસ્થાનનું ગૌરવ તેમના મુખ ઉપર લખલખી રહ્યું.

૪

એટલું જ બસ છે. પછી તેઓ પોતાની શિષ્યાએ મૂકેલી કારમાં જાત્રાએ ગયા કે નહિ, શિષ્યા અને તેના પતિનું તેમણે કેટલું સ્વાગત કર્યું, અને શિષ્યાએ અને તેના પતિએ ઉપકારવશ બની આ જ ગામમાં એક ભવ્ય શાળા બંધાવી તેના ખર્ચની મબલખ જોગવાઈ કરી આપી, એટલું જ નહિ પરંતુ આજે એ શાળા કેળવણીકારોમાં આદર્શ શાળા ગણાય છે. એ બધી વસ્તુઓ અહીં અપ્રસ્તુત છે. એ કશું ન બન્યું હોત તોપણ ગિરિજાશંકર માસ્તરે એ રાત્રે શિક્ષક તરીકેના ગૌરવનો પરમ ભવ્ય અનુભવ કર્યો.

શિક્ષકને બીજું કાંઈ નહિ તો નમન મળ્યા વગર રહેતું જ નથી. સ્વાર્થહીન નમન આ દુનિયામાં શિક્ષક સિવાય કોને મળે છે?

નમન પણ મળ્યાં ને ન મળ્યાં એ ઠીક છે. પરંતુ પ્રકાશની ફૂલકણીઓ ફેંકતાં ફેંકતાં શિક્ષકની વાણીએ અને શિક્ષકની કાળજીએ કેટલાંય જીવનમાં નૂતન જ્યોત સળગાવી નહિ હોય?

કેટલાંય જૂઠાણાં પાપ ન પણ હોય, એવી ખાતરી ગિરિજાશંકર માસ્તરને એ રાત્રે થઈ ગઈ.

# સાચી અર્ધાંગના

## ૧

માનવીને પૂર્વજન્મ કે પુનર્જન્મ હશે ખરો? આર્ય ફિલસૂફી એમાં માને છે; આજની દુનિયાને એનો પુરાવો મળતો નથી. પરંતુ અતિ જૂની દુનિયાની અરુંધતીને તો વારંવાર ભણકારા વાગ્યા જ કરતા હતા, કે એકાદ મન્વંતર પૂર્વે તે બ્રહ્માની માનસપુત્રી હતી અને તેને સહુ કોઈ 'સંધ્યા'ને નામે બોલાવતા હતા. સંધ્યાને એક પાસ તપશ્ચર્યાનું બહુ મન, અને બીજી પાસ કોઈ સુયોગ્ય તપસ્વી પતિ પ્રાપ્ત કરવાનું મન. સંધ્યા તપશ્ચર્યા કરવા બેસે ત્યારે તેની આંખ સામે રૂપભર્યો કોઈ યુવાન ઋષિપુત્ર જ દેખાયા કરે; અને ઋષિપુત્રના ધ્યાનમાં તે લીન બની જાય ત્યારે ઋષિના સૌંદર્ય કરતાં ઋષિના તપનો તેને મોહ લાગે. આમ મોહ અને તપ વચ્ચે સૌન્દર્ય અને વિરાગ વચ્ચે, તેનું મન સતત ઝોલાં ખાતું હતું.

તપશ્ચર્યાનો શોખ તેને તપોવનમાં ફેરવતો હતો. અને કોઈક ક્ષણે એક સુંદર તપસ્વી તેની દૃષ્ટિએ પડ્યો. અને એ તપસ્વી તેના હૃદયમાં ચોંટી ગયો. તપસ્વીને તેણે પૂછ્યું:

'હે તપોનિધિ! મારું મન તમે વાંચી શકો છો?'

'હા' તમસ્વીએ સ્મિતભર્યો જવાબ આપ્યો.

'તો મારી ઇચ્છા આપ પૂર્ણ ન કરો?' સંધ્યાએ કહ્યું.

તપસ્વી સમજી ગયો. તેને લાગ્યું કે આ યુવતી તેના ઉપર મોહ પામી છે. તપસ્વીને આ યુવતી ગમતી ન હતી એમ તો તપસ્વીથી પણ કહેવાય એવું હતું નહિ. પરંતુ 'હા' કહેવા જતાં તપસ્વીને ભાન આવ્યું કે હજી તેને યોગનાં કેટલાક સોપાનો ચઢવાં

બાકી છે, એટલે 'હા' કહેવાને બદલે તપસ્વીએ તેને જવાબ આપ્યો: 'હે સુનયને ! ઇચ્છા પૂર્ણ કરનાર તો એક પ્રભુ છે; તેની પાસે ઇચ્છા-વર માગો. મારું તો તપ હજી અધૂરું છે. તપ પૂર્ણ થયે હું આપને પ્રાપ્ત કરું તો હું તેને મારું સુભાગ્ય માનીશ.'

આટલું કહ્યું-ન-કહ્યું ત્યાં તો તપસ્વી યુવક અદશ્ય થઈ ગયો. સંધ્યા એકલી પડી. એને પોતાની જાત ઉપર સહેજ રીસ ચઢી. આમ ના કહી ચાલ્યો જનો પુરુષ જ તેને મળવો જોઈએ અને તે પોતે પુરુષસમોવડી જ બનવી જોઈએ. એ જ સ્થળે બેસી એણે ઘોર તપ આદર્યું અને સાક્ષાત્ ભગવાન તેની સમક્ષ પ્રગટ થયા. તપસ્વિનીને ભગવાને કહ્યું :

'શા અર્થે આ તપ આદર્યું છે, પુત્રી ?'

'પ્રભો ! હું માગું છું એ પતિ મને મળો.' સંધ્યાએ કહ્યું.

'તથાસ્તુ ! બીજું કાંઈ માગવું છે ?' પ્રભુએ સંધ્યાને પ્રસન્ન થઈ બીજો વર માગવા કહ્યું.

'પ્રભો ! હું પૂછું છું કે સંસારમાં ઉત્પન્ન થતા પ્રત્યેક પ્રાણીના હૃદયમાંથી કામ અદશ્ય થાય એમ ન બને ?' સંધ્યાનો આ પ્રશ્ન પ્રભુને પણ હસાવી રહ્યો. પ્રભુએ કામવિકારને જ સંસારનો આદ્ય આધાર બનાવ્યો હતો; સંસારનો સ્રોત બંધ કરવો હોય તો જ પ્રભુ કામવાસનાને ઉજાડી શકે. હસતાં હસતાં પ્રભુએ સંધ્યાને કહ્યું : 'પતિને માગી રહેલી યુવતી, જીવંત સૃષ્ટિમાં તો કામ મારી ઇચ્છાનો વાહક છે. એટલે તું પૂછે છે એમ કરવું એ તારા હિતમાં નથી. કામ નહિ હોય તો તારો પતિ તારે માટે પથ્થરનું પૂતળું બની જશે. છતાં તારી ઇચ્છા છે તો માનવીની બે અવસ્થામાંથી કામને હું અદશ્ય કરું છું.'

'એ કઈ બે અવસ્થા ? પ્રભો !'

'એક બાલ્યાવસ્થા અને બીજી વૃદ્ધાવસ્થા. કૌમાર અને યૌવનમાં કામનું પ્રાબલ્ય ન રહે તો જીવન ખારોપાટ બની જાય.'

'હું તો, પ્રભો ! યુવાવસ્થા ભોગવું છું. કામ રહિત અવસ્થા

તો હવે મારે માટે નહિ જ ને ?' સંધ્યાએ પૂછ્યું.

'દેહ બદલવો પડશે, દીકરી !'

'એ પણ એક સરસ રમત છે, નહિ પ્રભુ ! કામ રહિત અવસ્થામાંથી કામ કેમ પ્રગટ થાય છે તેનો અભ્યાસ કરતી હું મારા મનમાન્યા પતિને મેળવું અને સતત પતિસમોવડી બની પતિ સાથે જ સ્થાન પ્રાપ્ત કરું એવી મનોકામના પૂર્ણ કરો.'

'તથાસ્તુ, સંધ્યા ! ચંદ્રભાગાને તીરે એક મહા તપસ્વી મેધાતિથિ બાર વર્ષથી જ્યોતિષ્ટોમ યજ્ઞ કરી રહ્યા છે. એ યજ્ઞના ફળરૂપે હું તને એની પુત્રીનો અવતાર આપું છું. એ જીવનમાં તારી મનોકામના પૂર્ણ થશે.' એટલું કહી પ્રભુ અદૃશ્ય થયા. સંધ્યાએ પોતાનો દેહ છોડ્યો કે સદેહે યજ્ઞકુંડમાંથી પુત્રી રૂપે પ્રગટ થઈ, એનો ખ્યાલ અરુંધતીને સ્પષ્ટ ન હતો. પરંતુ અરુંધતીના પિતા મેધાતિથિ તેને વારંવાર 'યજ્ઞની પરમ પ્રસાદી' તરીકે ઓળખવતા હતા, એટલે ધીમે ધીમે તેના મનમાં એ વાત તો દૃઢ જ બનતી ચાલી કે એ યજ્ઞકુંડમાંથી અવતરી છે.

પ્રત્યેક માનવજન્મ અગ્નિકુંડનો જ આવિર્ભાવ નહિ હોય એમ કોણે કહ્યું ?

એ જે હોય તે, અરુંધતીને પોતાના પૂર્વજન્મનો આખો ખ્યાલ આવી ઢબે એક જ ક્ષણે અને એક જ દિવસે આવ્યો હોય એમ તો અરુંધતી પણ માનતી ન હતી. એના જીવન ટુકડા ભેગા કરતાં કરતાં તેને પૂર્વજન્મની આ ઢબે સ્મૃતિ જાગી હતી.

## ૨

બાર બાર વર્ષ સુધી સળંગ યજ્ઞ કરના મેધાતિથિ એક સમર્થ મુનિ હતા, અને નાનકડી અરુંધતીનું અપૂર્વ વાત્સલ્યથી લાલન પાલન કરતા હતા. અરુંધતીને માતા હતી કે નહિ તે યાદ જ આવતું નહિ. યજ્ઞકુંડમાંથી યજ્ઞનારાયણના આશીર્વાદરૂપે અર્પણ થયેલી અરુન્ધતીને જન્મ પામવા માટે માતાની જરૂર હોય કે નહિ તેનો ખ્યાલ

ન હતો. જન્મ આપતાં જ કદાચ તેની માનવ માતા મૃત્યુ પામી હોય તો તેની પણ ખબર અરુંધતીને પડી ન હતી – પિતા મેધાતિથિએ એ ખબર પડવા દીધી જ ન હતી. અરુંધતીને મન મેધાતિથિમાં જ માતા અને પિતા સંક્રાંત થયાં હતાં. અને બાળકીની પરવરીશ મેધાતિથિ એટલી કુમળાશથી કરતા હતા કે અરુંધતીને માતા અને પિતાના હાથ વચ્ચેનો ફેર જરા પણ લાગ્યો ન હતો. મેધાતિથિ હતા તો અગ્નિહોત્રિ, વિરાગી અને કર્મકાંડી, પરંતુ અરુંધતીના ઉછેરનો પ્રશ્ન આવતાં એ ઉછેર જ તેમનો યજ્ઞ, વિરાગ અને કર્મકાંડ બની જતાં. ઋષિઆશ્રમમાં બાળકો તો હોય જ અને બાળકોને બાળઇચ્છાઓ પણ પ્રગટ થાય. બાળ-અરુંધતીની સર્વ બાળઇચ્છાઓ મેધાતિથિ પૂરી કરતા. અરુંધતીને તેઓ રમાડતા, નવરાવતા, જમાડતા, સુવાડતા; તેને ગમતી વાર્તાઓ કહેતા અને તેને વેદની ઋચાઓ, ગીતો અને હાલરડાં પણ સંભળાવતા અને શીખવતા. કોણે જાણ્યું કે એ અરુંધતી માટે ચીંથરાની ઢીંગલીઓ નહિ બનાવતા હોય, માટીના શિવ-પાર્વતી નહિ બનાવતા હોય, અગર બરૂના રાજમહેલ અને રાચરચીલાની આકૃતિઓ નહિ બનાવતા હોય ?

જરૂર, મેધાતિથિની વાર્તામાં ઇંદ્ર અને ઈંદ્રાણી પણ આવતાં હતાં; અગ્નિ અને સ્વાહા આવતાં હતાં, સૂર્ય અને છાયા આવતાં હતાં, ચંદ્ર અને રોહિણી પણ આવતાં હતાં. પરંતુ આ સર્જનચક્રમાં દેવ અને દેવી, રાજા અને રાણી, તથા પુરુષ અને સ્ત્રી વારંવાર આવતાં હોવા છતાં તે શા માટે આવતાં હશે એની અરુંધતીને ખબર પણ ન હતી, અને એ જાણવાની જિજ્ઞાસા પણ તેને ન હતી. જન્મે છે, જીવે છે અને મરે છે એ ત્રણે સત્ય તેના માનસ ઉપર અથડાતાં ખરાં; પરંતુ એ કેવી રીતે જન્મે છે, જીવે છે અને મરે છે તેનો ખ્યાલ તેને આવતો નહિ. વાર્તામાં કોઈ દેવ જીતે તો અરુંધતીને આનંદ થતો, અને કોઈ રાક્ષસ જીતે તો શોક થતો; કોઈ દેવકન્યા કે ઋષિકન્યાને દુઃખ પડ્યું એમ સાંભળે તો તે રડતી પણ ખરી, અને અણીને વખતે ઈશ્વર કોઈ કન્યાને બચાવી લેતા ત્યારે તે આનંદથી

પુલકિત થઈ હસતી પણ હતી. એક રાજકુંવર બીજી રાજકન્યા સાથે પરણે એ તેની વાર્તામાં આવતું, પરંતુ તે શા માટે પરણે, કયા બળથી પ્રેરાઈને પરણે, એ બધું સમજવાની અરુંધતીને બાલ્યવસ્થામાં જરૂર લાગી નહિ. શબ્દો તેને કાને પડતા અને તે દૃઢ થતા, પરંતુ એ શબ્દની પાછળ રહેલી બધી જ ભાવના તેને ભાગ્યે સમજાતી. પોતાને માટે તો તેને એટલી જ ખબર પડી કે તેને અગ્નિદેવે ઉપજાવી હતી અને અગ્નિદેવે મેધાતિથિની માગણી પ્રમાણે તેને આપી હતી. જન્મ-પુનર્જન્મની વાર્તાવલી ઊકલતાં તે પિતાને પૂછતી :

'પિતાજી! પૂર્વજન્મે હું કોણ હતી ?'

મેધાતિથિ ઉત્તર આપતા :

'દીકરી! તું પૂર્વજન્મે બ્રાહ્મણની પુત્રી હતી.'

જગતના સર્જક બ્રહ્માનાં જ બધાં પુત્ર અને પુત્રીઓ ગણાય ને? જેનાં માબાપ ન જડે એનાં માબાપ બ્રહ્મા!

'મારું નામ પૂર્વજન્મે શું હશે?' અરુંધતી પૂછતી.

'તારું નામ...સંધ્યા હોવું જોઈએ. અરે, સંધ્યા જ હતું.' મેધાતિથિ કહેતા.

ન પરખાતી કોઈ પણ વસ્તુનું નામ સંધ્યા કે નિશા પાડવામાં જરા પણ હરકત ન હોવી જોઈએ!

આમ તેને પૂર્વજન્મનો એક ટુકડો તો મળ્યો. સાથે સાથે પૂર્વજન્મે જે વરદાન પામી હતી તે પણ આ જન્મે સફળ થયું. એની બાલ્યાવસ્થામાં કામે પ્રવેશ કર્યો જ ન હતો. જોકે એ વરદાન એને યાદ આવ્યું એની યુવાવસ્થામાં.

આમ અરુંધતીના ઉછેરનાં પાંચ વર્ષ વીતી ગયાં એટલે મેધાતિથિને એના વ્યવસ્થિત અભ્યાસની ચિંતા થઈ. પ્રાચીન કાળ-અભ્યાસની દૃષ્ટિએ સ્ત્રી-પુરુષોના ભેદ સ્વીકારતો નહિ. જેમ છોકરાઓ ભણે તેમ જ છોકરીઓએ પણ ભણવાનું જ હતું. છોકરીઓ ત્યારે ઉપવીત પણ પામતી અને બ્રહ્મવાદિનીઓના આશ્રમમાં રહી શાસ્ત્ર અને વ્યવહારનું જ્ઞાન પ્રાપ્ત કરતી હતી. એ યુગની બ્રહ્મવાદિ-

નીઓમાં સાવિત્રી, ગાયત્રી, બહુલા, સરસ્વતી તથા દ્રુપદા વિશિષ્ટ માનપાત્ર ગણાતી હતી. પુરુષોની સમી વિદ્વત્તા અને તપશ્ચર્યા તેમણે પ્રાપ્ત કર્યાં હતાં. અને અનેક ફૂટ પ્રશ્નો ઉકેલવા પુરુષવિદ્વાનો પણ એ બ્રહ્મવાદિનીઓ પાસે માનપૂર્વક આવતા અને પ્રશ્નોની સ્પષ્ટતા કરાવી જતા. મેધાતિથિએ તપાસ કરાવી તો તેમને ખબર મળી કે આ સર્વ સન્નારીઓ માનસપર્વત ઉપર ભેગી થઈ છે. જનકલ્યાણની યોજનાઓ વિચારી રહી છે, અને જનકલ્યાણમાં સ્ત્રીઓનો કેવો ફાળો હોવો જોઈએ તેની યોજનાઓ ઘડી રહી છે.

પુત્રીને લઈને મેધાતિથિ માનસપર્વત ઉપર ગયા. સત્રમાં ભેગી થયેલી વિશ્વવિખ્યાત સન્નારીઓનાં તેમણે દર્શન કર્યાં. મેધાતિથિ જેવા તપસ્વી તેમના સત્રમાં પધારે તેમાં સ્ત્રીસભાને પણ વિશિષ્ટતા લાગી. અંતે મેધાતિથિ પ્રમુખસ્થાને બિરાજેલાં સાવિત્રીની પાસે ગયા. અને અરસપરસ વિવેકવિધિ પૂર્ણ થતાં સાવિત્રીએ મેધાતિથિને પૂછ્યું : 'આપ પધાર્યા તેથી બહુ આનંદ થયો. આપના વ્યાખ્યાન વગર તો અમે આપને ન જ જવા દઈએ ને ?'

'આપની આ મહિલાપરિષદનાં મને દર્શન થયાં એ જ મારે માટે બસ છે. આપને હું શું વ્યાખ્યાન આપી શકું ? હું તો માત્ર એક જ ઉદ્દેશથી અત્રે આવ્યો છું. આ મારી પુત્રી અરુંધતીનું ગુરુપદ આપ સ્વીકારો ને એને કલ્યાણને માર્ગે લઈ જાઓ.' મેધાતિથિએ કહ્યું.

સાવિત્રીની આંખ તો ક્યારની અરુંધતી ઉપર ઠરી હતી. અંતશ : તેઓ સમજી પણ ગયાં હતાં કે મેધાતિથિ પોતાની પુત્રીના આશ્રમસંસ્કારણ માટે જ અહીં પધાર્યા હશે. તેમણે બાળ અરુંધતીને પ્રેમપૂર્વક પોતાની પાસે બોલાવી, બેસાડી, તેના મસ્તક ઉપર હાથ ફેરવી મેધાતિથિને કહ્યું : 'અરુંધતી આપની પુત્રી છે એટલે એને કલ્યાણનો માર્ગ તો મળી જ ચૂક્યો છે. અભ્યાસનો સમય એનો થયો છે એ વાત સાચી. આપ એને મારી કે બહુલાની પાસે ભલે મૂકતા જાઓ; એ અમારી પુત્રી જ બની રહેશે.'

ગુરુપદે પહોંચેલી તત્ત્વજ્ઞાની સ્ત્રીઓને વિદ્યાર્થિનીઓ પુત્રીરૂપ જ હતી. અરુંધતીને પણ આ પરિષદની પ્રવૃત્તિઓ ખૂબ ગમી ગઈ અને સ્ત્રીઆશ્રમની નવીનતા પણ તેના દિલને સ્પર્શી ગઈ. પાસેના ડુંગરોમાં અન્ય ઋષિઆશ્રમો પણ હતા. ત્યાં થોડા દિવસ મેધાતિથિએ નિવાસ કર્યો અને અરુંધતી, આશ્રમકન્યાઓ તેમ જ આશ્રમની અધિષ્ઠાત્રીઓ સાથે હળીભળી ગઈ ત્યાં સુધી મેધાતિથિ પાસે જ રહ્યા અને વારંવાર અરુંધતી પાસે આવતાજતા રહ્યા.

હવે બાળ અરુંધતીનો રીતસર અભ્યાસ શરૂ થયો. અક્ષરજ્ઞાન, વાચન, વ્યાયામ, રમતગમત, સૂપવિદ્યા એ સર્વમાં ક્રમશઃપ્રવેશ થવા માંડ્યો. અને અરુંધતીએ શિક્ષિકાઓને પણ આશ્ચર્ય ઉપજાવે એવી મેધા દર્શાવવામાં માંડી. આર્ય શિક્ષણનો પટ પણ કંઈ નાનોસૂનો ન હતો. આજ પણ જૂની ઢબની વિદ્યા પ્રાપ્ત કરવા માટે ઓછામાં ઓછાં બાર વર્ષ તો ગાળવાં જ પડે છે. ચૌદ વિદ્યા અને ચોસઠ કળાનું શિક્ષણ પ્રાપ્ત કરનારને કદાચ આજના યુગના કોઈ પણ શિક્ષણની જરૂર ન રહે એવો આર્ય શિક્ષણનો પ્રાચીન વિસ્તાર હતો. ને એ વિસ્તાર ઉપર ફરી વળવાની જેમ પુરુષોને છૂટ હતી તેમ સ્ત્રીઓને પણ છૂટ હતી. અરુંધતીએ શિક્ષણવિસ્તારમાં ડગ ભરવા માંડ્યાં અને વર્ષોવર્ષ આગળ અને આગળ વધતાં તેણે બાર વર્ષમાં તો એવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી, કે ભારતવર્ષની વિદ્વાન સ્ત્રીઓમાં આ કિશોરીનું નામ સહજ સંભળાવા લાગ્યું. કદી કદી તેને પ્રમુખસ્થાને સત્રો ભરવાની પણ વિનવણીઓ આવવા લાગી; જે સાવિત્રીએ—આશ્રમની મુખ્ય અધિષ્ઠાત્રીએ–સ્મિતભર્યા મુખે નકારી પણ ખરી ! એ કહેતી :

‘હજી અરુંધતીને એક શાસ્ત્ર શીખવાનું બાકી છે ! તે સિવાય એ પ્રમુખપદે શોભે નહિ.’

અરુન્ધતીને પણ જરા આ બોલ સાંભળી આશ્ચર્ય લાગતું ખરું. કયું એ શાસ્ત્ર શીખવાનું હજી બાકી હશે ? પરંતુ આમન્યાની ખાતર એણે અધિષ્ઠાત્રીને પૂછવાની હિંમત કરી નહિ. પરંતુ એક

પ્રભાતે નદી ઉપર સ્નાન કરવા જતાં એક સહીપણીને તેણે પૂછ્યું: 'હવે મારે કયું શાસ્ત્ર શીખવાનું રહે છે?'

સહીપણીએ એકદમ થોભી, અરુંધતીને પણ તેના ખભા પકડી થોભાવી, તેની સામે જોઈ રહી, નયનમાં તોફાન લાવી જવાબ આપ્યો: 'તારા શરીર સામે તું કદી જુએ છે ખરી?'

'હા, ઘણું બદલાયું, હું આવી તે કરતાં.' અરુંધતીએ જવાબ આપ્યો.

'તું આવી ત્યારે પાંચ વર્ષની હતી. તારે આવ્યાંને બાર વર્ષ તો થઈ ગયાં. તારું શરીર જ તને કયું શાસ્ત્ર શીખવું તે કહેશે.' એમ કહી સખી ખૂબ હસી ને તેનો ખભો છોડી દીધો.

સખીનું આટલું સૂચન અરુંધતીને એના દેહ તરફ દોરતું ગયું. હાથના સ્પર્શે તેને કંપ ઉપજાવ્યો. વસ્ત્રો–વલ્કલો–પહેરતાં તેણે કોઈ લજ્જાનો ભાવ અનુભવ્યો. સૂર્યનાં કિરણો તેને કદી સ્પર્શતાં ન હતાં તે હવે તેના મુખને સ્પર્શતાં હોય એમ લાગવા માંડ્યું. તે ચાલવામાં ભૂલ કરતી હતી કે કેમ તેનો એને ખ્યાલ કરવા માંડ્યો. કેમ બેસવું અને કેમ ઊભા થવું એનો કદી એને વિચાર આવ્યો ન હતો; હવે તેને એક પ્રકારનું ભાન થવા લાગ્યું કે બેસતાં, ઊઠતાં, તેણે દેહ તરફ વધારે ધ્યાન આપવું જોઈએ. આજ સુધી તેને મોટેથી બોલવામાં, મોટેથી હસવામાં જરા યે સંકોચ થતો ન હતો; હવે એકાએક તેને લાગવા માંડ્યું કે તેણે પોતાની સખીઓને બહુ મોટેથી બૂમ પાડી બોલાવવી ન જોઈએ, અગર સહુ સાંભળે તેમ તેણે હસવું પણ ન જોઈએ. કેશમાં ફૂલ ગૂંથતાં તેણે વધારે કલા વાપરવા માંડી; સ્થિર પાણીમાં પોતાનું મુખ વધારે વાર જોવા માંડ્યું. કોઈ અગમ્ય સ્ફૂર્તિ અને આળસનો અનુભવ તેના દેહે કરવા માંડ્યો. ગાયને, વાછરડાંને ને આશ્રમનાં હરણ સસલાંને વધારે પંપાળવાનું તેને મન રહ્યા કર્યું.

૩

ઉપનિષદ્ કહેતાં હતાં કે આત્મા અનાસક્ત છે, અવિક્રીય છે,

ઉદાસીન છે, દ્રષ્ટા છે; ત્યારે આ નવાં સ્ફુરણો શું માત્ર દેહ જ અનુભવતો હતો? નહિ. અરુંધતીનાં મન, બુદ્ધિ, ચિત્ત ને અહં–એ સઘળાં કાંઈ ને કાંઈ નૂતનતા અનુભવતાં હતાં. આત્મા અસ્પૃશ્ય જ હોય તો આત્મા એનાં વેષ્ટનોને આ બધા ભાવ કેમ અડકવા દેતો હશે? દેહને આ આકાર આપનાર આત્મા કે આત્માને પ્રગટ કરનાર દેહ? જે હોય તે. બંને પ્રાગટ્યને માટે પરસ્પર અવલંબન લેતાં હોય તો તો આત્માને છેક અલિપ્ત કેમ કહી શકાય? આ બધાં દેહ અને મનનાં સંચલનો શું એમ તો નહિ સૂચવતાં હોય કે આત્મા જ કંઈક માગી રહ્યો છે, કોઈ અપૂર્ણતા પૂર્ણ કરવા મથી રહ્યો છે?

શું હશે? કોને પુછાય? કોણ જવાબ આપે? શિક્ષિકાઓ તો ન્યાયમાં, વ્યાકરણમાં, નિરુક્તમાં અવિક્રીય બ્રહ્મને જ ઓળખાવ્યા કરે છે. બ્રહ્મને ઓળખતાં વચમાં કંઈ નવું ઓળખવાનું બાકી રહે છે શું? અરુંધતી એકલી એકલી વિચાર કરતી, અને પોતાના મનની મૂંઝવણ મનમાં જ રાખતી. અનુભવી બ્રહ્મવાદિનીઓ બ્રહ્મને પિછાનતા પહેલાં જે જે સોપાન ચઢવાં પડે તે તે સોપાન નહોતાં સમજતાં એમ નહિ. અરુંધતીની વિકલતા છુપાવ્યા છતાં સાવિત્રીની દૃષ્ટિથી છૂપી ન રહી.

એક દિવસ સાવિત્રીએ કહ્યું : ‘અરુંધતી! સંધ્યા પહેલાં બહુલાના આશ્રમે જરા જતી આવજે. સાયંપ્રાર્થનામાં તારી જરૂર છે એમ બહુલાનો સંદેશો આવ્યો હતો. આજથી જ જવા માંડ.’

ગુરુની આજ્ઞા પ્રમાણે અરુંધતીએ બહુલાના આશ્રમમાં જવાની તૈયારી કરી. આમ તો અરુંધતી ઘણી સાદી ગણાતી હતી; પરંતુ આજ તેના વલ્કલમાં કંઈ અવનવો ખૂણો આવ્યો દેખાતો હતો. કાને તેણે કદી ફૂલ પહેર્યાં ન હતાં; આજ તેણે કર્ણિકાર પુષ્પ કાને લટકાવ્યાં હતાં. એને જતી જોઈ એની સખીએ ‘વાહ વાહ!’નો ભાવ વ્યક્ત કરતી મુદ્રા પણ કરી અને તેના કાનમાં ધીમે રહીને કહ્યું પણ ખરું : ‘અલી જોજે, કોઈ દેવ, દાનવ કે માનવ તને ઊંચકી ન જાય!’

## ૨૪ . હીરાની ચમક

'બળીને ભસ્મ કરું, એવી હિંમત કરનારને!' અરુંધતીએ કહ્યું અને મદભર્યાં પગલાં ભરતી તે બહુલાના આશ્રમ તરફ ચાલી નીકળી. આશ્રમ બેત્રણ ગાઉ દૂર હતો, અને વચમાં વચમાં મુનિઓ અને શિષ્યોના આશ્રમો વિસ્તરેલા પડ્યા જ હતા. એટલે પર્વતનો માર્ગ અરુંધતીને મન અજાણ્યો ન હતો. મુખ્ય માર્ગને બદલે કેડીઓ પણ તેની જાણીતી હતી, અને એક આશ્રમમાંથી બીજા આશ્રમમાં જવું એ આશ્રમવાસીઓને મન ત્યારે સામાન્ય કાર્ય હતું. હજી પૂરી સંધ્યા ઊતરી ન હતી. મંદ મંદ સમીર લહેરાઈ રહ્યો હતો; નાનાંમોટાં વૃક્ષો અનુપમ સુવાસ ચારે પાસ વેરી રહ્યાં હતાં; પર્વત પાષાણના ઢગલા ને ઢગલા ઊભા કરી રહ્યો હતો. અને આખી સૃષ્ટિ સમૃદ્ધિ વેરી રહી હોય એમ લાગતું હતું. સૂર્ય એક શૃંગની પાછળ સંતાવાની તૈયારી કરતો હતો અને એને શોધવા ફિક્કો ફિક્કો ચંદ્ર આકાશમાં મંથન કરી રહ્યો હતો એમ પણ અરુન્ધતીને લાગ્યું. અકસ્માત તેના મનમાં વિચાર આવ્યો : 'લાવ, આ શૃંગ ઉપર ચઢી સાંધ્ય સૂર્યનાં દર્શન કરી લઉં અને શૃંગની પાછળ જ ઊતરી બહુલાના આશ્રમમાં વહેલી પહોંચી જાઉં!'

સૂર્ય જ્યાં સંતાતો હતો તે શૃંગ ઉપર થઈને ખરેખર બહુલાના આશ્રમમાં વહેલાં પહોંચાય એવું હતું. અરુંધતીના પગમાં બળ હતું. શિખર ચડવું એ અત્યારે રમતવાત હતી. તે શિખર ઉપર ચઢી ગઈ, અને અકસ્માત સ્થિર બનીને ઊભી રહી. સૂર્ય ડૂબતો હતો. એ શિલા ઉપર કોઈ તપસ્વી તેને બેઠેલો દેખાયો. ત્યાં થઈને જ એને જવાનું હતું. બેઠેલા તપસ્વીના માથા પાછળ સૂર્ય તેજકિરણો વેરી રહ્યો હતો. અને અરુંધતીને લાગ્યું કે તે સાક્ષાત્ બ્રહ્મને સાકાર સ્વરૂપ ધારણ કરતા તો નિહાળતી નથી? દર્શન કરી પાછા વળવું? પાસે જઈ દર્શન કરવાં અને આગળ વધવું? શું કરવું અને શું ન કરવું? પુરુષથી તે ડરતી હતી જ નહિ; એને પોતાને પુરુષસમોવડી બનવું હતું. અને આ પાસે, સામે દેખાતો પુરુષ ભય ઉપજાવે એવો તો હતો જ નહિ. બ્રહ્મ હોય કે બ્રહ્મનો ઉપાસક હોય તો તેનાં દર્શન

પણ કેમ ન કરવાં ? થોડીક ક્ષણ અરુંધતી ઊભી રહી, એટલામાં અરુંધતિને આ બધા વિચારો આવ્યા અને તે આગળ વધી. કોણ જાણે કેમ, બહુલાના આશ્રમની પ્રાર્થના તેને ખેંચતી હતી કે આ તપસ્વી પુરુષને વધારે સાન્નિધ્યમાં નિહાળવાની વૃત્તિ તેને આગળ ખેંચતી હતી ?

થોડાં ડગલાં અરુંધતી આગળ વધી અને પદ્માસનની તૈયારી કરતા મુનિકુમાર પાસે આવી પહોંચી. રસ્તો જ ત્યાં થઈને જતો હતો, એટલે પણ અરુંધતીને એ તપસ્વી પાસેથી ગયા વગર છૂટકો ન હતો. પાસે આવતાં અરુંધતીએ મુનિકુમારને નમસ્કાર કર્યાં અને તે સાથે જ મુનિકુમારે પણ સામા નમસ્કાર કર્યા.

'કોણ હશો બ્રહ્મકુમારી ? ક્યાં જશો ?' તપસ્વી યુવકે પૂછ્યું.

'હું અરુંધતી, સાવિત્રીના આશ્રમમાં રહું છું અને બહુલાના આશ્રમમાં જાઉં છું.'

'દર્શન પહેલાં જ શ્રવણે આપને ઓળખ્યાં હતાં.'

'મને મારા, નામને શું આપ જાણતા હતા ? આપ કોણ છો ?' અરુંધતીથી પુછાઈ ગયું.

'આપ ધારો છો એના કરતાં વધારે પ્રસિદ્ધ છો. આર્યાવર્તનો સ્ત્રીસમૂહ આપનામાં નૂતન બ્રહ્મવાદિની જુએ છે. નજરે તો પહેલી જ વાર પડ્યાં. મારું નામ વસિષ્ઠ. હું એક મુનિકુમાર છું. એક જ શૃંગ ઉપર બાર વર્ષ તપ તપ્યો. બ્રહ્મ દેખાય દેખાય અને અદૃશ્ય થાય ! આજે શૃંગ બદલ્યું છે. જોઉં કે આ સાયં સંધ્યામાં બ્રહ્મ મારા ધ્યાનમાં પકડાય છે કે નહિ ?'

'મને, તો લાગ્યું કે બ્રહ્મ તમારો જ આકાર ધારણ કરી શૃંગ ઉપર ઊતરે છે. તમારી પાછળનાં સૂર્યકિરણોએ એ ભ્રમ ઊભો કર્યો !' અરુંધતીએ કહ્યું અને વસિષ્ઠે આ કુમારીના નિર્દોષ મૌગ્ધ્યને સ્મિતપૂર્વક પિછાન્યું.

'એ ભ્રમ જ હતો, કુમારી ! મારું તપ હજી અધૂરું છે. સહજ નીચે ઊતરશો એટલે બહુલાનો આશ્રમ દેખાઈ આવશે. હું

આવું બતાવવા ?'

'ના, જી ! આશ્રમ મારો જાણીતો છે, ને સંધ્યા મને ભય પમાડતી નથી.'

'સાચું. મને તો ભ્રમ ન હતો. મેં દર્શન કર્યાં.' વસિષ્ઠે કહ્યું અને ફરી અરુંધતીને નમન કર્યું.

અરુંધતી હજી ઊભી જ હતી. તેણે પૂછ્યું : 'સંધ્યાનાં દર્શન ? ક્યાં કર્યાં આપે ?'

'આપનામાં. આપ જ્યારે આ શૃંગ ચઢી ઉપર આવ્યાં ત્યારે પેલો ચંદ્ર આપની વેણીમાંથી નીકળી છૂટો પડી ગયો હોય એમ મને લાગ્યું. મને એમ પણ થયું કે એ ચંદ્રને હું પાછો તમારે અંબોડે પહેરાવી દઉં ! ઉષા અને સંધ્યા એ બંને અમ તપસ્વીઓના જીવનનાં બે પાસાં.' વસિષ્ઠે કહ્યું.

એકાએક અરુંધતીને લાગ્યું કે તે આ વિવેકી તપસ્વીની સાયં-સંધ્યામાં વિઘ્ન બની રહી છે. તેણે દેહમાં ચંચળતા આણી વધતી જતી સંધ્યાને જોઈ અને પગ ઉપાડતાં વસિષ્ઠને નમન કરી તેણે કહ્યું : 'ક્ષમા કરજો, મુનિકુમાર ! આપના ધ્યાનમાં મેં આવીને વિઘ્ન નાખ્યું.'

એટલું કહી ઝડપથી પગ ઉપાડી અરુંધતી શૃંગોની પાછળ અદશ્ય થઈ ગઈ. એને ફરી નિહાળવા માટે મુનિકુમાર વસિષ્ઠ ઊભા થયા હતા કે નહિ તેની ખાતરી કરવા તેણે દૂર દૂર જઈ પાછળ દૃષ્ટિ પણ કરી; પરંતુ એની દૃષ્ટિને કેટલાં યે શૃંગોએ અવરોધી લીધી હતી. આશ્રમમાં પહોંચતાં પહોંચતાં તેના મનમાં વિચાર આવ્યો : 'સંધ્યા ? હું સાક્ષાત્ સંધ્યા ? પૂર્વજન્મનો કોઈ ભણકારો મને સંભળાય છે શું ? આવો જ પૂર્વજન્મે મને દેખાયેલો તપસ્વી કુમાર મારી પાસેથી ભાગી ગયો હતો, નહિ ? પ્રભુની મેં જ તપશ્ચર્યા કરી હતી, ખરું ? અને સંધ્યાનો દેહ છોડી અગ્નિમાંથી ઉત્પન્ન થઈ હું પિતા મેધાતિથિને ઘેર જન્મી ! એ ભ્રમ મને અત્યારે જ ઉત્પન્ન થાય છે ? કે મારા પૂર્વજન્મની કથની હું ક્યારની યે જાણું છું ?...

વસિષ્ઠ નિત્ય અહીં ધ્યાનમાં બેસશે કે કેમ ?'

બહુલાના આશ્રમે પહોંચતાં પહોંચતાં અરુંધતીને અનેક વિચારો આવવા લાગ્યા. બહુલા અને એના આશ્રમની વિદ્યાર્થિનીઓ સાંય પ્રાર્થના માટે તેની રાહ જોઈને જ બેઠાં હતાં. અરુંધતીને જોતાં બરોબર સહુ પ્રાર્થના માટે ઊભાં થયાં. અને બહુલાએ અરુંધતીને કહ્યું: 'બહુ વખતસર આવી તું, અરુંધતી! તેં રચેલી ગાયત્રી પ્રાર્થના તારી પાસે જ સહુને સાંભળવી છે અને શીખવી છે; એક અઠવાડિયું તું આવ્યા કર.'

'એના કરતાં અરુંધતી આખું અઠવાડિયું અહીં રહે તો કેવું ?' એક આખાબોલી વિદ્યાર્થિનીએ અધિષ્ઠાત્રી બહુલાને પ્રશ્ન કર્યો. અરુંધતી વિદ્યાર્થિનીઓના વર્ગમાં સર્વત્ર પ્રિય અને માનીતી હતી. અરુંધતીને આ સૂચન ગમ્યું કે નહિ ? અહીં ને અહીં રહે તો રસ્તામાં તપ કરતા વસિષ્ઠનાં ફરી દર્શન શી રીતે થાય? આવો વિચાર કરતી અરુંધતીને આશ્રમમાં રાખવાની સરળતા બહુલાએ ઉપજાવવા દીધી નહિ. સાવિત્રીનો આખો આશ્રમ અરુંધતીને માથે હતો એમ કહીએ તો ચાલી શકે. અરુંધતીએ પ્રાર્થના ગાઈ સંભળાવી, ને ગાયત્રીનું આહ્વાન સંગીતમાં કર્યું. કોણ જાણે કેમ, આજ અરુંધતીના કંઠમાંથી અદ્ભુત મીઠાશ વહેતી હતી! આમે ય અરુંધતીનો કંઠ સુંદર જ હતો. છતાં આજનું સૌંદર્ય અરુંધતીને તેમ જ સહુ કોઈને ચમકાવે એવું સંભળાયું. વીણા વધારે મધુર કે અરુંધતીનો કંઠ? એ પ્રશ્ન સહુને થઈ પડ્યો.

પ્રાર્થના થઈ ગઈ અને અરુંધતીને પાછા વળવાનો પ્રશ્ન ઊભો થયો. હજી વધારે રાત્રિ ગઈ ન હતી અને વિદ્યાર્થિનીઓને—વિશેષતઃ નીવડેલી વિદ્યાર્થિનીઓને—જાણી જોઈને રાત્રિએ જવા આવવાના પ્રસંગો ઊભા કરવામાં પણ આવતા હતા, જેથી લોકો સાથે જોડાયેલી બીક અદૃશ્ય થાય!

૪

પાછાં ફરતાં અરુંધતી વસિષ્ઠના તપમાર્ગે ન જતાં સીધા

જાણીતા માર્ગે જ ગઈ, ને આશ્રમની કરવા જેવી વ્યવસ્થા કરી અધિષ્ઠાત્રી સાવિત્રી સાથે તે સૂતી પણ ખરી. કોણ જાણે કેમ, આખી રાત તેને નિદ્રા જ ન આવી! અને નિદ્રા આવી તે સ્વપ્નોના ભંડાર ઉઘાડતી આવી. અલબત્ત, એ સ્વપ્નમાં રાજમહેલ નહોતા, રથસુખપાલ ન હતાં, દાસ દાસીઓ ન હતાં; સ્વપ્નોમાં તપોવન, તપ અને તાપના અનુભવો જુદે જુદે સ્વરૂપે થયાં કરતાં હતાં. પરંતુ સાથે સાથે તપોવન, તપ, અને તાપ એ ત્રણેનું મધ્યબિંદુ એક તપસ્વી જ હતો ને એ તપસ્વી વસિષ્ઠ જ હતો એ વૈચિત્ર્ય વધારાનું!

અણધાર્યાં સ્વપ્ન યુવક અને યુવતી બંનેને અસ્વસ્થ બનાવ્યા વગર રહેતાં નથી. અરુંધતીની રાત્રિ તો અસ્વસ્થતામાં ગઈ. પરંતુ એનું પ્રભાત પણ બેચેનીમાં ગયું. તપોવનનું વાતાવરણ તો પવિત્ર જ હોય. ને આર્ય આશ્રમોમાં વિકાર ભરેલું વાતાવરણનું સર્જન સુરુચિકર તો ન જ લાગે ને? અરુંધતીએ વાંચ્યું – વિચાર્યું ઘણું હતું. શાસ્ત્રપ્રાવીણ્ય તેનું એટલું હતું કે સ્ત્રી-પુરુષના સંબંધો તે છેક ન સમજે એમ તો માનવું અશક્ય જ ગણાય. છતાં એ સંબંધે તેની બુદ્ધિમાં પ્રવેશ કર્યો હશે તોપણ તેના હૃદયે એ ભાવ કદી ઓળખ્યો ન હતો. આજ એકાએક ધોધની માફક કોઈક નવો જ ભાવ તેના હૃદયને ઊભરાવી રહ્યો હતો. એ પુણ્ય હશે? એ પાપ હશે? સાત્ત્વિક ભાવથી દૂર હડસેલનાર કોઈ પણ વૃત્તિ સદ્‌વૃત્તિ ન જ ગણાય એ આશ્રમનું શિક્ષણ. અને આજની રાત્રિ તો અરુંધતીએ એવાં સ્વપ્નમાં ગાળી હતી. કે જેમને સાત્ત્વિક ભાવ કહેતાં અરુંધતીને જરૂર સંકોચ થાય.

સખીઓ સાથે તે પ્રાતઃસ્નાન કરી આવી, આશ્રમનું પ્રાતઃકાર્ય કર્યું, સંધ્યાવંદન અને યજ્ઞયાગાદિ પણ થઈ ગયાં અને વિદ્યાર્થિનીઓ વિદ્યાભ્યાસમાં ધ્યાનસ્થ બની ત્યારે સાવિત્રીએ અરુંધતીને એકાંતમાં પોતાની પાસે બોલાવી પૂછ્યું: 'દીકરી! આજ કેમ તું અસ્વસ્થ લાગે છે?' અને એ પ્રશ્ન થતાં જ અરુંધતીની આંખમાં અશ્રુ ઊભરાયાં. તેનાથી કાંઈ જવાબ આપી શકાયો નહિ.

સ્રીહૃદયની અનુભવી અધિષ્ઠાત્રી સાવિત્રીએ અરુંધતીની પ્રથમ રુદનઊર્મિને વહી જવા દીધી. ને પછી તેને માથે હાથ ફેરવી ફરી પૂછ્યું : ‘પિતા યાદ આવ્યા? મેધાતિથિ પાસે જવું છે? કે તેમને અહીં બોલાવું ?’

‘ના જી! એ તો હમણાં જ અહીં આવી ગયા છે.’

‘ત્યારે આંખમાં આંસુ કેમ લાવે છે?’

‘માતાજી! મને લાગે છે કે હું કાંઈ પાપ કરી રહી છું.’ અરુંધતીએ રુદનભર્યા કંઠથી જવાબ આપ્યો.

‘પાપ? તું એવી હજુ ઊછરી છો કે તારાથી કદી પાપ થઈ શકે જ નહિ. તારું હૃદય જે કાંઈ વાંછતું હશે તે પુણ્ય જ હશે. ગભરાઈશ નહિ, દીકરી! આપણી આસપાસ પાપ હોય જ નહિ. કહે, શા પરથી તને એમ લાગ્યું?’ સાવિત્રીએ ધારણા આપી અરુંધતીની પાસેથી વાત મેળવી. ને ટુકડે ટુકડે, અચકાતાં અચકાતાં, અરુંધતીએ ગઈ કાલનું વસિષ્ઠ સાથેનું મિલન અને રાત્રિનાં સ્વપ્નનો સાર કહી સંભળાવ્યો. વાત પૂરી થયે અનુભવી સાવિત્રી ખડખડ હસી પડ્યાં અને કહ્યું :

‘અરુંધતી! જે થાય છે તે સારું થાય છે. વસિષ્ઠના મિલનથી તારે ભય પામવાનું કારણ નથી. કદાચ પૂર્વજન્મથી જ એ તારે માટે સર્જાઈ ચૂક્યો હશે, ને તારી તથા તેની બ્રહ્મપ્રાપ્તિ ગૃહસ્થાશ્રમને માર્ગે થવાની હશે. આજે સાંજે પાછી એ જ માર્ગે થઈને બહુલાને આશ્રમે જજે અને વસિષ્ઠને પૂછજે, કે રાત્રે તેમને કોઈ સ્વપ્ન આવ્યું હતું કે કેમ? એનો જવાબ મને કહેજે. કદાચ પ્રજનશ્ચાસ્મિ કંદર્પ : —પ્રભુ કંદર્પરૂપે પધારતા ન હોય!’ કહી સહજ હસી સાવિત્રીએ અરુંધતીનો વાંસો થાબડી તેને કામકાજમાં રોકી.

સંધ્યા થતાં બરોબર અરુંધતી પાછી બહુલાને આશ્રમે જતાં જતાં વસિષ્ઠ મુનિની તપશીલા પાસે થઈને જ જવા લાગી. આજે વસિષ્ઠ આસનબદ્ધ ન હતા; જાણે તેઓ અરુંધતીની રાહ જોતા જ ઊભા ન હોય તેમ અરુંધતીને જોતાં જ નમન કરી કહ્યું : ‘કોણ જાણે કેમ, અરુંધતી! તમારાં દર્શન સિવાય આજ ધ્યાનસ્થ નહિ

જ થવાય એમ લાગવાથી તમારી રાહ જોઉં છું.'

'તમને શી ખાતરી હતી કે હું આજ આ રસ્તે આવીશ જ?' અરુંધતીએ પૂછ્યું.

'હા; મારા સ્વપ્નમાં તમે ગઈ રાતે જ એમ કહી ગયાં. એમ લાગે છે કે આપણે પૂર્વજન્મે મળ્યાં હોઈશું, અને આ જન્મમાં અરસપરસ મળવાનું વચન આપ્યું હશે.' વસિષ્ઠે કહ્યું.

'તમે તે મુનિ! બ્રહ્મનું ધ્યાન ધરો છો કે કોઈ યુવતીનું?' અરુંધતીએ જરાક છણુકાઈને પ્રશ્ન કર્યો.

'બ્રહ્મનો ભરોસો જ નહિ. એ ગમે તે સ્વરૂપે એ આપણને પ્રત્યક્ષ થાય—સ્ત્રીરૂપે પણ!'

'સ્ત્રીરૂપે પ્રભુ અવતરે એ તમને ગમે ખરું?'

'મને લાગે છે કે બ્રહ્મ માનવઆકાર ધારણ કરે તો તેને સ્ત્રી કરતાં વધારે સુંદર આકાર ન જ મળી શકે. મને બ્રહ્મનું સ્ત્રી-સ્વરૂપ જરૂર ગમે. કાલે આ માર્ગેથી જ જશો ને?'

'કાલની વાત કાલ ઉપર. મારો બ્રહ્મ પુરુષસ્વરૂપે મને આજ રાત્રે સ્વપ્નમાં દેખાશે તો હું જરૂર આ માર્ગે આવીશ.' અરુંધતીએ કહ્યું અને બહુલાના આશ્રમે તે પાછી ચાલી ગઈ. બહુલાએ પણ અરુંધતીની અસ્વસ્થતા પરખી, અરુંધતી પાસેથી માહિતી મેળવી અને ત્રીજે દિવસે સાવિત્રી અને બહુલાએ ભેગાં મળી નિશ્ચય કર્યો કે અરુંધતી અને વસિષ્ઠનાં બ્રહ્મલગ્ન કરવાં. વસિષ્ઠ ધાર્યા કરતાં વધારે અનુકૂળ નીવડ્યા. તેમણે પહેલે જ પ્રશ્ને અરુંધતી સાથેનાં લગ્નની હા પાડી. અરુંધતીમાં વસિષ્ઠે બ્રહ્મનો સ્ત્રીઅંશ જોયો અને વસિષ્ઠમાં અરુંધતીએ બ્રહ્મનો પુરુષઅંશ દીઠો. એકાએક પૂર્વજન્મની કોઈ સ્મૃતિ અરુંધતીને થઈ આવી...અથવા વસિષ્ઠ પ્રત્યેની તેની પ્રેમભાવનામાં પૂર્વજન્મના કોઈ પ્રેમઅંકોડાનું તેને ભાન થયું. અને યૌવનમાં કામ એ ધર્મ બની જાય છે એવું પ્રભુનું કંઈક વાક્ય પૂર્વજન્મમાં ઉચ્ચારાયેલું તેને યાદ આવ્યું. બંનેના લગ્ન થયાં. વસિષ્ઠ પણ એક મહાતપસ્વીની કીર્તિ પ્રાપ્ત કરી શક્યા હતા. અને

પુરાણો તો કહે છે કે એ લગ્નમાં ઋષિમુનિઓ અને બ્રહ્મવાદિનીઓ તો આવે પરંતુ બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર અને ઇન્દ્ર પણ સજોડે પધાર્યા અને વસિષ્ઠના ગૃહસ્થાશ્રમ-પ્રવેશ ઉપર આશીર્વાદ વર્ષાવ્યા. આખા ગૃહસ્થાશ્રમને દેવોએ બિરદાવ્યો.

સમય જાય છે, કાળ વહી જાય છે, યૌવનની ઊર્મિઓ શાંત પડી જાય છે અને ગૃહસ્થાશ્રમનાં કેટલાંક વર્ષો વીતતાં સામાન્ય ગૃહસ્થાશ્રમીઓમાં પરસ્પર ઉદાસીનતા પણ કદાચ આવી જાય છે. પરંતુ વસિષ્ઠ અને અરુંધતીના ગૃહસ્થાશ્રમમાં શાંતિનો પટ ભલે ફેલાયો હોય, પરંતુ પરસ્પરનાં સંબંધમાં તલપૂર પણ ઉદાસીનતા આવી ન હતી. ગૃહસ્થાશ્રમના ભોગ પણ યોગ બની જાય છે—જો માનવી **समत्वं योग उच्यते** એ ગીતાવાક્ય ધ્યાનમાં રાખે તો! અને વસિષ્ઠ ને અરુંધતીનો ગૃહસ્થાશ્રમ પણ સાચોસાચ યોગની એક ભૂમિકા બની રહ્યો.

વસિષ્ઠે જોતજોતામાં બ્રહ્મર્ષિપદ પ્રાપ્ત કર્યું અને અરુંધતીએ બ્રહ્મવાદિનીનું પદ પ્રાપ્ત કર્યું.

બ્રહ્મર્ષિઓમાંથી પણ ઊંચી ભૂમિકાએ પહોંચાડનારું સપ્તર્ષિનું એક પદ છે. છ સપ્તર્ષિઓ દેવમંડળ અને ઋષિમંડળને મળી ચૂક્યા અને સાતમા ઋષિ માટે વસિષ્ઠ પણ નિયુક્ત થઈ ચૂક્યા. પરંતુ આર્યસંસ્કૃતિએ કદી ન અનુભવેલો એક ભવ્ય સાંસ્કૃતિક ઊહાપોહ વસિષ્ઠના પદને માટે ઊભો થયો. અરુંધતી સદા વસિષ્ઠસમોવડી નીવડી હતી, અને વસિષ્ઠે પત્નીનું સમોવડિયું સ્થાન જીવનભર સ્વીકારી લીધું હતું. સપ્તર્ષિપદે વસિષ્ઠને સ્થાપન કરવાનો પ્રશ્ન ઊભો થતાં તેમણે આખા ઋષિસમાજને અને દેવસમાજને સ્પષ્ટ કહી દીધું કે વસિષ્ઠ એકલો જીવતો નથી, વસિષ્ઠ અરુંધતી સાથે સહજીવન જીવે છે; વસિષ્ઠના બ્રહ્મર્ષિપદમાં અરુંધતીનું યોગ્યમું અર્ધું સ્થાન છે. સપ્તર્ષિપદ પણ વસિષ્ઠ ત્યારે જ સ્વીકારી શકે, જ્યારે વસિષ્ઠની જોડાજોડ અરુંધતીનું સ્થાન હોય.

અને અનેક વાદવિવાદો, ચર્ચાઓ અને ઝઘડાઓને અંતે સપ્તર્ષિ-

મંડળમાં વસિષ્ઠની જોડે, અરુંધતીને પણ સ્થાન મળ્યું, અને એક સ્ત્રી પુરુષસમોવડી પુરવાર થઈ. આજ સપ્તર્ષિનું નક્ષત્ર પણ એ કથાની સાબિતી આપતું નિત્ય ચળકે છે. સપ્તર્ષિઓમાં વસિષ્ઠના તારાની સાથે અરુંધતી પણ પોતાનો સૌભાગ્યચંદ્ર ચમકાવતી આજ પણ દેખાશે.

અરુંધતી એટલે જ ધર્મ, વિકાસ, પ્રગતિને કદી ન રોધતી સ્ત્રી-પુરુષની એ સાચી અર્ધાંગના – પુરુષ જેટલી જ મહત્ત્વની – સંસ્કારમાં, પ્રેમમાં, પ્રતિષ્ઠામાં અને તપમાં.

# અણધાર્યો મેળાપ

૧

સમુદ્રની ભરતીના જુવાળની છોળો સર મહેન્દ્રપ્રતાપના બંગલાનાં પગથિયાંને અફળાઈ, દૂધવર્ણી બની પાછી સમુદ્રમાં સરી જતી હતી. સમુદ્ર સમુદ્રનું કામ કરતો હતો અને બંગલો બંગલાનું કામ! બંગલાના ત્રીજા માળની વિશાળ અગાશી ઉપર અદ્ભુત ઉપવન રચાયું હતું અને તેમાં એક સુંદર સમારંભ પણ ગોઠવાયો હતો. મહેમાનો મોટે ભાગે સજોડે–પધાર્યે જતાં હતાં અને સર મહેન્દ્રપ્રતાપ અને લેડી સુવર્ણાદેવી હસતે મુખે સહુને આવકાર આપી રહ્યાં હતાં. સમારંભમાં ન્યૂનતા ન જ હોય–એ એક મહાન ધનિકનો સમારંભ હતો! આજની પેઠે ત્યારે પણ સમારંભો રૂપ, રંગ, ચમક અને પ્રકાશનાં પ્રદર્શનો બની રહેતાં. સર મહેન્દ્રપ્રતાપ કેટલું ભણ્યા હતા તે કોઈને જાણવાની જરૂર ન જ હોય. તેમના ‘સર’ પણામાં બધું ભણતર આવી જતું હતું. અત્યારે તો તેમનો એકનો એક પુત્ર અમરપ્રતાપ યુનિવર્સિટીની છેલ્લી પરીક્ષામાં ઊંચા વર્ગમાં પસાર થયો હતો અને તેની આજ ઉજવણી હતી. દોઢેક કલાકની ઉજવણી પછી સ્વાભાવિક રીતે મહેમાનોની વિખરાવાની ક્રિયા શરૂ થઈ. મહેમાનોની શિખામણ અને તેમના ધન્યવાદ પામતો અમર હવે માતાપિતાની પાસે એકલો પડ્યો. માતાપિતાનાં સુખવૈભવમાં જેમ પુત્રનો ભાગ હોય છે તેમ પુત્રના ઉત્કર્ષમાં માતાપિતાનો પણ ભાગ હોય છે. સર મહેન્દ્રપ્રતાપ ભારતવર્ષના એક અજોડ ધનપતિ અને ઉદ્યોગપતિ હતા. નાના નાના કૉન્ટ્રેક્ટમાંથી તેઓ જોતજોતામાં આગળ આવી ગયા અને ધનપતિ બની ગયા. અને ધનપતિમાંથી તેઓ ઉદ્યોગ

પતિ તરીકે એટલા બધા વિકસ્યા કે ભારતવર્ષમાં જ નહિ પરંતુ ભારત બહાર પણ તેમનાં કારખાનાં, બગીચા અને પેઢીઓ ધમ ધોકાર ચાલવા માંડ્યાં. સ્વર્ગ સમો વૈભવ ભોગવનાર સર મહેન્દ્રપ્રતાપને હવે કાંઈ જ તૃષ્ણા રહેલી ન હતી. અને એ ભાનમાં તેઓ ગર્વ પણ લેતા હતા. ભણતરની ખોટ પુત્ર પૂરી રહ્યો હતો એટલે તેમના આનંદનો, સંતોષનો અને ગર્વનો હવે પાર રહ્યો ન હતો. વરદાન આપનાર મહેશ્વર જેવી ઉદારતા અત્યારે તેમના હૃદયમાં ખીલી નીકળી હતી. માતાપિતા અને પુત્રની ત્રિપુટી એકલી બેઠી અને વાહિન આગળ પ્રદર્શિત ન થાય એવો સંતોષ માતાપિતાએ દર્શાવ્યો.

'આવો સમારંભ છેલ્લાં દશ વર્ષમાં તો બીજો થયો જોયો નથી.' માતા સુવર્ણદેવીએ સંતોષપૂર્વક કહ્યું.

'ગોઠવણી ખાસ ખોટી ન લાગી, આજની રાત્રે સ્ટીમરમાં આપણા ગવર્નર સાહેબ આવવાના છે. તેમને વિલાયતમાં મળેલો. એમના ધ્યાનમાં આપણા બંગલા ઉપરની પ્રકાશગોઠવણી માઈલોના માઈલો દૂરથી આવ્યા વગર નહિ જ રહે એમ હું ધારું છું. આખી રાત રોશની રાખવાની છે.' સર મહેન્દ્રપ્રતાપે ધનના પ્રદર્શનનો ઉપયોગ પણ સાથે સાથે સમજાવી દીધો.

'હવે અમર પરણી જાય એટલી જ મને તો ઇચ્છા છે. તે વખતે જે રોનક આવશે તે આજના કરતાં વળી ઘણી બધારે હશે.' માતાએ કહ્યું.

'બોલ, અમર! શું કહેવું છે તારે?' પિતાએ બહુ જ રાજી થઈને પુત્રને જે માગે તે આપવા જણાવ્યું. અમર જાણતો હતો કે તેને લંડન જવું હોય, ન્યુયોર્ક જવું હોય કે પારિસ જવું હોય તો સ્ટીમર ભાડે રાખીને પૃથ્વીપ્રદક્ષિણા કરવી હોય તો તે માટેની પણ પિતાની તૈયારી હતી. પૈસો લખલૂટ હતો અને તે એકના એક પુત્રને માટે વાપરવાનો હતો. સર મહેન્દ્રપ્રતાપ આમ તો ભારે ગણતરીબાજ હતા, પરંતુ પુત્રને માટે તેમને કોઈ પ્રકારની ધનગણતરી હતી જ નહિ. અમરને પણ માગી લેવાના અનેક વિચારો નહિ આવ્યા હોય એમ

માનવા કારણ નથી. પરંતુ આ 'વર' બુહિ 'ની પાછળ લગ્નની વાત હતી એ અમર ભૂલે એમ હતું જ નહિ, અને લગ્નની બાબતમાં માતાપિતા અને અમર બંને સામે કિનારે બેઠેલાં હતાં એવી અમરને તો ખબર હતી જ. અમર માતાને પણ ઓળખતો અને પિતાને પણ ઓળખતો. માતાની કુમળાશને પોતાની તરફેણમાં વાળી શકાય એમ હતું, પરંતુ પોલાદી પિતાના માનસને વાળવું અશક્ય હતું એટલે અમરે હસીને વાત ફેરવી નાખતાં કહ્યું :

'મારે માગવા જેવું શું છે? વગર માગે મને બધું જ મળે છે. શું માગું એની જ મને તો સમજ પડતી નથી!'

૨

આખા વિશ્વની વ્યાપારી કુનેહ ઘોળીને પી ગયેલા સર મહેન્દ્રપ્રતાપ પોતાના પુત્રની આ ઉડાવનારી વાત ન સમજે એમ ન હતું. પોતાના એકના એક પુત્રમાં ધન અને વિદ્યા બન્નેનો સુયોગ થયો હતો અને એ સુયોગના અત્યંત તીવ્ર ભાનમાં પિતાએ પોતાના પુત્રની સમોવડી પુત્રવધૂ માટેની પણ કલ્પના કરી લીધી હતી. મહેન્દ્રપ્રતાપ સરખા વિશ્વધનિકની કલ્પનાનાં વર્તુલ પણ મર્યાદિત ન હોય. પોતાના પુત્ર માટે તેમની નજરમાં કોઈ મજૂરની, કોઈ કારકુનની, કોઈ નાનકડા અમલદારની કે દલાલીમાં બે બંગલા બાંધી ખાતા કોઈ વ્યાપારીની પુત્રી આવે એવો સંભવ જ ન હતો. અંગ્રેજોની સત્તા સ્વીકાર્યા છતાં સર મહેન્દ્રપ્રતાપનું આર્યત્વ ભરતખંડ બહારની કોઈ ગોરી છોકરી તરફ તો આકર્ષાય નહિ જ. એટલે પોતાની ઉચ્ચ કક્ષાએ બેસી, સરવાળાબાકી કરતાં તેમને એક ઉચ્ચ કક્ષાના અમલદારની અને બે ધનિકોની સુંદર, ભભકભરી, આગળ પડતી અને રમતગમતને ઓળખતી ત્રણ યુવતીઓ નજરમાં આવી ગઈ હતી. અમલદારની છોકરીનું નામ અતુલા અને બન્ને ધનાઢ્યોની છોકરીઓમાંથી એકનું નામ સુમંગલા અને બીજીનું નામ સુહાસિની. અમરની માતા સુવર્ણાદેવીને પણ આ આગળ પડતી યુવતીઓ બહુ જ ગમી ગઈ હતી અને

સામાન્યત : શરમાળ અમરને માટે આવી તેજસ્વી યુવતીઓમાંથી એકાદ મળી જાય તો અમરનું જીવન આનંદને હીંચોળે ઊછળે એવી પણ તેમના સ્ત્રીત્વની પ્રેરણા ખરી. બન્ને ધનાઢ્યો અને મહાન અમલદાર —એ ત્રણેની એવી ઇચ્છા જરૂર જ હોય કે ધન અને ભણતરથી વિભૂષિત અમરની સાથે પોતાની પુત્રીનાં લગ્ન થાય. આમ બન્ને પક્ષનાં માતાપિતાની અનુકૂળતામાં અમરને અને આ ત્રણે યુવતીઓને મળવાના અનેકાનેક પ્રસંગો આવી મળતા હતા. એક વાર માતા અમરને લઈને અતુલાને ઘેર ચા પીવા જાય, તો બીજી વાર સુહાસિનીને ઘેર ચા પીવા બોલાવે અને ત્રીજી વાર સુમંગલાને લઈને 'પિકનિક' ઉપર જવાના પ્રસંગો ઊભા કરી શકાય. અને આવા સમારંભમાં ભોજન-સમારંભમાં અને 'પિકનિક' માં સાથે ફરવાના, સાથે રમવાના, સાથે વાતચીતો કરવાના અને જરૂર હોય ત્યારે પોતાની ઊર્મિઓ ઠાલવવાના પ્રસંગો ભરપૂર પડેલા હોય છે. કલાશોખીન યુવકયુવતીઓ એમાં કલાનું પણ પ્રદર્શન કરી શકે; કોકિલકંઠી યુગ્મો સંગીતને પણ રેલાવી શકે; તેજસ્વી બુદ્ધિવાળા યુવકયુવતીઓ ચમકતી વાક્‌પટુતા પણ બતાવી શકે; અને આમ પરસ્પર નજીક આવવાનો સંપૂર્ણ અવકાશ એમાં મળી શકે. તેમાં યે માતાપિતા અનુકૂળ હોય તો આવા પ્રસંગોમાં પ્રેમખજાના ખુલ્લા મૂકી દેવાની પણ સગવડ મળ્યા જ કરે છે; અને મહેન્દ્રપ્રતાપ તથા લેડી સુવર્ણા કુનેહપૂર્વક, અનુભવી ઢબે અને માણસ-સ્વભાવને ઓળખીને અમરની આસપાસ આવા પ્રસંગો સારા પ્રમાણમાં સર્જતા. પરીક્ષા પસાર થયાની ખુશાલીમાં તેમણે ત્રણે યુવતીઓને એવી કુનેહભરેલી ઢબે બોલાવી હતી કે થોડો સમય અમર અતુલા સાથે પત્તાં રમી શકે. સુમંગલાનું ગીત સાંભળી શકે અને સુહાસિની સાથે 'કમ્યુનિઝમ' અને 'સોસ્યાલિઝમ'ની ચર્ચા પણ કરી શકે. અમરે માતાપિતાની ઇચ્છાને સફળ કર્યા જ કરી હતી. આમાંથી કોઈ પણ યુવતી સાથે તે કલાકોના કલાક ગાળી શકતો હતો; છતાં હજી સુધી એ ત્રણેમાંની એકે યુવતી પ્રત્યે તેનામાં ઉષ્મા પ્રગટ થઈ હોય એમ માતાને પિતાને લાગ્યું નહિ. આ વસ્તુ ખરેખર નવાઈ જેવી

હતી. મુનિમ દ્વારા, મૅનેજર દ્વારા, સેક્રેટરી દ્વારા, સુવર્ણાદેવીને અંગ્રેજી શીખવવા આવતી શિક્ષિકા દ્વારા અથવા કોઈ પણ રીતે અમર પોતાની ઊર્મિ જાહેર કરી શકે એમ હતું; અને એ જાહેર કરવાને માટે તેને સર્વ બાજુએથી પ્રલોભન પણ મળતું હતું. પરંતુ તપસ્વી મુનિઓ વશ થાય એવું પ્રલોભન અમર સામે નિષ્ફળ કેમ નીવડતું હતું?

અમરની આસપાસ થોડીઘણી જાસૂસી પણ શરૂ થઈ ગઈ. પરંતુ એકાએક સુહાસિનીની ચબરાકીભરેલી વાતચીતમાંથી માતાપિતાને કાંઈક ઝાંખી થઈ કે નંદિની નામની કોઈ અમરની સાથે ભણતી સામાન્ય સ્થિતિનાં માતાપિતાની યુવાન પુત્રી તરફ અમરનું લક્ષ દોરાયું હતું. ગરીબની કક્ષાને લાત મારી, સામાન્ય કક્ષાએ આવી, એ કક્ષાને પણ ભોંયભેગી કરી ઉચ્ચ કક્ષાએ—અરે ઉચ્ચ કક્ષાની ટોચે આવી પહોંચેલા સર મહેન્દ્રપ્રતાપ અને લેડી સુવર્ણાને હવે સામાન્યતાનો સ્પર્શ કરવા પણ સૂગ ચઢે એમ હતું. હજી પુત્રે તો પોતાનું વલણ સ્પષ્ટ કર્યું પણ ન હતું. છતાં આવા વલણની ઝાંખી પણ માતાપિતાને બેજાર તેમ જ ક્રુદ્ધ બનાવવા માટે પૂરતી હતી. તેમાં યે માતા કરતાં પણ પિતા વધારે ક્રુદ્ધ બની શકતા હતા એની અમરને ખબર હતી. માતૃત્વની સુંવાળાપ ઘણી વાર અમરનું રક્ષણ કરવા પણ મથતી હતી. ઘણી વાર તેઓ પણ કહેતાં :

'જો ને, અમર! સુહાસિની અને સુમંગલાનાં માતાપિતા તારા જન્માક્ષર માગે છે. તું સમજે છે ને એનો અર્થ?'

'પણ હું જન્માક્ષરમાં માનતો નથી.' અમરે જવાબ આપ્યો.

'પણ તું લગ્નમાં માને છે કે નહિ?'

'હા.'

તો પછી જો તે નક્કી કરી નાખ. તારા પિતાની ઇચ્છા આપણી કક્ષા નીચે ઉતારવાની ન હોય એની તો તને ખબર છે જ ને?' લેડી સુવર્ણા પુત્રને આમ સૂચન આપતાં હતાં અને અંતે એક દિવસ સર મહેન્દ્રપ્રતાપે જ આ વસ્તુને પોતાની દેખરેખ નીચે લાવી દીધી અને અમરને પૂછ્યું :

'અમર! હવે સ્પષ્ટતા કરવાની જરૂર ઊભી થાય છે. તું બીજી કોઈ રીતે સમજી શકતો નથી એટલે.'

'હા, જી! શું છે? શી બાબત છે?'

'તારાં લગ્નની બાબત છે. બધી જ તૈયારી થઈ ચૂકી છે. હવે તું માત્ર હા કહે એટલી જ વાર છે.'

'માતાપિતાની તૈયારી કોને માટે હતી તેનો ખ્યાલ અમરને હતો જ. છેવટનો નિર્ણય કરવાની આફત એકાદ અઠવાડિયું પણ આગળ જ જાય એમ એ ઇચ્છી રહ્યો હતો. એ ઇચ્છામાં તેણે પિતાને જવાબ આપ્યો :

'મને એકાદ અઠવાડિયું આપો, પિતાજી! હું એટલામાં મારો નિર્ણય કરી લઈશ અને આપને જણાવીશ.'

પિતાને આવી મુદ્દતો આપવાની જરા યે ટેવ ન હતી. તેમના લોખંડી નિશ્ચયો એક ક્ષણમાં જ નિર્ણય ઉપર આવી જતા. છતાં પુત્ર પ્રત્યે એમણે એટલી સુકુમારતા સેવી અને તેને અઠવાડિયાની મુદ્દત આપી.

૩

હવે અમરના ચિત્તમાં ખાસ ખટક પેઠી. પિતાએ કહ્યું છે એટલે તેઓ એક અઠવાડિયામાં નિર્ણયની જાહેરાત માગ્યા વગર રહેશે નહિ એ ચોક્કસ હતું. રાતદિવસ એના એ વિચારો આવ્યા કરતા હતા. અતુલા, સુમંગલા અને સુહાસિની ખરેખર તેને મિત્ર તરીકે ગમતાં; પરંતુ તેમની સાથે આખું જીવન અને નિત્યજીવનના ચોવીસે કલાક પસાર કરવા એ તેને શક્ય લાગ્યું નહિ. એની નજર વર્ષોથી નંદિની ઉપર ઠરી હતી. નંદિની કોઈ ધનિકની ઝાકઝમાળ પુત્રી ન હતી, પરંતુ પોતાના એક સગાંને ઘેર આશ્રિત તરીકે રહી, ભણતરમાં આગળ આવતી એક સૌમ્ય યુવતી હતી. તેનામાં ચળકાટ કદાચ ઓછો હશે, પરંતુ તેનો સૌમ્ય દેખાવ, એનું સૌમ્ય વર્તન અને માધુર્યભરી આંખ અમર કદી ભૂલી શકતો નહિ. દિવસ વીતતા

ગયા તેમ તેમ નંદિનીની આંખ અને મુખ હૃદયમાં જડાઈ ગયાં અને તેની આગળ અતુલા, સુમંગલા અને સુહાસિની ત્રણે અછકલાં, ખોટી ચમકવાળાં અને ઠઠારાની સહાયે શોભતાં રમકડાં સરખાં લાગ્યાં.

શું કરવું એના વિચારના વમળમાં અટવાતો અટવાતો અમર એકાંત જગા શોધતો દરિયાકિનારે ચાલ્યો ગયો; પરંતુ શહેરની જનતા દરિયાના એકાંતને પણ ક્યાં જીવતું રહેવા દે છે? તોફાને ચઢેલી માનવમેદનીને છોડી એ કિનારે કિનારે આગળ ચાલ્યો. ત્યાં એકાંતમાં તેણે નંદિનીને તેનાં સગાંનાં બે બાળકો સાથે રમત કરતી નિહાળી. તેના મનમાં એકાએક વિષાદ ઉત્પન્ન થયો, 'માતાપિતા નંદિનીને મેળવવામાં વચ્ચે આવશે તો?' એ વિચારે તેનાથી નંદિની પાસે જવાયું પણ નહિ. પરંતુ શરમાળ ગણાતી સ્ત્રીઓની નજર ઝીણામાં ઝીણી વસ્તુ જોવામાં ભૂલતી નથી. નંદિનીએ અમરને જોયો અને બાળકો સાથે રમતી રમતી તે જ્યાં ઊભો હતો ત્યાં પાસે આવી અને જાણે અમરને પહેલી જ વાર જોતી હોય તેમ ચમકીને પૂછ્યું :

'કોણ, અમર?'

'હા. નંદિની!' અમરે પણ જવાબ આપ્યો. નંદિની તેની સાથે વાત કરે એમ એ ક્યારનો ઇચ્છી રહ્યો હતો.

'તું ક્યાંથી? તારી મોટરકાર છોડીને પગે ચાલતો આ દરિયાની રેતીમાં ક્યાં ફરે છે?'

'મને બહુ વસ્તીમાં ગમતું નથી.'

'ધનિકો ધારે તો એકાંતને પણ જીતી શકે છે.'

'હશે, કદાચ. પરંતુ ધનિકોને પણ પરાજય મળતો નથી એમ તું ન માનીશ.'

'તારો ક્યાં પરાજય થયો? અને એવો શામાં પરાજય થયો, જે તારા મુખ ઉપર પણ પ્રદર્શિત થઈ રહ્યો છે?' નંદિનીએ પૂછ્યું.

'પરાજય હજી થયો નથી, થવાની તૈયારીમાં છે.'

'પરંતુ શામાં, એ તો કહીશ ને?'

'ધનિકોથી પોતાની મરજી અનુસાર લગ્ન થઈ શકે જ નહિ.

ત્યાં ધનિકોના હાથ હેઠા પડે છે!'

'તારે ક્યાં લગ્ન કરવું છે?'

'તને ખબર નથી? તારી સાથે જ, વળી!'

બાળકો આસપાસ રમતાં હતાં અને તેમને આ બન્ને પ્રેમીઓની વાતમાં જરા પણ રસ ન હતો. ઘણી વાર જેમ બાળકો પ્રેમમાં અગવડરૂપ થઈ પડે છે તેમ ઘણી વાર તેઓ સગવડરૂપ પણ થઈ પડે છે. નંદિની અને અમર બન્ને થોડીક ક્ષણ સુધી કાંઈ જ બોલ્યાં નહિ. પાસે જ ઘૂઘવતા દરિયાએ અને ક્ષિતિજમાં ડૂબતાં સૂર્યે પાડેલી જલરેખાને બન્ને જણ જોઈ રહ્યાં. સૂર્ય ધીમે ધીમે સમુદ્રમાં ડૂબ્યો પણ ખરો, જોકે પાછળ થોડું અજવાળું રેડતો ગયો. એકાએક નંદિનીએ કહ્યું :

'અમર! ખરીખોટી ઊર્મિમાં તારું ભવિષ્ય ન બગાડતો. પ્રભુએ તને સુખવૈભવ આપ્યાં છે તે તું ભોગવ્યા કર.' નંદિનીએ ડહાપણ ભરેલો માર્ગ સૂચવ્યો.

'વૈભવથી મળે તેટલું જ સુખ હશે શું?' અમરે પૂછ્યું.

'હાસ્તો. નહિ તો બીજું કયું સુખ?'

'જો પેલો સૂર્ય પોતાનું આખું તેજ ઢોળી દઈ સમુદ્રની સામાન્યતામાં ડૂબી જાય છે–સ્વેચ્છાએ! મને પણ કાંઈ એમ કરવાનું મન થાય છે. અને નંદિની! જો તું તારો સાથ આપીશ તો હું નિર્માલ્ય ધનિક મટી એક "સાચો માનવી" બની શકીશ. તારી હિંમત છે?' અમરે પૂછ્યું.

'હિંમતનો પ્રશ્ન તારો છે, મારો નહિ. મારે તો કાંઈ ખોવાનું નથી. પરંતુ તું કદાચ એમ કરીને તારાં માતાપિતાની પ્રીત ખોઈ બેસે એવું જોખમ હું તને ખેડવા દઉં તો મારા જેવું સ્વાર્થી કોણ?' નંદિનીએ કહ્યું, અને અમરને પોતાની ઘેલછામાંથી વારવા બનતો પ્રયાસ કર્યો. પરંતુ અત્યારે અમરના મુખ ઉપર ઉત્સાહ ચમકી રહ્યો હતો–જોકે એ આવ્યો હતો વિષાદ લઈને.

એ ઘેર ગયો ત્યારે એનાં માતાપિતા એની રાહ જોઈને જ

બેઠાં હતાં અને બન્નેનાં મુખ ઉપર એક પ્રકારનો નિશ્ચય તરવરી રહ્યો હતો. આણી જોઈને તે પોતાનાં માતાપિતા પાસે ન જતાં પોતાના જ ખંડમાં ચાલ્યો ગયો. પરંતુ સુવર્ણાદેવી તેની પાછળ આવ્યાં, તેને પોતાની પાસે બેસાડ્યો અને તેને વાંસે હાથ ફેરવી તેના મનને મનાવવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. ધીમે ધીમે તેમણે અમરને લગ્નની વાતચીતમાં દોર્યો, અને આજે જ તેણે માગેલી સાત દિવસની મુદ્દત પૂરી થઈ છે એમ પણ જણાવ્યું.

એટલામાં સર મહેન્દ્રપ્રતાપ પણ ફરતા ફરતા પુત્રના ખંડ તરફ આવી પહોંચ્યા અને તેમણે પુત્રની સામે સ્થાન લીધું. ઘડિયાળમાં બરાબર આઠના ટકોરા થયા અને પિતાએ પૂછ્યું:

'અમર! સાંભળ આ ઘડિયાળ. આપેલી મુદ્દતના સાત દિવસ અત્યારે પૂરા થઈ જાય છે.'

'કઈ મુદ્દત? શાની મુદ્દત?' અમરે જરા ચમકીને પૂછ્યું.

'એમ કાલા બનવાની જરૂર નથી. લગ્ન માટે મેં તને ત્રણ યુવતીઓ પસંદ કરવાનું કામ સોંપ્યું છે; એ પસંદગીનો જવાબ હું તારી પાસે અબઘડી માગું છું.' પિતાએ જરા સખ્તાઈથી કહ્યું.

'પણ, પિતાજી! ઘડિયાળને ટકોરે એવા જવાબો આપી શકાય ખરા?' અમરે આજ અણધારી હિંમત બતાવી.

'હા! ભણતર ફળ્યું લાગે છે, અમર! પરંતુ મારા ગણતરમાં આજનો દિવસ અને આજની ઘડી છેલ્લાં જ છે. ત્રણ છોકરીઓમાંથી એકનું નામ મોઢેથી કે લખીને આપી દે!' સર મહેન્દ્રપ્રતાપમાં એક દક્ષ, સફળ પુરુષનું રૂપ પ્રકાશ્યું.

'પણ, પિતાજી!...' અમરથી વાક્ય પૂરું થઈ શક્યું નહિ.

'પણ બણ કંઈ નહિ. તારી માતા અહીં પાસે બેઠી છે. બાળકોને પટાવવામાં હું માનતો નથી. તારાથી અત્યારે જવાબ ન અપાય તો આવતી કાલથી આ ઘર તારું નહિ હોય એમ માનજે!' એમ કહી સર મહેન્દ્રપ્રતાપ ઊભા થઈ ગયા. સુવર્ણાદેવી થરથરી ઊઠ્યાં. અને અમરે પણ ટૂંકો જવાબ આપ્યો:

'વાહ, પિતાજી !'

૪

બીજું પ્રભાત થયું અને ઘરમાં અમર ન હતો. એની ધીમી ધીમી ચર્ચા વધી. સુવર્ણાદેવી અને મહેન્દ્રપ્રતાપના કાન સુધી પણ પહોંચી. માતાએ રડવા માંડયું. પિતાએ પત્નીને ધમકાવી. બાળકોને ઉચ્છૃંખલ બનાવવાનો બધો દોષ જગતની માતાઓને માથે નાખી દીધો અને આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર પુત્ર વગર તેઓ ચલાવી શકશે એવી જાહેરાત પણ તેમણે આસપાસ બહાદુરી ભરી વાણીમાં કરી. એક દિવસ ગયો; બે દિવસ ગયા. ગમે ત્યાંથી અમર પસ્તાઈને પિતાને પગે લાગતો પાછો આવશે એમ પિતાએ ધાર્યું હતું, પરંતુ અમર પાછો ન આવ્યો. માતાએ તો અનેક બાધાઆખડીઓ રાખી અને અઠવાડિયા પછી અમર વગર અનશનવ્રત લેવાની ધમકી આપી. લોખંડી હૃદયના મહેન્દ્રપ્રતાપ પણ હવે ચમક્યા. મુનીમો અને મેનેજરોએ આસપાસ તપાસ ક્યારનીયે કરાવી હતી. તપાસમાં એક જ વસ્તુ ફલિત થઈ કે અમર એકલો અદૃશ્ય થયો ન હતો, પરંતુ એની સાથે નંદિની પણ અદૃશ્ય થઈ હતી. મહેન્દ્રપ્રતાપને પુત્ર હવે નિત સાંભરવા લાગ્યો. ચાને સમયે, જમતાં જમતાં અને પછી તો ધીમે ધીમે કામ કરતાં પણ અમરનું મુખ તેમની સામે આવી સ્થિર થઈ જતું, અને એ કલ્પનાછબી ઉપર મહેન્દ્રપ્રતાપની આંખ પણ ચાટ કરતી. રાત્રે પુત્રની ઝંખનામાં અશ્રુ ઢાળતાં સુવર્ણાદેવીએ મહેન્દ્રપ્રતાપને 'અમર !—અમર આવ્યો !' એમ બૂમ પાડી ઝબકી ઊઠતાં પણ જોયાં અને સાંભળ્યાં. કામમાંથી તેમનું લક્ષ્ય ઓછું થતું હોય એમ કારિન્દાઓને લાગ્યું અને મિત્રોને તો એવો ભાસ પણ થયો કે સર મહેન્દ્રપ્રતાપ અમરના અદૃશ્ય થયાની ફરિયાદ કરતા ન હોવા છતાં તેઓ અમરની યાદમાં શૂન્ય બનતા જાય છે.

ધનિકોને તપાસ કરવામાં કોઈ પણ જાતની અડચણ આવે એમ ન હતું. તાર, ટેલિફોન, વાયરલેસ, ટ્રંક કૉલ, કાગળ તેમ જ

માણસો દ્વારા દુનિયાને ખૂણે ખૂણે હવે અમરની તપાસ પહોંચી ગઈ. છ માસ પણ વીતી ગયા. પરંતુ અમર કે અમરનો પત્તો ન મળ્યો તે ન જ મળ્યો! સુવર્ણાદેવી અને મહેન્દ્રપ્રતાપ હવે અતિશય ચીઢિયાં બની ગયાં. ખાવાપીવામાંથી તેમનો રસ ઊડી ગયો, કામ-કાજમાંથી બિલકુલ ધ્યાન ખસી ગયું. જોષી, માંત્રિકો, ધર્મગુરુઓ અને દેવસ્થાનો તરફ તેમનું વલણ વધવા લાગ્યું. અને છ માસ વીતતાં તો સર મહેન્દ્રપ્રતાપ આંખમાં અશ્રુ લાવી મિત્રોને, નોકરોને અને સહુ કોઈને 'મારો અમર જોયો છે? મારા અમરને લાવી આપો તો મારો આખો વૈભવ આપી દઉં.' એવાં એવાં ઉચ્ચારણો સ્થળે-અસ્થળે કહેતા સંભળાવા લાગ્યા. ડૉક્ટરોએ ખૂબ દવાઓ કરી, હકીમોએ નુસ્ખા લખી આપ્યા, વૈદ્યોએ માત્રાઓ આપી, અને સગાં-વહાલાંઓએ, મિત્રોએ અને ડૉક્ટરોએ એવો નિર્ણય કર્યો કે સર મહેન્દ્રપ્રતાપ આ વાતાવરણમાંથી પરદેશ નહિ જાય તો તેમનું મગજ કાયમને માટે ફટકી જશે.

મહામુસીબતે મહેન્દ્રપ્રતાપને સમજાવી શકાયા. અમર જેવો બાહોશ છોકરો પરદેશમાં કોઈ જુદા નામે રહી આગળ વધતો હોવો જોઈએ અને એ પરદેશમાં ગમે ત્યાં પિતા સામે આવી ચઢશે એવી કલ્પના લાલચ તેમને પરદેશ જવા પ્રેરી શકી. અને તેઓ સુવર્ણાદેવી સાથે પરદેશ ગયા પણ ખરા.

પરદેશની નવીનતા તેમના મનને બીજી દિશામાં વાળતી. ધમ-ધોકાર ચાલતા વ્યાપાર ઉદ્યોગના કાગળપત્રો અને નિવેદનો રોજ તારથી આવતા. તેમાં પણ તેમનો કેટલોક સમય વ્યતીત થતો અને મન પરોવાતું. અમર જરા યે ભુલાયો ન હતો છતાં નવું નવું વાતાવરણ તેમના ઘાવ ઉપર મલમપટ્ટાની ગરજ સારતું. ડૉક્ટરોની મુલાકાતો પણ તેમનો કેટલોક સમય લેતી હતી અને અમરે આપઘાત કર્યો હોય એવી શંકાને સમર્થન કરતો એક પણ પુરાવો હજી સુધી મળ્યો ન હોવાથી વહેલોમોડો પણ અમર આવી પહોંચશે એવી આશા તેમને રહ્યા કરતી. પશ્ચિમના ભાવિષ્યવેત્તાઓએ પણ તેમને એક કરતાં વધારે

વાર ખાતરી આપી હતી કે તેમનો પુત્ર સુખી હાલતમાં કોઈ અજાણ્યાં સ્થળે ટૂંક સમયમાં મળવાનો સંભવ છે ખરો. જોકે એ સંભવમાં અને એ ફેરણીમાં બીજા છ માસ વીતી ગયા અને અમરને અદૃશ્ય થયે બરાબર એક વર્ષ વીત્યું.

પશ્ચિમની એક સુંદર આલીશાન હોટેલમાં એક સંધ્યાકાળે સર મહેન્દ્રપ્રતાપ અને સુવર્ણાદેવી કડકડતી ઠંડીમાં હવા અને ચા પીતાં બેઠાં હતાં ત્યારે ત્યાંની ઘડિયાળે આઠના ટકોરા વગાડ્યા. પતિપત્ની બન્ને ચમકી ઊઠયાં અને એ ઘડિયાળ તરફ જોઈ રહ્યાં. કોઈએ કાંઈ ઉચ્ચાર કર્યો નહિ, છતાં બન્નેને યાદ આવ્યું કે ઘડિયાળને ટકોરે લગ્ન કરવાની આજ્ઞાએ જ અમરને અદૃશ્ય કરી દીધો હતો. એટલી સખ્તાઈ ન વાપરી હોત તો અમર ઘેર પણ રહ્યો હોત અને માતાપિતાએ નક્કી કરેલી ત્રણ યુવતીઓમાંની એક યુવતી સાથે પરણવા માટે તેને સમજાવી શકાયો હોત. મહેન્દ્રપ્રતાપે એક નિઃશ્વાસ નાખ્યો. એ નિઃશ્વાસમાં તેમને અને તેમનાં પત્નીને—બન્નેને—એ જ વિચારો આવી ગયા. એકાએક તેમના ખંડનો ટેલિફોન રણક્યો અને ટેલિફોન હાથમાં લેતાં તેમની થયેલી વાતચીતમાં સુવર્ણાદેવીને એમ સમજાયું કે આસામના તેમના બગીચામાં મજુરોએ ભયંકર તોફાન ઊભું કર્યું છે. ત્યાં મેનેજરોથી શાંતિ સ્થાપી શકાતી નથી અને સર મહેન્દ્ર પ્રતાપની હાજરી વગર એ આખા પ્રશ્નનો ઉકેલ આવી શકે એમ નથી. પ્રથમ તો તેમને એમ લાગ્યું કે પોતાને જરા ઉતેજક વ્યવસાયમાં રોકવાની તેમના કર્મચારીઓની આ યુક્તિ પણ હોય. પરંતુ જ્યારે તેમણે સાંભળ્યું કે બગીચામાં કોઈ પણ ક્ષણે ખૂનામરકીનો પૂરો સંભવ ઊભો થયો છે ત્યારે તેમણે આખું વિમાન 'ચાર્ટર' કરી સીધા આસામ પહોંચી જવાની વ્યવસ્થા કરવા હુકમો આપી પણ દીધા. ધનને કશું અશક્ય નથી—માત્ર સાચાં હૃદય જીતવા સિવાય. સઘળી વ્યવસ્થા જોતજોતામાં થઈ ગઈ અને બીજે જ દિવસે સર મહેન્દ્રપ્રતાપ અને સુવર્ણાદેવી ઊપડયાં અને ચોથે દિવસે કલકત્તા પહોંચી ગયાં. ત્યાંથી મોટરકારની સગવડ દ્વારા તેઓ બગીચામાં જોતજોતામાં

હાજર થઈ ગયાં.

સર મહેન્દ્રપ્રતાપે તો ધાર્યું હતું કે બગીચામાં પહોંચતાં પહોંચતાં ખૂનામરકીના કંઈક સમાચારો તેમને મળશે; પોલીસ અને મિલિટરીના દંડા, બંદૂકો અને ફરમાન ત્યાં ફરતાં હશે; કારખાનું અને ઑફિસ ભડકે બળતાં હશે અને સરકારી સલામની શોધ્યા સિવાય તેમનાથી બગીચામાં પ્રવેશ પણ થઈ શકશે નહિ. રસ્તામાં બીજું કાંઈ નહિ તો એ જાતના સમાચારો પણ તેમને મળતા રહેશે. પરંતુ તેમની ધારણા સાચી પડી નહિ. કોઈએ તેમને તોફાનના સમાચાર પણ આપ્યા નહિ, તેમ તેમને રોકયા પણ નહિ. અને તેઓ સડસડાટ બગીચામાં પેસી શકયા. પ્રત્યેક ક્ષણે તેમના આવવાની રાહ જોતા નાનામોટા કર્મચારીઓ વ્યવસ્થાસર ઊભા હતા અને બગીચામાં પ્રવેશ કરતાં મજૂરોના વ્યવસ્થિત ટોળાંએ તેમનો જયનાદ પણ કર્યો. અને તેમના ઉપર ફૂલનો વરસાદ વરસાવ્યો : જ્યારે મહેન્દ્રપ્રતાપ તો પથ્થરના વરસાદની આશા રાખીને આવ્યા હતા. હર્ષનાદ વચ્ચે તેઓ કચેરીનાં પગથિયાં પાસે કારમાંથી ઊતર્યા અને મેનેજરને પૂછ્યું :

‘ આ બધું શું ? હું તો જુદી જ ધારણાથી અહીં આવ્યો હતો.’

‘ એક રાતમાં આખી વાત બદલાઈ ગઈ, સાહેબ ! નહિ તો અમે પણ ખૂનામરકીની હવામાં જ બેઠા હતા. આપ અંદર પધારો, સ્વસ્થ થાઓ અને હું આપને એ હકીકત જણાવું છું.’ મેનેજરે જવાબ આપ્યો અને તેણે શેઠસાહેબને દમામભરી ઑફિસમાં લીધા. ઉચ્ચ અધિકારીઓએ તેમનો સુંદર સત્કાર કર્યો અને ‘ સર ’ને ઘટે એવી ચાની પણ વ્યવસ્થા કરી દીધી. ચા પીતાં પીતાં થયેલી વાતચીતમાં મેનેજરે આઠનવ માસથી આવેલા એક યુવાન ગ્રેજ્યુએટ કારકુનની બાહોશીની અત્યંત પ્રશંસા કરી અને સમાધાનીનો આખો યશ એ યુવાનને આપી દીધો.

‘ શેઠસાહેબ ! છેવટની ઘડીએ એ યુવાન વચ્ચે પડ્યો ન હોત તો આ બગીચો અત્યારે ધરતીકંપ અને જ્વાલામુખીનો પદાર્થપાઠ આપતો હોત.’ મેનેજરે કહ્યું.

'કોણ છે એ છોકરો ?' શેઠસાહેબે પૂછ્યું.

'કોઈ અંગ્રેજી જાણકાર આપણને મળતો નહોતો; જાહેરાતો કરી થાક્યા ત્યારે આ એકનો એક યુવાન હાથ લાગ્યો અને મેં નીમી પણ દીધો. બહુ બાહોશ છે.' મેનેજરે કહ્યું.

'શરૂઆતમાં તો અમને લાગ્યું કે આ છોકરો માત્ર કારકુની જ કરવા સરજાયો છે. પછી અમને વહેમ પડ્યો કે એ કદાચ ચળવળિયો કોમ્યુનિસ્ટ પણ હશે. મજૂરોનાં તોફાનોમાં એનું નામ પણ સંભળાતું, પરંતુ પુરાવો મળે નહિ. છેલ્લી ઘડીએ હાથથી વાત ચાલી ગઈ ત્યારે એણે વચ્ચે પડી મજૂરોને સમજાવ્યા, આપના આવવાની રાહ જોવા તેમને ઉપદેશ કર્યો અને તેમની ફરિયાદ ન સંભળાય તો તેમની સાથે પોતે પણ નોકરી છોડી દેશે એવું વચન આપી તેમને તોફાને ચડતા અટકાવ્યા. અને એટલામાં આપ આવી પહોંચ્યા.' બીજા અમલદારે આ અજાણ્યા પરંતુ ઉપયોગી યુવકનો પરિચય આપ્યો.

'એને બોલાવો તો ખરા! હું જરા જોઈ લઉં અને એને જ મુખે મજૂરોની માગણી સાંભળી લઉં. કંઈ હરકત છે?' મહેન્દ્રપ્રતાપે પૂછ્યું.

માનીતા યુવકને શેઠ સમક્ષ રજૂ કરવાની સહુની ઇચ્છા હતી જ. માત્ર એની ઊતરતી કક્ષા તેને તેમની સાથેની ચાપાર્ટીમાં ભેળવી શકતી ન હતી. યુવકને બોલાવવાનો હુકમ છૂટ્યો અને નમ્ર, સૌમ્ય છતાં જ્વલંત યુવક આવી, નમસ્કાર કરી મહેન્દ્રપ્રતાપની સામે ઊભો રહ્યો ત્યાં સુધી મહેન્દ્રપ્રતાપની મહત્તા અને શેઠાઈ યુવકની સામે તેમની નજર પ્રેરી શકતાં ન હતાં.

'શેઠસાહેબ! આ યુવક ભાઈ...' મેનેજરે શેઠસાહેબનું લક્ષ્ય દોર્યું. શેઠસાહેબે પણ મોટાઈભરી દૃષ્ટિ તેના તરફ દોડવી અને સહુના આશ્ચર્ય વચ્ચે જાણે ઘેલા બની ગયા હોય એમ બોલતાં બોલતાં ઊભા પણ થઈ ગયા!

'હાં!...અરે! અમર! તું!...' મહેન્દ્રપ્રતાપથી આગળ બોલી શકાયું નહિ. ખુરશી છોડીને, ચાનું ભવ્ય ટેબલ છોડીને તેઓ ધસ્યા

અને નમસ્કાર કરતા નમ્ર કારકુનને ભેટી પડ્યા. સમગ્ર ધનિકને શોભે
નહિ એવું આ આલિંગન હતું: અને આખી મંડળીને મહેન્દ્રપ્રતાપની
આંખમાંથી વહેતાં અશ્રુ જોઈને એમ જ લાગ્યું કે કરી કરી શેઠસાહેબની
ઘેલછાની વાત અહીં પ્રત્યક્ષ થતી જતી હતી. શેઠસાહેબ વારંવાર
પુત્રની સામું અશ્રુભરી આંખે જોતા હતા અને 'અમર! મારા
અમર! અંતે તું જડ્યો?' એમ બોલ્યા કરતા હતા. નીચું જોઈ
રહેલો એ યુવાન કાંઈ પણ જવાબ આપ્યા વગર ઊભો રહ્યો હતો,
અને શેઠસાહેબના ઉચ્ચારને સહી રહ્યો હતો. કર્મચારીઓમાંથી કોઈકને
એકાએક ખ્યાલ આવ્યો. કે તેમનો અમર નામનો પુત્ર એકાદ વર્ષ
પહેલાં ખોવાયો હતો. કાં તો આ યુવક એ અમર પોતે હોય અગર
આ યુવકમાં શેઠસાહેબને પોતાના પુત્રનો કલ્પિત ભાસ થયો હોય.
'તું? અહીં કારકુન? મારી જ મિલકતમાં!' મહેન્દ્રપ્રતાપ
યુવકને ખેંચી પોતાની પાસે સોફા ઉપર બેસાડી પૂછવા લાગ્યા.
'કાંઈ નહિ, પિતાજી! મને ખૂબ અનુભવ મળ્યો અને મિલકત
તો મારી કે આપની હોય જ શાની? આપ જ એક વાર કહેતા
હતા કે એ મિલકત તો પ્રભુએ દીધી છે એટલે પ્રભુની છે.' યુવકે
જવાબ આપ્યો.

મેનેજરે ઊઠીને એક નાનુંસરખું સ્ટૂલ પિતાપુત્રની આગળ
મૂકી દીધું અને જાતે મીઠાઈની રકાબી અને ચાના બે પ્યાલા બનાવી
લઈ આવી તેમની પાસે નમ્રતાપૂર્વક મૂકી દીધા. મેનેજરને અને
સહુને ખાતરી થઈ કે કારકુન તરીકે તેમણે મહેરબાનીની રાહે નીમેલો
આ યુવક સર મહેન્દ્રપ્રતાપનો પુત્ર જ હતો. જ્ઞાન ઘણી ચેષ્ટાઓને
બદલી નાખે છે.

'પણ, પિતાજી! મા ક્યાં છે?'
'હું તને હમણાં જ એની પાસે કલકત્તે પાછો લઈ જાઉં છું.'
'જી. પરંતુ મેં આ મજૂરોને વચન આપ્યું છે કે તેમની
શરતો...'

'અરે! તારી અને તારા મજૂરોની બધી શરતો કબૂલ! પછી

કાંઈ ? ચાલ, ઊભો થા. તારી મા તારા વગર એવી ટળવળે છે કે તને દયા આવશે !'

'હા, જી ! હું પણ માને અને આપને મળવાને ઝૂરું છું. પણ ...હું જરાક ઘેર ખબર કરતો આવું.' અમરે કહ્યું.

'અરે હા ! તું તો પરણ્યો છે પેલી નંદિનીને, ખરું ને ? ચાલ હું એને જોઉં, એ કેમ ઘર ચલાવે છે તે.'

પિતાપુત્ર બહાર નીકળ્યા. વાત જોતજોતામાં ફેલાઈ ગઈ કે ખોવાયેલો પુત્ર આ શુકનિયાળ સ્થળે શેઠસાહેબને મળ્યો અને હર્ષના પોકારો વચ્ચે ઘડી ઘડી આંખ મીંચતા, પુત્રને વાંસે વારંવાર હાથ ફેરવતા સહુના જયજયકાર વચ્ચે તે કારકુન અમરની ઓરડી તરફ જતા હતા.

# કલ્યાણી

૧

કૌશિક હતો તો બ્રાહ્મણ અને વસતો હતો નર્મદાકિનારે, પરંતુ એનાં કૃત્યો શૂદ્રને પણ શરમાવે એવાં હતાં. તે બ્રાહ્મણ માબાપને ઘેર જન્મ પામ્યો. ઉપવીત દ્વારા બ્રાહ્મણની છાપ પ્રાપ્ત કરનાર સહુ કોઈ બ્રાહ્મણ રહેતા જ નથી. બ્રાહ્મણત્વને પગ નીચે રગદોળનાર બ્રાહ્મણો આજે જ જન્મે છે એમ નહિ, પુરાણકાળમાં માર્કણ્ડેય ઋષિના યુગમાં પણ આવા બ્રાહ્મણો હતા, જેમાંનો કૌશિક એક હતો. બ્રાહ્મણોને તો શું, પરંતુ ચારે વર્ણને મના કરેલાં કાર્યો તે કર્યે જતો હતો. બધાં ય વ્યસનો એને ખરાં, પરંતુ 'કામ' એ એનું મહાવ્યસન. સુંદર સ્ત્રીને જુએ અને તેનું હૃદય ધબકી ઊઠે. સૌંદર્ય-ઉપભોગની તેને મર્યાદા ન હતી. જ્યાં જ્યાં સૌંદર્ય ત્યાં ત્યાં કૌશિકની ઉપભોગજાળ બિછાયેલી જ હોય.

સૌંદર્ય, માનવસૌંદર્ય, સ્ત્રીસૌંદર્ય સદાસર્વદા વિશુદ્ધ જ હોય છે એમ માનવાની જરૂર નથી. સૌંદર્યના અંચળા નીચે ઘણી વાર મનના, બુદ્ધિના કે દેહના રોગ ભરપૂર ભરેલા હોય છે. અને ઉપભોગની આતશ અનુભવતા રૂપભોગી પુરુષને તે વળગી પણ પડે છે. કૌશિકની કામવાસના એટલી તીવ્ર બની ગઈ હતી કે ઉપભોગને અંગે એ નહોતો જોતો સ્થળ કે સમય, ઘર કે બહાર, વર્ણ કે અવર્ણ, પાત્ર કે અપાત્ર, અને તેનો દેહ ના પાડતો છતાં તેનું મન તેને વિસ્તૃત સ્ત્રીસમાજની તરફ જ દોર્યે જતું હતું. એમાંથી કોઈ કુષ્ઠરોગી સ્ત્રીનો સંબંધ થતાં તેને કુષ્ઠરોગ લાગુ પડ્યો હતો. અને એ ઢાંકવાના અનેક પ્રયત્નો કરવા છતાં એના દેહ ઉપર તેનાં ચિહ્ન ઢંકાયેલા રહ્યાં

નહિ. બીજાથી કદાચ થોડા દિવસ એ પોતાના રોગને છૂપો રાખી શકે, પરંતુ પોતાની પત્નીથી એ રોગ છૂપો રાખી શકાય એમ હતું જ નહિ.

આવા મહાકામી કૌશિકને એક પત્ની પણ હતી. માર્કંડેય પુરાણ એ પત્નીનું નામ સ્પષ્ટ કરતું નથી, પરંતુ આપણે એને કલ્યાણી નામ આપીશું. અતિકામીઓને અનેક રોગ થાય છે. અને રોગિષ્ઠપણું વળી કામજ્વાળાઓ વધારે પ્રદીપ્ત કરે છે. કુષ્ઠરોગ એક એવા પ્રકારનો રોગ છે એમ આજનું વિજ્ઞાન કહે છે. એ ફેલાતો અટકાવવાના વર્તમાન વૈદ્યકીય પ્રયત્નોમાં મોટામાં મોટા પુકાર એ જ હોય છે કે કુષ્ઠરોગીઓની વાસનાને અવધિ નથી! અને એ રોગ વળી આનુવંશિક પણ હોય છે! કૌશિકને રોગે ઘેરવા માંડ્યો તેમ તેમ એની વાસના વળી પ્રબળ થવા લાગી. કામીઓને માટે પત્ની પણ તૃપ્તિનું એક સાધન જ છે ને? પતિપત્નીનાં સહજીવન જેમ મૈત્રીમાં પરિણામ પામે છે તેમ બીજી પાસ ઉપભોગનો અનિવાર્ય આશ્રય પણ બની રહે છે. કૌશિકના કુષ્ઠરોગે એને જરા ય પાછાં પગલાં ભરાવ્યાં નહિ. રોગ વધતો ચાલ્યો, શક્તિ ક્ષીણ થતી ચાલી, છતાં સૌંદર્યલોલુપ આંખ કોઈ પણ સ્ત્રીદેહનાં અંગ-ઉપાંગ જોતાં થાકતી નહોતી.

કૌશિકનું એક જ મહાભાગ્ય કે એને કલ્યાણી સરખી એકનિષ્ઠ પત્ની મળી હતી. એ હતી ઘણી સુંદર, પરંતુ માનવજાતના અનેક પતિઓની માફક કૌશિકનું પુરુષત્વ કે સૌન્દર્યભૂખ પત્નીના સૌંદર્યથી પણ વધારે મોટા સૌન્દર્યવિસ્તાર માગતાં હતાં. આજના યુગની માફક માર્કંડેયના પુરાણયુગમાં પણ બુદ્ધિનો, તર્કનો અને દલીલબાજીનો ખૂબ વિકાસ થયેલો હોવો જોઈએ. ઘણા ઘણા દોષોને બુદ્ધિ ગુણ તરીકે લેખાવવા મથે છે. કૌશિક બુદ્ધિબળ વાપરી પોતાના દોષને ઢાંકવા–ઢંકાવવા મથતો હતો. પરંતુ કલ્યાણીને કોઈ પણ તર્ક કે દલીલબાજીની જરૂર ન હતી. સાચો કે ખોટો એક સિદ્ધાંત હૃદયમાં ઊંડો ઉતારીને એ પતિગૃહે આવી હતી: પતિ એટલે પરમેશ્વર!

સ્ત્રી પ્રાણી તરીકે અજબ છે, અને માનવી તરીકે પણ અજબ છે. સુખ આપીને, દુઃખ ખમીને, દેહને આકૃતિમાં મૂકીને એ સર્જન કરે છે. એ કાર્યમાં જ એની પુરુષ કરતાં પણ વધારે માનવશ્રેષ્ઠતા સ્થપાઈ ચૂકી છે. સ્ત્રી સ્વભાવથી જ સતી હોય છે, પછી ભલે એને પતિત અવસ્થામાં ઉતારી દેવાતી હોય. કલ્યાણી સતીત્વની ભાવના લઈને પરણી હતી. પતિને પરમેશ્વરની માફક પૂજતી હતી. એ ભાવના સાચી છે કે કેમ, સ્ત્રીપુરુષના સરખા હક્કની ભાવના. આ ભાવનાથી વધારે ઉચ્ચ કક્ષાની છે કે કેમ, એવા એવા પ્રશ્નો આજની માફક પણ કદાચ ત્યારે ઊપજતા હશે. અને બંડખોર સ્ત્રીઓ એ યુગમાં પણ જાગતી હશે. પરંતુ સ્ત્રીવર્ગના મોટા ભાગની માફક ભાગ્યમાં આવેલો પુરુષ એ જ ભગવાન એમ માનીને કલ્યાણી ચાલતી હતી. પતિના વ્યસનો તેને ગમતાં નહિ જ. પતિની અનિયંત્રિત કામવાસના પ્રત્યે કોઈપણ પત્નીની માફક કલ્યાણીને સદ્ભાવ ન જ હોય. તેને અણગમો પણ થઈ ગયો હતો. પતિ પ્રતિષ્ઠિત અને સુખી બને એવી તેની નિત્ય કામના રહેતી. પતિને સુધારવા માટે કદી કદી એ શિખામણ પણ આપતી. પરંતુ કામાન્ધ કૌશિકને એની કાંઈ પણ અસર થતી નહિ. કલ્યાણીએ આ સંજોગોમાંથી પોતાને કર્કશા તરીકે વિકસાવી હોય તો કેવું પરિણામ આવત એ પ્રશ્ન બીજાને ઊપજે, પરંતુ કલ્યાણીના હૃદયમાં એ પ્રશ્નો ઊપજ્યો નહિ. ક્લેશ, કંકાસ, કકળાટ, ધમપછાડ, ઘરની હવાનું સમુદ્રમંથન રિસામણાં કે પલાયન સરખા સ્ત્રીસહજ ઉપચારો કલ્યાણીની પતિભાવનાને માટે શક્ય ન હતા. એની પતિભાવનામાં તો એક જ સિદ્ધાંત સ્થિર થઈ ચૂક્યો હતો. પતિની સેવા એ જ પત્નીનો ઉદ્ધાર! પતિ જો ખરેખર સાપનો અવતાર દેખાયા કરે તો એની સેવા માટેનો અવકાશ જ ક્યાં રહ્યો? પતિની જેટલી વિચિત્રતા એટલી પત્નીની વિવિધતાભરી સાચી સેવા. અને પતિ જ જો પરમેશ્વર હોય તો આવાં દુર્ગુણનાં જ દર્શન દ્વારા એ પત્નીના સતીત્વની કક્ષા વધારે તીવ્ર અને ઊંચી કેમ બનાવતો ન હોય?

૨

આ ઢબે પતિપત્નીનો વ્યવહાર ચાલ્યા કરતો હતો. કૌશિક ગાન, તાન, મોજ, મજાહ ને કામવૃત્તિના વિધવિધ પ્રયોગોને લઈને અંતે કુષ્ઠરોગી બની ઘરમાં પત્નીને દમવા લાગ્યો અને પોતાના મહારોગ માટે સારવાર પણ પામવા લાગ્યો. કલ્યાણીને તો પતિના આનંદમાં જ આનંદ, પતિના સુખમાં સુખ, અને પતિની સારવારમાં જ માનવસેવા સમાઈ ગયેલાં હતાં. રોગ શરીરમાં પ્રવેશ પામે એટલે એને વધતાં પણ વાર ન લાગે. કૌશિકનો રોગ વધતો ચાલ્યો. પગની આંગળીના ટેરવાથી શરૂ થયેલો કુષ્ઠરોગ ધીમેધીમે હાથ સુધી પહોંચ્યો, અને તેના મુખ ઉપર પણ રોગની રેષાઓ ઊપસવા માંડી. કલ્યાણી સારવાર કરે, વૈદ્યોને બોલાવે, તેમની દવા કરાવે, વ્રતવર્તુલા કરે, અને નિત્ય પ્રભુની ઉપાસનામાં પતિનો રોગ ટળી જાય એવી જ પ્રભુ પ્રત્યે પ્રાર્થના તેની હોય. પ્રાર્થના તો હવે કૌશિક પણ કરતો હતો. કારણ તેના અવરજવરમાં હવે મુશ્કેલીઓ પડવા લાગી; જે બજારુ સુંદરીઓનો તે સાથ સેવી રહ્યો હતો તેમણે એનો તિરસ્કાર કરવા માંડ્યો. અને ગાયન–વાદનના જલસામાં કદાચિત્ મુશ્કેલીએ પણ હાજરી આપે તો એને જોઈને જ એ સંગીતજલસા સમેટાઈ જતા. સગાંવહાલાં હવે એની શારીરિક સ્થિતિની તપાસ કરવા જતાં પણ ડરવા લાગ્યાં. મિત્રો કોઈ રહ્યા નહિ. અને સહુ કોઈ કૌશિકની દયા ખાવાને બદલે ‘ જેવાં કર્મ કરે તેવાં ભોગવે ’ એમ કહી વ્યવહારુ ડહાપણ આગળ કરતાં હતાં.

એવા સંજોગોમાં કૌશિક પ્રાર્થનાનો શોખીન થાય એ સમજી શકાય એવું છે. પોતાનો રોગ મટે એમ એ ચાહતો હતો. પરંતુ એ ચાહના અને પ્રાર્થના પાછળ તેની એક જ લાલસા હતી કે રોગ થતા પહેલાં જે આનંદનો એ અનુભવ કરતો હતો આનંદ એને પાછો પ્રાપ્ત થાય. દુઃખનું આછું પણ શમન થાય તે ક્ષણે એને નારીદેહનું સૌન્દર્ય, યુવતીઓના અલંકાર અને હાવભાવવાળાં નૃત્ય જ યાદ આવતાં હતાં. મર્યાદા રહિત ઉપભોગે તેની આ સ્થિતિ કરી

હતી એમ હજી તેને ચીવટાઈથી લાગતું ન હતું. કુરૂપ બનતો દેહ તિરસ્કારાતો હતો, જ્યારે એ દેહમાં વસેલો જીવ આનંદપ્રમોદનાં સ્થળોએ રખડતો હતો.

સાર્વજનિક તિરસ્કાર પામતા પતિની પત્નીને પણ એ તિરસ્કારમાં ભાગ લેવો પડે છે. કલ્યાણીને પોતાનો તિરસ્કાર થાય એમાં કાંઈ હરકત લાગતી નહિ, પરંતુ એના પ્રત્યેની સહાનુભૂતિમાં એના પતિનો તિરસ્કાર થતો એ એને જરા પણ ગોઠતું નહિ. કદી કદી એની સખીઓ પૂછતી :

'કલ્યાણી ! કેમ છે ઘરમાં હવે ?'

'હવે ઠીક થતું જાય છે, વૈદ્યરાજ સાચા ધન્વંતરિ છે.' કલ્યાણી જવાબ આપતી.

'તારા મોંમાં ગોળ, બાઈ ! પણ જરા સારું થતાં તારો વર પાછો ભટકવે ન ચઢે એ જોતી રહેજે.' સખીની સલાહ મળતી. અને એ સલાહ સાચી હોવા છતાં તેના પતિભક્ત હૃદયને પ્રજાળી મૂકતી. આવી સલાહો વધવા માંડી અને જનતા વચ્ચે જીવવું એને અતિશય દોહ્યલું થઈ ગયું ત્યારે તેણે એક યુક્તિ કરી. નગરની બહાર, એકાત સ્થળે શંકરનું એક મંદિર આવ્યું હતું. અને એ મંદિરની ધર્મશાળામાં કૌશિકના રોગના ઈલાજ કરનાર વૈદ્યરાજ રહેતા હતા. એ ધર્મશાળાની પાસે ઝૂંપડી બાંધી આઠે પ્રહર વૈદ્યની નજર નીચે રહેવાય તો ઈલાજનું પરિણામ વધારે અસરકારક આવે એવી તેણે પતિને વિનંતી કરી. રોગ વહેલો મટે એને પાછી જૂની રંગરાગ દુનિયા તેને મળે એવી પત્નીની સર્વવિનંતી સ્વીકારવાને માટે પતિ તૈયાર હતો. કલ્યાણીએ ધર્મશાળાથી થોડે એક ઝૂંપડી બાંધી, થોડો ઘરવખરી ભેગી કરી, અને આખો દિવસ અને રાત પતિને પાટાપિંડી બાંધવામાં, કાષ્ટમૂળ ઘસીઘસીને ચોપડવામાં, માટીચંદનના લેપ કરવામાં તેણે ગાળવા માંડચાં. રોગ તો ઘટવાને બદલે વધતો જતો હતો. કૌશિકનાહાથપગ નિરુપયોગી બનવા લાગ્યા હતા, અને કલ્યાણીના ટેકા વગર હાલવું—ચાલવું પણ કૌશિક માટે મુશ્કેલ થઈ

પડયું હતું. માત્ર આ સ્થળે એક જ સુખ કલ્યાણીને હતું. પતિની નિંદા કરનાર ભાગ્યે જ આ બાજુ દૃષ્ટિ કરતાં.

રાત્રિનો સમય હતો. બહાર અંધકાર વ્યાપેલો હતો. સોમપ્રદોષની એ રાત્રિ હતી. અને કૌશિકના અંગછેડાઓ અતિશય પીડા કરતા હતા. કૌશિકે આખી દુનિયાને ગાળો દીધી; પોનાતા ભાગ્યને ગાળો દીધી; ઈશ્વરને પણ ગાળો દીધી. એટલું જ નહિ પણ તેની સતત સેવા કરતી પત્નીને પણ તેણે ગાળો દીધી. ઘણી વાર માનવીને દુઃખ પડે છે ત્યારે તે દુઃખનાં કારણ બીજાને માથે ઢોળવામાં આનંદ માને છે. કુષ્ઠરોગી પતિનું ભાગ્ય લઈને આવેલ કલ્યાણી જાણે એના કુષ્ઠરોગનું કારણ હોય એમ એણે તે રાત્રિએ વર્તન કરવા માંડયું. કલ્યાણી ગાળોને ગણકારતી ન હતી. એ જાણતી જ હતી કે પતિનો અસહ્ય રોગ પતિના મુખમાંથી ગાળો બોલાવે છે. રોગિષ્ઠ માણસોની વાચા પણ રોગિષ્ઠ બની જાય છે. એમાં માનવી જ એકલો દોષપાત્ર છે, એના કરતાં એનો રોગ વધારે દોષપાત્ર છે એમ કલ્યાણી માને એમાં નવાઈ ન હતી. કૌશિકના કષ્ટપછાડા જેમ જેમ વધતા ગયા તેમ તેમ કલ્યાણીના હૃદયમાં વધારે ને વધારે ચીરા પડતા ચાલ્યા. એ જાણતી હતી એટલા બધા ઈલાજો એણે શરૂ કરી દીધા. અને આંસુ ભરેલી આંખે કૌશિકના દેહને જેમ બને તેમ વહેલી ટાઢક વળે તેવા પ્રયત્નો તેણે મુખ મચકોડયા વગર કરી દીધા.

અને એકાએક કૌશિકની આંખમાં આછી આનંદની ચમક ચમકી ઊઠી. કલ્યાણીએ પણ એ ચમક જોઈને કૃતકૃત્યતા અનુભવી અને સહર્ષ પૂછયું :

'હવે જરા આતશ શમ્યો ?'

'હા. આતશનું શમન શરૂ થઈ ગયું છે' પતિએ જરા વધારે પ્રફુલ્લ મુખ કરી કહ્યું. પતિની આંખ ઝૂંપડીને ન જોતાં ઝૂંપડીની બહાર કંઈ નિહાળી રહી હોય એમ કલ્યાણીને ભાસ થયો. કલ્યાણીએ પણ ઝૂંપડીની બહાર નજર નાખી પાસેની ધર્મશાળામાં વસતા ધન્વંતરિ સરખા વૈદરાજને સાભાર યાદ કર્યા અને કહ્યું :

'વૈદ્યરાજના હું શા શા આભાર માનું ?'

'વૈદ્યરાજ !...અરે હાં ! એ તો ઠીક છે. પણ અત્યારે મને શાતા વળવાની શરૂઆત કેમ થઈ તેની તને હજી સમજ પડતી લાગતી નથી.' કૌશિકે કહ્યું.

'ના, હું તો એક જ વાત જાણું : મારા પતિદેવને જેનાથી સુખશાંતિ થાય એ મારો પ્રભુ.' એકનિષ્ઠ કલ્યાણીએ જવાબ આપ્યો.

'તો જરાક વધારે કાન માંડીને સાંભળ. કાંઈ સંભળાય છે ?'

'ના; મને તો તમારા શબ્દ વગર બીજું કાંઈ સંભળાતું નથી.'

'જીવનભર બબૂચક રહે, કલ્યાણી ! કાંઈક નૃત્ય થતું હોય એવું તને સંભળાતું નથી ?' રસરોગી પતિ કૌશિકે પત્નીનું ધ્યાન ખેંચી પાસેના શિવમંદિરમાં ચાલતા નૃત્યઝણકાર અને વાદ્યરણકારનું સૂચન કર્યું. કલ્યાણી ચમકી આવા કષ્ટપ્રદ રોગમાં પણ કૌશિકને અસર કરે છે નૃત્યઝણકાર !

'હા; કાંઈ સંભળાય છે ખરું.' કલ્યાણીએ કહ્યું.

'અરે, શું ગમાર જેવી વાત કરે છે? હું આટલે દૂર રહ્યાં રહ્યાં એ કોનું નૃત્ય છે, અને કોનો સાજ છે, એ કહી આપું. કહે ન કહે પણ આપણા નગરની સર્વશ્રેષ્ઠ નર્તકી કીર્તિદા શિવમંદિરમાં નૃત્ય કરતી લાગે છે. વાહ !' કીર્તિદાને ત્યાં કરેલી કેટલીયે ધીંગામસ્તી યાદ કરતો પતિ કૌશિક કુષ્ઠરોગના સણકા સહન કરીને ય પોતાનો ભૂતકાળ યાદ કરવા લાગ્યો.

'હા, આ આજ સોમવાર છે. હું વૈદ્યરાજ પાસે શિવમંદિરમાં ગઈ ત્યારે મેં સાંભળ્યું હતું કે કોઈ નર્તકી શિવમંદિરમાં આવવાની છે.' કલ્યાણીએ કહ્યું.

'કલ્યાણી ! તું મારી પત્ની છે, નહિ ?' પતિએ પૂછ્યું.

'હા. સૂર્ય અને અગ્નિ સમક્ષ હું આપની પત્ની બની છું. કેમ એમ પૂછવું પડ્યું ? મારી સેવામાં કંઈ ખામી ?' કલ્યાણી બોલી.

'ના, ના, ના ! તારી સેવામાં તે ખામી હોય ?'

'ત્યારે તમે એવો પ્રશ્ન કેમ કર્યો ?'

'તને કહું કે ના કહું ?' પત્નીની પતિભક્તિનો બને એટલો લાભ ઉઠાવવાની કળામાં કૌશલ્ય મેળવી ચૂકેલા પતિએ કળાનો ઉપયોગ કર્યો.

'મને નહિ કહો તો કોને કહેશો ? તમારા મનને અને દેહને જે રીતે સુખ થાય, જે માર્ગે સુખ થાય, એ માર્ગે જવા હું આ-જન્મ બંધાયેલી છું.'

'આજ સુધી મને કદી શંકા આવી નથી કે તું મારું સુખ વાંચ્છતી નહિ હોય.' પતિએ કળા વિસ્તારવા માંડી.

'તો આજ શું શંકા આવી ?'

'ના. પરંતુ ભવિષ્યમાં પણ કદી શંકા ઊભી ન જ થાય, એમ સિદ્ધ કરવા માટે હું તારી પાસેથી એક માગણી કરું છું.'

'તો એમાં વાર કેમ લગાડો છો ?'

'જો, તું મારા આવા કષ્ટમાં મને થોડી પણ સુખની ક્ષણ આપવા ધારતી હો તો મને ટેકો આપી શિવમંદિરમાં લઈ જા.' પતિએ કહ્યું.

અને હવે કલ્યાણી ખરેખર ચમકી. આવા રોગમાં પણ પતિને નૃત્ય-ગીત અને નર્તકીઓની શૃંગારરમતનો મોહ જરા યે ખસ્યો દેખાતો નથી! કલ્યાણીએ કહ્યું :

'પણ એ તો નૃત્ય ને સેવા પણ કરવા આવી છે. હવે એ બીજા કોઈને પોતાનું નૃત્ય કે પોતાનો દેહ વેચે એમ નથી.'

'એ જે હોય તે. હું યે ક્યાં એનો દેહ કે એનું નૃત્ય વેચાતાં માગું છું ? શિવમંદિરમાં ભક્તજન તરીકે હું અને તું બંને બેસી શકીશું.' પતિએ સરળતાભર્યું કારણ રજૂ કર્યું.

'કૌશિક! હવે હદ થાય છે. આજ તને ના કહેવાનું મને મન થાય છે.' કલ્યાણીએ સીમા બહાર પહોંચી ગયેલા પતિનાં દુષ્કૃત્યોની સીમા હજી પણ વધારે વિસ્તૃત બનશે એમ ધારેલું નહિ.

'માટે જ મને શંકા આવી. તારી પતિસેવા એ સાચી સેવા છે કે કેમ એનું અત્યારે જ પારખું.' પતિએ કહ્યું.

'અતિ સેવામાં હું તમારી કુ-સેવા કરી રહી છું એમ મને લાગે છે.' પત્નીએ કહ્યું.

'કલ્યાણી! તું મારું સુખ વાંચ્છે છે, નહિ? મને આ ભયંકર રોગમાંથી થોડીક ક્ષણો પણ સુખની આપવી હોય તો મને મંદિરમાં લઈ જા અને શંકરનાં દર્શન કરવા દે.' પતિએ અત્યંત આર્જવપૂર્વક પત્નીને વિનંતી કરી. પત્ની જાણતી હતી કે પતિ શંકરનાં દર્શન કરવા કરતાં નર્તકીના હાવભાવને અને દેહહિંડોળને નીરખવા માટે જ પ્રવૃત્ત થયા છે; પરંતુ એને ખ્યાલ આવ્યો કે ઔષધિ જે સુખ કે શાંતિ પતિને આપી શકતી ન હતી તે સુખ અને શાંતિ પતિને નર્તકીના દેહડોલનમાં મળતી લાગે છે. પત્નીનું શું કર્તવ્ય? આ અતિકષ્ટની ક્ષણે? પતિનું કષ્ટ ઘટે એમ કરવું કે જે દોષમાંથી કષ્ટ ઉત્પન્ન થયું હતું તે દોષ તરફ પતિને દોરવો?

પતિમાં હવે વધારે દૂષિત થવાની પણ શક્તિ રહી ન હતી—નિદાન તેના દેહમાં તો નહિ જ. નર્તકી પણ શંકર પાસે પોતાના કલાદોષનું અંતિમ સમર્પણ કરવાને આવી હતી. સહુનું કલ્યાણ કરનાર શિવ એ સ્થળે બિરાજતા હતા, કદાચ કલ્યાણીનું—કહો કે કૌશિકનું અંતિમ કલ્યાણ સાધવા સાક્ષાત શિવ પતિને મુખે આ બોલ બોલાતા હોય તો?

૩

જીવનભર જેણે પતિમય માનસ બનાવ્યું હતું એ કલ્યાણીને પતિની ઇચ્છા પૂર્ણ કરતાં બહુ વાર લાગે એમ હતું જ નહિ. મંદિર અને ઝૂંપડી વચ્ચે ત્રણસો ચારસો ડગલાંનું અંતર હતું. પતિને ટેકો આપી કલ્યાણીએ ચલાવ્યો, પરંતુ ખવાઈ ગયેલાં આંગળાંવાળા પગ ક્યાંથી ચાલી શકે? કૌશિકનું મન મંદિરમાં નાચ કરતી નર્તકી તરફ દોડતું હતું, જ્યારે એના પગમાં દોડવાની શક્તિ પણ ન હતી અને દોડવાનું સાધન પણ ન હતું. એકાએક કૌશિકે ઇચ્છા અને ફળ વચ્ચેનું આટલું અંતર જોઈ કલ્યાણીને કહ્યું :

'કલ્યાણી! મને તું ઉપાડી ન લે? હવે થોડાં ડગલાં રહ્યાં છે અને આ અંધકારમાં મને કે તને કોઈ દેખવાનું નથી.'

'કોઈ દેખવાનું હોય તોપણ શું?' કહી કલ્યાણીએ પતિને ઉપાડવાની ચર્યા કરી. એટલામાં બાજુ ઉપરથી એક અત્યંત દુઃખિત પુરુષનો અવાજ સંભળાયો :

'મને પાણી આપો!'

'કોણ છે, ભાઈ તું?' કલ્યાણીએ પૂછ્યું.

'હું માંડવ્ય માનનો બ્રાહ્મણ છું. પાણી વગર હું મરતો પડ્યો છું. મને બચાવવો હોય તો દોડતી જઈને પાણી લઈ આવ.' પાણી વગર તરફડતો બ્રાહ્મણ માંડવ્ય આર્જવપૂર્વક પાણી માગવા લાગ્યો.

એક બાજુ તૃષાતુર બ્રાહ્મણનો જીવ જતો હતો, બીજી બાજુએ મોહાતુર પતિનો પ્રાણ જતો હતો. પાંચપંદર ક્ષણમાં પતિને મંદિરમાં મૂકી તે પાણી લઈ આવે એમ હતું. એટલે કલ્યાણીએ કહ્યું :

'ભાઈ માંડવ્ય! પાંચ ક્ષણ ધીરજ રાખ. મારા પતિને મારે મંદિરમાં ઊંચકીને લઈ જવા પડે છે. ત્યાં મૂકી આવી તને પાણી પાઉં.'

'નર્તનભોગી પતિની વાસના કરતાં અને મારી પાણીની જરૂર ઓછી લાગે છે, ખરું? વાસનાવશ પતિને તૃપ્ત કરનારી તું સૂર્યોદય પહેલાં પતિવિહોણી થઈશ અને તારું સૌભાગ્ય નંદવાશે.' માંડવ્યે કંપિત થઈને શાપ આપ્યો.

પતિસેવામાં તલ્લીન બનેલી કલ્યાણીથી પણ એકાએક બોલાઈ ગયું :

'મારા પતિને મારાથી વિખૂટો પાડે એવો સૂર્ય કદી ઊગશે જ નહિ.'

અને કૌશિક, કલ્યાણી અને માંડવ્ય, ત્રણે એકદમ ક્ષુબ્ધ બની ગયાં. માંડવ્યે પતિને મૃત્યુ આપ્યું હતું; સતીએ પતિનું મૃત્યુ લાવનાર સૂર્યને જ અદૃશ્ય કરવાનો શાપ આપ્યો હતો; અને સૂર્ય ન ઊગે તે દિવસે આખા વિશ્વનું મૃત્યુ ઊપજે! હવે શું કરવું?

વિચારમાં ને વિચારમાં ત્રણે જણની રાત્રિ વીતી ગઈ. કૌશિકના દુઃખભરેલા દેહમાં એક વિચાર ઝબક્યો. આવો દેહ સજીવન રાખીને

પણ શો અર્થ ? એના કરતાં દેહ પડે તો આ રોગની જ્વાળામાંથી તે ઊગરી પણ જાય. અને ખરેખર એ પ્રસંગે રોગના દુઃખે કૌશિકના દેહ ઉપર તેણે કદી ન અનુભવેલો હુમલો કર્યો, અને તેણે પોતાનું સત્વર મૃત્યુ ઇચ્છ્યું. સતી કલ્યાણી કૌશિકને મૃત્યુમુખે જવા દે એમ હતું નહિ. એક કુપિત બ્રાહ્મણનું વચન, અને એક કુપિત સતીનું વચન, બંને સામસામે ઘર્ષણમાં ઊતર્યાં. શિવપૂજન કરી, શિવને પોતાનું નર્તન અર્પણ કરી, વેશ્યાવૃત્તિને તિલાંજલિ આપી, વેશ્યા એ માર્ગેથી પ્રભાતની પળ આવતાં પાછી ફરતી હતી. તેણે આ હકીકત સાંભળી. એ નર્તકી કૌશિકને એના જુવાનીના સમયમાં સારી રીતે ઓળખતી હતી; એના રોગની વાત પણ એ સારી રીતે જાણતી હતી; અને કલ્યાણી સરખી સેવાભાવી પત્ની તેની શુશ્રૂષા કરી જીવતો રાખી રહી હતી એ પણ આખા ગામ સાથે નર્તકી કીર્તિદા જાણતી હતી. શિવમંદિરની બહાર આમ શુદ્ધિનું વાતાવરણ છવાઈ ગયું. પીડા ભોગવતા કૌશિકને હવે મૃત્યુની જ તમન્ના લાગી હતી. દેહ ઉપર તેને પરમ વિરાગ આવી ગયો હતો. સારણ ઉપર ઘસાતા હથિયારની માફક તેના દેહે રોગમાં ઘસાઈ ઘસાઈને કામનાને તિલાંજલિ આપી દીધી. નર્તકીએ ગામમાં જઈને આ વાત ફેલાવી, અને સતીના શાપથી સૂર્યોદય થશે જ નહિ એવી આગાહીમાં તેણે આખા નગરને વ્યથિત પણ કર્યું.

માર્કંડેય પુરાણ તો કહે છે કે કેટલા યે દિવસો સુધી સતીની ઇચ્છાનુસાર સૂર્યોદય થયો જ નહિ અને આખા બ્રહ્માંડમાં હાહાકાર વ્યાપી ગયો. કદાચ કોઈ અકલ્પ્ય વાદળોએ, કોઈ અકલ્પ્ય ગ્રહે વચ્ચે આવી સૂર્યોદયને અટકાવ્યો હોય તો કોણ જાણે! પરંતુ આખા ગામને અત્યંત ભય ઉત્પન્ન થયો. અને પાસે જ નર્મદાતટે આશ્રમ સ્થાપી રહેલાં અત્રિ-અનસૂયાની પાસે ગામના આગેવાનો દોડી ગયા. પતિના મહિમાને સતત બિરદાવતાં સતી અનસૂયા સૂર્યને રોકીને બેઠલી કલ્યાણી પાસે આવ્યાં, અને પ્રસન્ન મુખે કલ્યાણીની હકીકત અને માંડવ્યની હકીકત સાંભળી લીધી, અને કહ્યું :

'તમે ત્રણે સાચાં પડો એમ આપણે કરીએ તો?'

'હું મારા પતિને કદી મરવા ન દઉં. ભલે સૂર્ય ન ઊગે અને બ્રહ્માંડ રસાતાળ ચાલ્યું જાય!' કલ્યાણીએ કહ્યું.

'કલ્યાણી! આ દેહ તને ભાગ્યે જ ખપ લાગ્યો છે. એ દેહનો નાશ થાય એમાં જ એના દેહને સુખ છે. તું હઠ પકડીને બેસ નહિ, સૂર્યનો ઉદય થવા દે અને મારા આ પાપી દેહને પડવા દે!' કહી કૌશિક જમીન ઉપર ઢળી પડ્યો. અતિ ઘસાયેલા તેના દેહમાં પ્રાણ રહ્યો નહિ એમ કલ્યાણીને લાગ્યું. અને એકાએક સૂર્યોદય થયો. અને આખી સૃષ્ટિ આનંદની ઊર્મિ અનુભવવા લાગી.

પરંતુ કલ્યાણી શૂન્ય બનીને બેસી રહી. પતિના દેહને અગ્નિદાહ દેવાય તે પ્રસંગે સહગમન કરવાનો નિશ્ચય તેની આંખમાં તરવરી રહ્યો. સૂર્યે ઊગીને કલ્યાણીના પાતિવ્રત્ય ઉપર કલંક લગાડ્યું હતું. એવી તેના મનમાં ખાતરી થઈ ગઈ હતી. કલંકિત દેહ પતિના દેહ સાથે બળતાં વિશુદ્ધિ પામશે એમ ધારી તે સહગમનની રાહ જોતી બેઠી.

સતી અનસૂયાએ કૌશિકના દેહને ઉપાડી લીધો અને પાસેના જ નર્મદાતટ ઉપરના આશ્રમમાં લાવી એ દેહને મૂક્યો. પાસે એક મોટો ખાડો કર્યો. અને કૌશિકના દેહને બાળવાને બદલે સંન્યાસીની માફક પદ્માસન વાળી બેસાડી તેના ગળા સુધી માટી પૂરી લીધી. કલ્યાણીથી રહેવાયું નહિ. તેણે પૂછ્યું:

'માતાજી! આ બધું શું થાય છે? હું તો સહગમનની તૈયારી કરું છું. પતિના દેહને બાળો કે દાટો, પરંતુ એની સાથે મારી જગા રાખો.'

અનસૂયાના મુખ ઉપર જરા યે શોક હતો નહિ. તેમણે કહ્યું:

'તું સાચી સતી છે. તારું સ્થાન તારા પતિ સાથે જ છે.'

'ક્યાં છે મારો પતિ?' કલ્યાણીએ પૂછ્યું.

'ઘડી બેઘડી રાહ જો. એટલામાં તને તારો પતિ ન મળે તો હું મારે હાથે તને તારા પતિની ચિતા ઉપર ચઢાવીશ.'

કૌશિકનો દેહ બે ઘડી સુધી એ માટી ભરેલા ખાડામાં પુરાઈ રહ્યો. બે ઘડી વીતી અને કૌશિકની મૃત આંખોમાં સહજ ગતિ આવી હોય એમ દેખાયું. આંખમાં ગતિ આવી એટલે તેના મુખમાં પણ જીવન આવતું દેખાયું. અને થોડી વારમાં તો તે બોલી પણ ઊઠયો:

'કલ્યાણી! મારો દેહ બહુ જ શાતા અનુભવે છે. મને આ માટીમાં જ રાખી મૂકશો તો મારું જીવન સુખમય જશે.'

કલ્યાણીના સતીત્વને પ્રભાવે, અનસૂયાના આશીર્વાદને પ્રભાવે કે અનસૂયાના આશ્રમની માટીના ઉપચારથી કૌશિકનો દેહ નીરોગી બન્યો અને ખાડામાંથી તેને બહાર કાઢવામાં આવ્યો ત્યારે કુષ્ઠરોગનું એક પણ ચિહ્ન ન દેખાતાં તેજસ્વી બ્રાહ્મણને શોભે એવો તેનો દેહ બની ગયો.

કૌશિકે કલ્યાણીને જોઈ. કલ્યાણીનું રૂપ જોયું. સતી અનસૂયાને જોઈ, અનસૂયાના રૂપને નિહાળ્યું, બન્ને સૌન્દર્યસંપન્ન સાધ્વીઓ હતી. કૌશિકના હૃદયમાંથી કામવાસના અદૃશ્ય થઈ અને સ્ત્રીના માતૃત્વને, રક્ષક તત્ત્વને, કલ્યાણતત્ત્વને નિહાળી તે બન્ને સતીઓને સાષ્ટાંગ પ્રણામ કરી રહ્યો.

'હવે આ સુવર્ણશુદ્ધ બનેલા દેહને ફરી ભોગ કે રોગમાં હું ન ઉતારું એવો મને આશીર્વાદ આપો.'

માર્કણ્ડેય પુરાણની આ કથા સાચી છે કે ખોટી એનો નિર્ણય આજની બુદ્ધિને આપી શકાય એમ નથી.

પરંતુ હજી નર્મદા કિનારાની અનસૂયા ક્ષેત્રની માટી અનેક કુષ્ઠરોગીઓને આરામ આપે છે અને શાસ્ત્રીયતામાં માનતી આજની વૈદ્યકીય વિદ્યા પણ એ સ્થળે દવાખાનું કાઢી મૃત્તિકા ઉપચારને જીવંત રાખે છે.

માર્કણ્ડેય પુરાણને રચાયે હજારેક વર્ષ થઈ ગયાં એમ માનીએ તોપણ આજનું ઉપચારગૃહ હજાર વર્ષનો અંકોડો સાંધતું ઊભું છે એટલું જ આપણા બુદ્ધિયુગમાં આપણે કહી શકીએ.

—વાર્તા ભલે ખોટી હોય.

# મારો એકનોએક આશ્રય

૧

'અખિલ વિશ્વધર્મ મંડળ'ની આ વખતની બેઠકનો હું પ્રમુખ છું એટલે મારા જીવનવૃત્તાંતની નોંધ માટે અનેક વર્તમાનપત્રોની માગણીઓ આવે છે અને હું એ પૂરી પણ પાડું છું. પ્રમુખ ચૂંટાઉં તેમાં કાંઈ નવાઈ નથી, કેમકે હું એક વિખ્યાત ધાર્મિક માસિકનો તંત્રી છું—આજથી નહિ, વર્ષોથી. ગયે વર્ષે જ મારા એ ધાર્મિક માસિકની રજતજયંતી ભારે ધામધૂમથી ઉજવાઈ ગઈ. એ પ્રસંગે 'ધર્મ' ભવનનું એક ભવ્ય મકાન પણ બંધાવાઈ ખુલ્લું મુકાયું. એ મકાનનો પહેલો માળ હિમાલયમાંથી ભાગ્યે જ બહાર આવતા એક મહામંડળેશ્વરને હાથે ખુલ્લો મુકાયો, બીજો માળ ઇલાકાના એક પ્રધાનને શુભ હસ્તે ખુલ્લો મુકાયો, ત્રીજો માળ અમારા ગામની મોટામાં મોટી મિલના માલિકને હાથે ખુલ્લો મુકાયો. મહામંડળેશ્વર અને મિલમાલિક બન્ને પોતાનાં સુવર્ણરચ્યાં તાળાંકૂંચી પોતાની સાથે લઈ ગયા હતા. પણ પ્રધાનસાહેબે પોતાનાં બનવાપાત્ર તાળાંકૂંચીની જાહેર હરાજી કરાવી તેના પૈસા સ્થાનિક અંત્યજોદ્ધાર મંડળમાં મોકલી દીધાં હોવાથી મારે મહામંડળેશ્વર અને મિલમાલિક બન્ને પાસેથી તેમનાં તાળાં મંગાવી લેવાં પડ્યાં હતાં, જેથી કોઈ પણ મહાન વ્યક્તિ પ્રત્યે પક્ષપાત કર્યાનો આક્ષેપ મારા ઉપર આવે નહિ. હવે એ બન્ને તાળાંની હરાજી કરવાની બાકી છે અને પ્રધાનને હાથે હરાજ થયેલું તાળું લીલામ પ્રમાણે મારી જ ઓફિસના એક કારકુને ખરીદ્યું હોવાથી એ ત્રીજું તાળું પણ મારી પાસે જ આવી ગયું છે. મારે મારી વાત પણ કહેવાનું તાત્પર્ય એ છે

કે હું કોઈ પણ સંમેલનનો પ્રમુખ નિમાઉં એમાં કોઈને પણ વાંધો લેવાનું કારણ મળે એમ નથી. આ તો માત્ર એક જ મકાનની વાત થઈ, જેને નીચલે માળે મારું છાપખાનું છે, બીજે માળે 'ધર્મ' માસિકની કચેરી છે અને ત્રીજે માળે હું જાતે રહું છું.

પણ એ સિવાય બનારસના ગંગાઘાટ ઉપર મેં એક સાર્વજનિક ધર્મશાળા પણ બંધાવી છે અને નર્મદાકિનારે સેવાશ્રમનું મકાન પણ બાંધ્યું છે. વળી ગોદાવરીતટે વિધવાશ્રમનું અને રામેશ્વરમાં યોગાશ્રમનું, એમ બીજાં બે મકાન પણ મેં બંધાવ્યાં છે. ઉપરાંત છપાયેલાં પુસ્તકો મૂકી રાખવાની એક વખાર જોડે છપાવવા માટે પડી રહેલાં હસ્તલિખિત પુસ્તકોની પાકી વખાર બંધાવી છે. મસુરીમાં હમણાં જ એક રાણીનો બંગલો મેં વેચાતો રાખ્યો છે, જ્યાં વર્ષમાં એક વાર રહી આવ્યા સિવાય હું મારા વધતા જતા કામને પહોંચી વળી શકતો નથી.

આમ સદ્ધરતાની અને સ્થાવર મિલકતની દૃષ્ટિએ વિચાર કરતાં હું કોઈ પણ વ્યાપારી કે ઔદ્યોગિક મંડળનો પ્રમુખ થવાને પાત્ર પણ લેખાઉં. મારી એવી પાત્રતા પછી ધાર્મિક સંમેલનના પ્રમુખ તરીકે મારી પસંદગી થાય એમાં કોને આશ્ચર્ય લાગશે?

બેત્રણ વિદ્વાનોને હાથે મારું જીવનચરિત્ર લખાવવાનું મેં ક્યારનુંય શરૂ કરી દીધું છે. જેમ જેમ મારું જીવન લાંબું થતું જાય છે તેમ તેમ મારા જીવનચરિત્રનાં પાનાં વધતાં જ જાય છે; અને જોકે હું ધર્મગુરુની ગાદીએ બેસી શક્યો નથી તેમ જ ગૃહસ્થાશ્રમી હોવાથી સંન્યસ્તનો અંચળો પણ ઓઢી શક્યો નથી, છતાં કોઈ પણ ધર્મગુરુને ઈર્ષ્યા ઉપજાવે એટલી સંખ્યામાં મારી છબીઓ પડી ચૂકી છે અને પડ્યે જાય છે. મારે હાથે કેટલાં યે ઉદ્દઘાટનો અને કેટલાંય મકાનનાં ખાતમુહૂર્તો થયાં છે. એ સમયની મારી છબીઓ પડે એમાં આશ્ચર્ય નથી. હું વ્યાખ્યાન કરતો હોઉં ત્યારે તો મારી છબીઓ પડે જ પડે. એ સિવાય હું લેખ લખતો હોઉં, મારી કચેરીમાં કામ કરતો હોઉં, મહત્ત્વનાં માણસો સાથે વાત કરતો

હોઉં, દેવપૂજા કરતો હોઉં કે પદ્માસન વાળી મગ્ન થયો હોઉં તે સમયની મારી છબીઓ સારા પ્રમાણમાં પડેલી છે. ધ્યાનસ્થ અવસ્થાની મારી છબીઓમાં મારા દેહની આસપાસ પ્રકાશનાં કિરણો ફેલાતાં હોય એવી યોજનાવાળી છબીઓ પણ પડેલી છે. એ પ્રકાશ ખરેખર જ પડતો હોવો જોઈએ. એ સિવાય છબીમાં ઝિલાય પણ કેમ ? માત્ર મારી આંખ તે વખતે મીંચાયેલી હોવાથી મારી આસપાસનો પ્રકાશ મેં જોયો જ છે એમ હું સોગંદ-પૂર્વક ન કહી શકું. મારી એ પ્રકાશમંડિત છબીઓ જોતાં હું કૃષ્ણ, ઈશુ ખ્રિસ્ત, બુદ્ધ કે જરથુસ્ત્રની કક્ષાએ બેઠો હોઉં એવું મને લાગ્યા વગર રહેતું નથી.

એ બધી જ છબીઓ મારા જીવનચરિત્રમાં યોગ્ય સ્થાને આવશે જ. પણ એ પહેલાં જેને જોવી હોય તેને માટે મેં મારી છબીઓ ત્રણ મજલાના મારા મકાનમાં સ્થળે સ્થળે અને ખૂણે ખૂણે ગોઠવી રાખી છે. આનો લાભ ગમે ત્યારે ગમે તે માનવી લઈ શકે છે. મને હવે લગભગ ધર્મગુરુ જેટલું માન મળી ચૂક્યું છે. અને તે પણ વિખ્યાત મઠાધીશ કે મિલમાલિક જેટલી મિલકત પણ મારી પાસે થઈ ચૂકી છે. મારી સાત પેઢી સુધી કોઈને પણ કમાવાની જરૂર ન રહે એટલી આર્થિક સદ્ધરતા મેં પ્રાપ્ત કરી છે અને આમ મેં મારા પ્રત્યેની, મારા કુટુમ્બ પ્રત્યેની ફરજ ક્યારની ય બજાવી લીધી છે. આ બધો પ્રતાપ ધર્મનો, 'ધર્મ' માસિકનો અને મારા 'ધર્મ' નામે મકાનનો જ છે એ વિષે મને ખાતરી થઈ ચૂકી છે. ધર્મ જ માણસને તારે છે એ બાબત મને હવે કશી શંકા રહી નથી મને તો ધર્મે જ તારી દીધો છે. માટે સહુને મારો આગ્રહ છે કે તેમણે ધર્મ પ્રત્યે શ્રદ્ધા રાખવી. મારા 'ધર્મ' માસિકનું વાચન કરવું અને વિકાસ પામતા જતા મારા 'ધર્મ' મહાલયમાં કદીક કદીક આવતાં જતાં રહેવું. એ મહાલયમાં અનેક યજ્ઞો, ઉત્સવો અને સમારંભો થાય છે તેમ જ વેદોક્ત, પુરાણોક્ત તથા વર્તમાનોક્ત અનેક વિધિઓ અને ક્રિયાઓ થયા કરે છે.

## ૨

જ્યારથી ધર્મનો આશ્રય લીધો ત્યારથી જ મારી આર્થિક સ્થિતિ સુધરી છે. એ પહેલાંનો હું વિચાર કરું છું ત્યારે એ યુગ મને અનેક પ્રકારની યાતનાભર્યો યુગ લાગે છે. એ યુગમાં પ્રામાણિકપણે નોકરી કરી. પણ એ પ્રામાણિકપણાની પ્રતિષ્ઠા મારા માલિકને મળી અને મારા પરિશ્રમનો લાભ એની મૂડીને મળ્યો. પ્રામાણિકપણાની સીમા વટાવીને કામ કરવાનું મને માલિકનું ફરમાન થતાં મેં તે ફરમાન માન્યું નહિ એટલે મારા માલિકને મારા કામોમાં દોષ દેખાવા માંડ્યો. મારો પગાર ઘટતો ગયો અને મારી માંદી પત્નીની સારવાર માટે મને મળતા આછાપાતળા પગારની જ્યારે મને અનિવાર્ય જરૂર હતી તેવે વખતે જ મને રજા મળી. આમ પ્રામાણિકપણાના બદલામાં મને બેકારી મળી.

એક પાસ બેકારી અને બીજી પાસ પત્નીની માંદગી! મને લાગ્યું કે પ્રભુ મારી કસોટી કરે છે. મારે મારા ચારિત્ર્યમાં કે મારા પ્રામાણિકપણામાં જરા પણ ખામી આવવા દેવી જોઈએ નહિ. એટલે બેકારી સામે અને પત્નીની માંદગી સામે નૈતિક યુદ્ધ આદરવાનો મેં ઠરાવ કર્યો. જ્યાં જ્યાં નોકરીઓ મળવા સંભવ હતો ત્યાં ત્યાં મેં અરજીઓ કરી અને મારા પ્રામાણિકપણા ઉપર મેં ખૂબ ભાર મૂક્યો. એકબે સારી પેઢીઓમાંથી મને મુલાકાતનાં આમંત્રણ પણ મળ્યાં. એ મારી મુલાકાતનો અનુભવ હું કદી ભૂલી શકું એમ નથી. એક પેઢીના માલિકે મારી મુલાકાત લેતાં મને પૂછ્યું: 'તમે તમારી અરજીમાં તમારા પ્રામાણિકપણાનાં બહુ વખાણ કર્યાં છે. બીજું બધું ઠીક છે, તમે પ્રામાણિક હો એમ હું ઇચ્છું છું. માત્ર હું એટલું પૂછવા માગું છું કે આ તમારું પ્રામાણિકપણું મારી પેઢીને કેવી રીતે લાભ કરાવી શકે એમ છે?'

આ પ્રશ્ન જરા ગૂંચવણભર્યો હતો ખરો, પેઢીના કબજાનો માલ ખરેખર સારો હોય તો તો તેનાં હું વખાણ કરું, પણ જાહેરાતમાં

જણાવ્યા મુજબનો માલ ન હોય તો મારા પ્રામાણિકપણાએ એ વાત ગ્રાહકોને જાહેર કરવી કે ન કરવી? જાહેર ન કરું તો હું અપ્રામાણિક ઠરું અને જાહેર કરું તો પેઢીના લાભની આડે આવું! ખોટા પૈસા વાપરતા કારકુનની હું પ્રામાણિકપણે ચાડી ખાઉં તો મારી એ પ્રામાણિકતા માલિકને જરૂર ગમે. પરંતુ ચોખ્ખો માલ સીધો કાળા બજારમાં વેચી ભંગાર માલને સાચા માલ તરીકે ગ્રાહકને ઠસાવવાનું જો માલિક મને કહે અને તેમ હું ન કરું તો મારું પ્રામાણિકપણું પેઢીના લાભમાં ન જ ઊતરે ને? આથી મેં જરા વિચાર કરી, સહેજ ગૂંચવાઈને જવાબ આપ્યો: 'સાહેબ! પ્રામાણિકપણું એ જ સાચામાં સાચો વ્યવહાર છે એમ સહુ કહે છે અને લાંબે ગાળે એમાં જ સફળતા રહેલી છે એટલે લાભની દૃષ્ટિએ પ્રામાણિકપણું જ ઉપયોગી ગણાય ને?'

'એ બધાં સિદ્ધાંતો હું જાણું છું. મને એ કહોને કે તમારી પ્રામાણિકતા કેટલે લાંબે ગાળે મને ઉપયોગી થઈ પડે?'

'એવી ગણતરી તો મેં કદી કરી નથી.' મેં જવાબ આપ્યો.

'તો હવે બરાબર ગણતરી કર્યા પછી મને ફરી અરજી કરજો. લાભ મળવાનો લાંબો ગાળો કેટલો તે મને જણાવવું પડશે. અત્યારે ભલે તમે જાઓ.'

આમ એ નોકરી મને ન મળી.

બીજી એક પેઢીના મેનેજર પાસે જવાનો પ્રસંગ આવતાં તેમણે મને પૂછ્યું: 'હિસાબ લખતાં તો આવડે છે ને?'

'હા, જી. બહુ જ ચોખ્ખો હિસાબ રાખી શકું છું.

'અક્ષર તો તમારા સારા છે એ અરજી પરથી જ જોઈ શક્યો છું. હવે હું એમ પૂછું છું કે તમે એક વરસનો ચોપડો કેટલા દિવસમાં લખી શકશો?'

'કેમ સાહેબ? ચોપડા તો રોજના રોજ લખવા પડે. એમાં બીજી ગરબડ ચાલે જ નહિ.

'પણ આ તો વેપારનું કામ છે. બે ચોપડા જુદા રાખવા પડે.

એ જુદા ચોપડા રાખવામાં તમારું પ્રામાણિકપણું વચ્ચે લાવો કે નહિ? '

'એ તો સાહેબ! સ્વાભાવિક છે, માટે જ તો મેં મારી પ્રામાણિકતા પર ભાર મૂકયો છે.' મેં કહ્યું.

મને લાગ્યું કે આ મેનેજર મારા પ્રામાણિકપણાની કસોટી કરવા મને ગૂંચવી રહ્યા છે એટલે મારે જરા પણ ગૂંચવાયા વગર, મારા પ્રામાણિકપણા ઉપર મુસ્તાક રહીને, તેના પર છાપ પાડવી જ જોઈએ. પણ તેના પર છાપ પડવાને બદલે અવળું જ થયું. તેણે મને કહ્યું : 'તમે ઘણા સારા માણસ છો એથી હું બહુ ખુશ થયો. પણ પ્રામાણિકપણાનો ભાર જરા હળવો થાય તે પછી તમે મારી પાસે આવજો. હું તે વખતે વિચાર કરીશ.'

આનો અર્થ એ થયો કે આ બંને મહાન પેઢીઓને મારા પ્રામાણિકપણાની જરૂર ન હતી. જાહેરાતમાં પ્રામાણિક કામ કરનાર માગ્યા હતા. મને સમજ ન પડી કે આ પેઢીઓને કેવા પ્રકારના પ્રામાણિક માણસો જોઈએ છે! આવા અનુભવ મને થયે જ ગયા. છેવટે મને ખાતરી થઈ ગઈ કે હું જે પ્રામાણિકપણું વાપરવા માગું હું તે પ્રામાણિકપણું આજના વેપારને જોઈતું જ નથી!

એ દરમિયાન મારી પત્નીને માટે ડૉકટરની સારવાર ચાલતી હતી તે એક ડૉકટરે બંધ કરી, કેમકે એક અઠવાડિયાની ફી અને દવાનું ખર્ચ ચઢી ગયાં હતાં. હું બીજા ડૉકટર પાસે ગયો. તેણે ચાર દિવસ સુધી ઉધાર દવા આપી અને પછી મને રૂખસદ આપી. ત્રીજા ડૉકટરે એક પણ દિવસ માટે ઉધાર દવા આપવાની ના પાડી. આમ સંજોગો બદલાતાં મારે મારી પ્રામાણિકતાને પલટો ખવરાવવો પડયો એટલે હવે મેં મારી નોકરીની શોધમાં મારા પ્રામાણિકપણાને પડદે રાખી માલિક ને મેનેજર જેમ કહે તેમ હિસાબ રાખવાની અને તેમના પોકળ ગુણગાન ગાવાની કબૂલાત પણ આપી.

પરંતુ માલનાં મેં કરેલાં વિપુલ વખાણમાં માલિકને મુશ્કેલી દેખાઈ અને બેને બદલે ત્રણ ચોપડા રાખવાની મારી હોશિયારીમાં મેનેજરને ફસાવાની યુક્તિ દેખાઈ. માલનાં મેં કરેલાં વખાણને

લઈને શરૂઆતના ત્રણ દિવસ તો માલ ખૂબ વેચાયો પણ પછી માલ ખરાબ આપવા માટે માલિક પર દંડા ઊછળવા લાગ્યા. આનું કારણ જાણે હું જ હોઉં એમ માની લઈને મને નોકરીમાંથી દૂર કરવામાં આવ્યો. હિસાબ માટે મને રોકનાર પેઢીમાં માલિકે એક હિસાબ રાખવાનું કહ્યું, મેનેજરે બીજો હિસાબ રાખવાનું કહ્યું, અને વેચાણના ઉપરીએ ત્રીજો હિસાબ રાખવાનું કહ્યું. મેં તે પ્રમાણે હિસાબ રાખ્યો. માલિકના હિસાબમાં એક વખત ખોટ દેખાઈ એટલે તેણે મારી ખબર લેવા માંડી ત્યારે મારાથી કહેવાઈ ગયું કે મેનેજરના હિસાબમાં દસ ટકા નફો છે અને વેચાણ કરનારના હિસાબમાં ૨૦ ટકા નફો છે. માલિકે અમને ત્રણેને ભેગા રાખ્યા ને અમને ત્રણેને ધમકાવવા માંડ્યા. પણ મેનેજર અને વેચાણઉપરી બેઉએ મારી અપ્રામાણિકતા આગળ કરીને મને જ અપરાધી ઠેરવ્યો અને પૈસા હું જ ખાઈ ગયો છું એવો આરોપ મૂકી પોલીસને સોંપવા સૂચના કરી. મારા દેહમાં આવેશ આવી ગયો અને એ ત્રણે જણે મને પકડ્યો હોવા છતાં તેમના હાથમાંથી હું મારા દેહને છોડાવીને નાઠો—એવો નાઠો કે એ ત્રણમાંથી એકે દોડીને મને પકડી શક્યા નહિ.

૩

નાસીને હું ઘેર આવ્યો. ઘેર આવતાં જોયું કે મારી પત્ની મરણશય્યા પર પડી છે. મેં પ્રભુને પ્રાર્થના કરી કે મારા દુઃખ-સુખની સહાયક મારી આ એકની એક પત્નીને બચાવે. પરંતુ પ્રભુ પણ ધનિકોનું અને નોકરી આપનાર ઉપરીઓનું હૃદય ધારીને બેઠો હતો. મારી પત્ની સ્વર્ગવાસિની થઈ. એણે મરતી વેળા છેલ્લા આટલા શબ્દો કહ્યા : 'તમે ફરી પરણજો અને સુખી થજો!'

એ દિવસના મારા દુઃખનું વર્ણન હું કરતો નથી. પણ એટલું જ કે મારી પત્નીના મૃત્યુ ઉપર મારા હૃદયે જેટલો ક્લેશ અનુભવ્યો તેટલો ક્લેશ ફરી અનુભવ્યો નથી. આજ તો હું ક્લેશથી પર થઈ ચૂક્યો છું એટલે એ ક્લેશનો પડઘો પણ પ્રગટાવી શકું એમ નથી

પરંતુ ક્લેશમાં અને ક્લેશમાં તથા ઘરનું ભાડું પૂરું ન અપાય એની ચિંતામાં હું ઘર બંધ કરી ચાલી નીકળ્યો. ચાલી નીકળીને જવું પણ ક્યાં? મોટા ભાગનાં ઘરો ઉપર તો 'પરવાનગી સિવાય અંદર આવવું નહિ.' એવું લખેલું હોય છે અને પરવાનગી માગવા માટે પણ ઘરની અંદર તો જવું જ પડે ને?

નદીકિનારે, સ્મશાનની પાસે એક ભગ્ન દેવાલય હતું, એના ઉપર 'પરવાનગી સિવાય અંદર આવવું નહિ' એવું પાટિયું ચોટયું ન હતું એટલે હું અંદર ગયો. મંદિરની જીર્ણ ધર્મશાળામાં એક સાધુ બાટી બનાવી રહ્યો હતો. કોણ જાણે કેમ પણ મને જોતાંવેંત જ તેણે મને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું: 'બચ્ચા! બહુ દુઃખી લાગે છે.'

'મહારાજ! વાત ન કરશો. મારા જેવો દુઃખી દુનિયામાં બીજો કોઈ નહિ હોય.'

'ધર્મનો આશ્રય લે, બચ્ચા! તારાં બધાં દુઃખ દૂર થઈ જશે.'

'મહારાજ! ધર્મનો આશ્રય લીધો એમાં જ તો મેં નોકરી ખોઈ, પત્ની ખોઈ, અને સર્વસ્વ ખોયું.'

'તો તારે માની લેવું જોઈએ કે જે ધર્મ તારે માથે આટલું બધું દુઃખ નાખે એ ધર્મ સાચો ધર્મ હોય જ નહિ.'

'તો મહારાજ! મને સાચો ધર્મ શીખવો.'

'મારી સાથે ઠેરી જા અને ધર્મનો આશ્રય કેમ લેવો તે બરાબર શીખ.' કહી સાધુએ મને આશ્વાસન આપ્યું. આશ્વાસન સાથે મને થોડી બાટી પણ ખાવા આપી; તે ઉપરાંત એક સ્થળે સંતાડેલા ડબ્બામાંથી તેઓ મીઠાઈ પણ લઈ આવ્યા અને તેમાંનો એક મોટો ભાગ પોતે રાખી તેમાંથી એકબે કકડા મને પણ આપ્યા. સ્મશાનને મોખરે આવેલા આ શિવાલયમાં આ સાધુને મીઠાઈ કોણ આપી ગયું હશે? રાત્રે બેસીને વાતો કરતાં સાધુએ મને કહ્યું: 'એક સ્ત્રીને પુત્ર થતો નહોતો. મારી સેવાથી તેની આશા ફળી અને પુત્રજન્મને અંગે તેણે મને આ મીઠાઈ પહોંચાડી.'

ધર્મે કહ્યું કે પ્રભુએ કહ્યું, એક ઝબકારો મને આવ્યો. હું વિગતમાં હું ઊતરતો નથી. પણ એ પ્રેરણાને આગે સાધુની દૈવી શક્તિનો મેં પ્રચાર કરવા માંડ્યો. મારા એ પ્રચાર દ્વારા ધીમે ધીમે સાધુની પ્રતિષ્ઠા એટલી બધી વધી ગઈ કે એકાદ વર્ષમાં એ સાધુના હજારેક શિષ્યો થઈ ગયા અને બીજા વર્ષમાં તો શહેરના મોટા મોટા શેઠિયાઓ પણ આવી તેમને પગે પડવા લાગ્યા. સંકટમાં આવી પડેલા કંઈક શેઠિયાઓને સાધુ મહારાજ વચનસિદ્ધ લાગ્યા. હું તો તેમનો ચોવીસે કલાકનો શિષ્ય અને સાથી બની રહ્યો હતો એટલે મારી મારફત સાધુની કૃપા મેળવવાના અનેકાનેક પ્રયાસો થતા હતા. કોઈ શેઠિયાને નફો વધારે જોઈતો હતો, કોઈને ખોટા ચોપડા લખ્યાના ગુનામાંથી છૂટી જવું હતું કોઈને પોતાની તંદુરસ્તી સાચવવી હતી તો કોઈને સ્ત્રીસુખની વાંચ્છના હતી. સાધુને વચનસિદ્ધિ હતી એવી હવે તો હજારો માણસોની માન્યતા થઈ પડી. તેમનાં ઘણાં ઘણાં વચનો સાચાં પડવા લાગ્યાં.

પછી તો એ સાધુ મહારાજને મેં આગ્રહ કર્યો કે તેમણે જાતે કંઈક પ્રવચન કરવું કે લોકોને બોધ કરવો. સાધુએ કહ્યું : 'આમ તો હું ઠીક વાતો કરી શકું છું પણ ગ્રંથોનો મારો કશો અભ્યાસ નથી.'

મેં તેમની ચિંતા દૂર કરી. શેઠિયાઓને કહીને ધર્મગ્રંથોનો એક ઢગલો મંદિરમાં કરાવી દીધો. મંદિરનો જીર્ણોદ્ધાર થઈ ગયો એટલું જ નહિ પણ મહારાજે વેદ, ઉપનિષદ. ગીતા, મહાભારત, રામાયણ અને પુરાણોની વાતો છાંટવા માંડી. પછી તો ગામની મધ્યમાં એક સરસ જગ્યા લઈ લોકોએ તેમને એક માળનો મઠ બાંધી આપ્યો.

અને એ જ મઠને મેં આજે ધર્મમહાલમાં ફેરવી નાખ્યો છે. સાધુની પ્રતિષ્ઠા પણ વધવા માંડી એ સાથે મારી પ્રતિષ્ઠા પણ વધવા માંડી. અમારી મુલાકાતે ગરજાઉ શેઠશાહુકારો, તેમની પત્નીઓ, વિદ્વાનો, પ્રોફેસરો, લેખકો અને અમલદારો પણ આવવા માંડ્યા. અમલદારોને પગારવધારો જોઈએ, વિદ્વાનોને ખૂબ સન્માન જોઈએ

અને લેખકોને પ્રકાશક જોઈએ.

એક દુઃખી લેખક વારંવાર મારી પાસે આવતા હતા. તે ફરિયાદ કરતા કે તેમનાં પુસ્તકો કોઈ પ્રકાશકો છાપતા નથી અને છાપે છે તો એ પુસ્તકો ખપતા નથી. મારા હૃદયમાં બેઠેલા ધર્મે મને પ્રેરણા આપી ને મારાથી પુછાઈ ગયું : 'તમે કયા વિષયના ગ્રંથો લખો છો ?'

'નવલકથાઓ લખું છું, નાટકો લખું છું અને કવિતાઓ પણ લખું છું.'

'તેમાં કંઈ ધર્મ વિશે લખાણ આવે કે નહિ ?'

'ના. હું તો કલા અને સંસ્કારવર્ધન-સાહિત્ય સર્જું છું ને મેં એક માસિક પણ એ જ ઉદ્દેશથી કાઢ્યું છે.'

'એના ઘરાકો કેટલા ?'

'પચાસ અને પોણોસોની વચ્ચે. ભારે ખોટમાં કામ કરું છું અને હવે ગળા સુધી દેવું થઈ ગયું છે.'

'તો ભલા આદમી! એ કલા ને બલા બધું છોડો, ધર્મના આશ્રય લો અને તમારા માસિકને અને તમારી જાતને તમે મને સોંપી દો. અહીં રોજના હજારો ભક્તો આવે છે, એ સર્વને ગ્રાહક બનાવીશું; એટલું જ નહિ પણ એમની મારફત બીજા દસ હજાર માણસોને આપણે પહોંચી શકશું.'

મારી આ વાત લેખકને ગળે ઊતરી ગઈ. અમારા ગુરુ સાધુ મહારાજને પણ ગમી. અને એ જ મહિનાથી "ધર્મ" નામનું માસિક ગુરુના આશીર્વાદ હેઠળ, મારા તંત્રીપણા હેઠળ અને પેલા લેખકની મહેનત હેઠળ પ્રગટ કરવા માંડ્યું. એ પ્રગટતાં જ એની હજારો નકલો ઊપડી ગઈ અને હજારોની માગણી આવતી ગઈ. મેં એ માસિકમાં કલા, કૌશલ્ય, સાહિત્ય, વિદ્વત્તા, બોધકતા, શોધ, વિવેચન કે લલિત વાઙ્મય એવાં કશાં જ તત્ત્વ આવવા દીધાં નહિ. માત્ર ભગવાન, તેમના અવતારો, તેમની લીલા અને ક્રીડા, સંતસાધુઓ, ભક્તો અને ભક્તાણીઓની જ વાતો "ધર્મ" માસિકમાં આવવા લાગી. રંગબેરંગી ચિત્રો પણ આપવા માંડ્યાં. સંસ્કૃત સ્તોત્રોના

ઉતારા આપવા માંડ્યા અને થોડા સમયમાં તો એ માસિક દુનિયાના કોઈ પણ માસિક કરતાં વધારે ફેલાવો પામેલું માસિક છે એવો છાપિત ગર્વ પણ હું લઈ શક્યો, જે આજ સુધી "ધર્મ" માસિકનાં અગ્ર પૃષ્ઠ પર આવ્યા જ કરે છે.

સાધુને મેં સંપૂર્ણ સુખ આપ્યું અને તેમનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો. બદલામાં તેઓ મને તેમની આખી મિલ્કતનો વારસ ઠરાવતા ગયા. એ મિલ્કત મને મળે કે ન મળે તેની પરવા ન કરું એવી સધ્ધર આર્થિક સ્થિતિમાં "ધર્મ" માસિકે મને મૂકી દીધો છે. એ "ધર્મ" માસિકને પ્રતાપે તો મારો આ ત્રણ મજલાનો "ધર્મ મહાલય" ઊભો થયો છે એટલું જ નહિ પણ અનેક લેખકોને, ચિત્રકારોને, કારકુનોને તેમ જ મજુરોને હું રોજી આપી શકું છું. હું એક મહાન ધાર્મિક પુરુષ તરીકે પ્રતિષ્ઠા પામી રહ્યો છું અને ચોથી વારનાં લગ્ન પણ હું કરી શક્યો છું.

રખે કોઈ પૂછે કે મને લગ્નનો આટલો બધો શોખ ક્યાંથી? મારી પાસે તેનું એક સબળ કારણ છે. શોખને લીધે નહિ પણ ધર્મને આધારે હું ચોથી વારનું લગ્ન કરી ચૂક્યો છું. ગુરુના ગુજર્યા પછી મેં અગ્નિહોત્ર વ્રત લીધું છે; અગ્નિ પૂજા કર્યા સિવાય હું જમતો નથી. મને વિધુરથી અગ્નિહોત્ર કરી શકાય એમ છે જ નહિ એટલે ધર્મને ખાતર મારે વારંવાર પરણવું પડ્યું છે! પણ એથી મારી ધર્મભાવના કે ધાર્મિકતાની મારી પ્રતિષ્ઠા તલપૂર પણ ઘટી નથી એ સ્પષ્ટ છે.

સર્વે બેકારોને મારી એક અનોખી સલાહ છે અને તે એ જ કે જ્યારે બીજો કોઈ પણ આધાર ન હોય ત્યારે ધર્મનો આશ્રય લેવો અને 'ધર્મ' કે એવા જ કોઈ નામનું દૈનિક, અઠવાડિક, માસિક, ત્રિમાસિક કે વાર્ષિક કાઢવું. હું એનો ઇજારો લઈને બેઠો અને મારી બધી જ જરૂરિયાતો તો એ માસિકથી પૂરી પડે છે. પણ મને લાગે છે કે હજી લોકોની ધર્મભૂખ ભાંગી નથી. દિવસો જતા જાય છે તેમ તેમ ધર્મવાચનની જિજ્ઞાસા વધતી જાય છે. મારા

સરખા ભાવિ બેકારોનો વિચાર કરીને હું હજી ધાર્મિક દૈનિક, સાપ્તાહિક, ત્રિમાસિક કે વાર્ષિક કાઢવાનો વિચાર કરતો નથી. મારો એ વિચાર બદલાય તે પહેલાં સર્વ શક્તિશાળી બેકારોને મારી વિનંતી છે કે તેમણે ધર્મપ્રચારના આ આયુધો હાથ કરી લેવાં.

ધર્મ સદાસર્વદા સહુનું રક્ષણ કરે છે તે એનું નામ !

# દેહ અને દેહી

૧

આપણા પ્રાચીન ઋષિમુનિઓ દેહ સાથે, આત્મા સાથે અને પ્રકૃતિ સાથે અનેકાનેક આશ્ચર્યજનક પ્રયોગો કર્યે જતા હતા. ભૃગુવંશી ઋષિકુળમાં એક જરત્કારુ નામનો યુવાન થઈ ગયો. એનું નામ જે હોય તે; પરંતુ એનું સાચું નામ ભુલાઈ ગયું છે, ને ઇતિહાસગ્રન્થોએ તેને જરત્કારુને નામે ઓળખ્યો. જરત્ શબ્દ ક્ષીણતાવાચક છે અને ક્રિયાવાચક કારુ શબ્દ માનવીના શરીરનો–દેહનો–સૂચક છે. દેહ અને દેહની ક્ષીણતા ઉપર વિચારો અને પ્રયોગો કરતા આ ભૃગુવંશી યુવાન મુનિનો દેહ પણ એવો ક્ષીણ બનતો ચાલ્યો કે જરત્કારુ નામ તેણે પોતે જ હસતે મુખે સ્વીકારી લીધું.

દેહ ઉપર તે અનેક પ્રયોગો કરતો રહ્યો. આખી માનવજાતનો દેહ અન્નથી ટકે. જરત્કારુએ અન્ન સિવાય દેહ ટકાવવાના પ્રયોગો કરવા માંડ્યા ને તેને લાગ્યું કે દેહ તો ફળથી પણ ટકી શકે છે, ફૂલથી પણ ટકી શકે છે અને વૃક્ષપર્ણથી પણ ટકી શકે છે. દેહની પાછળ રહેલા આત્મતત્ત્વને શોધવાનો પ્રયત્ન કરવામાં તેને દેહ બિન જરૂરી લાગ્યો, અને આત્માની શોધમાં તેણે દેહને પાણી ઉપર, પર્ણ ઉપર અને ઘણી વાર હવા ઉપર પણ રાખવા માંડ્યો. અલબત્ત, દેહ પોષણ માગતો હતો. અને પોષણ ન મળતાં તે જર્જરિત પણ થતો જતો હતો. તની આ મુનિને પરવા પણ ક્યાંથી હોય? અન્ન સિવાય દેહ કેમ ટકે તેના પ્રયોગો ચાલ્યા જ કરતા હતા. દેહ કાંઈ માત્ર અન્ન માગીને જ બેસી રહેતો નથી. દેહને સ્નેહ જોઈએ છે, પ્રેમ જોઈએ છે, વાસનાતૃપ્તિ જોઈએ છે. પરંતુ જરત્કારુ દેહ

જે માગે તે આપવાને બાળ્યે જ તૈયાર રહેતા. વાસનાનો સંયમ વાસનાતૃપ્તિ કરતાં વધારે ઉચ્ચ કક્ષાની માનવતા છે એમ માનનાર આ યુવાન ઋષિએ સૌંદર્ય સામે આંખ મીંચી, આહ્લાદ સામે આંખ મીંચી અને સ્ત્રી સામે પણ આંખ મીંચી. દેહ સંયમને માર્ગે વધારે વિકસિત થાય કે ઉપભોગને માર્ગે, એ વિષે પ્રાચીન કાળથી મતભેદ ચાલ્યા જ કરે છે, અને ઉપભોગ માગતું માનસ પણ સંયમને પોતાનાથી ઊંચી કક્ષાએ બેસાડે છે – સંયમ પાળતો હોય કે ન હોય તોપણ. દેહદમનનું વ્રત લઈ બેઠેલા જરત્કારુને તો ઉપભોગ ન જ આકર્ષી શકે એ સહજ ગણાય. સંભવિત છે કે સૌંદર્યોપભોગ દેહને ખિલાવટ આપતો હોય, ને સંયમ દેહને રુક્ષ પણ બનાવતો હોય. જરત્કારુના દેહને ઉપવાસ જર્જરિત બનાવતો જતો હતો, સાથે સાથે ઉપભોગના ઉલ્લાસ વગર જરત્કારુનો દેહ રુક્ષ, દીપ્તિ રહિત, પ્રફુલ્લતા રહિત પણ બનતો જતો હતો. જેમ જરત્કારુનું ધ્યાન કોઈ યુવતીએ ખેંચ્યું નહિ, તેમ જરત્કારુના દેહે પણ કોઈ રાજકન્યા કે ઋષિ-કન્યાને આકર્ષી નહિ. પર્વતશૃંગ ઉપર, ડુંગરાની ગુફામાં, અરણ્યના એકાંતમાં કે વન-ઉપવનના રાફડાઓમાં બેસી આત્મા અને પરમાત્માની શોધમાં પડેલા આ યુવાન મુનિનું યૌવન પણ જર્જરિત બની રહ્યું હતું.

દેહ અને મન વાત્સલ્ય પણ માગે. જરત્કારુનાં માતાપિતા તેમની બાલ્યાવસ્થાથી જ ગુજરી ગયાં હતાં, એટલે વાત્સલ્યનું માર્દવ-પણું તેમણે નહિ જેવું જ અનુભવ્યું હતું. તેમને એક જ લગની લાગી હતી : દેહની પાછળ જઈ, દેહનું મન્થન કરી, દેહીને શોધી કાઢવો. પરંતુ હજી સુધી જરત્કારુના દેહને દેહી જડયો હોય એમ વાગ્યું નહિ. તપસ્વીનાં તપ અને તપસ્વીની વિકળતા આવા સંજોગોમાં વધી જાય એમાં આશ્ચર્ય નહિ.

પરંતુ માનવીના વિકાસક્રમમાં દેહનું સ્થાન હોય – દેહતંત્રને સમજી, ઓળખી, આગળ વધવાનું હોય તો દેહને ખંડણી આપ્યા વગર માનવીનો વિકાસક્રમ જરૂર અટકી જાય. પાપને રસ્તે કે પુણ્યને રસ્તે દેહને તૃપ્ત કર્યા સિવાય દેહી પાસે પહોંચવું અશક્ય બની જાય

છે. જરત્કારુના દેહે પણ બહુ વિચિત્ર રીતે પોતાની માંગ પુકારી અને પોતાનો સંતોષ વાંછ્યો. સામાન્ય માનવીને, બુદ્ધિવાદી માનવીને સમજ ન પડે એવી રીતે જરત્કારુના દેહે તૃપ્તિ માટે પુકાર કર્યાં.

દેહીને શોધતો જરત્કારુનો વિકળ બનેલો દેહ પરિભ્રમણમાં પડ્યો. ફરતાં ફરતાં એક નિર્જન સ્થળે જરત્કારુ પસાર થતા હતા એવામાં તેમણે કોઈ અગમ્ય દુઃખભર્યો અવાજ આવતો સાંભળ્યો. એ કરુણ નાદને સાંભળ્યો–ન સાંભળ્યો કરીને ખસી જવાય એમ હતું નહીં, ત્યાગી જરત્કારુને પણ લાગ્યું કે આ આર્તનાદની ખોજ કર્યા સિવાય ત્યાંથી ખસી શકાય નહીં જ. કરુણ અવાજ આવ્યે જ જતો હતો. શોધતાં શોધતાં તેઓ કૂવા પાસે આવી ચઢ્યા. કૂવામાં પાણી ન હતું; પરંતુ એક વિચિત્ર દૃશ્ય જરત્કારુના જોવામાં આવ્યું. પાણી વગરના આ ખંડિયા કૂવામાંથી નીકળી આવેલા કોઈ મજબૂત ઘાસ કે વૃક્ષનો ટેકો લઈને ઊંધે મસ્તકે વિચિત્ર દેહ, કે દેહાભાસ, લટકતા દેખાયા. એ લટકતા દેહના કંઠમાંથી આર્તનાદ આવતો હતો. એક દેહ સ્ત્રીનો હતો અને એક દેહ પુરુષનો હતો. વધારે કરુણ પરિસ્થિતિ તો એ હતી, કે જે વનસ્પતિને આશ્રયે દેહ લટકી રહ્યા હતા, તે વનસ્પતિને એક જબરદસ્ત ઉંદર બેઠો બેઠો કાતરી નાખતો હતો. કયે વખતે આ ઊંધા લટકેલા દેહ જલવિહીન કૂવામાં પડી ભગ્ન થશે એ કહી શકાય એમ ન હતું.

કૂવાને કાંઠે આવી ઊભેલા જરત્કારુએ આ બંને જર્જરિત સ્ત્રીપુરુષને પૂછ્યું: 'આપ કોણ છો?'

'અમે સ્વર્ગે પહોંચવા મથતા પિતૃઓ છીએ, પરંતુ સ્વર્ગને બદલે અમારી અધોગતિ થતી અમે અનુભવીએ છીએ.'

'આપ કોના પિતૃ છો?' જરત્કારુએ પૂછ્યું.

'જરત્કારુ નામના એકમાર્ગી બ્રહ્મચારીનાં અમે માતાપિતા છીએ. એ મૂર્ખ છોકરો આત્માની શોધમાં પોતાના દેહનાં પગથિયાંને બાજુએ મૂકી ઊંચે ફલાંગ મારવા મથે છે, અને તેનું પરિણામ અમારે ભોગવવું પડે છે.' એક પિતૃએ જવાબ આપ્યો.

'એ શી રીતે?' જરત્કારુએ પૂછ્યું.

'અમારું તપ ચાલે છે ત્યાં સુધી અમારા કર્મનાં મૂળ પકડી અમે હજી અધ્ધર લટકી રહ્યાં છીએ; તપ ક્યારે ખૂટશે તે કહી શકાતું નથી. પેલો કાળરૂપી ઉંદર અમારા સત્કર્મને કોરી રહ્યો છે. અમારાં સત્કર્મોના મૂળમાં અમારો જ પુત્ર પોતાનાં સત્કર્મરૂપી પાણી રેડી તેમને પ્રફુલ્લિત કરે તો અમે કાળને વટાવી સ્વર્ગે પહોંચીએ. પરંતુ એ તપઘેલા યુવક ગૃહસ્થાશ્રમને યોગ્ય થયો હોવા છતાં હજી પરણતો નથી, એટલે એનું પિતૃતર્પણ અમને પહોંચતું નથી અને આમ ને આમ દુઃખી અવસ્થા અમે ગાળ્યાં કરીએ છીએ. અમારી વિનંતી છે કે આપ જરત્કારુને આ સમાચાર પહોંચાડો.

'અરે, અરે! જરકાત્રુ તો હું પોતે જ છું! મને ખબર નહિ કે મારાં માતાપિતાની અજાણતાં મેં આ દશા કરી છે!' જરત્કારુથી બોલાઈ ગયું.

'તો દીકરા! વહેલી તકે પરણી જા. ગૃહસ્થ બન્યા વગર તારું તર્પણ અમને ન પહોંચે.'

જરત્કારુના હૃદયમાં એક વિદ્યુતધક્કો લાગ્યો. શાસ્ત્રપુરાણ વાંચી ચૂકેલા એ તપસ્વીને કોઈ વાર ગૃહસ્થાશ્રમનો વિચાર આવ્યો તો હતો જ, પરંતુ તેના તપલોભે તેની પાસે એક ઝડપી માનસસંકલ્પ પણ કરાવી લીધો હતો: માનવીને ગૃહસ્થાશ્રમ જરૂરી ખરો. પરંતુ હું લગ્ન ત્યારે જ કરું, કે જ્યારે મને મારું જ નામ ધારણ કરનારી પત્ની મળે.'

પરમાત્મદર્શનની ઉત્કંઠામાં એક વાર ગૃહસ્થાશ્રમ યાદ આવતાં તેણે બીજો પણ એક ઝડપી સંકલ્પ કરી લીધો: 'ગૃહસ્થ બનીને કુટુંબપોષણની જંજાળમાં હું પડું તો મારી તો પરમાત્મપ્રાપ્તિ કદાચ સ્ખલિત થઈ જાય. કદાચ પરણવું પડે તોપણ હું એવી પત્નીને પરણું કે જે મારા કુટુંબના પોષણનો સંપૂર્ણ ભાર ઉઠાવી લે.'

આજ સુધી તેનું જ નામ ધારણ કરનારી પત્ની મળી ન હતી...અને તેના પોષણની જવાબદારી સ્વીકારે એવી પણ કોઈ

પત્ની મળી ન હતી. તપસ્વીની આવી બેહૂદી ઇચ્છાઓ તૃપ્ત કરવાની જગતને ફુરસદ ન હતી. એટલે તપસ્વી જરત્કારુ એ વાતને વિસારે પાડી પોતાને તપમાર્ગે આગળ વધ્યે જતો હતો. માતાપિતાના પ્રેતની સાથે વાતચીત કરતાં આજ તેને પોતાના એ સંકલ્પો યાદ આવ્યા અને લગ્ન વિષેની પોતાની બે મુશ્કેલીઓ નમ્રતાપૂર્વક પોતાની માતાપિતા આગળ જાહેર કરી.

માતાપિતાએ તેને આશીર્વાદ આપ્યો :

'જરત્કારુ ! બેટા ! લગ્નનો તેં વિરોધ કર્યો નથી એટલું અમારે બસ છે. તારા સંકલ્પો ફળશે એવી અમને શ્રદ્ધા છે અને તારા તર્પણથી જ અમારો ઉદ્ધાર થશે એવી ખાતરી છે. હવે લગ્નજીવન માટે નવી શરતો ઊભી ન કરીશ.'

જરત્કારુને પોતાની જીવનભૂલ સમજાઈ. માતાપિતાના આશીર્વાદને તેણે માથે ચઢાવ્યા, અને આત્માપરમાત્માની ખોજ સાથે તેણે તેના જ સરખા નામવાળી અને તેના પોષણનો ભાર ઉઠાવે એવી કબૂલાત આપનારી પત્નીની ખોજ પણ શરૂ કરી દીધી.

## ૨

પત્નીની ખોજ એટલે સ્ત્રીની ખોજ; અને સ્ત્રીની ખોજ એટલે સૌંદર્યની, માર્દવની નાજુકીની ખોજ. જીવનમાં કેટલીક વાર કીટભ્રમરનો ન્યાય સાચો પડે છે. સ્ત્રીસૌંદર્યની શોધમાં પડેલા જરત્કારુની આંખે સૌંદર્ય જોવા માંડ્યું, માર્દવ જોવા માંડ્યું, લાલિત્ય જોવા માંડ્યું. કાળમીંઢ પહાડપથ્થરો ઉપર કદી કદી ઘાસ કે વૃક્ષ જોવામાં આવતાં તે નવી પ્રફુલ્લતા અનુભવતો; ચંદ્ર અત્યાર સુધી તેને ઘાટઘૂટ વગરનો, એકાકી તેજગોલક હોય એમ લાગતો હતો. સ્ત્રીનો વિચાર કરતાં ચંદ્રની શીતળતામાં તેને સ્ત્રીસાન્નિધ્યની શીતળતાનું ભાન થવા લાગ્યું. ખળખળ વહેતી નદીઓ આજ સુધી તેને સ્નાનનું સાધન પૂરું પાડતી, હવે એ માત્ર સ્નાનનું સાધન મટી ગઈ. સમુદ્રને મળવા તલસતી કોઈ નારીના દેહનું તેને નદીમાં રૂપ દેખાયું. આમ તેની

રૂક્ષ આંખમાં સૌંદર્યનું અંજન અંજાઈ ચૂક્યું.

આટલું જ નહિ, તેના દેહમાં પણ તેણે કંઈક ફેરફાર થતો અનુભવ્યો. તપશ્ચર્યામાં તેણે પહેલાં દેહની કાળજી રાખી ન હતી; એ જ દેહને તેણે સ્વચ્છ અને તેજસ્વી પણ બનાવવા માંડ્યો. સ્નાન કરતાં કરતાં એણે પોતાનાં અંગઉપાંગને માલિશ કરી વધારે જાગ્રત કર્યાં. પોતાની જટાને તેણે એવો પણ આકાર આપવા માંડ્યો કે જેથી તેના મુખને એ જટા દિપાવે. તેની ચાલ – વાણીની ઢબમાં પણ કંઈક નવી છટા આવવા લાગી. આમ આ સૂમડો તપસ્વી જરા બાંકો બ્રહ્મચારી બનતો હોય એમ તેને પોતાને પણ લાગ્યું. હવે તેની સામે સ્ત્રીઓએ પણ આડી આંખે અગર સીધી આંખે જોવા માંડ્યું હોય એવો તેને ભાસ થયો. વધારે નવાઈ જેવું તો તેને એ લાગ્યું કે સ્ત્રીઓની આડી, સીધી નજર તેને ગમતી હતી !

વચમાં વચમાં તે ચોંકી ઊઠતો. આત્મજ્ઞાનને માર્ગે જતાં જે જીવનમાધુર્ય તેના અનુભવમાં આવતું નહિ તે જીવનમાધુર્ય એને પત્નીની શોધમાં મળતું લાગ્યું ! આ ભ્રમ તો નહિ હોય ? વિપથ લઈ જતી કોઈ જાદુઈ જાળ તો નહિ હોય ? પત્નીની ખોજમાં એના આત્માની ખોજ ભુલાઈ જશે તો ? પરંતુ તે અંતે મન વાળતો કે તેનાં માતાપિતાના કલ્યાણ અર્થે આત્માની શોધમાં જરા વાર લાગે તો તે ચલાવી લેવું જોઈએ. ઘડી ઘડી તે આત્મા અને પરમાત્માને યાદ કરતો–અને સાથે સાથે પોતાના જ નામધારી કોઈ યુવતી મળી આવે છે કે કેમ તેની ઝીણવટથી તપાસ પણ કરતો.

તપ કરતો, ફરતો અને તપાસ કરતો જરત્કારુ નાગપ્રદેશમાં આવી ચઢ્યો. નાગપ્રદેશ એટલે વનરાજિઓનો પ્રદેશ, પહાડપર્વતનો પ્રદેશ, નદીનાળાંનો પ્રદેશ: અર્ધસંસ્કૃત, આનંદી અને મસ્ત પ્રજાનો પ્રદેશ. લોકો ઘડીમાં દેખાય અને ઘડીમાં અદૃશ્ય થઈ જાય એવો એ પ્રદેશ. એક પહાડમાં થઈને તે જતો હતો એટલામાં જ તેને કાને અવાજ પડ્યો.

'જરત્કારુ ! જરત્કારુ !'

જરત્કારુ ચમક્યો. પોતાના નામનો ઉચ્ચાર અહીં કોણ કરતું હતું ? કોણ યોગી મુનિ પોતાને ઓળખીને તેને હાંક પાડતો હતો ? સહેજ ઊંચે ચઢીને તેણે જોયું તો પર્વતના એક વિશાળ મેદાનમાં વૃક્ષઝુંડની અંદર અને તેની આસપાસ યુવકો અને યુવતીઓ, વિચિત્ર પોશાક અને વિચિત્ર પીછાં ધારણ કરી રમતાં હતાં, નાચતાં હતાં, ગાતાં હતાં, અને એકબીજાને હસીહસીને બોલવતાં હતાં. મહાપ્રયાસે જરત્કારુએ જોયું કે નાગપ્રજાનાં સ્ત્રીપુરુષો અહીં ખેલી રહ્યાં છે. એને આ રમતમાં વિશેષ રસ ન હતો—જોકે દૂર દૂર રમતી અને દોડતી સ્ત્રીઓ તેને ગમી ખરી; પરંતુ તેને આ રમતમાં જઈને ઊભા રહેવાની જરૂર દેખાઈ નહિ.

છતાં વારંવાર 'જરત્કારુ ! એવા ઉદ્‌ગારો કેમ આવે જતા હતા ? એ મંડળીમાં કોઈ ઓળખીતું મળી આવે તેવો તેને સંભવ લાગ્યો. અને પોતાના જ નામનું વધારે સંબોધન થતાં તેણે ટેકરી ઊતરી મેદાનમાર્ગે જવા માંડ્યું. સ્વૈરવિહારમાં રમતા નાગ યુવક યુવતીઓએ આ આર્ય તપસ્વીને જોયો, પણ તેને આવતાં રોક્યો નહિ. એટલે હિંમત ધરી જરત્કારુ રમતમાં ગૂંથાયેલાં નાગ નર નારીની પાસે પહોંચી ગયો. અને જતાં બરોબર તેણે ફરી પાછું સંબોધન સાંભળ્યું, :

'જરત્કારુ ! જો, જો. આમ આવ. કાંઈ દેખાડું.' અને જરત્કારુની આસપાસ હસતાંરમતાં પંદર યુવકયુવતીઓ આવી ભેગાં થઈ ગયાં.

રમત, ગમત, નૃત્ય અને હાસ્ય પણ એક જાતનો નશો ઉપજાવે છે. યુવક-યુવતીના દેહ અને મુખ પ્રફુલ્લ હતાં. વિચિત્ર પોશાક તેમના સૌંદર્યને વધારતો હતો, અને સર્વ દેહમાં ઊભરાતી મસ્તી ખરેખર આકર્ષક બની ગઈ હતી. બે યુવતીઓ એક અત્યંત રૂપાળી નાગયુવતીને ખેંચીને જરત્કારુ સામે લઈ આવી અને તેને કહેવા લાગી:

'જો જરત્કારુ ! તને મન હતું ને કોઈ આર્ય તપસ્વીને જોવાનું ? જો, આ તારી સામે જ કોઈ આર્ય તપસ્વી દેવે મોકલ્યો લાગે છે.'

જરત્કારુ નામની બરાડી આણેલી નાગયુવતીની એક સખીએ તેને કહ્યું,
અને જરત્કારુ મુનિ વિસ્મય પામ્યો, વિસ્મય પામી તેણે પૂછ્યું :

'હું નાગપ્રદેશમાં છું એ તો હું સમજી શક્યો, પરંતુ આપ
સર્વ કોણ છો એ હું ઓળખતો નથી. મને વધારે આશ્ચર્ય તો એટલા
માટે જ થયું કે મારું નામ અહીં વારંવાર પોકારાયા કરે છે. હું
પૂછું છું કે અહીં મને કોઈ ઓળખે છે ખરું ?'

'આપને ? આપ તો કોઈ આર્ય ક્ષેત્રમાંથી આ બાજુએ આવી
ચડેલા ઋષિમુનિ લાગો છો. એથી વધારે કોઈ આપને ઓળખતું
હોય એમ લાગતું નથી. છતાં જરા ઊભા રહો. હું અમારા રાજવી
વાસુકિ નાગને પૂછી જોઉં. કદાચ એ આપને પિછાનતા હોય.'
એક યુવતીએ કહ્યું અને તે નાગરાજવીને બોલાવવા એકદમ દોડી
ગઈ. નાગરાજવી પણ પાસે જ રમતમાં ગૂંથાયેલો હતો. જરત્કારુને
વાસુકિનો અંગત પરિચય કદી થયો ન હતો – જોકે એક વિશાળ
વનરાજ્યનો વાસુકિ રાજવી હતો એટલી ખબર તેને હતી.

પાસે ઊભેલી યુવતીઓમાંથી એકે બીજી યુવતીને – ખેંચી લાવેલી
યુવતીને કહ્યું : 'હવે કેમ મૂંગી ઊભી રહી છો ? તારે જે કાંઈ
ઋષિમુનિઓ વિષે પૂછવું હોય તે આ સામે ઊભેલા તપસ્વીને
પૂછી જો.'

'મારે કંઈ પૂછવું નથી.' યુવતીએ કહ્યું.

'કેમ એમ ? રોજ તો કહેતી કે તારે કોઈ આર્ય ઋષિ-
મુનિ સાથે જીવન ગાળવું છે. પૂછી જો, એ જીવન કેવું છે તે
આ આર્યમુનિને !' એક સખીએ કહ્યું.

'નામ તો પૂછી જો, જરત્કારુ !' બીજી સખીએ પેલી યુવતીને
રમતમાં જ આગ્રહ કર્યો અને જરત્કારુ પુરુષ એકાએક ચમક્યો.
તેનાથી બોલાઈ ગયું :

'જરત્કારુ ? એ તો મારું નામ છે. હું જરત્કારુ મુનિ, ભૃગુ-
વંશીય તપસ્વી. અહીં તમે બીજા કોને જરત્કારુને નામે સંબોધ્યાં છે ?'

'આ અમારી સખીને ! એ તોફાની છે, અને એના દેહ-

રૂપનો એને એટલો ઘમંડ છે, કે તે ભૂલવવા એના જ ભાઈ વાસુકી નાગરાજે એનું નામ જરત્કારુ રાખ્યું છે, અને આખા નાગપ્રદેશે તે સ્વીકારી લીધું છે.' સખીએ પુરુષ જરત્કારુને સ્ત્રી જરત્કારુની હકીકત કહી.

'પણ, જરત્કારુ તો મારું પણ નામ છે !' હસીને મુનિ જરત્કારુએ પોતાની હકીકત કહી. પોતાની ઇચ્છા અને માગણી પ્રમાણે પોતાના જ નામની યુવતી અકસ્માત મળી એ પ્રસંગ ખરેખર રમૂજી હતો. સાથે સાથે તેની પ્રતિજ્ઞાનુસાર નાગકન્યા જરત્કારુ તેની પોતાની પત્ની થાય તો તે પણ તેને ગમે એમ હતું. આર્ય સ્ત્રીઓનાં અતિસભ્ય અને ઠાવકા મુખ કરતાં આ નાગકન્યાનું મુખ—અને દેહ જરાં ય ઓછાં આકર્ષક ન હતાં. એક સમયે દેહને તુચ્છકારતા મુનિને નાગકન્યાના દેહ ઉપર ભાવ ઉત્પન્ન થયો, અને આર્ય તપસ્વીઓને સુરઅસુર અને નાગ જાતિઓમાં મળતાં માન પ્રમાણે જરત્કારુને નાગરાજ વાસુકીએ આગ્રહ કરી મહેમાન પણ બનાવ્યા.

કોઈક સમયે નાગરાજ વાસુકિને સ્વપ્ન આવ્યું હતું કે આખી નાગ કોમને કોઈ આર્યરાજા અગ્નિમાં હોમે છે, પરંતુ વાસુકિના વંશને નાગકુમારી જરત્કારુનો કોઈ પુત્ર એ મેધમાંથી બચાવી લે છે ! સ્વપ્ન સાચાં પડે કે ન પડે એ વાત જુદી છે, પરંતુ પ્રત્યેક યુગ સ્વપ્નની અસરમાંથી મુક્ત રહેતો નથી. અને સાચી કે ખોટી રીતે સ્વપ્નને આગાહી તરીકે ગણ્યા વગર પણ રહેતો નથી. વાસુકિના મનમાં આ સ્વપ્ન દૃઢ થઈ ગયું હતું. એટલે કોઈ યશસ્વી આર્ય સાથે પોતાની બહેન જરત્કારુનું લગ્ન થાય એમ એ ઇચ્છતો હતો. નાગકન્યા જરત્કારુને પોતાને આર્યો અને આર્યમુનિઓ પ્રત્યે, કોણ જાણે કેમ પક્ષપાત હતો. આર્યમુનિઓનાં અર્ધવસ્ત્રો, તેમની ઝૂંપડીઓ, તેમના અરણ્યનિવાસ અને તેમનાં તપ – નિદિધ્યાસન, નાગકન્યાને ખૂબ ગમતાં. ઘણી વાર રમતમાં અને રંજનમાં તે આર્ય ઋષિકન્યાનો વેશ પણ ધારણ કરતી, અને તે ઇચ્છતી પણ ખરી કે તેના પતિ તરીકે કોઈ તેજસ્વી અને તપસ્વી આર્યમુનિને તે પરણે.

સ્ત્રીની શોધખોળમાં તપની રુક્ષતા છોડી સૌંદર્યને વરેલા મુનિ જરત્કારુનું પૌરુષ હવે રૂપાળું, ફૂટતું અને સ્ત્રીઓને પણ ગમે એવું થયું હતું. એની તો પ્રતિજ્ઞા જ હતી કે લગ્ન કરવું તો તે પોતાનું નામ ધારણ કરનારી સ્ત્રી સાથે જ કરવું. અને લાંબી શોધખોળને અંતે જરત્કારુને પોતાનું જ નામ ધારણ કરનારી યુવતી મળી પણ ખરી! આમ આખી પ્રસંગયોજના દરેક રીતે અનુકૂળ નીવડી. અને પ્રેમ જ્યારે તોફાને ચડે છે ત્યારે પ્રેમપાત્રોને ઝડપથી શોધી પણ લે છે. મુનિ જરત્કારુને લાવણ્યવતી નાગકન્યા જરત્કારુ ગમી ગઈ. નાગકન્યાની આર્ય મુનિની ઝંખના હતી; એ ઝંખના તેને જરત્કારુ મુનિમાં સ્ફુટ થતી દેખાઈ. નાગરાજ વાસુકિને એ બંનેના લગ્નમાં પોતાના કુળનો ભાવિ ઉદ્ધારક ઉત્પન્ન થતો દેખાયો. અને જરત્કારુ મુનિના થોડા જ સમયના નાગપ્રદેશના નિવાસમાં તેણે નાગ-કન્યા જરત્કારુ સાથે લગ્ન પણ કરી લીધું. લગ્ન પહેલાં જરત્કારુએ પોતાની ભાવિ પત્ની પાસે માત્ર એક શરત કબૂલ કરાવી લીધી.

'નાગકુમારી! આપણે લગ્ન કરીએ છીએ તે અરસપરસના પ્રેમથી કરીએ છીએ એમાં જરા યે શંકા ન હોય. પરંતુ અમે આર્ય તપસ્વીઓ બહુ વિચિત્ર હોઈએ છીએ.'

'તે હું જાણું છું. તમારી વિચિત્રતા હું પૂરી કરી શકીશ.'
—નાગકન્યાએ કહ્યું.

'તું તો રાજકુમારી છે અને હું તો નિષ્કિંચન, ઝૂંપડીમાં વસનારો મુનિ છું. હું તને તારા રાજવૈભવને શોભે એવી રીતે કેમ રાખી શકીશ?'

'તેની હરકત નહિ. હું રાજકન્યા છું એટલે મારું અને તારું વ્યવહારભારણ હું પોતે જ ઉપાડીશ. પછી છે કંઈ?' પત્ની બનવા ચાહતી જરત્કારુએ કહ્યું.

મુનિને વ્યવહારભારણની ચિંતા તો ઘટી ગઈ. પરંતુ લગ્ન કદી પણ તેના માર્ગમાં વિઘ્નરૂપ ન નીવડે એવી ખોળાધરી મેળવવા તેણે એક શરત નવી વધારી.

'નાગસુંદરી ! લગ્નનો અનુભવ હું તારાથી લઈશ. મારી પહેલી પ્રતિજ્ઞા જ છે, કે હું મારી નામધારી પત્નીને જ પરણીશ. પરંતુ હું ઇચ્છું છું કે જે ક્ષણે તું અગર લગ્ન મારા માર્ગની આડે આવે છે એમ લાગશે, તે ક્ષણે હું તને અને મારા ગૃહસ્થાશ્રમને છોડી ચાલ્યો જઈશ.' મુનિએ કહ્યું.

'ભલે ! એમ બનવાનો સંભવ જ નથી. છતાં હું તો એટલે સુધી આગળ વધીને કહું છું કે તમારી મરજી વિરુદ્ધ કશું પણ મારા તરફથી થાય તો તમે મને છોડીને ચાલ્યા જવાને મુખત્યાર છો.' જરત્કારુએ કહ્યું.

અને અકિંચન મુનિ જરત્કારુ અને સમૃદ્ધિશીલ નાગકન્યા જરત્કારુનાં લગ્ન બહુ જ ધામધૂમથી નાગપ્રદેશના પાટનગરમાં થઈ ગયાં. અને વાસુકિ નાગે એમાં આર્યો અને નાગજનતાના સમન્વયની રૂડી ક્ષણુ જોઈ.

૩

મુનિને રાજકન્યા ગમે, પરંતુ રાજવૈભવ લાંબા સમય સુધી ન જ ગમે. રાજવંશી ઠાઠથી થયેલાં લગ્નથી પરવારી જરત્કારુ મુનિ તો પાછા અરણ્યમાં, નદીકિનારે, આશ્રય સ્થાપી રહ્યા. અને પુરુષની ઘેલછાને આદિકાળથી પોષતી આવેલી સ્ત્રી તરીકે તેની પત્ની પણ તેની સાથે આશ્રમજીવનમાં આનંદપૂર્વક આવીને રહી. અત્યંત પ્રેમ અને આનંદથી જરત્કારુ દંપતીનો ગૃહસ્થાશ્રમ ચાલ્યો. મુનિની ધર્મ-જિજ્ઞાસા અને મુનિના સંયમ મોજીલી નાગકન્યાને ખૂબ ગમી ગયાં; અને નાગકન્યાનું રૂપ, નાગકન્યાનું તોફાન અને નાગકન્યાનું હાસ્ય મુનિને અણદીઠ સુંદર જીવનપ્રદેશો દેખાડી રહ્યાં. જીવનમાં પ્રેમ પ્રવેશ પામે છે ત્યારે તે નવી દુનિયાને ઊભી કરે છે. મુનિએ પત્નીના સહચારમાં નવી દુનિયા અને નવા જીવનરંગ નિહાળ્યાં.

તે એટલે સુધી કે ઘણી વાર મુનિ જરત્કારુને એમ પણ લાગતું કે બ્રહ્મસાક્ષાત્કારની જે કલ્પના છે તે સ્નેહસાક્ષાત્કારનો જ પડઘો

કદાચ હોઈ શકે. નિર્ગુણ, નિર્વિકલ્પ અને નિરાકાર બ્રહ્મ કરતાં અનેક ગુણથી ભરેલી, અનેક રંગીન કલ્પનાઓના પુંજ સરખી અને સૌંદર્યના અખંડ આકાર સરખી પત્ની તેમના ધ્યાનમાં વધારે સહેલાઈથી ખૂંચી જવા માંડી. વધારે નવાઈ જેવું તો એ હતું કે પર્ણકુટીને આંગણે બેઠેલી લાવણ્યમયી પત્ની પરબ્રહ્મની માફક પણ બની રહેતી હતી. ચંદ્રમાં ઘણી યે વાર નાગસુંદરીનું મુખ ચિતરાઈ રહેતું. શુક્રનો તારો ઘણી યે વાર જરાત્કારુની આંખ સ્મૃતિમાં લાવી દેતો. મંદમંદ સમીરમાં વનરાજિ હાલી ઊઠતી ત્યારે રાજકન્યાનાં મોહક વસ્ત્રો ઊડી રહ્યાં હોય એમ મુનિને લાગતું. અને વનમાં કોકિલા કૂજતી ત્યારે મુનિને એમ થતું કે નાગકન્યા કોઈ વૃક્ષની ડાળમાં સંતાઈ રહી છે.

તપ-સ્વાધ્યાયમાં પણ વચ્ચે વચ્ચે નાગકન્યાની મૂર્તિ ધ્યાનમાં આવીને ઊભી રહેતી. અને પછી તે એક સમય એવો આવ્યો કે મુનિ જરત્કારુ પત્નીનો ખોળો ભાગ્યે જ છોડતા—અલબત્ત જે તપમાં એમણે કાયા ક્ષીણ કરી નાખી હતી તે તપના ભણકાર મુનિને ઘણી વાર કહેતા કે તેનું તપ ઉપભોગમાં વહ્યું જાય છે અને પરબ્રહ્મ તરફનાં આગળ વધતાં ડગલાં એટલે અંશે પાછાં પડતાં જાય છે.

રાજકન્યા જરત્કારુના મુખમાં હવે કંઈ અવનવો ફેરફાર થયો. મુનિએ સમજી લીધું કે પત્ની માતૃત્વમાં હવે પ્રવેશ કરી ચૂકી છે. એક દિવસ ત્રીજે પહોરે મુનિ જરત્કારુ પત્નીના આનંદપ્રેરિત અંકમાં મસ્તક મૂકી પોઢી ગયા. પ્રેમીને પ્રિયતમાનો અંક મળે ત્યારે યોગનિદ્રા સરખી ગાઢનિદ્રા આવી જાય છે. પત્નીને તો પતિનું શયન ઘણું ગમ્યું. પરંતુ ત્રીજો પ્રહર પૂરો થવા આવ્યો તો પણ મુનિ નિદ્રામાંથી જાગૃત થયા નહિ. સંધ્યાકાળ થવાની તૈયારી હતી. મુનિનાં તપ-ધ્યાન ઓછાં થયાં હતાં એ ખરું, પરંતુ એની ત્રિકાળ સંધ્યા હજી ચાલુ હતી, અને નાગકન્યાને પણ આર્યત્વનાં ચિહ્નો સરખી એ ત્રિકાળ સંધ્યા આવશ્યક લાગતી હતી એટલું જ નહિ, પરંતુ તેને

ગમતી પણ હતી. જે આર્યત્વથી મોહીને નાગકન્યા જરત્કારુ મુનિને પરણી હતી તે આર્યત્વ ત્રિકાળ સંધ્યામાં સચવાઈ રહેતું તેણે જોયું. લાંબી નિદ્રામાંથી તેણે પતિને જગાડવાના કુમળા પ્રયત્નો કર્યા, પરંતુ સુખમય અંક છોડવો તે મુનિઓ માટે પણ મુશ્કેલ છે.

અંતે સંધ્યાકાળ ઘેરો બનતાં પત્નીએ જરત્કારુને જરા ઢંઢોળી જગાડ્યા. જાગવાની અનિચ્છા તેમણે અર્ધનિદ્રામાં દર્શાવી, તે છતાં પત્નીએ પોતાના અંકને હલાવી ચલાવી મુનિની નિદ્રાનો ભંગ કર્યો અને કોણ જાણે કેમ મુનિ કુપિત થઈ બેઠા થયા.

'મારી અનિચ્છા હતી છતાં તેં મને જગાડ્યો?' મુનિએ જરા ક્રોધ કરીને પ્રશ્ન કર્યો.

'આ સૂર્ય આથમી જાય છે. અને નિદ્રામાં તમારી સાયં-સંધ્યા પડે એ હું જરૂર ન ઇચ્છું, એટલે મેં તમને જગાડ્યા.' પત્નીએ સૌમ્યતાપૂર્વક જવાબ આપ્યો.

'હું સાયંસંધ્યા કરું નહીં ત્યાં સુધી સૂર્યથી કદી અસ્તાચળ ઉપર ઊતરી શકાય જ નહિ! તું જાણે છે કે હું કેવો ભારે તપસ્વી છું! સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીને પણ હું થંભાવી દઉં—ધારું તો!'

'એ ખરું હશે. પરંતુ હવે તો તમારું તપ, બ્રહ્મની ઉપાસનાને બદલે મારા સૌંદર્યની ઉપાસનામાં સંક્રાંત થયું છે. મને ડર લાગ્યો કે કદાચ તમારા તપોબળથી સૂર્યાસ્ત બંધ ન રહે તો તમારી આટલી સાયંસંધ્યા પણ નિષ્ફળ જાય...એટલે મેં તમને જગાડ્યા.' હસીને પત્નીએ પતિને ધર્મમાર્ગ દર્શાવવાનો પોતાનો ધર્મ બજાવ્યો.

અને જરત્કારુના હૃદયમાં એક તણખો ચંપાઈ ગયો. બ્રહ્મને મૂકીને જરત્કારુ મુનિ ભામિનીમાં એટલા લુબ્ધ થઈ ગયા હતા કે તેમની પત્નીને પોતાને જ તેમના તપમાં ઓટ આવતી દેખાઈ. એકાએક જૂના તપબળે તેમને એક બળવાન નિશ્ચય આપ્યો, અને તેમણે પત્નીને ગંભીર સ્વરે કહ્યું:

'દેવી તારાથી બને એવું સુખ આપવામાં તેં કશી જ ખામી રાખી નથી. પરંતુ તેં મને હવે સાચેસાચ જગાડ્યો છે. હવે બ્રહ્મ-

પ્રાપ્તિ થયા સિવાય આ જગત ઉપર મારી દૃષ્ટિ પણ ઠરશે નહિ અને મારું અસ્તિત્વ આ ગૃહસ્થાશ્રમમાં રહી શકશે નહિ. સાયંસંધ્યા સાથે જ હું તને અને આશ્રમને છોડું છું.'

પત્નીની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. પત્નીએ રુદનભર્યે સ્વરે કહ્યું :

'મને ક્ષમા કરો ! આપને સૂવાની જ ઇચ્છા હતી અને આપને મેં ઇચ્છા વિરુદ્ધ જગાડવાનું પાપ કર્યું.'

'તને યાદ હશે, દેવી ! કે લગ્ન પહેલાં આપણે એક શરત કરી હતી કે મારી ઇચ્છા વિરુદ્ધ તું કાંઈ પણ કરે તો મારે ચાલ્યા જવું. એમાં તારો દોષ નહિ, પરંતુ મારા જીવનનો એમાં ઉકેલ હશે. વિલાપ પણ પ્રેમ જેટલો જ બંધનકારક થઈ પડે છે. પ્રિયતમા ! પ્રેમને યાદ ન કરીશ, અશ્રુ ન પાડીશ અને મને મારે માર્ગે જવા દે. તેં જ માર્ગ સૂચવ્યો છે અને એ માર્ગની વચ્ચે તારાથી – મારી સહચરીથી અવાય જ નહિ. તારા જીવનવ્યવસાય માટે તને પુત્ર મળે છે અને પુત્ર મળતાં મારાં માતાપિતાનાં પ્રેતને પણ મુક્તિ મળશે. મને અને તને સદેહે મુક્તિ મળે એ માટે મને મારે માર્ગે જ જવા દે, જવા દે—જવા દે. કદાચ વિયોગ એ જ સાચો સંયોગ હોય.'

નાગકન્યા જરત્કારુએ અશ્રુને અટકાવી દીધાં. મુનિ જરત્કારુએ સાયંસંધ્યા કરી, પત્નીનું મુખદર્શન કરી આશ્રમ છોડ્યો. અને આર્ય બની ગયેલી નાગકન્યાએ આસ્તિક નામના પુત્રને જન્મ આપી મુનિઓને પણ પૂજ્ય એવું બ્રહ્મવાદિનીનું પદ મેળવ્યું.

નાગકન્યા આર્યોના તપને પરણી હતી, નહિ કે માત્ર દેહને !

# કોણ શ્રેષ્ઠ? શૂદ્ર?

વર્ણોમાં કયો વર્ણ શ્રેષ્ઠ?

સામાન્ય માન્યતા તો એવી છે કે સહુથી શ્રેષ્ઠ બ્રાહ્મણ, એથી નીચે આવે ક્ષત્રિય, ત્રીજો ક્રમ વૈશ્યનો અને સૌથી નીચો ક્રમ આવે શૂદ્રનો!

ગીતામાં કહ્યું છે તેમ ગુણ અને કર્મથી ચતુર્વર્ણ વિભાગો ઈશ્વરે જ પાડ્યા. ગુણ અને કર્મથી વિભાગ સચવાતા હોય તો તેમની વિરુદ્ધ કોઈ કંઈ કહે નહિ. પરંતુ ગુણકર્મથી વર્ણ પામેલા માતાપિતાને ઘેર જન્મ લેનાર બાળકોને પણ તેમના ગુણકર્મની પરીક્ષા થયા સિવાય વર્ણની છાપ સમાજે ચોંટાડવા માંડી અને ધીમે ધીમે જન્મ એ જ વર્ણની છાપ બની ગયો. બ્રાહ્મણ છાપ પામેલાં માતાપિતાને ઘેર જે બાળક જન્મ લે એ જન્મથી જ બ્રાહ્મણ ગણાય અને લગભગ જીવે ત્યાં સુધી બ્રાહ્મણપણાને પકડી રાખે; ગુણકર્મ ભલે બ્રાહ્મણના ન હોય તોપણ! શૂદ્ર માતાપિતાને ઘેર જન્મેલું બાળક જીવનભર શૂદ્ર રહે: પછી ભલે તેનામાં બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યના ગુણ હોય!

ગામોના નિવાસ સ્વાભાવિક રીતે જ કોઈ જળાશય ઉપર રચવામાં આવે; અને એ જળાશય સતત વહેતી નદી હોય તો વળી એ નિવાસસ્થાન વધારે અનુકૂળ. સતયુગ હોય કે કલિયુગ હોય તો પણ ગ્રામરચના આ જ ધોરણે થવાની. નર્મદાનો સુંદર કિનારો અને તેના ઉપર એક સુંદર ગામ વસ્યું હતું. ચારે વર્ણના લોક એમાં વસતા હતા અને વર્ણવ્યવસ્થા જડીભૂત થયેલી હોવાથી બ્રાહ્મણો બ્રહ્મપુરીની

આસપાસ રહેતા હતા; ક્ષત્રિયો વાંટાને નામે ઓળખાતા વિભાગમાં
રહેતા હતા, વૈશ્યો અવરજવરનો માર્ગ—વસ્તુઓની ખપતનો માર્ગ—
જોઈ વિચારીને પોતાનું નિવાસસ્થાન બાંધતા, અને શૂદ્રોને તો ગામનો
છેવાડાનો જ ભાગ મળે ને ? ઊંચ વર્ણ પોતાની પસંદગી કરી લે
ત્યાર પછી શૂદ્રોએ પોતાનાં ઝૂંપડાં બાકી રહેલી જમીનમાં ઊભાં
કરવાનાં અને સગવડ—અગવડ વેઠી ગામને છેવાડે રહેવાનું. એટલે
શૂદ્રો તો ખાડાટેકરાવાળો ભાગ રહ્યો હતો તેના ઉપર વસી ગયા.

વર્ણ ભલે હોય ! વર્ણની જુદાઈ ભલે હોય ! પરંતુ પરસ્પરનું
અવલંબન એ સાચામાં સાચી વસ્તુ બની રહેતું, બ્રાહ્મણને શૂદ્રોનો
પણ ખપ અને વૈશ્યને ક્ષત્રિયનો પણ ખપ. સંસ્કારકક્ષા સગવડ
પ્રમાણે ભલે જુદી જુદી હોય, પરંતુ માણસાઈ અંગે અમુક અમુક
ગુણલક્ષણ તો ચારે વર્ણમાં ઉદ્‌ભવ્યા સિવાય રહે જ નહિ. ગામનો
શૂદ્રનિવાસ પણ પ્રમાણમાં ચોખ્ખો હતો. શૂદ્રોને વેદ ભણવાનો ભલે
અધિકાર ન હોય છતાં શૂદ્રને પણ પ્રભુ કોઈ ને કોઈ સ્વરૂપે આછા
પાતળા દેખાયા વગર ન જ રહે—પછી તે પીપળાના વૃક્ષનું સ્વરૂપ
હોય, તુલસીનો પૂજનીય ક્યારો હોય કે પછી પથ્થરના પાળિયાનું
સ્વરૂપ હોય. વેદની ઋચાઓ ભણનાર બ્રાહ્મણને વેદોચ્ચારથી જેટલો
સંતોષ થાય એટલો જ આધ્યાત્મિક સંતોષ શૂદ્રોને પોતાના એક
તારા સાથેના ભજનકીર્તનમાં પણ થયા જ કરે.

એ શૂદ્રનિવાસમાં તુલાધાર નામનો એક શૂદ્ર રહેતો હતો. બે
ટંક શૂદ્રને ઘટતું સૂકું લુખ્ખું ખાવાનું મળે એટલી અંગમહેનત કરી
એ પોતાનો વખત પ્રભુભક્તિમાં ગાળતો હતો. શાસ્ત્ર ભણ્યા વગર
પણ પ્રભુ અણુઅણુમાં વસી રહ્યા છે એવો ભાવ તે અનુભવતો. પ્રભુ-
ને ધરાવ્યા સિવાય તે જમતો નહિ. ત્રણે ઉચ્ચ વર્ણની સ્થિતિ આર્થિક
રીતે સારી એટલે તેમાંથી કોઈને સ્વાભાવિક રીતે જ ચોરી કરવાનું
મન ન રહે. શૂદ્રોને તો બધી જ વસ્તુઓની ખોટ, અને સમાજ જેને
ગુનો કહે એવા ઢબ સિવાય જોઈતા વસ્તુ મેળવવાનો બીજો માર્ગ
જ નહિ, એટલે કદી કદી તેમનું વલણ એ તરફ વળે અને ઊંચા

ક્ષણે વર્ણ તેમના તરફ તિરસ્કારભર્યું વલણ દાખવે જ. પરંતુ ભક્ત તુલાધારને પોતાનો શ્રમ જે આપે તે સિવાય બીજું કાંઈ પણ મેળવવાની ઇચ્છા રહી ન હતી. એટલે તેની પ્રતિષ્ઠા સૂદ્રોમાં જ નહિ પરંતુ ચારે ય વર્ણમાં ઠીક ઠીક જામી હતી. તેમાં યે વિદ્વત્તાની વાચાળતા અને જ્ઞાનના ઘમંડ વગરની તેની ભક્તિ તુલાધારને લોકપ્રિય બનાવી શકી હતી. ભક્ત તરીકે તે ચારે ય વર્ણમાં જાણીતો થયો હતો – જોકે પંડિત, શાસ્ત્રી, કે વેદપાઠીને જે માન મળે તે ભક્તને ન જ મળે! ઘોડે ચડેલા ગરાસિયાને સલામો થઈ શકે, પરંતુ ભક્તને ભાગ્યે જ સલામપાત્ર ગણાય. ધનિકોનાં વસ્ત્રઘરેણાં આંખનું જેટલું આકર્ષણ કરે એટલું આકર્ષણ ભક્તની તુલસીમાળામાં ન જ હોય! ઠીક. ભક્ત એટલે? નમસ્કાર કે સલામને પાત્ર વ્યક્તિ નહિ, પરંતુ 'કેમ ભગત?' કહીને કદીકદી દૂરથી અર્ધકટાક્ષયુક્ત સંબોધનને લાયક એક માનવ પ્રાણી!

ભક્ત તુલાધારને કોઈ ભક્ત કહે કે ન કહે તેની પરવા હતી નહિ; પ્રભાતમાં તે સહુથી વહેલો ઊઠી નદીકિનારે જઈ સ્નાન કરે અને પોતાના ઘરમાં તે સ્થાપેલા ભગવાનની પૂજા કરી પોતાને કામે વળગે. તેની પત્ની પણ તેને અનુકૂળ હતી. ગરીબીનો તુલાધારને ગભરાટ ન હતો. દેહ ઢાંકવા માટે ફાટચાંતૂટયાં એકાદ બે વસ્ત્ર તેમને બસ થઈ પડતાં. નહાતી વખતે હાથે જ કપડાં ધોઈ તેઓ સ્વચ્છ બની પ્રભુ પાસે આવતા. ગામમાં કોઈ જાહેર કથાવાર્તા હોય તો તેઓ ઉચ્ચ વર્ણને સ્પર્શ ન થાય એમ દૂર બેસીને કે ઊભા રહીને કથાનું હાર્દ સમજતા, અને રાત્રે પોતાની વાણીમાં પોતાના ભાવને ઉતારતાં ગીતો સ્વાભાવિક રીતે રચી ભક્તિમાં લીન રહેતા.

ઈશ્વર વિદ્વત્તાની વસ્તુ નથી, વાચાળતાની વસ્તુ નથી, વાદવિતંડાની વસ્તુ નથી, પરંતુ સાચી દૃષ્ટિ અને સાચા હૃદયની વસ્તુ છે. તુલાધારનાં ભજનોમાં શબ્દો સાદા આવતા હતા, પરંતુ એની ચોટ જબરદસ્ત હતી કે ભલભલા વિદ્વાન બ્રાહ્મણોને પણ તુલાધારનાં ભજનો આકર્ષતાં હતાં. તેમનાં ભજનો ચારેય વર્ણમાં વ્યાપક બનવા

લાગ્યાં. પાંડિત્યને અને ભક્તિને ભાગ્યે જ બને છે. સંસ્કૃત ભાષા ઉપર પ્રભુત્વ મેળવેલા બેપાંચ મહાપંડિતોને શૂદ્રનાં ભજનો બ્રાહ્મણ-વાડામાં ગવાય તે રુચ્યું નહિ, એટલે તેમણે આજ્ઞા કરી કે તુલાધારનાં પ્રાકૃત, અશુદ્ધ ભજનોને બદલે ઋષિમુનિ રચિત સંસ્કૃત સ્તોત્રો જ બ્રાહ્મણોએ ગાવાં!

કોઈ ભાવિક બ્રાહ્મણે કે બ્રાહ્મણની સ્ત્રીએ આ આજ્ઞાનો સહજ વિરોધ કર્યો અને કહ્યું કે આવા પ્રભુપ્રેમી ભક્તનાં ભજનો ગાવામાં બ્રાહ્મણતત્ત્વ ખામીભર્યું બનતું નથી.

'અંતે તુલાધારની જાત તો શૂદ્ર જ ને?' મહાપંડિતે કહ્યું.

'પરંતુ કેટલું સ્વચ્છ હૃદય છે? બ્રાહ્મણની માફક કદી એ દાન સ્વીકારતો નથી. બ્રાહ્મણસ્ત્રીએ ભક્તની તરફેણમાં આટલું કહ્યું. મહાપંડિતને તે રુચ્યું નહીં. તેમણે જવાબ આપ્યો :

'દાન પણ અધિકારી જ લઈ શકે છે. આ તો જાતિએ શૂદ્ર રહ્યો. બે ટુકડા મીઠાઈના ફેંકીએ તો તે પણ ઉપાડી લેશે, જરૂર.'

'તુલાધાર ભક્ત એવા નથી લાગતા.' બ્રાહ્મણસ્ત્રીએ જરા જક પકડી.

'જાત ઉપર ભાત કેમ પડે તેનો પરચો હું તને કાલે જ કરાવું. પછી તો માનીશ ને? બે ભજનો ગાયાં એમાં શું? અંતે શૂદ્ર તે શૂદ્ર જ.' મહાપંડિતે પોતાના બ્રાહ્મણત્વને આગળ કર્યું અને શૂદ્રભક્ત ઉપર બ્રાહ્મણની શ્રેષ્ઠતા સાબિત કરવાનો અખતરો રાતમાં વિચારી રાખ્યો.

પ્રભાત થયું ન હતું. આકાશમાં તારા ટમટમતા હતા. પાછલી રાત્રિ ઉતાવળાં પગલાં માંડી રહી હતી. ચારે ય વર્ણમાંથી કોઈ પણ વર્ણનું માનવી નદીકિનારે સ્નાન માટે હજી આવ્યું ન હતું. ત્યાં તો ભક્ત તુલાધાર ધીમું ધીમું પ્રભુનું ગીત ગાતા નદીકિનારે આવી પહોંચ્યા. શીતલ જળમાં તેમણે સ્નાન કર્યું, બ્રાહ્મણ સરખું પ્રભુનું ધ્યાન ધર્યું અને ભળભાંખળું થતાં તેઓ પાછા ઘર તરફ—એટલે કે પોતાની ઝૂંપડી તરફ ચાલતા થયા. માર્ગના

એકાન્તમાં એક ખુલ્લું શંકરનું મંદિર હતું. તે ખુલ્લું હોવાથી શૂદ્રોને પણ તેમનાં દર્શન કરવામાં હરકત આવતી નહિ. તુલાધારનો એનાં દર્શન કરવાનો નિત્યક્રમ હતો. મંદિરમાં તેમણે આજે એક અવનવું દૃશ્ય જોયું. સુંદર ચાંદીના થાળમાં પાંચ પકવાન તેમને સ્પષ્ટ દેખાય એમ મૂકવામાં આવેલાં હતાં!

શૂદ્રોની કલ્પનાસૃષ્ટિમાં પણ ન આવે એવાં સ્વાદિષ્ટ એ પકવાન હતાં. એ પકવાનનું દર્શન અને એ પકવાનની સુવાસ, ભલભલા યોગીની સ્વાદેન્દ્રિયને જાગૃત કરે એવાં હતાં. તુલાધારે આસપાસ નજર ફેરવી. હજી કોઈ પશુ, પક્ષી કે માનવી આસપાસ જાગૃત હોય એમ તેમને લાગ્યું નહિ. ભગવાનને ધરાવવાનો આ થાળ હોય તો તેમનાથી આટલો દૂર એ કેમ મુકાયો હશે એની તુલાધારને સમજ પડી નહિ. ભગવાનની સમક્ષ તુલાધાર પોતે સેવક થઈને એ થાળ મૂકવા જાય, અને કોઈ ઉચ્ચ વર્ણના ભક્તની એ સામગ્રી હોય તો તે અભડાઈ જાય એમ વિચારી તેમણે થાળનો સ્પર્શ કરવાનો પણ વિચાર માંડી વાળ્યો. અને થાળ એમનો એમ રહેવા દઈ મીઠા મીઠા પ્રભાત રાગ ગાતા ભક્ત તુલાધાર પોતાની ઝૂંપડીએ ગયા અને ત્યાં ભગવતસ્મરણ આરંભ્યું.

થોડો સમય વીત્યો. વર્ણશ્રેષ્ઠ બ્રાહ્મણોમાંથી કોઈ કોઈ વિદ્વાન ઊઠીને પ્રાતઃસ્નાન માટે નદી ઉપર જવા માંડ્યું. સ્નાન કરીને પાછા આવતાં સહુને માટે ખુલ્લા મંદિરવાળો માર્ગ નક્કી થઈ ચૂક્યો હતો. તુલાધાર પછી પ્રથમ સ્નાન માટે ગયેલા બ્રાહ્મણ એક સમર્થ શાસ્ત્રી હતા, અને તેમણે અનેક મુશ્કેલ પ્રસંગો શાસ્ત્રને આધારે ટાળ્યા હતા. સ્નાન કરી પાછા આવતાં પ્રખર શાસ્ત્રીની નજરે પકવાનનો થાળ પડ્યો, અને જોકે તેઓ મહાપવિત્ર ગણાતા હતા, છતાં તેમની સ્વાદેન્દ્રિય જાગૃત થઈ. થાળ કોણે મૂક્યો હશે? શા માટે મૂક્યો હશે? પ્રસાદ હોય તો લીધા સિવાય જવાય કેમ? વગેરે કેટલા ય વિચાર તેમના મનમાં ઝડપથી આવી ગયા, અને અંત પ્રભુના પ્રસાદને ન્યાય આપ્યા વગર ત્યાંથી ખસવું એ પાપ છે એવો શાસ્ત્રાધાર

વારંવાર તેમની નજર સમક્ષ ખડો થયો. તેમણે આસપાસ નજર કરી, કોઈ હતું નહિ. મિષ્ટાન્નપ્રિય બ્રાહ્મણે સહેજ સંકોચપૂર્વક મિષ્ટાન્નનો એક કકડો લીધો, બે લીધા, ત્રણ લીધા અને તે ચાખી જોયા; મિષ્ટાન્ન કે પ્રસાદનો કેટલોક ભાગ ઘેર પણ લઈ જવાને પાત્ર હતો એનો તેમને સ્વાનુભવ થયો; અને પાસેના વૃક્ષમાંથી પાંદડાં તોડી, તેમને યોગ્ય લાગ્યો એટલો પ્રસાદ થાળમાં રહેવા દઈ, બીજો પોતાની પત્રાવલીમાં લઈ શાસ્ત્રીજી પોતાની પર્ણકુટિમાં પહોંચી ગયા.

મહાપંડિત અને તેમનાં પત્ની એક અનુકૂળ સ્થળે સંતાઈને આ બંને દૃશ્ય જોઈ શક્યાં. ચાંદીના આખા થાળ સાથે જ શાસ્ત્રીજી પ્રસાદને કેમ ઉપાડી ન ગયા એનો વિચાર કરતાં બન્ને પતિપત્ની પોતાને ઘેર આવ્યાં. શૂદ્રભક્ત એ બંનેની કસોટીમાં પાંડિત્ય અને શાસ્ત્રજ્ઞાનથી પણ પર થઈ ચૂકેલો પ્રભુનો ભક્ત હતો એમ સમજાયું. અને એ મહાપંડિતે પણ હવે સંસ્કૃત સ્તોત્રોને સ્થાને તુલાધારનાં પ્રાકૃત પદ ગાવા માંડ્યાં !

ગામના ક્ષત્રિય ઠાકોર બહુ વટવાળા હતા. સરસ ઘોડા ઉપર સવારી કરે, જામાસાફા પહેરે, મુકુટ ધારણ કરે, હાથમાં સુવર્ણકડાં અને કાને હીરાની મરચીઓ પહેરે અને સુંદર કારીગરી ભરેલી મૂઠ-વાળાં તલવાર-જમૈયા કમ્મરે ખોસે. તેમની ગઢી પાસે થઈને તુલાધાર ફાટેલાં વસ્ત્રો સહ એકતારા સાથે કંઈક ભજન ગાતાં પસાર થતા હતા. ઠકરાણી ગઢીને ઓટલે સૂર્યપૂજન કરતાં હતાં તે તુલાધારને જોઈ નીચે આવ્યાં અને ભક્તને નમસ્કાર કર્યા.

'ઠકરાત અમર રહો તમારી, બહેન !' એટલું નમસ્કારના જવાબમાં કહી તુલાધાર ત્યાંથી ચાલ્યા ગયા. રણશૂરા ઠાકોરે આ જોયું અને સાંભળ્યું. ઠકરાણી ઘરમાં આવ્યાં એટલે ઠાકોરે તેમને પૂછ્યું :

'પેલા ભગતને કંઈ આપ્યું નહિ કે શું ?'

'ના. ભગત કોઈનું દાન લેતા નથી.' ઠકરાણીએ કહ્યું.

'આપણે ક્યાં કંઈ દાન તરીકે આપવું હતું ? એકાદ સારું પહેરણ કે સારો જામો એને આપ્યો હોત તો આખું વર્ષ ચાલત.

જો ને, એણે પહેરેલું વસ્ત્ર પાંચ જગ્યાએથી તો સાંધેલું હતું !'

'એ ભગત જાતમહેનત સિવાય બીજા કોઈનું કાંઈ લેતા નથી.' ઠકરાણીએ કહ્યું. રજપૂત ઠાકોરનો સીનો ફરી ગયો. ક્ષત્રિય દાન કરે બક્ષિસ આપે તેની ના પાડનારો દુનિયામાં કોઈ જન્મ્યો જ નથી, એવો ભાવ તેની મુદ્રામાં દેખાઈ આવ્યો.

'ઠકરાણી ! મારી ભેટ મારા કહ્યા સિવાય તમારો ભગત લઈ લે તો તમે શું કરો ?' ઠાકોર બોલ્યા.

'તો હું ભગતને પગે લાગવાનું જિંદગીભર છોડી દઈશ.' ગરાસણી બોલી.

અને ત્રીજે દિવસે એક ચમત્કાર બન્યો. એ જ છત્ર રહિત દેવાલય પાસે એક નાનકડા વૃક્ષ ઉપર રત્નજડિત મૂઠવાળી તલવાર, સોનેરી જામો, કસબી સાફો અને રત્નજડિત મુકુટ, હીરાનો હાર અને કીનખાબી મોજડી, ભરાવેલાં હતાં. અને આખું ગામ સૂતું હતું ત્યારે સ્નાન કરવા આવેલા તુલાધાર ભક્તે સ્નાન કરી પાછા ફરતાં આ રજવાડી કિંમતી વસ્તુઓ અને આભૂષણો નિહાળ્યાં. નજર તો તેમની પડી. થોડા દિવસ પહેલાં અચાનક પકવાનના ચાંદીના થાળ પડ્યા હતા; આજ કોઈ રજવાડી ઠાઠનો પોશાક પણ એ જ સ્થળે મુકાયો હતો. તુલાધારના દેહ ઉપર નાનકડા ફાટેલા વસ્ત્ર સિવાય બીજું કાંઈ ન હતું. ચારે પાસ કોઈ હતું જ નહિ. આટલી વસ્તુઓ ઉપાડી અને તુલાધાર ગામમાંથી ભાગી જાય તોપણ બીજે ગામ સહકુટુંબ જીવનપર્યંત સુખથી રહે એટલી આ પોશાકની કિંમત હતી. પરંતુ તુલાધારની દૃષ્ટિએ આ ચમત્કારે જુદું જ સ્વરૂપ ધારણ કર્યું.

'કોઈ રાજવી આ પવિત્ર નર્મદામાં સ્નાન કરવા ગુપ્ત રીતે આવ્યો હોય. એનો પોશાક પ્રભુ સાચવી રાખો અને સ્નાનપુણ્યભર્યા એના દેહ ઉપર વીરાજી પોશાક પણ પવિત્ર બનો !'

આવો વિચાર કરી દેવનાં દર્શન કરી પોશાક પાસે થઈને તુલાધાર પોતાની ઝૂંપડીએ આવીને ધ્યાનમાં બેઠા. આંખે ઊડીને

વળગે એવા પોશાક તરફ તેમણે બીજી નજર પણ નાખી નહિ. ત્રીજો રજપૂત તીખાશને છોડીને તુલાધારનાં પગરખાં વગરનાં પગલાં સામે જોઈ રહ્યો. અને ઠકરાણીની વિજયદષ્ટિ સામે ન જોતાં એ પગલાંને બે હાથે નમન કર્યું.

ક્ષત્રિય કરતાં શૂદ્ર ક્ષત્રિયના જ હૃદયમાં ઊંચા આસને બેઠો.

અઠવાડિયા પછી તુલાધારે ત્રીજો ચમત્કાર એ જ સ્થળે જોયો. પ્રત્યેક ગ્રામવાસી કરતાં વહેલા ઊઠી નર્મદાસ્નાન કરનાર તુલાધારે એ પ્રભાતે તો ચકિત થઈને થોડીક ક્ષણ સુધી વૃક્ષને નિહાળ્યું પણ ખરું. વૃક્ષ ઉપર સુવર્ણફળ અસંખ્ય લટકી રહ્યાં હતાં.

'આ સ્થળે શો ચમત્કાર થાય છે?...કોને માટે આ ચમત્કાર થાય છે?...પ્રભુ કોઈને કાંઈ આપી રહ્યો છે? કે તાવી રહ્યો છે?... એક દિવસ પકવાન, બીજે દિવસે પોશાક અને ત્રીજે દિવસે સુવર્ણફળ!...પ્રભુ ગામને આબાદી આપવા ઊતરતો દેખાય છે! પ્રભુનાં આવાં પગલાં આ ગામે નિત્ય ઊતરો!'

તુલાધારના મનમાં આવા વિચારો આજે ઊભરાઈ રહ્યા. રોજ કરતાં મંદિર પાસે તેઓ વધારે વાર ઊભા રહ્યા. ખાતરી કરવા માટે બીજી વાર સુવર્ણફળ તરફ દૃષ્ટિ કરી પણ ખરી. પરંતુ એ દૃષ્ટિમાં ન લોભ હતો, ન તૃષ્ણા હતી, ન આશા હતી. પ્રભુએ આ બધી વસ્તુઓ મૂકી હોય તોપણ પોતાને માટે મૂકી છે એવો ક્ષણભર પણ તેમને અંદેશો સુધ્ધાં આવ્યો નહિ. અને પ્રભુને સ્મરતાં, પ્રભુને પોતાના હૃદયમાં વધારે પ્રકટ કરતાં, પ્રભુમાં વધારે ને વધારે ઊંડા ઊતરતાં. ચમત્કારને પોતાના હૃદયમાં છૂપો રાખી, તેઓ ઝૂંપડીએ પહોંચ્યા અને આઠે પહોર ખાધાપીધા વગર ભજનકીર્તન જ કર્યા કર્યું. તુલાધારનાં પત્ની અને તેમના ભક્તોને તો એમ જ લાગ્યું કે તુલાધારને તે દિવસે કાંઈ પ્રભુનાં ચમત્કારભર્યાં દર્શન થયાં જ હતાં. કારણ તુલાધારની સતત કીર્તનભક્તિમાં પ્રભુનાં પ્રત્યક્ષ દર્શનની જ ભાવના ઊભરાઈ રહી હતી.

ચમત્કારના ઉકેલની ભક્તને પરવા ન હતી. ચમત્કાર હોય કે

ન હોય તોપણ પ્રભુ વગર પાંદડું પણ હાલતું નથી એવી શ્રદ્ધા ધરાવનારને જીવનમાં સર્વ વ્યવહાર પ્રભુની લીલારૂપ જ લાગે છે.

પરંતુ ગામના સર્વશ્રેષ્ઠ ધનપતિને તો આમાં પ્રભુના ભક્તનો ચમત્કાર વધારે દેખાયો. ધનપતિના કુટુંબને કોઈ ધર્મઊભરાની ક્ષણે એવો ખ્યાલ આવ્યો કે પોતાને ઘેર એક ભજનમંડળી રાત્રે બેસાડવી અને તેમાં તુલાધાર ભક્તને નોતરવા. તુલાધારે હરિજનોમાં એ રાત્રે ભજન માટે જવાનું કબૂલ કર્યું હતું. એટલે નમ્રતાપૂર્વક શેઠને ત્યાં જવાની ના પાડી. શેઠે કોઈ ધનિક માણસ પણ લલચાય એટલી ભેટ ધરવાનું કહેણ મોકલ્યું; પરંતુ એથી વધારે નમ્રતા સાથે તુલાધારે કહેણ નકાર્યું, અને એ જિલ્લાના જિલ્લા ખરીદી લેનાર શેઠનું અભિમાન ઘવાયું. પ્રભાતના પહોરમાં જ આ ભક્ત લલચાયા વગર રહે નહિ એવી યોજના કરવા માટે તેમણે એક આખું વૃક્ષ સોનાનાં ફળથી ભરી દીધું. શેઠ અને શેઠાણી બંને ભક્તની કસોટી કરવા માટે સંતાઈને ઊભાં રહ્યાં. તુલાધારે સુવર્ણફળ તરફ નજર કરી એટલે તેમને લાગ્યું કે ભક્ત લલચાયો. પ્રભુનાં દર્શન માટે એણે ચાર ડગલાં ભગનમંદિર તરફ ભર્યાં અને તેમને લાગ્યું કે હવે આ ભક્ત સુવર્ણફળ તોડવા માંડશે. સુવર્ણફળ લીધા વગર પાછા ફરતા ભક્તે સુવર્ણફળ તરફ આંગળી પણ ન ઉપાડી...! છતાં આગળ જઈને પણ ફરી ફળ તરફ દૃષ્ટિ કરી એટલે તેમને લાગ્યું કે ભક્ત ઉપર ધનનો હવે વિજય નક્કી થયો! પરંતુ પ્રભુની સાથે સુવર્ણફળના ચમત્કારને પણ નમન કરી તેમને અડક્યા વગર પાછા ફરેલા તુલાધારને નિહાળતાં શેઠશેઠાણીનું ધનઅભિમાન ગળી ગયું અને બંનેએ ભક્તનાં પડેલાં પગલાંમાંની ચપટી ધૂળ ઊંચકી પોતાને માથે મૂકી.

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એ ત્રણે કરતાં છેલ્લી વર્ણનો શૂદ્ર ઉચ્ચ કક્ષાનો નીવડ્યો. ચારે ય વર્ણ તુલાધાર ભક્તની ભક્ત બની ગઈ.

તુલાધારનું શું થયું? એ ગરીબ રહ્યો કે તવંગર બન્યો એ પૂછવાનો અધિકાર કોઈને હોઈ શકે?

પ્રભુએ તુલાધારને અને તુલાધારે પ્રભુને ઓળખ્યા !

ચક્રવર્તી કરતાં પણ પ્રભુમિલનનો વિજય નાનો હશે ખરો ? વેદપઠન કરતાં પ્રભુનાં દર્શન ઊતરતાં ગણાય ખરાં ?

વિશ્વભરની સંપત્તિ કરતાં પ્રભુમયતા નાની ગણાય ખરી ? તુલાધારે પ્રભુને મેળવ્યા હતા; એ ભક્ત હતો

# કમલનયના

## ૧

બંગાળમાંથી નવાબી નાબૂદ થઈ અને કંપની સરકારનું રાજ્ય સ્થાપન થયું. મુસ્લિમોનાં કે અંગ્રેજોનાં કોઈ પણ રાજ્યને સ્થાપન કરવામાં અને સુદૃઢ કરવામાં હિન્દુઓનો ફાળો ઘણો મોટો છે. એવા હિંદુઓને દેશદ્રોહી કે કૃતઘ્ન કહેવા હોય તો ભલે આપણે કહીએ, છતાં એ સત્ય હકીકત ઇતિહાસનોંધ્યા વગર તો ન જ રહે. બંગાળના એક શહેરમાં કંપની સરકારની સત્તા ચાલતી હતી; અને એ શહેરની મુલ્કી ફોજદારી હકૂમત ઠાકુર દેવીસિંહના હાથમાં હતી. દેવીસિંહ બાહોશ યુવાન હતો. કંપની સરકારની નવી મહેસૂલી અને બંદોબસ્તી વ્યવસ્થા સ્થિર કરવામાં એણે કંપની સરકારની દૃષ્ટિએ બહુ યશસ્વી ભાગ ભજવ્યો હતો. રાજ્યનું ઉત્પન્ન વધારે તે રાજ્યને વહાલો જ લાગે. દેવીસિંહ પણ કંપની સરકારનો એક માનીતો અમલદાર હતો. અને સરકારના માનીતા અમલદારને માગે એટલી છૂટ મળી પણ શકે છે—આજે જ નહિ, ભૂતકાળમાં પણ.

રાજદ્વારી પુરુષો બની શકે ત્યાં પ્રજાના માનીતા બનવાનો પ્રયત્ન કરવાનું ચૂકતા નથી. લોકપ્રિય થવાના વિવિધ માર્ગોમાં એક માર્ગ એ પણ છે, કે લોકોમાં પોતાની ધાર્મિકતાથી જબરદસ્ત છાપ પાડવી. ટીલાંટપકાંમાં અનેક દોષ ઢંકાઈ જાય છે. દેવીસિંહ યજ્ઞયાગાદિ કરતો —કરાવતો; બ્રાહ્મણોને દાન આપતો—અપાવતો; મંદિરોમાં જઈ દેવ દર્શન અને પૂજા પણ કરતો, અને પ્રભાતનો અમુક ભાગ સંધ્યાવંદન માટે ખાસ અલગ રાખતો—જે સમયે સંધ્યાવંદન સાથે ઈશ્વર-સ્મરણ પણ થાય અને પોતાની બહેતરી માટેના પ્રયોગો ગોઠવવાનું

સારું એકાંત પણ મળે. જમીનમહેસૂલ વધારવાની અને ઉઘરાવવાની બાબતમાં તેને કરવી પડતી સખતાઈ સામે આ ધર્મિષ્ઠપણાનો દેખાવ તેને ઠીકઠીક સહાયરૂપ બનતો. દેવીસિંહ ઘણો જુલમી છે એમ કોઈ કહેતું નીકળે તો તેને સામે જવાબ આપનાર પણ નીકળતું :

'ભાઈ! સરકારનો હુકમ હોય એમાં એ શું કરે? પરંતુ જોતા નથી એ કેટલો ધર્મિષ્ઠ છે તે? સવારસાંજ દેવદર્શને ગયા સિવાય તો દેવીસિંહ જમતો જ નથી.'

દેવદર્શન કરતાં પહેલાં દેવીસિંહ શું શું જમતો હતો એની ખબર સામાન્ય જનતાને તો ન જ પડે! અને બાહોશ અમલદાર આવી ખબર ઘરના ઉંબરાની બહાર જવા ન જ દે.

એક સંધ્યાકાળે નિત્યનિયમ પ્રમાણે ઠાકુર સાહેબ દેવીસિંહ એક દેવમંદિરની સાયંઆરતીનાં દર્શન કરવાને માટે પધાર્યા. દેવમંદિરમાં પણ અમલદારોને દર્શન કરવાને માટે વિશિષ્ટ સગવડ આપવી જ પડે છે દેવમંદિરમાં ભાવિકોની ગિરદી હતીઃ પરંતુ અમલદારની હાજરીમાં દેવમંદિરની ભીડ પણ ઓસરી જવી જોઈએ. મંદિરની આરતી ઉતારતા જગન્નાથ ભટ્ટ દેવની આરતી ઉતારે. દેવને આશકા આપી, ભક્તજનોને આરતીની ઉષ્મા આંખે અડાડવાનો લાભ આપવા ભક્તવૃંદ તરફ તેઓ વળ્યા—અને ત્યાં ભક્તોની ગિરદીથી ઠીકઠીક રક્ષાયેલા નગરના હાકેમ ઠાકુર દેવીસિંહને તેમણે નિહાળ્યા. સ્વાભાવિક રીતે જ આરતીનો પહેલો લાભ તેમને મળેલો હતો. જગન્નાથ આરતી લઈ દેવીવિંસંહ સામે ગયા. દેવીસિંહે નમન કરી આરતી ઉપર પોતાના બે હાથ ફેરવ્યા અને આરતીની ઉષ્મા આંખે અડાડી. પરંતુ દેવીસિંહની નજર આરતી ઉપર ન રહેતાં મંદિરના ગર્ભ ભાગમાં આવેલી મૂર્તિ તરફ હોય એમ જગન્નાથને લાગ્યું. આવા ભાવિક અમલદારની કદર કરતાં જગન્નાથ ભટ્ટે, દેવીસિંહ પ્રત્યે શુભેચ્છા દર્શાવવા; પાછળ ફરી દેવમૂર્તિને આર્જવભરી પ્રાર્થના કરવા વિચાર કર્યો તો તેમની નજરે તેમની પત્ની કમલનયના ઊભેલી દેખાઈ! દેવીસિંહમૂર્તિનાં દર્શન કરતા ન હતા, પરંતુ જગન્નાથ ભટ્ટની પદ્મિની

પત્ની કમલનયનાને આંખ ભરી નિહાળી રહ્યા હતા !

કદાચ એ અકસ્માત હશે. દેવીસિંહ ખરેખર દેવમૂર્તિમાં જ એકાગ્ર હશે. અને કમલનયના અણધારી જ દેવીસિંહની દૃષ્ટિ અને મૂર્તિ વચ્ચે આવી ગઈ હશે, એમ ધારી સજ્જન જગન્નાથ ભટ્ટે ભક્તમંડળીને આરતી આપવી શરૂ કરી; અને દેવીસિંહની વાત આખી ભૂલી ગયા. પરંતુ સત્તાધીશ ઠાકુર દેવીસિંહ કમલનયનના રૂપને ક્ષણભર ભૂલી શક્યા નહિ. દેવમૂર્તિનાં તો તેમણે દર્શન કર્યાં હતાં, પરંતુ દેવમૂર્તિ કરતાં પણ વધારે સુંદર કમલનયનાનું મુખારવિંદ તેમની આંખમાં ખૂંપી ગયું. અને તે આખી રાત નજરમાંથી ખસ્યું નહિ. રૂપનો નશો રૂપધારીઓને ચઢે છે એના કરતાં એને નિહાળનારને વધારે ચઢે છે. દેવીસિંહ પાસે અનેક પ્રકારનાં સાધનો હતાં, જે દ્વારા તેઓ કમલનયના કોણ હતી એની તલાશ ચલાવી શકે. મંદિરના પૂજારી અને નગરના વિદ્વાન જગન્નાથની કમલનયના પત્ની હતી એ માહિતી તો તેમને મળી. કમલનયના પતિપરાયણ સાધ્વી હતી, ધાર્મિક વૃત્તિવાળી હતી અને અત્યંત લાગણીભરી હતી; છતાં તેના પરિચિત મંડળમાં તેને માટે કોઈની આંખ વિકારી થઈ ન હતી એ વાત પણ તેમણે સાંભળી. એ વાત સાંભળી દેવીસિંહ મનમાં હસ્યા. પૈસો અને સત્તા સતીઓ અને સતિયાઓનાં મનને પણ ડગાવી શકે છે એવી દેવીસિંહની ખાતરી હતી. અને વધારે તપાસ કરતાં જગન્નાથ અને જગન્નાથના આખા મંદિરને તેઓ પાયમાલ કરી શકે એવી તેમને સહજમાં યુક્તિ પણ જડી આવી.

બાદશાહી વખતમાં જગન્નાથના પૂર્વજોને મંદિર અંગે સો વીઘાં જમીન મહેસૂલમાફીથી ચલાવવામાં આપી હતી. આજ સુધી એ મહેસૂલમાફી ચાલ્યા જ કરતી હતી. દેવીસિંહને એ વ્યવસ્થા સોંપાઈ હતી, એટલે તેનો લાભ લઈ દેવીસિંહે જગન્નાથ ભટ્ટને પોતાની હાજરીમાં બોલાવ્યા. ભટ્ટે તેમને આશીર્વાદ આપ્યા, ને પોતાનું યોગ્ય સન્માન થશે એમ પણ માની લીધું, કારણ દેવીસિંહે પોતાની ધાર્મિકતા માટે લોકોમાં ઠીક ઠીક છાપ પાડવા માંડી હતી. જગન્નાથને યોગ્ય

આસન આપવાને બદલે પોતાની સમક્ષ ઊભા રાખી દેવીસિંહે કહ્યું :

‘ જુઓ, ભટ્ટજી ! તમારી સો વીઘાં જમીન છે, નહિ ? ’

‘ હા, ઠાકુર સાહેબ ! બાદશાહી વખતથી એ જમીન અમારાં કુટુંબને મળી છે અને તે હજી ચાલ્યા કરે છે.’ જગન્નાથે જવાબ આપ્યો.

‘ એનું કાંઈ પણ મહેસૂલ તમે ભરતા નથી, ખરું ? ’

‘ ના જી ! અમારી સનંદ એ જમીનને મહેસૂલમાફીની જમીન ઠરાવે છે.’

‘ તો ભટ્ટજી ! સાંભળો. સનંદ આપનારા બાદશાહો તો ગયા; એમની જગ્યાએ કંપની સરકાર આવી છે. એ રાજ્ય પરદેશી અને ધર્મ પણ પરદેશી; એને તો ટુકડો જમીન પણ મહેસૂલમાફીથી કોઈને આપવી નથી. મારા ઉપર સરકારનો હુકમ આવ્યો છે કે પાછલી ત્રણ સાલ સાથે દર વીંઘે ત્રણ રૂપિયા દીઠ મહેસૂલ તમારી પાસેથી ઉઘરાવી લેવું.’ દેવીસિંહે સરકારી હુકમનું જોર જણાવ્યું.

‘ મહારાજ ! જૂની સરકારના કોલ નવી સરકારે પણ પાળવા જોઈએ. સૂર્યચંદ્ર તપે ત્યાં સુધીની આ બાંહેધરી છે.’ ભટ્ટે કહ્યું :

‘ હું બધું સમજું છું, પરંતુ સત્તા આગળ શાણપણ નિરર્થક છે. મને તો તત્કાલ વસૂલાતનો હુકમ મળ્યો છે, પરંતુ તમને હું ત્રણ દિવસની મહેતલ આપું છું. એમાં તમારે નવસો રૂપિયા કંપની સરકારના અને સો રૂપિયા મારું નજરાણું ભરી દેવું : નહિ તો ઘર અને મંદિર ઉપર જપ્તી થશે અને કદાચ તમને મારે હેડમાં બાંધવા પડશે.’ દેવીસિંહે માગણીની પાછળ પોતાની સત્તા શું શું કરવાને સમર્થ છે તે પણ દર્શાવી આપ્યું. ભટ્ટે ઘણી આજીજી કરી, સરકારમાં ફરી લખવાને માટે વિનંતી કરી, પરંતુ ભટ્ટનું કાંઈ વળ્યું નહિ અને હજાર રૂપિયા શોધતા તેઓ બેત્રણ દિવસ ગામમાં ફર્યા.

## ૨

દેવીસિંહને તો એવી જાળ રચવી હતી કે જેમાંથી તેમને

મિનાક્ષી કમલનયનાનો ભોગવટો મળે. પ્રથમ પગલું બરાબર હતું. બીજા પગલામાં તેમણે એવી યોજના કરી કે જગન્નાથ ભટ્ટને આખા નગરમાંથી પૂરી રકમ મળે જ નહિ. કોઈએ છાનેમાને સો રૂપિયા આપ્યા. કોઈએ દેવીસિંહના ડરથી ઉપરવટ થઈ બસો રૂપિયા આપ્યા, પરંતુ હજારને બદલે ત્રીજે દિવસે માત્ર પાંચસો જેટલી જ રકમ થઈ; જે લઈ જગન્નાથ દેવીસિંહ પાસે પહોંચ્યા અને કહ્યું :

'ઠાકુર સાહેબ! સરકારનો હુકમ હું માથે ચડાવું છું. સરકાર ધારો ભરીને પણ મારી જમીન મારે ખાતે જ રાખવી છે. પરંતુ આ ત્રણ દિવસમાં હું અરધી જ રકમ ભેગી કરી શક્યો છું તે આપ જમા કરો, ને બાકીની રકમ માટે મને મહેતલ આપો.'

'મહેતલ? જમીનમહેસૂલમાં મહેતલ આપી શકાય જ નહિ. ત્રણ વરસની તો બાકી નીકળે છે, ને તમારા સરખા મંદિરના માલિકને મહેતલ કેવી?' દેવીસિંહે જવાબ આપ્યો.

'ઠાકુર સાહેબ! હું મંદિરનો માલિક નથી; હું તો માત્ર વ્યવસ્થાપક છું. મિલકત તો ભગવાનની છે.'

મિલકત ભગવાનની હશે તો ભગવાન સરકારનું મહેસૂલ ભરશે. સગા બાપને પણ વેરાનમાં ન છોડનાર કંપની સરકાર તમારાં દેવદેવલાંથી ડરી જશે શું?' દેવીસિંહે કહ્યું. આવેલા પાંચસો રૂપિયા પોતાના ખિસ્સામાં જમે કર્યા અને બાકીની રકમ તત્કાળ લાવવા માટે જગન્નાથને છૂટા મૂક્યા.

ઘેર આવી અત્યાર સુધી ન કહેલી વાત જગન્નાથે પત્નીને કહી. પત્નીની આંખ જરા ચમકી. પતિને તેણે કહ્યું :

'આપણા ઠાકુર સાહેબ દેવદર્શને આવે છે તો ખરા, પણ તે દેવનાં દર્શનને બદલે સ્ત્રીઓનાં રૂપનું દર્શન કરતાં હોય એમ મને લાગે છે.' કમલનયનાએ દેવીસિંહની દૃષ્ટિ ક્યારની પારખી લીધી હતી.

'પ્રભુ એમને સદ્‌બુદ્ધિ આપો.' જગન્નાથ ભટ્ટે કહ્યું. અને પ્રભુ ઉપર શ્રદ્ધા રાખી જગન્નાથ પંડિતે રાત્રિ વિતાવી. પરંતુ પ્રભાત થતાં જ ઠાકુર દેવીસિંહનાં માણસો મંદિરને ઘેરી વળ્યાં અને મહેસૂલ

પૂરું ન આપવા બદલ જગન્નાથ ભટ્ટને કેદ કરી લઈ જવામાં આવ્યા.

પત્ની તથા બાળકોને માથે મંદિરની વ્યવસ્થા ને દેવપૂજનની જવાબદારી આવી પડી. એ મંદિર ઉપર હાકેમનો રોષ હતો એટલે ભક્તોએ પણ એ મંદિરમાં અવરજવર ઓછી કરી નાખી. પંદર દિવસમાં તો મંદિરની આવક એટલી ઓછી થઈ ગઈ કે કમલા ને બાળકો નિરાધાર બની ગયાં. અને નિરાધાર ભારતીય નારીઓને સનાતન આશ્રય સરખા ચરખા ને દળણાં-ખાંડણાંનો આશ્રય કમલનયનાને લેવો પડ્યો. ભક્તો તો ઓછા થઈ ગયા. છતાં ઠાકુર દેવીસિંહ કદી કદી એ મંદિરમાં દર્શનાર્થે આવતા અને કમલાને બદલે તેના મોટા પુત્ર રામનાથને નિહાળી દર્શન કરી પાછા ચાલ્યા જતા. રામનાથે માતાને આ હકીકત કહી, એટલે દર્શન સમયની દેવપૂજા વખતે કમલનયનાએ દેવગૃહમાં આવવાનું સમૂળગું બંધ કર્યું. મંદિરમાં કોઈ જ ન આવે એવી દેવીસિંહની ધાકધમકી ચાલતી હતી એના સમાચાર પણ કમલનયનાને કાને અથડાતા થયા.

અલબત્ત, પૂજા–આરતી તો ચાલુ જ હતાં. રાત્રિની શયનઆરતી વખતે એક દિવસ દેવીસિંહ આવ્યા અને તેમણે દેવ પાસે મોટાઈ–પૂર્વક એક રૂપિયો ફેંકી રામનાથના હાથમાં બીજો રૂપિયો મૂકી એને પૂછ્યું :

'છોકરા ! તારી મા ક્યાં છે ?'

'અંદર અમારી કોટડીમાં બેઠી રડે છે.' રામનાથે જવાબ આપ્યો.

'એને જઈને કહે કે એને રડવું ન પડે એવો એક રસ્તો હું શોધી આવ્યો છું. તારા બાપ મઝામાં છે.' દેવીસિંહે કહ્યું.

'પ્રભુ તમારું કલ્યાણ કરો !' બાળકે કહ્યું

'પ્રભુને ફાવે તે પ્રભુ કરશે. તું જરા ઝડપથી જા અને તારી

માને અહીં મોકલીદે...તમે પાછા ભેગા ન આવશો.' દેવીસિંહે આજ્ઞા કરી. અને થોડીક ક્ષણો બાદ કમલનયના મર્યાદાપૂર્વક આવી, નમસ્કાર કરી, દેવીસિંહ સામે ઊભી રહી. દેવીસિંહે કમલનયનાનું

ઝાંખું પડતું રૂપ જોયું...ધારી ધારીને જોયું અને કહ્યું :

'તમારા પતિને કેદમાં રાખવા પડ્યા છે એથી મને બેહુ ખેદ થાય છે.'

'હા, જી. આપ તો ધાર્મિક પુરુષ છો. આપનો ઇલાજ નહિ ચાલ્યો હોય ત્યારે જ આપે મારા પતિને કેદખાનામાં પૂર્યા હશે.' કમલનયનાએ કહ્યું.

'એમ જ હતું. પરંતુ હું તમને ઉપયોગી થઈ પડવાનો પ્રયત્ન કર્યા જ કરું છું.' દેવીસિંહે કહ્યું.

'આપની હાકેમી પ્રભુ કાયમ રાખશે.'

'તમારી જમીન ઉપરનું મહેસૂલ માફ પણ થઈ શકશે અને જમા કરેલા તમારા પૈસા હું તમને પાછા પણ આપી શકીશ.'

'આવા શુભ સમાચાર માટે પ્રભુ તમારું ભલું કરો...પરંતુ મારા પતિને આપ છૂટા મૂકો એટલે મને સ્વર્ગ મળ્યું એમ હું માનીશ.'

'એ પણ બની શકશે, એટલું જ નહિ પરંતુ હું એમને આખા નગરના મુખ્ય પુરોહિત પણ બનાવી શકીશ.' દેવીસિંહે આગળ વધીને કમલનયનાને લાલચ આપી. આ કૃપાની પાછળ કઈ વૃત્તિ રહી છે એનો ખ્યાલ તો કમલનયનાને ક્યારનો આવી ગયો હતો. પરંતુ હજી સુધી દેવીસિંહે વાંધો લઈ શકાય એવી એક પણ સૂચના કરી ન હતી–સિવાય કે એની આંખ ને એના મુખ ઉપર એ સૂચનાની રેખાઓ ઊપસી આવેલી કમલનયનાએ ક્યારની જોઈ હતી. નગરના મુખ્ય પુરોહિત બનાવવાની વાત કમલનયનાએ સાંભળી એટલે એને પણ કહેવું પડ્યું :

'ઠાકુરર સાહેબ ! આવી સજ્જનતા માટે આશીર્વાદ સિવાય હું બીજું શું આપી શકું ?'

'કમલનયના ! હવે તને ધીમે ધીમે સમજ પડતી જાય છે કે તારી પાસે આશીર્વાદ સિવાય બદલામાં ઘણું ઘણું આપવાનું છે જ.' દેવીસિંહે કમલનયનાના વક્તવ્યનો આ ઢબે ઉપયોગ કર્યો અને પોતાની વૃત્તિ દર્શાવવાનો મોકો મેળવ્યો.

'બીજું કાંઈ નથી મારી પાસે, હાકેમ સાહેબ! અમે તો ગરીબ માનવી રહ્યાં—આપનાં બચ્ચાં સરખાં ?'

'સહુએ—ગરીબે અને તવંગરે—હાકેમને ખંડણી કે કર આપવો તો જોઈએ ને ? હું તારા કુટુંબને એકદમ સુખી કરી શકું એમ છું, જો તું મારી એક વાત કબૂલ રાખે તો.'

'એવી કઈ વાત છે, જે આપ કહો ને હું કબૂલ ન કરી શકું ? આપ એવું કંઈ કહેશો જ નહિ એવી મારી ખાતરી છે.'

'તું સમજે તો બહુ નાની સરખી વાત છે. અઠવાડિયામાં એક દિવસ તું મારે મહેલે આવ, રાત્રિ મારી સાથે ગાળ, અને બીજી સવારે તારી દેવસેવા માટે તારે મંદિરે પાછી ચાલી જા. અઠવાડિયામાં એક દિવસ કરતાં હું વધારે કંઈ માગતો નથી.' દેવીસિંહ ધીમે ધીમે મક્કમપણે ને ભાર મૂકીને પોતાની હકીકત કમલનયનાને કહી સંભળાવી.

કમલનયનાની આંખમાં વીજળી ચમકી ઊઠી. છતાં એ વીજળીને પોતાના હૃદયમાં સમાવીને તેણે જવાબ આપ્યો :

'ઠાકુર સાહેબ! એ વસ્તુ મારા કે તમારા શબ ઉપર જ બની શકે. હું આઠે પહોર કટાર સાથે રાખીને જ ફરું છું.'

'કટાર! વારુ. કટાર શું કરી શકે છે તેની તને કાલે જ સમજ પડી જશે...જો આજ રાત્રે મારા કહ્યા પ્રમાણે તું નહિ આવે તો.' દેવીસિંહે સામી ધમકી આપી.

'ઠાકુર સાહેબ! આપનું સ્થાન તો રાજમહેલ છે, જાહેર સ્થાન છે, દેવદર્શન સરખું સ્થાન છે. એમાં રાત્રે મારાથી કેમ અવાય ?' કમલનયનાએ જવાબ આપ્યો.

'એની તું ચિંતા ન રાખીશ. હું શયનગૃહમાં હોઉં કે સિંહાસન ઉપર હોઉં, તને ત્યાં આવતાં કોઈ પણ ન રોકે એવો બંદોબસ્ત આજે થઈ જ ગયો છે એમ માનજે.'

'વારુ.' કહી કમલનયનાએ મુખ ફેરવી લીધું. દેવીસિંહે ધાર્યું કે તેના પ્રેમને સ્વીકારતી આ લાવણ્યવતી લલના જરા શરમાઈ અને

મુખ ફેરવી ઊભી રહી છે. આશાના ઉલ્લાસમાં હીંચતો દેવીસિંહ પોતાના મહેલમાં આવ્યો. રાત્રિના પહેલા પ્રહરે કમલનયના આવે એમ તો એણે કદી ધાર્યું ન હતું. રાત્રિના બીજા પ્રહરનાં ચોઘડિયાં વાગતાં જ તેને લાગ્યું કે હવે કોઈ પણ ક્ષણે કમલનયના તેની પાસે આવ્યા વગર રહેશે નહિ. તેને લાવવા માટે અને તેની સત્કાર માટે દેવીસિંહે સંપૂર્ણ તૈયારી કરી રાખી હતી, અને પોતાના પ્રેમને પાનો ચડે એ ઢબે એણે મદિરાનું પણ ઠીક ઠીક સેવન કર્યું હતું.

## ૩

મદિરા કાં તો ઊંઘાડે કે જગાડે—જે ઉદ્દેશથી મદિરા પીધો હોય તે ઉદ્દેશ પ્રમાણે ! મદિરા અને મદિરાક્ષીની ઝંખના તેને ક્ષણભર પણ નિદ્રા આવવા દે એમ હતું નહિ. વિવશ બનેલા દેવીસિંહે બારણામાંથી જોયું, બની શકે એટલી પૂછપરછ કરી, પરંતુ બીજો પહોર વીતી જવા છતાં કમલનયના તેને મહેલે આવી નહિ. કાંઈ કારણ બન્યું હશે, મહેમાન આવી ચઢ્યા હશે, તેનું એકાદ બાળક જાગી ઊઠ્યું હશે, એવાં એવાં કારણો શોધી દેવીસિંહે રાત્રિના ત્રીજા પહોરમાં પ્રવેશ કર્યો. પરંતુ એ ત્રીજો પ્રહર પણ નિષ્ફળ ગયો. અને ચોથો પ્રહર થતાં તેના પ્રેમે વિકળતાનું અને ક્રોધનું સ્વરૂપ ધારણ કર્યું. તેનું ચાલત તો તે કમલનયનાને પોતાના અનુચરો મારફત ઉપાડી મંગાવત પણ ખરો. પરંતુ હજી પ્રભાત થઈ ન હતું ત્યાં સુધી અંધકારમાં દેવીસિંહની આશા ઓસરી ગઈ હતી. આશા જેમ જેમ તીવ્ર બનતી જાય છે તેમ તેમ આશા નિષ્ફળતા માનવીને ઘેલો બનાવતી જાય છે. પ્રભાતનાં પક્ષી બોલ્યાં, અરુણનો ઉદય થયો, સૂર્યનું પહેલું કિરણ પૃથ્વી ઊતર્યું, એ સાથે જ આખી રાતની જાગ્રતાવસ્થાથી—કં અતૃપ્ત વાંચ્છનાથી—વ્યગ્ર બનેલા દેવીસિંહે કોઈ અજબ પ્રકાર.. ઘેલછા અનુભવી. તેણે આજ્ઞા આપી કે તેના અનુચરે જગન્નાથ પંડિતનું મસ્તક કાપી, દેવસેવામાં રોકાયેલી કમલનયનાને, એક

થાળીમાં ઢાંકીને મોકલી દેવું.

આજ્ઞા આપી ઊંઘથી ઘેરાયેલો દેવીસિંહ સૂઈ ગયો. ગાઢ નિદ્રામાં તે કેટલી વાર સુધી સૂઈ રહ્યો તેનું તેને ભાન રહ્યું નહિ. દિવસ ચડ્યો. દરબારનું કામકાજ કરવાનો સમય થયો. પરંતુ નિદ્રાધીન દેવીસિંહને જાગ્રત કરવાની કોઈની હિંમત ચાલી નહિ.

છતાં ઘેનની, થાકની, કે રોષની નિદ્રાને પણ મર્યાદા હોય છે. પ્રભાત ક્યારનું વીતી ગયું, અને સૂર્ય બીજા પ્રહરમાં પ્રવેશ કરવાની તૈયારી કરતો હતો એટલામાં દેવીસિંહની આંખ ઊઘડી. આંખ ઊઘડતાં બરોબર તેને કમલનયના એકદમ યાદ આવી. પરંતુ કમલનયનાને જોવાને બદલે તેણે પોતાના એક અનુચરને તેની જાગવાની રાહ જોતો ઊભેલો દીઠો. સુંદર સ્ત્રીને નિહાળવાની આશામાં જાગતા પુરુષને કદરૂપો પુરુષ સામે ઊભેલો દેખાય તે જરા પણ ગમે નહિ જ. દેવીસિંહે ક્રોધથી પૂછ્યું :

‘તું કેમ સામે ઊભો છે?’

‘મહારાજ! આપની આજ્ઞા લેવાની છે.’ અનુચરે હાથ જોડી જવાબ આપ્યો.’

‘શાની આજ્ઞા?’

‘સરકાર! એક સ્ત્રી આપને મળવા આવી છે.’ અનુચરે કહ્યું. રાતના અને દિવસના અનુચરો જુદા હોવાથી આ દિવસના અનુચરને ગઈ રાત્રિની આનંદી યોજનાનો વિગતવાર ખ્યાલ હતો નહિ.

‘એનું નામ શું?’ દેવીસિંહે જરા આતુરતાથી પૂછ્યું.

‘કમલનયના.’ અનુચરે જવાબ આપ્યો.

‘એને બેસાડી કેમ રાખી છે...? જા, જા, એને જલદી અહીં મોકલી દે. એને આવવા માટે પરવાનગીની જરૂર નથી.’

‘પણ...’

‘પણ—બણ કંઈ નહિ. એક પણ અક્ષર બોલ્યા વગર તું જા અને કમલનયનાને અહીં મારી સામે લઈ આવ.’ દેવીસિંહે આતુરતા બતાવી.

'સરકાર!...'

'તને કહ્યું ને કે તું એક અક્ષર પણ બોલ્યા વગર એને અહીં લઈ આવ! જો, અને ક્ષણનો પણ વિલંબ કર્યા વગર એને અહીં લાવ...હજી ઊભો છે?' કહી દેવીસિંહે પોતાના પલંગ પાસે પડેલી ચાંદીની ફૂલદાની ઉઠાવીને અનુચરના માથા તરફ ફેંકી. તે તેને વાગી પણ ખરી. અનુચર ઝડપથી ખંડની બહાર ચાલ્યો ગયો, અને થોડી જ ક્ષણમાં કમલનયના હાથમાં સુંદર થાળ લઈ દેવીસિંહના સુશોભિત ખંડમાં દાખલ થઈ. કમલનયનાનો મુખવટો અત્યારે બદલાઈ ગયો હતો. તેના કેશ છૂટા હતા. તેને કપાળે કંકુ ભરેલું હતું. તેણે સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કરેલાં હતાં, જે તેની સુંદરતા સાથે તેની ભયંકરતાને પણ વધારી રહ્યાં હતાં.

'છેવટે તું આવી ખરી, કમલનયના!' દેવીસિંહ બોલી ઊઠ્યો.

'હા, ઠાકુર સાહેબ! છેવટે હું આવી છું. મારું આવવું અને તમારું જીવવું એ બંને હવે છેવટનાં જ છે.' કમલનયનાએ જવાબ આપ્યો.

'કેમ? આમ કેમ બોલે છે? આ બધો વિચિત્ર વેશ ધારણ કરીને કેમ આવી છે?'

'ઠાકુર સાહેબ! તમને ખબર નહિ હોય તો હું જણાવું કે મારે મારા પ્રેમીઓની એક રૂંઢમાળ પહેરવી છે.'

'સમજાય એવું બોલ.'

'મારા એક પ્રેમીનું મસ્તક આપે મને ભેટ મોકલાવ્યું. બીજા મારા પ્રેમી તમે. હવે તમારું મસ્તક લેવા હું જાતે આવી છું. એને માટે તમારી જે તૈયારી કરવી હોય તે કરી લો.' કમલનયનાના મુખ ઉપરની ક્રૂરતા વધતી જતી હોય એમ દેવીસિંહને દેખાયું. તેના ગૂંચવણમાં પડેલા મગજને અત્યારે ઝાંખું ઝાંખું એ પણ યાદ આવ્યું કે પ્રભાતમાં સૂતા પહેલાં દેવીસિંહે પોતે જ જગન્નાથ ભટ્ટનું મસ્તક કાપી કમલનયનાને ભેટ મોકલવાનું કોઈ અનુચરને કહ્યું પણ હતું. એ હુકમ જરાક કમનસીબ હતો એમ તેને અત્યારે લાગ્યું. કદાચ

આવા ક્રૂર હુકમને બદલે બીજી કાંઈ આકર્ષક ભેટ મોકલી હોત તો સ્ત્રીહૃદય વહેલું જિતાયું હોત પરંતુ હાકેમના હુકમો થઈ જાય છે ને તે અમલમાં પણ મુકાઈ જાય છે. એકાદ માનવજંતુ એના હુકમને આધારે કચરાઈ, ભીંસાઈ, અલોપ થઈ જાય તો તેમાં સેંકડો, હજારો અને લાખો માનવીઓ ઉપર સત્તા ભોગવતા હાકેમને બહુ અરેકારો રાખવાની જરૂર ન હતી. વીરત્વભરી હાકેમી છૂટા પડેલાં ધડ-ડોકાથી વ્યથિત થવી ન જ જોઈએ. દેવીસિંહે ખડખડ હાસ્ય કર્યું અને કમલનયનાને કહ્યું :

'હું હાકેમ છું. મારો બોલ હતો કે તું રાત્રિએ નહિ આવે તો કટારનો પરચો તને થશે...હવે જે થયું તે ભૂલી જા, અને મારી આજ્ઞા પ્રમાણે વર્તવાનું શરૂ કર.'

'હા જી. હું આપને દસ-પંદર ક્ષણ આપું છું એટલી ક્ષણ પછી તમે અને હું જે થયું તે ભૂલી જઈશું. પરંતુ તમને યાદ હશે કે મેં મારો પણ બોલ તમને કહ્યો હતો અને એ બોલ સાચો પાડવા માટે જ હું અહીં આવી છું.' કમલનયનાએ કહ્યું. અને તેના બોલમાં અને તેની આંખમાં પ્રત્યેક ક્ષણે ધમકી વધતી જતી હતી.

'કયો બોલ ?'

'સંભારી આપું ? હું આઠે પ્રહર કટાર સાથે રાખીને ફરું છું.' કમલનયનાએ કહ્યું ને તેણે પોતાના વસ્ત્રમાં છુપાવેલી કટાર બહાર કાઢી ને એ બે ડગલાં આગળ વધી. દેવીસિંહ હવે ચમક્યો. તેને લાગ્યું કે તેણે પોતાની આસપાસ પોતાના અનુચરોને રાખ્યા હોત તો વધારે સારું થાત. ઘેલછાભરી એક ચંડિકા સામે તે એકલો જ હતો. તેણે એકાએક જોરથી બૂમ પાડી અને કહ્યું :

'અરે, કોણ છે ? જે હો તે અહીં આવો અને આ ખૂની સ્ત્રીને પકડો.'

એ બૂમ આખા રાજમહેલમાં ફરી વળી. બૂમ સાંભળીને રક્ષકો, અનુચરો, કારિંદાઓ અને અંતઃપુરની સ્ત્રીઓ દોડીને દેવીસિંહના શયનખંડમાં આવી પહોંચ્યાં ખરાં; પરંતુ આવતાં બરાબર તેમણે

જોયું તો કમલનયના દેવીસિંહના ધડથી છૂટા પડેલા મસ્તકના વાળ પકડી ઊભી ઊભી ખડખડ હસી રહી હતી. તેની પાસે જવાની કોઈની હિંમત ચાલી નહિ. કમલનયના હસી રહી. દેવીસિંહનું મસ્તક એણે થાળમાં મૂક્યું.

એ થાળમાં બીજું મસ્તક પણ હતું. જાણકારોએ જાણી લીધું કે કમલનયનાના પતિ જગન્નાથ ભટ્ટનું એ મસ્તક હતું, અને તે પ્રભાતમાં કમલનયનાને ભેટ મોકલવામાં આવ્યું હતું. દેવીસિંહને તેના કૃત્યનો બદલો મળી ચૂક્યો હતો!

વિશાળ થાળીમાં બંને મસ્તકો મૂકી, લોહીનીગળતી કટાર હાથમાં રાખી, કમલનયના ખંડની બહાર નીકળી અને દેવીસિંહના મહેલના દરવાજા ઉપર આવીને ઊભી રહી. આશ્ચર્યસ્તબ્ધ જનતા ત્યાં ભેગી થઈ. મહેલનાં માણસો તો ત્યાં હતાં જ. એ સર્વના દેખતાં મહેલનાં પગથિયાં ઉપર ઊભી રહી કમલનયનાએ 'જય અંબે'ની એક તીણી ચીસ પાડી અને લોહીનીગળતી કટાર તેણે પોતાના હૃદયમાં ખોસી દીધી. તેનો દેહ અમળાઈ પડ્યો. પરંતુ તે અમળાઈ પડતાં પહેલાં તેના મુખે ઉચ્ચારણ કર્યું:

'હાકેમી એટલે? પ્રેમહત્યા! બ્રહ્મહત્યા! રાજહત્યા! અને સ્ત્રીહત્યા! મા! દુનિયાને સાચી હાકેમી આપ।'

આખું નગર સતીનાં દર્શને ઊપડ્યું. કમલનયના અને જગન્નાથ ભટ્ટનાં શબને પાસેના જ ચોગાનમાં સાથે બાળવામાં આવ્યાં.

એથી સહેજ દૂર દેવીસિંહના શબને પણ બાળવામાં આવ્યું. પાપભર્યાં શબ પણ અગ્નિને તો ભાવે જ.

થોડે દિવસે બંને ચિતાઓને સ્થાને બે નાની દેરીઓ રચાઈ. એક દેરીમાં સતી કમલનયના અને જગન્નાથ ભટ્ટના બે પાળિયા ઊભા કરવામાં આવ્યા.

બીજી દેરીમાં દેવીસિંહનો એક પથ્થરપાળિયો ઊભો કરવામાં આવ્યો.

એ બંને દેરીઓની પૂજનવિધિ આ પ્રસંગને હજી સુધી સજીવન

બનાવી રહી છે.

સતીની દેરીમાં પૂજા થાય છે, નમન થાય છે અને સ્તોત્રો ઉચ્ચારાય છે.

પરંતુ જ્યાં સુધી દેવીસિંહની દેરીમાં દેવીસિંહના પાળિયાને પૂજા કરનાર પાંચ વાર ચામડાંના પગરખાંનો પ્રહાર ન કરે, ત્યાં સુધી પૂજા ફળીભૂત થતી નથી એવી લોકવાયકા આજ પણ ચાલુ છે.

આજ પણ સતીની દેરીમાં પૂજા થાય છે અને દેવીસિંહની છત્રીમાં દેવીસિંહના પાળિયાને ભક્તોના પાંચ પાંચ જોડા પણ પડે છે.*

+ બંગાળની એક દંતકથાનું વસ્તુ લઈ આ વાર્તા રચાઈ

# મોક્ષ

## પતિ–પત્ની–પુત્રની ત્રિરેખા

૧

પ્રાચીન આર્ય યૌવનને તપનો ભારે શોખ. વનશ્રી ચારે પાસ ખીલી રહી હોય, સૃષ્ટિસૌંદર્ય સૃષ્ટિમાં સમાતું ન હોય. નદીઓ ખળખળ વહી રહી હોય, સુરીલાં પક્ષીઓ સંગીત વહાવી રહ્યાં હોય, અને એકાંત યૌવનને બહેકાવવા જાળ પાથરી રહ્યું હોય ત્યારે પણ આર્ય યુવકને તપ ગમે, સૌંદર્યના સર્જક તત્ત્વને શોધવાનું ગમે અને સૌંદર્ય કરતાં સૌંદર્યના અધિષ્ઠાનરૂપ બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનું ગમે.

એવો એક તપસ્વી કર્દમ, સિદ્ધક્ષેત્રની એક વનમાલામાં એકાંતિક પદ્માસન વાળી તપ કરતો બેઠો હતો, અને આખી સૃષ્ટિને સમેટીને સૃષ્ટિના અર્કરૂપ કોઈ મહાતત્ત્વની સાથે એકતા સાધી રહ્યો હતો. એકાએક તેને કાને કંઈક સાદ સંભળાયો અને તેની આંખ ઊઘડી ગઈ. આંખે કશું જોયું તો નહિ, પરંતુ કાને સંબોધન સાંભળ્યા કર્યું : 'કર્દમ ! કર્દમ !'

તપ કરતા યુવકનું નામ કર્દમ જ હતું. તેણે ચારે પાસ નજર નાખી, દેખાયું તો કોઈ નહિ, પરંતુ સાદ સંભળાયા કર્યો : 'કર્દમ ! કર્દમ !'

'આપ કોણ છો ? મને કેમ બોલાવો છો ? મારું ધ્યાન આપના સંબોધનથી ખંડિત થાય છે.' કર્દમે સામે સાદ કર્યો.

'તું જેનું ધ્યાન કરે છે તે જ હું છું.' જવાબ મળ્યો.

'શું આપ પરબ્રહ્મ છો ? તો મને પ્રત્યક્ષ થાઓ.'

'પરબ્રહ્મનાં વિશિષ્ટ સ્વરૂપો હોય છે. કહે, કયે સ્વરૂપે હું વ્યક્ત થાઉં ?'

'બ્રહ્માનાં તો મને દર્શન થયાં છે. વિષ્ણુદર્શન માગું ?'

'ભલે, તને વિષ્ણુદર્શન થશે જ. પરંતુ બ્રહ્માએ તને શી આજ્ઞા આપી હતી તે તને યાદ છે ખરી ?' અગમ્ય સાદે કહ્યું.

'હેં ! હા હા; મને પ્રજા ઉત્પન્ન કરી પ્રજાપતિ બનવાની આજ્ઞા બ્રહ્માએ આપી હતી !' કર્દમે જવાબ આપ્યો.

'અને તેને બદલે તું એકલો એકલો તપ કરી રહ્યો છે ! તપ સારું છે, સાચું છે પરંતુ જરૂર પડે ત્યારે પ્રજોત્પત્તિ કરી, જીવન પ્રવાહને ચાલુ રાખવો એ પણ તપકાર્ય બની રહે છે.' અદૃશ્ય દેવનો સાદ સંભળાયો.

'વાત સાચી, પ્રભો ! પરંતુ જીવનને સૌંદર્ય બનાવે એવી પત્ની અને પરબ્રહ્મને માનવાકાર આપે એવો પુત્ર મળે તો પ્રજોત્પત્તિનો કંઈ અર્થ. માનવ જંતુઓ ઉપજાવવા માટે બે-પાંચ વર્ષમાં સૌંદર્ય અને વિલાસ ખંખેરી નાખતી અલ્પયૌવના સ્ત્રી સાથે સંસાર માંડવામાં શો અર્થ રહ્યો છે, પ્રભો ? યુવાન તપસ્વી કર્દમે પોતાની પ્રજાપતિની વ્યાખ્યાને સ્પષ્ટ કરી.

અવકાશમાં અમૂર્ત પણ મધુર હાસ્ય ગુંજી રહ્યું. હસતાં હસતાં અદૃશ્ય પ્રભુએ પૂછ્યું :

'તો તારી વાંછના સ્પષ્ટ કર. હું તે તૃપ્ત કરીશ.'

'ભગવાન ! આપ મને પ્રજાપતિ બનવાની આજ્ઞા આપતા હો તો આપ પોતે જ મારા પુત્ર બનીને અવતાર ધારણ કરો. પ્રભુને જન્માવી ન શકે એ પ્રજાપતિ, પ્રજાપતિ નામને યોગ્ય નથી.' યુવાન કર્દમે પ્રભુને જ પકડચા.

અદૃશ્ય દેવ હજી પણ વધારે રાજી થયા અને તેમણે કહ્યું :

'કર્દમ ! તેં તો તપ કરીને પ્રજાપતિની પાત્રતા સિદ્ધ કરી છે. તારા પુત્રરૂપે અવતાર ધારણ કરવામાં હું જરા યે શરમાઈશ નહિ. મારું વરદાન છે કે હું તારા પુત્રરૂપે જન્મ ધારણ કરીશ.'

'મારું અહોભાગ્ય !...પણ પ્રભો ! આપને જન્મ આપે એવી કોઈ તેજસ્વી પત્ની હું ન મેળવું ત્યાં સુધી તો આપનો અવતાર અસંભવિત જ રહે ને ?' કર્દમે પ્રજાપતિ બનવાની પાત્રતામાં જનન શાસ્ત્રનું પણ જ્ઞાન બતાવ્યું અદશ્ય પ્રભુને ફરી પાછા હસાવ્યા.

'સમજ્યો, સમજ્યો, યુવાન કર્દમ ! ત્રણ દિવસમાં જ તારી પાસે તારી ભાવિ પત્ની આવે છે. ત્રણ દિવસમાં જે યુવતી તારી આંખને ખેંચે તે યુવતી તારી પત્ની બનશે...અને તે એવી પત્ની બનશે કે જેની રસભાવના તારા સંન્યાસથી પણ આગળ દોડતી હશે. બસ ને ? સતત સૌંદર્ય અને સતત યૌવનવતી સ્ત્રી વગર હું કેમ કરીને જન્મ લઈ શકું ?...કારણ હું પોતે જ ચિરંજીવી સૌંદર્ય અને ચિરંજીવી યૌવન છું. જા આશ્રમમાં, અને પત્નીની રાહ જોતો બેસ ...બને તો તારો ભુલાઈ ગયેલો રસશાસ્ત્રનો અભ્યાસ યાદ કરી જો !' પ્રભુનો જવાબ મળ્યો અને સાદ આસરી ગયો.

કર્દમને પણ લાગ્યું કે પ્રભુ તપના ફળરૂપે પ્રગટ થયા અને પોતાને બ્રહ્મમય બનવાને બદલે જીવનનું સાતત્ય રચવાની આજ્ઞા આપતા ગયા.

એ તે સાચેસાચ પ્રભુ—વિષ્ણુ ભગવાન—હશે ? કે આ અદ્‌ભુત વનનું સૌંદર્ય બોલી ઊઠ્યું હશે ?

કદાચ કર્દમના યૌવને તો આ ટહુકો નહિ કર્યો હોય ? તો ય શું ? પ્રભુનું સ્વરૂપ ધારણ કરીને યૌવન બોલ્યું તોપણ તે પ્રભુનો જ સાદ હતો. પ્રભુનો સાચો સાદ હોય તો ત્રણ દિવસમાં તેની આંખને આકર્ષતી કોઈ સુંદરી તેને મળ્યા વગર નહિ જ રહે.

પરબ્રહ્મની એકતા સાધતો યુવાન મુનિ કોઈ યુવતીની રાહ જોવા લાગ્યો. પ્રભુને મેળવવાના કેટકેટલા ય માર્ગો હોય છે. સૌંદર્યદર્શન અને સૌંદર્ય ઉપભોગ એ પણ પ્રભુને પામવાનાં પગથિયાંમાંનું એક નહિ હોય એમ કોણ કહી શકે ? તેના આશ્રમમાં મયૂર ટહુકવા લાગ્યા. કોકિલાનાં કૂજન રેલાવા લાગ્યાં, અરે બપૈયા પિયુ પિયુ બોલતા ઊડવા પણ લાગ્યા.

## ૨

યુવાન કર્દમ સ્નાન કરી જલાશયને કિનારે એક સંધ્યાટાણે સાયં-ધ્યાન ધરી રહ્યો હતો. ધ્યાનસ્થ મુનિના ખભા ઉપર બિખરાયેલા કેશ એના સ્ફટિક ઉજ્જ્વલ દેહને એક રંગપીઠ આપી રહ્યા હતા. સશક્ત સીધો દેહ જાણે આથમતા સૂર્યને બદલે ઊગતા ચંદ્રને શોધી લાવતો હોય એવો સામર્થ્યવાન દેખાતો હતો. સૃષ્ટિસૌંદર્ય ભર્યું ભર્યું વેરાતું હતું તેની જાણે પરવા ન હોય એમ આંખ મીંચી ધ્યાન ધરી રહેલા કર્દમે સંધ્યા પૂર્ણ થતાં આંખ ઉઘાડી, અને સહેજ દૂર પોતાને ધ્યાનપૂર્વક નીરખતી એક રૂપયૌવનાને તેણે નિહાળી. કોણ હશે એ? શા માટે એ કર્દમના ધ્યાનસ્થ દેહ તરફ તાકીને જોઈ રહી હતી? આજ સુધી કર્દમને મન સ્ત્રીજાત માત્ર એક માનવપ્રાણી હતું; અત્યારે તેના તરફ જોતી સ્ત્રીમાં કંઈ અદ્ભુત લાવણ્ય કર્દમની નજરે પડ્યું. સ્ત્રી અને સૌંદર્ય આટલાં એક બની શકે ખરાં?

કર્દમમુનિની આંખ સ્ત્રીસૌંદર્ય ઉપર થોડીક ક્ષણો સુધી સ્થિર થઈ રહી. ત્રણ દિવસ ઉપર સાંભળેલો અદૃશ્ય સાદ મુનિને યાદ આવ્યો. એ ગેબી સાદ શું સાચો પડતો હતો? પ્રભુના જન્મને પાત્ર કોઈ સ્ત્રી તેમની સામે આવીને ઊભી રહી હતી શું? સંધ્યાકાળે આમ આવેલી યુવતી કેમ એકલી આવી હશે? અણધાર્યા બંનેના પગ સામ-સામા ઊપડ્યા. કર્દમના જવાના માર્ગમાં એ યુવતી આવતી હતી. બંને સામસામે આવી ગયાં. યુવતીએ બે હાથ જોડી કર્દમ મુનિને પ્રણામ કર્યા, કર્દમે આશીર્વાદમુદ્રામાં હાથ ઊંચો કરી પૂછ્યું:

'દેવી! કોણ છો આપ? કોને શોધો છો...આવા અર્ધ અંધકારભર્યા એકાંતમાં?'

'મારું નામ દેવહૂતિ, વૈવસ્વત મનુની હું પુત્રી. શોધતી તો... કોણ જાણે કોઈને જ નથી; પણ મને એકાંત બહુ ગમે છે એટલે ફરતી ફરતી આમ ચાલી આવી.' દેવહૂતિએ જરા ય સંકોચ વગર

જવાબ આપ્યો.

'ત્યારે તો...બ્રહ્માવર્તના સમ્રાટ, મનુ મહારાજનાં આપ પુત્રી! અહીં ક્યાંથી?'

'આપને ખબર નથી? મારા પિતા લાવલશ્કર સાથે આજે અહીં પાસે જ પડાવ નાખી રહ્યા છે. હું તથા માતા શતરૂપા સાથે જ ચાલ્યાં આવ્યાં છીએ. આપ અને પિતાજી મળી ન શકો!' દેવહૂતિએ કહ્યું. દેવહૂતિની વાણી વાદ્યતંત્ર સમી મીઠી હતી. એ સાંભળવાની કર્દમને આપોઆપ ઇચ્છા થઈ. કર્દમે વાત લંબાવી:

'પ્રભાતમાં મને લાગ્યું ખરું કે પાસેથી કોઈ સૈન્ય પસાર થાય છે. પરંતુ હું તો ધ્યાનમાં હતો એટલે કોનું સૈન્ય છે એની તપાસ ન કરી......અને મારા જેવા આશ્રમવાસીને જરૂર પણ શી? અલબત્ત આપના પિતાનાં દર્શન હું જરૂર કરીશ. એ રાજર્ષિ મુનિઓને પણ પૂજ્ય છે...પરંતુ મને તો આપે ઓળખ્યો નથી અને આમંત્રણ કેમ આપો છો?'

'તો હવે ઓળખાણ આપો.' દેવહૂતિએ જરા ય સંકોચ વગર જવાબ આપ્યો.

'એ ઓળખાણને શું કરશો, રાજકુમારી? બધા યે ઋષિઓ અને ઋષિપુત્રો સરખા. આશ્રમના એકાંતમાં રહે અને આત્મા-પરમાત્માને ઓળખવા મથે.' કર્દમે કહ્યું.

'તમને આત્મા કે પરમાત્મા ઓળખાયા ખરા?' દેવહૂતિએ પૂછ્યું. અને કર્દમને આ નિર્દોષ દેખાતા પરંતુ અત્યંત કૂટ પ્રશ્નને સાંભળીને સહજ હસવું આવ્યું. કર્દમનું હાસ્ય દેવહૂતિને ગમી ગયું. હસતાં હસતાં કર્દમે જવાબ આપ્યો:

'ભાસ થાય છે, ભ્રમ થાય છે; પણ હજી આત્મા કે પરમાત્મા પકડાયા નથી.'

'ક્યાં સુધીમાં એ બની શકશે?' દેવહૂતિએ પૂછ્યું.

'એ તો જેવો મારો પુરુષાર્થ. ધ્યાનમાં વધારે સમય ગાળું, અનિત્ય વિશ્વને ભૂલી જાઉં અને કોઈ પણ પ્રકારના લોભ-મોહમાં

ન એ'ચાઉં તો આવતી કાલે બની જાય.' કર્દમે કહ્યું.

'તમે ધ્યાનમાં જ રહી શકો, વિશ્વ તરફ દૃષ્ટિ કરવાની તમને જરૂર ન રહે, અને લોભ કે મોહ તમને ઘસડે નહિ એવી સ્થિતિ હું ઉત્પન્ન કરી આપું, તો તમને ફાવે કે નહિ?' દેવહૂતિએ કર્દમને સહાયભૂત થવાની ઇચ્છા દેખાડી. કર્દમને આ રાજકુમારીનું આપ્તપણું ગમી ગયું. પરંતુ રાત્રિ વધતી હતી, ચંદ્ર આકાશમાં ઊંચે આવતો જતો હતો, એકાંત ગાઢ બનતું જતું હતું, અને યૌવનને ગુંજી ઊઠતાં વાર લાગતી નથી. આ સંજોગોમાં એકલ રાજકુમારીના સદ્‌ભાવનો કાંઈ પણ ગેરલાભ લેવાય તો એના તપને લાંછન લાગે એમ વિચારી કર્દમે કહ્યું :

'કુમારી! આપના સદ્‌ભાવને માટે હું આપનો આભાર માનું છું. આશ્રમમાં જે મળે છે એ કરતાં વધારે સગવડની મને જરૂર તો નથી. છતાં આપની કૃપાભાવના મને જરૂર યાદ રહેશે. એટલે હું આપને સ્થાને પહોંચાડી મારે આશ્રમે પાછો ચાલ્યો જાઉં...ચાલો આપણે પગ ઉપાડીએ.'

'હું એકલી જઈ શકીશ. મને એકલાં જવું ગમે છે. અને મનુની પુત્રીને વળી વિશ્વમાં ભય શો?...ક્ષમા કરજો, આપનો સમય લીધો તે. પરંતુ આપે હજી આપનું નામ આપ્યું નહિ.' દેવહૂતિએ કહ્યું.

'મારું નામ કર્દમ.' કર્દમે કહ્યું અને તેને ગૌરવભર્યું સહજ નમન કરી દેવહૂતિ ત્યાંથી ચાલી ગઈ.

ઋષિ કર્દમ આશ્રમમાં જઈ સ્વસ્થ બનવા મથન કરી રહ્યા. પ્રભુના અસ્થિર, ભ્રમ સરખા ઝાંખા સ્વરૂપને બદલે તેમની આંખ સામે દેવહૂતિની આકૃતિ તરવરી રહી. અવનવો માનસફેરફાર થતો હતો એ પરખી કર્દમ ઋષિએ એ ફેરફાર અટકાવવા વેદસંહિતાના મંત્રો અને ઉપનિષદનાં તાડપત્રો ઉકેલવા માંડ્યાં. પરંતુ વેદના મંત્રોમાં કોણ જાણે કેમ આજ સંધ્યાના અને ઉષાના જ મંત્રો નજર સામે આવતા હતા, અને ઉપનિષદનાં તાડપત્રોમાં કોરાયેલા શબ્દો અને

અક્ષરો દેવહૂતિની નાની નાની આકૃતિઓ રચતા હોય એમ મુનિ કર્દમને લાગવા માંડ્યું. મુનિના સાત્ત્વિક હૃદય સામે કોઈ ભરતી ચઢી આવતી હતી. અનિવાર્ય બળને ટાળવા મથવું એનાં કરતાં એ બળભેગા બળના પ્રવાહ તરફ જ તરવું એ ઘણી વાર સાચો માર્ગ બની રહે છે. લોભ અને મોહથી દૂર રહેવાનું શિક્ષણ તેમને સાધ્ય જ હતું. તો પછી આ દેવહૂતિનું દર્શન મોહ ઉપજાવી જતું તો નહિ હોય? એ વિચાર આવતાં જ તેમને ત્રણ દિવસ ઉપરનું આકાશભાષિત યાદ આવ્યું...સતત સૌંદર્ય વગર પ્રભુ શી રીતે જન્મી શકે? ...કર્દમની આંખને ખેંચનારી પહેલી સ્ત્રી તેની પત્ની બનશે એવું આકાશભાષિત શું સત્ય નીવડવાનું હશે?...પરંતુ ક્યાં ચક્રવર્તી રાજવી મનુ અને ક્યાં આશ્રમનિવાસી નિષ્કિંચન કર્દમ? બેના સંબંધ શક્ય જ ન હતા...ત્યારે એ રાજકુમારીએ એકાંતમાં લાંબો સમય ઊભા રહી કર્દમની સાથે શા માટે વાતચીત કરી?... કદાચ રાજવૈભવ જોઈ જોઈને કંટાળેલી રાજકુમારીને અરણ્ય જોવાનું મન થાય, વનમાલા નિહાળવાનું મન થાય, તેમાં કર્દમ પોતે એક વનમાનવી તરીકે દેવહૂતિની જિજ્ઞાસા ઉશ્કેરી શક્યો હોય એટલું જ શક્ય તેને લાગ્યું. મન ઉપર અસાધારણ કાબૂ મેળવી ચૂકેલા કર્દમે મનની કળ ફેરવી નાખી અને પ્રભુસ્મરણમાંથી નિદ્રામાં પ્રવેશવાનો પ્રયત્ન કર્યો. એ પ્રયત્ન સફળ થયો ખરો. કર્દમને નિદ્રા આવી પણ ખરી, પરંતુ નિદ્રામાં તેને પ્રભુ પણ સ્ત્રીસ્વરૂપે દેખાયા. અને એ સ્ત્રી તે સંધ્યાકાળે નિહાળેલી દેવહૂતિ જ હતી એમ પણ જાગૃત થતાં કર્દમને યાદ આવ્યું!

## ૩

રાત્રિનાં સ્વપ્નસંભારણાં વિચારતો કર્દમ પ્રાતઃ હોમહવનમાં રોકાયો હતો. અને એકાએક તેને કર્ણે માનવી, અશ્વ અને રથના અવાજ નજીક આવતા સંભળાયા. સમ્રાટ મનુ કદાચ તેના આશ્રમની પાસે થઈને પોતાને માર્ગે જતા હોય એમ કર્દમે માની લીધું. અને

[illegible] એક નાનકડું [illegible] આશ્રમની પાસે આવ્યું દેખાયું. કર્દમને એક ક્ષણ માટે કુતૂહલ થયું કે તે વળી કયા મહાન રાજર્ષિ હશે!...પણ સાથે સાથે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આવ્યો તો ખરો, પરંતુ જે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] માંડ્યું.

[illegible] રથ આશ્રમે [illegible]. આશ્રમની [illegible] [illegible] [illegible] અને એક સુંદર [illegible] એક તેજસ્વી રાજવી, [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આવનાર રાજવી તે મનુ છે અને મહારાણી શતરૂપા છે. મન્વંતર સ્થાપી શકનાર એ મહાન રાજર્ષિને માન આપવું જોઈએ, અને માન આપવા ઋષિઓએ પણ સામે જવું એમ કર્દમને લાગ્યું અને તે પોતાનું કાર્ય મૂકી [illegible] અતિથિઓની સામે ગયો. રાજવીએ અને મુનિએ સામે આવતાં પરસ્પર નમસ્કાર કર્યા અને કર્દમે નમસ્કાર સાથે રાજવી વિવેક કર્યો :

'મન્વન્તરના સ્થાપક, તેમનાં મહારાણી અને તેમનાં પુત્રી! મારા આશ્રમમાં પધારે એ બહુ મોટી કૃપા!...પરંતુ તપસ્વીઓના આશ્રમમાં સત્કાર યોગ્ય બીજું તો શું હોઈ શકે, સિવાય કે ક્ષમાયાચના? પધારો મહારાજ! મારા ઉપર કેમ કૃપા થઈ?'

કર્દમની વિવેકભરી વાણી મહારાજ મનુને અને મહારાણીને

શતરૂપાને બહુ ગમી ગઈ. તપદંભી અને તપઘમંડી ઋષિમુનિઓ ઘણી વાર પોતાના તપશ્રેષ્ઠત્વમાં વિનય-વિવેક પણ ભૂલી જતા હતા એનો મનુને અનુભવ ન હોય એમ બને નહિ. કર્દમની સાથે જ પર્ણકુટિ તરફ ચાલતાં ચાલતાં મનુ મહારાજે જવાબ આપ્યો :

'મહર્ષિ ! ક્ષમા તો મારે માગવાની છે અને સંકોચ મને થવો જોઈએ. હું ખબર આપ્યા વગર આપની પાસે આવ્યો છું એ મારો અવિવેક જ છે...પરંતુ આ મારી પુત્રી દેવહૂતિએ મને તમારું પ્રશંસાભર્યું વર્ણન આપ્યું, અને મારા મનમાં એમ જ થયું કે હું મારું પહેલું પ્રભાતનું રાજકાર્ય આપના દર્શનથી જ શરૂ કરું... મારે આશ્રમમાં બેસવું છે અને આપને વધારે ઓળખવા છે.'

મહારાજાની વાણી સાંભળી કર્દમ આશ્ચર્ય પામ્યો. અને તેને એ પણ ખાતરી થઈ કે થોડો સમય પણ આ રાજકુટુંબ તેના આશ્રમમાં બેઠા સિવાય પાછું વળશે નહિ. આશ્રમની પરસાળમાં કર્દમે ત્રણ-ચાર દર્ભાસનો પાથર્યાં. અને રેશમ મશરૂની ગાદી ઉપર બેસનાર રાજકુટુંબને દર્ભાસન ઉપર બેસાડી, આશ્રમમાં કેળનાં વૃક્ષો ઊગ્યાં હતાં તેમાંથી પરિપક્વ કદળી ફળ લાવી, દૂધ–દહીં સાથે અતિથિઓ પાસે મૂકી દીધાં, અને કર્દમને પત્રાવલી-પડિયા બનાવવાની સારી આવડત ન હોવાથી દેવહૂતિએ પોતે આશ્રમવાસી મુનિને અતિથિસત્કારમાં સહાય પણ આપી. ચક્રવર્તી રાજકુટુંબને ભૂખ તો હોય જ નહિ, છતાં વિવેક ખાતર ભોજનને ન્યાય આપતાં આપતાં મનુએ કર્દમ ઋષિને વાર્તાલાપમાં રોક્યા:

'મહર્ષિ ! આપનું નામ અને આપની કીર્તિ અમે સાંભળ્યાં છે. આજ આપને નજરે જોઈ અમે પાવન થયાં એવો ભાવ અનુભવીએ છીએ.'

'આપને પાવન થવું બાકી નથી. આપ માત્ર ચક્રવર્તી મહારાજા નથી, આપ તો રાજર્ષિ પણ છો. મારા એકાંતક્ષેત્રમાં આપ પાવન થાઓ એવું શું હોય એ હું સમજી શકતો નથી.' કર્દમે કહ્યું.

'આપને પણ એકાંત લાગે ખરું કે મહર્ષિ ?' મહારાણી

શતરૂપાએ કર્દમના એક શબ્દનો લાભ લેવા પ્રયત્ન કર્યો.

'કદી કદી લાગે પરંતુ કોઈક વાર શિષ્ય અહીં રહી શાસ્ત્ર શીખે, અને નહિ તો મારી એકએ ગાય, સસલાં અને હરણ, મોર અને મેનાપોપટ, મારું એકાંત હળવું બનાવે ખરાં. અને અંતે પ્રભુ તો સભર ભરેલો જ છે ને?' કર્દમે એકાંતનો ઉકેલ બતાવ્યો.

'પરંતુ આપને માનવીનો સહવાસ વધારે રુચિકર ન લાગે શું?' રાણીએ પૂછ્યું.

'રુચિકર જરૂર લાગે.' કર્દમે કહ્યું.

'તો આપ કોઈ સાથીનો વિચાર કેમ કરતા નથી? ઋષિ-આશ્રમોમાં ઋષિપત્ની તો અવશ્ય જોઈએ જ. તે વગર આશ્રમ અધૂરો રહે.' મહારાજ મનુએ આશ્રમની ખામી તરફ લક્ષ દોર્યું.

ઋષિ કર્દમ સહજ હસ્યા અને બોલ્યા :

'એનો જ્યારે યોગ આવે ત્યારે ખરો; હજી સુધી તો મારો આશ્રમ ઋષિપત્નીની વિહોણો છે એ વાત સાચી.'

કર્દમને દેવહૂતિ તરફ તે જ ક્ષણે નજર કરવાનું મન થયું. પરંતુ એ મન ઉપર તેમણે અંકુશ મૂકી દીધો. પરંતુ દેવહૂતિની આંખ ક્યારનીયે કર્દમના દેહને કેન્દ્ર બનાવી રહી હતી. માતાપિતાની અનુભવી દૃષ્ટિ આ વસ્તુસ્થિતિ પરખ્યા વગર રહે એમ ન હતું. મહારાણી શતરૂપાએ ઝડપથી કહ્યું :

'એ યોગ અમે લાવી આપીએ તો?'

'આપ તો કૃપાળુ છો જ. પરંતુ એવા યોગ તો વિધિએ લલાટે જ લખેલા હોય છે. પ્રભુ તેમને પ્રત્યક્ષ કરી શકે.' કર્દમે કહ્યું – જરા ચમકીને.

'પ્રભુ ઘણી યે વાર માનવીને પોતાના ઉદ્દેશ અને આશયનું સાધન બનાવે છે એમ તો આપ કબૂલ કરશો ને?' મનુએ જ્ઞાની ઋષિ સમજે એવી ઢબે વ્યવહાર વાત રજૂ કરી.

'અવશ્ય. પ્રભુ કોને સાધન ન બનાવે એ કહેવાય એમ નથી.' કર્દમે રાજવીના કથનને સંમતિ આપી.

'તો આપ માની લ્યો કે અમે જ પ્રભુના સાધન બનીને આવ્યાં છીએ; અને આપના આશ્રમને સાચવવા એક સહધર્મચારિણી મૂકી જઈએ છીએ.' શતરૂપાએ કહ્યું અને કર્દમે દેવહૂતિ તરફ નજર કરી. દેવહૂતિની નજર તેના પોતાના પગઅંગૂઠા તરફ વળી.

'હું કાંઈ સમજી શક્યો નહિ, મહારાજ! સિવાય કે આપની અને મહારાણીની મારા ઉપર ઘણી કૃપા વરસી રહી છે.'

અને મહારાજ મનુએ અને મહારાણી શતરૂપાએ જે સમજ ઋષિને નહોતી પડતી કે અડધી પડધી હતી, તે સમજ પૂરેપૂરી પાડી.

મનુ–શતરૂપાની પુત્રી દેવહૂતિ સકલકલાસંપન્ન હતી; અને આજ સુધી એના હૃદયને ગોઠે એવો પુરુષ એને જડ્યો ન હતો. હવે કર્દમમાં એને ગમતી આકૃતિ દેખાઈ એટલે એ કર્દમને વરવા માટે આતુર હતી. એટલું જ નહિ, પરંતુ કર્દમને મળતાં દેવહૂતિનાં માતાપિતાની પણ એવા જ પ્રકારની ભાવના થઈ ચૂકી હતી.

ઋષિ કર્દમને છેલ્લા ત્રણચાર દિવસોના અનુભવને અંતે આપોઆપ સર્જાતો આ યોગ ગમ્યો તો ખરો, છતાં એ ખરેખર આ જવાબદારી લઈ શકે કે કેમ તેની એને શંકા પડી. અને તેણે કહ્યું :

'નહિ, મહારાજ! હું નિષ્કિંચન આશ્રમવાસી, અને દેવહૂતિ એક ચક્રવર્તી રાજવીની રાજકુમારી! આ સાધનવિહીન આશ્રમમાં એને રાખી દુઃખી કરવાનું પાપ હું માથે ન લઉં.'

ઈશ્વરને શોધતા કર્દમ મુનિના મુખ ઉપર લગ્નની શક્યતાએ વિકલતા ઉપજાવી. મનુ અને શતરૂપા સહજ હસ્યાં; અને દેવહૂતિનું મુખ પણ આ વિકલતા નિહાળી સહજ મલકાયું. મનુએ વિકલ બનેલા કર્દમને સ્મિતસહ જવાબ આપ્યો :

'આ દેવહૂતિને રાજવીઓ અને રાજકુમારો ગમતા જ નથી. કોણ જાણે કેમ, એની દૃષ્ટિ મુનિવરો તરફ જ વળે છે; અને કાલે આપને નિહાળી એણે લગ્નનો નિર્ણય કરી જ નાખ્યો છે. એ વૈભવમાં ઊછરી છે છતાં એને તપોવન અને પર્ણકુટિ નહિ ફાવે એમ ન માનશો. એ તો મહાલયમાં પણ મૃગચર્મ જ પાથરે છે.'

'અને નવખંડ ભૂમિના ચક્રવર્તી મનુને પુત્રીના સુખ માટે અરણ્યમાં પણ ઉદ્યાન રચતાં ક્યાં વાર લાગે એમ છે?' મહારાણી શતરૂપાએ કર્દમના પ્રશ્નનો સરળતાભર્યો ઉકેલ રજૂ કર્યો – જોકે એ ઉકેલ કર્દમને કે દેવહૂતિને ગમ્યો નહિ; કદાચ રાજાને ગમ્યો હશે.

અંતે કર્દમના સંકોચ ઉપર મનુના આગ્રહે વિજય મેળવ્યો. કર્દમ અને દેવહૂતિના વેદોક્ત વિધિથી લગ્ન થયાં, અને રાજકુમારી દેવહૂતિ તપસ્વી કર્દમની ઋષિપત્ની બનીને આશ્રમને – અને કર્દમને સંભાળતી આશ્રમરાણી બની ગઈ.

૪

કર્દમના આશ્રમમાં દેવહૂતિનો પ્રવેશ થતાં કેટલી યે અવ્યવસ્થા સુવ્યવસ્થા બની ગઈ. પર્ણકુટિની ભીંતે આશ્રમો, દેવસભાઓ અને પ્રકૃતિનાં ચિત્રો દોરાવા લાગ્યાં. પર્ણકુટિની સાદી ભૂમિ ઉપર ઓકળીઓ ઓપવા માંડી. આશ્રમને ઝાંપે અને પર્ણકુટિને દ્વારે જાઈજૂઈની વેલીઓ કમાન બનીને શોભવા લાગી. ગાય એક હતી તેની પાંચ થઈ અને તેની શિંગડીઓ રંગાવા લાગી. અનાજ ઉપજાવતી જમીન અને ઉદ્યાન ઉપજાવતી જમીન જુદી પડી ગઈ, અને મોટાં મોટાં વૃક્ષોએ બેત્રણ ઝૂલા પણ બંધાઈ ચૂક્યા. એ ઝૂલા ઉપર દેવહૂતિ પણ બેસતી અને તપ ન કરતા હોય ત્યારે કર્દમ પણ બેસતા. બ્રહ્માનંદ કરતાં સંસારાનંદ ઊતરતો હોય એમ કર્દમને લાગ્યું નહિ. પતિને પત્નીના અને પત્નીને પતિના સાહચર્યમાં પોતાની ઊણપો પુરાતી લાગી, અને દેહે તથા હૃદયે કદી ન અનુભવેલા નવનવા આનંદ ઉલ્લાસ ઊકલવા લાગ્યા. દેવહૂતિ માતા બની ચૂકી, કર્દમ પિતા બની ચૂક્યા અને આમ ગાર્હસ્થ્યનાં નવનવાં પડ ઊકલવા લાગ્યાં. દેવહૂતિને આશ્રમમાં, આશ્રમની વસ્તુઓમાં, વસ્તુઓના ઉપભોગમાં અને પુત્રીઓની પરંપરામાં આનંદ અને મમત્વ ઊપજવા લાગ્યાં. પરંતુ ધીમેધીમે ઋષિ કર્દમને સમજાવા લાગ્યું કે સંસારનો ઉપભોગ તેમને મોક્ષમાર્ગથી જુદે જ માર્ગે ડગલાં ભરાવી રહ્યો હતો. એક

દિવસ કર્દમના હૃદયમાં ભારે ખટક ઉત્પન્ન થઈ અને તેમણે હીંચકે હીંચતી દેવહૂતિને કહ્યું :

'દેવી ! હવે મને સંન્યસ્ત સાદ પાડી બોલાવતું સંભળાય છે.'

'મારામાં, મારી વ્યવસ્થામાં, મારા ગાર્હસ્થ્યમાં, શું ખામી લાગી કંઈ ?' સુખમય ઝૂલે ઝૂલતી દેવહૂતિએ ઝોલો અટકાવી એકદમ ચકિત થઈ પૂછ્યું,

'ના; એ સઘળું એટલું સંપૂર્ણ છે કે હું એ સિવાય મહાતત્ત્વ કદાચ સમૂળું વીસરી જઈશ...અતૃપ્તિથી નહિ, સંપૂર્ણ તૃપ્તિની પ્રસન્નતા પામીને પછી હું સંન્યાસમાં પગ મૂકવા માગું છું. એ કક્ષા હવે આવી રહી છે.' કર્દમે કહ્યું.

'હજી જરા વાર છે.' દેવહૂતિએ કહ્યું.

'કેમ વાર છે? શા માટે વાર છે?' કર્દમે દેવહૂતિ સામે જોઈને પૂછ્યું. દેવહૂતિની આંખો રમતી હતી, દેવહૂતિનું મુખ હસતું હતું અને દેવહૂતિના દેહે સૌંદર્ય હજી ઝૂલતું હતું. દેવહૂતિએ એક આંખ સહજ ઝીણી કરી કર્દમને કહ્યું :

'જરા વધાર પાસે આવો તો કહું—કોઈ ન સાંભળે એમ !'

'એવું શું છે ?' કહી કર્દમ દેવહૂતિની છેક નજીક આવ્યા અને આસપાસ નજર નાખતાં કોઈ દેખાયું નહિ એટલે દેવહૂતિએ કર્દમને ધીમે રહી કારણ કહ્યું

'હજી પુત્ર ક્યાં છે ? અને તમે તો આપણે ઘેર પ્રભુ પુત્રરૂપે અવતરશે એવી વાત કરતા હતા. પહેલાં પ્રભુને અવતારો અને પછી સંન્યસ્ત લ્યો.'

કર્દમ મુનિ ચમક્યા. તેમને જૂની આકાશવાણી યાદ આવી. હજી પ્રભુને પુત્રરૂપે પ્રગટાવવાનું અને સાચા પ્રજાપતિ બનવાનું કર્તવ્ય બાકી રહ્યું હતું તે યાદ આવ્યું. ખરેખર દેવવાણી સાચી પડવી જ જોઈએ એવો કર્દમના હૃદયમાં નિશ્ચય થયો અને સંન્યસ્ત પાછું લંબાયું !

દિવસો અને માસ વીત્યા. આશ્રમ વધારે ફળફૂલથી લચી રહ્યો.

પ્રકૃતિ વધારે સુંદર અને વધારે પવિત્ર બનતી ચાલી. આશ્રમમાં મોર વધારે પ્રમાણમાં ટહૂકવા લાગ્યા; આસપાસ રમતાં હરણની સંખ્યા ખૂબ વધી ગઈ. પવન મલયાચલથી સીધો આવતો હોય એવો સુવાસિત બન્યો. વૃક્ષઘટામાં સૂર્યનો તાપ ઝિલાઈ રહેવા લાગ્યો. ચંદ્રમાં વધારે ચમક આવી, અને ચંદ્રવિહીન રજનીએ આકાશમાં અલૌકિક તારાના સાથિયા દોરવા માંડ્યા. કોઈ અવનવી તાજગી આખા આશ્રમમાં ફેલાઈ ગઈ. કર્દમને એ તાજગીમાં પ્રભુ વધારે પાસે આવતો લાગ્યો દેવહૂતિને કોઈ એવી સુખમય સ્વસ્થતા પ્રાપ્ત થઈ કે જાણે તેનો દેહ સભરભર્યા અમૃતમાં રમી રહ્યો હોય!

અને કર્દમનાં આશ્રમમાં એક દિવસ દેવહૂતિએ પુત્રને જન્મ આપ્યો. કાંચનવર્ણા પુત્રદેહમાં પ્રભુ દેખાયા, ગાર્હસ્થ્યનું અંતિમ લક્ષ સિદ્ધ થઈ ચૂક્યું હોય એમ લાગ્યું. પુત્રને કપિલનું નામ આપ્યું. અને પુત્રનું વય સહજ વધતાં તેમણે દેવહૂતિ પાસે સંન્યસ્તની રજા માગી,

સંન્યસ્ત પણ પત્નીની આજ્ઞા સિવાય લઈ શકાય નહિ એવો આર્યનિયમ છે. સંન્યસ્ત એ પુરુષ કે સ્ત્રીજીવનનો પરમ ભવ્ય પ્રસંગ ભલે હોય, છતાં એક દિવસ, એક માસ, એક વર્ષ, સંમતિ આપવામાં પ્રેમી પત્નીને જરૂર વાર લાગે, દેવહૂતિ પોતાના પુત્રમાં મગ્ન હતી. પરંતુ સાથે સાથે એ પુત્રના પિતાને પોતાનાથી અળગો કરવાને જરા યે રાજી ન હતી. કર્દમે સંન્યસ્તમાં પોતાના હિતની વાત બતાવી, દેવહૂતિના હિતની વાત બતાવી, કુટુંબના હિતની વાત બતાવી અને અંતે મહામુશ્કેલીએ દેવહૂતિની સંમતિ મેળવી વાનપ્રસ્થ કરતાં પણ કપરા સંન્યસ્તમાં પ્રવેશ કરી, પૂર્વાશ્રમના સંબંધો ત્યજી દઈ, તેઓ બ્રહ્મની ખોજમાં એકનિષ્ઠાથી લાગી ગયા. આશ્રમ છોડી ગયેલા કર્દમને માટે હવે સંસાર સળગી ગયો હતો.

૫

પરંતુ દેવહૂતિને તો સંસાર વધારે વળગ્યો. કર્દમ ઓછાવત્તા

વ્યવહારકામમાં લાગતા હતા તે ચાલ્યા ગયા, એટલે તેમનું કામ પણ દેવહૂતિને માથે આવી પડ્યું. તેનું પોતાનું કામ હતું તે ઉપરાંત પુત્રીઓને ભણાવવાની હતી. પરણાવવાની હતી, પુરુષસમોવડી બનાવવાની હતી; નાનકડા કપિલને યોગ્ય સ્થાન આપવાનું હતું, અને તેને વ્યવહારકુશળ આર્ય અને આધ્યાત્મિક કુશળ ઋષિ પણ બનાવવાનો હતો. આશ્રમમાં કૃષિ અને બાગબગીચા તો સાચવવાના હતા જ. પશુપાલનને તો ભુલાય જ કેમ? અને આર્યોના આશ્રમમાં યજ્ઞયાગાદિ ક્રિયાઓ તો ચાલુ રહેવી જ જોઈએ. દેવહૂતિ હતી તો ચક્રવર્તી મનુની પુત્રી, પરંતુ આશ્રમવાસી મુનિ સાથે પરણ્યા પછી, આર્ય સન્નારીના આદર્શને અનુસરીને, તેણે કદી પિતૃગૃહનો આશ્રય શોધ્યો જ ન હતો. આમ પતિ જતાં દેવહૂતિને વ્યવહાર વધારે વળગ્યો.

કિશોર કપિલ દેવહૂતિના વ્યવહારકાર્યમાં ભાગ્યે જ ઉપયોગી નીવડતો. પિતાની માફક જ્ઞાન મેળવવું અને ધ્યાનમાં રોકાવું, એ જ એનાં મુખ્ય કર્તવ્ય બની રહ્યાં. કપિલના જ્ઞાનની અને તપની કીર્તિ ચારે પાસ ફેલાઈ ગઈ. અને અત્યંત નાનું વય છતાં શિષ્યોનો સમુદાય ઘણો વધવા લાગ્યો અને પીઢ ઋષિમુનિઓ પણ કપિલનો સમાગમ સેવવા મોટા પ્રમાણમાં આવવા લાગ્યા. પુત્રીઓ તો મહર્ષિઓને પરણી ચાલી ગઈ. અને આશ્રમનું ભારણ દેવહૂતિના માથેથી જરા યે ઓછું થયું નહિ. આશ્રમની વ્યવસ્થા સાચવતાં સાચવતાં ઘણી વાર માતા દેવહૂતિ થાકી પણ જતાં. પુત્રપ્રેમ એટલો ભવ્ય હતો કે થાકને પણ ન ગણકારીને તેઓ કપિલનો જ્ઞાનધ્યાનનો માર્ગ સરળ કરતાં જતાં હતાં.

ઋષિઓની એક મોટી જમાત આશ્રમમાંથી વિદાય થઈ અને મા-દીકરો આશ્રમમાં ઘણે દિવસે એકલાં પડ્યાં. થાકી ગયેલી માતાને ક્ષણભર નિદ્રા આવી. પુત્રે માતાનું મસ્તક મૂકવા પોતાનો અંક આપ્યો, અને જ્ઞાની પુત્રના પડછાયામાં માતા સૂઈ ગઈ.

એ થોડીક ક્ષણની નિદ્રામાં પણ દેવહૂતિને સંસારનાં જ સ્વપ્ન

આવ્યે ગયાં. પિતાનો વૈભવ, કર્દમનો પ્રેમ, પોતાની જ્ઞાનવિશિષ્ટતા, આશ્રમની સંભાળ અને સંભાળમાંથી લાગતો થાક, એ સ્વપ્નમાં પણ તેમને પીડવા લાગ્યાં. નિદ્રામાંથી દેવહૂતિ ઊઠયાં અને તે પણ થાક સાથે. કંટાળીને તેમણે કહ્યું :

નિદ્રામાં યે આ સંસાર મને છોડતો નથી. દીકરા ! હવે આ સંસારભાર તમે ઉપાડી લ્યો.

'મા ! કયો સંસાર ? કયો સંસાર મા ? અને કોણ ઉપાડી લે ? એમાંથી મન ખસેડી લેવાય તો એ ભાર આપોઆપ ઊકલી જ જવાનો છે.' ? કપિલે માતાને કહ્યું.

'મન ખેંચી લઉં તો, દીકરા ! તારી સંભાળ કોણ રાખશે ? આ આશ્રમ કેમ ચાલે ? અતિથિનો સત્કાર કોણ કરે ?'

'મા ! તમે અહીં ન હતાં ત્યારે પિતાજી આશ્રમ ચલાવતા. તમે આવ્યાં એટલે પિતાજીએ આશ્રમને ફેંકી દીધો, અને તમે વધતો જતો ભાર ઊપડયો. એ ભાર તમે ફેંકી દેશો તે દિવસે પણ આ આશ્રમ તો ચાલ્યા જ કરશે ! નહિ ?'

'મને ન સમજાયું. આ કેળાંને પાણી કોણ પાય ? તુલસીક્યારાની મંજરીઓ કોણ ચૂંટે ? ગાયોને સંભાળે કોણ ?...'

કપિલ મુનિએ સહજ સ્મિત કર્યું, અને સંસારની પાછળ રહેલાં પ્રકૃતિનાં ચોવીસ તત્ત્વો અને એ તત્ત્વોને જીવંત બનાવનાર પુરુષ સંબંધી આંખનાં પડળ ઊઘડી જાય એવું જ્ઞાનદર્શન માતાને કરાવ્યું. માતાએ પુત્રમાં વિષ્ણુનાં દર્શન કર્યાં. આંખમાંથી બે અશ્રુ બિન્દુ પાડયાં : જેની સાક્ષી આજ પણ સિદ્ધપુરમાં બિન્દુ સરોવર પૂરી પાડે છે. અને હૃદયમાંથી સંસારભાર એટલો હળવો બનાવી દીધો કે તેમનો દેહ પાણી બની સરસ્વતીરૂપે વહી રહ્યો, અને તેમનો આત્મા પરમાત્મા સાથે એક બની ગયો.

પતિ, પત્ની અને પુત્ર એ ત્રણ રેખાઓ ભેગી મળતાં મોક્ષનું સર્જન થાય છે એ આર્યભાવના કર્દમ, દેવહૂતિ અને કપિલે સાચી પાડી.

# જીવન : પ્રભુપ્રીત્યર્થે

ચોલા અને પાંડ્ય રાજ્યો દક્ષિણ ભારતનાં ઘણાં પ્રાચીન મહારાજ્યો. ઉત્તર ભારતનાં મહારાજ્યોની માફક દક્ષિણના છેક છેલ્લા ખૂણામાં આવેલાં એ રાજ્યોએ પણ ભારતીય સંસ્કૃતિના વિકાસમાં ભારે ફાળો આપ્યો છે, એ ભારતીય સંસ્કૃતિના અભ્યાસીઓએ સમજવું બહુ જરૂરી છે. કૃષ્ણભક્તિ, રામભક્તિ, શિવભક્તિ જેમ ઉત્તરમાં હતી તેમ જ દક્ષિણમાં પણ હતી. આઠમી સદીથી દક્ષિણ ભારતે જ આપણા મોટા ભાગના આચાર્યો આપ્યા છે.

પાંડ્યવંશના રાજાઓની રાજધાની મદુરાનગરીમાં. બળદેવ નામે એક પ્રજાપ્રિય રાજવી હજાર બારસો વર્ષ ઉપર ત્યાં રાજ્ય કરતો હતો. સારા રાજવીઓનું એક મુખ્ય લક્ષણ એ હતું કે પ્રજાનાં દુઃખ–સંકટ પોતાની આંખે જુએ અને તેનું તત્કાળ નિવારણ કરે. રાજા વિક્રમની પેઠે અંધારપિછોડો ઓઢવો, રાતમધરાત નગરચર્યા કરવી, સારાખોટાનું પારખું કરવું, દંભીઓને ઉઘાડા પાડવા, અને દુઃખદર્દનો ત્યાં જ સ્થળ ઉપર, કાગળ પત્રોની રમત વગર, નિકાલ કરવો એ સારા રાજવીઓનું મહત્ત્વનું કામ હતું.

એક વાર પાછલી રાત્રિએ રાજા બળદેવમર્ન મદુરાનગરીની શેરીઓમાં છૂપા વેશે ફરતા હતા. ફરતાં ફરતાં તેઓ એકાંત સ્થળ ઉપર આવ્યા. જ્યાં એક વિશાળ વૃક્ષની ઘટા નીચે, જમીન ઉપર, એક પુરુષને સૂતેલો જોયો. રાજાને કુતૂહલ થયું. તેની આખી પ્રજાને અન્ન, વસ્ત્ર અને ઘર ક્યારનાં મળી ચૂક્યાં હતાં. આવો ઘર વગરનો માનવી ક્યાંથી અહીં આવી વૃક્ષ નીચે નિદ્રા લેતો હતો? એને ખરેખર ઘર

ન હોય તોપણુ એ રાજાનો જ પ્રશ્ન ગણાય. પરદેશથી નાસી આવી નગરીમાં ભરાયેલો કોઈ દૂત હોય તો ય તે રાજાનો પ્રશ્ન ગણાય. પત્નીથી રિસાઈ કે કંટાળીને ઘર બહાર ભાગી આવી અહીં કોઈ પુરુષ સૂતો હોય તો એ કૌટુમ્બિક પ્રશ્ન પણ અંતે તો રાજાએ જ ઉકેલવો રહ્યો. એ પુરુષ એવી સુંદર નિદ્રા લેતો હતો કે એ કોઈ ગુનેગાર હોય, દુશ્મન રાજ્યનો દૂત હોય, કે દુઃખી ગૃહસ્થ હોય એમ મહારાજાને લાગ્યું નહિ. તેનાં વસ્ત્રો તેને કોઈ ધનિક કે સત્તાધીશની કક્ષાએ મૂકતાં ન હતાં. સ્વચ્છ, પરંતુ ધનિકતાનો અભાવ સૂચવતાં એનાં પરિધાન હતાં—જોકે તેની મુખમુદ્રા ઉપર તેજ લખલખી રહેલું દેખાતું હતું.

કુતૂહલ ન શમતાં મહારાજાને સૂતેલા પુરુષને વિવેકપૂર્વક જાગૃત કર્યો. પ્રસન્નમુખ પુરુષે રાજાની મહત્તાને ઓળખી અને કહ્યું: ‘રાજન્! રાજધર્મ તો સરસ બજાવો છો. પરંતુ હું કાંઈ દુઃખી, દરિદ્રી કે ગુનેગાર માનવી નથી.’

‘તો આપ આવી જમીન ઉપર કાંઈ પણ સાધન વગર કેમ સૂઈ રહ્યા છો? નગરમાં જોઈએ એટલાં વિશ્રામસ્થાનો છે. મારા મહેલમાં પણ આપ પધારી શકો છો.’ મહારાજાએ સાધુને કહ્યું.

‘ધન્યવાદ, રાજવી! આમ જ રાજ્ય કરતા રહેજો. હું તો હવે આગળ તીર્થધામોમાં ચાલ્યો જઈશ. વિષ્ણુપાદોદકી ગંગામાં સ્નાન કરી દક્ષિણનાં તીર્થોમાં ફરી વળું છું. અને અમારે, પ્રભુસેવકોને, તો ભગવાનની ભક્તિ એ જ મહેલ રૂપ છે. પ્રભુનો આશ્રય સ્વીકારનારને તો ફૂલશય્યામાં પણ નિદ્રા આવે, અને ધૂળરેતીમાં પણ નિદ્રા આવે. વરાહ ભગવાને ઉદ્ધારેલી આ પવિત્ર પૃથ્વીમાં શી મણા હોય? અમને ભૂમિશયન જ ગમે.’ સૂતેલા પુરુષે જાગૃત થઈ વાર્તાલાપ શરૂ કર્યો હતો. પરંતુ એ વાર્તાલાપ આગળ વધારવાની તેની જરા યે ઇન્તેજારી દેખાઈ નહિ. એ તો પોતાનાં વસ્ત્ર, ઝોળી અને લોટો બટોરીને આગળ વધવાની તૈયારી કરવા લાગ્યો. પરંતુ રાજા બળદેવ વર્મનનું કુતૂહલ વધારે તીવ્ર બન્યું. મહેલનો ઘુમ્મટ અને વૃક્ષનો

ઘુમ્મટ આ માનવીને સરખો લાગતો હતો! સુખશય્યા અને ભૂમિશયન એ બંનેમાં આ પુરુષને સહેજ પણ ફેર લાગ્યો નહિ! વાત પણ સાચી. ભૂમિશયન તેના મુખ ઉપર જરા યે વિક્રિયા ઉપજાવી શક્યું ન હતું. વધારામાં ફૂલશય્યા ઉપર એ સૂતો હોય એવું એનું મુખ નિદ્રામાં પ્રસન્ન દેખાતું હતું. રાજવી પાસે બધી સત્તા હતી; ઝૂંપડીમાંથી એ મહેલ પણ સર્જી શકે, અને કીચડમાંથી બાગ પણ સર્જી શકે. રાજવીની સત્તા રંકને ધનવાન કરી શકે અને ધનવાનને રંક પણ કરી શકે. પરંતુ રાજસત્તા આ પ્રસન્નમુખ પુરુષ આગળ આવીને અટકી જતી. મહેલ આપવા માંડ્યો ત્યારે આ પુરુષે એને વૃક્ષઘુમ્મટ સરખો બનાવી દીધો; સુખશય્યા આપવા માંડી ત્યારે તેને ભૂમિશય્યા એના સરખી જ સુખદ લાગી. રાજા પોતાની સત્તા સાથે, પોતાની સમૃદ્ધિ સાથે, પોતાના જ્ઞાન સાથે જે કરી શકતો ન હતો તે આ સંતપુરુષ રાજાના દેખતાં કરી શક્યો.

'સાધો! ક્ષણભર થોભો. મારી વિનંતી છે કે આપ મારા નગરને જ પાવન કરો. મારે આપની સાથે ઘણી વાત કરવી છે.' રાજાએ જવાની તૈયારી કરતા સાધુને કહ્યું.

'રાજન્! સાધુ તો ચાલતો જ ભલો, રાજા પવિત્ર હશે એ નગરી પણ પવિત્ર જ હશે. અને...હું તો કોઈ વિદ્વાન નથી, પંડિત નથી, શાસ્ત્રી નથી, યોગી નથી, કે જેથી મારા વાક્ચાતુર્ય દ્વારા હું તારા ઉપર છાપ પાડી શકું. વાતચીતનો કંઈ અર્થ જ નથી, એવી અમારી અજ્ઞજનોની માન્યતા.'

'તો આપ છો કોણ? આપને ઓળખવા શી રીતે? વાતચીત સિવાય બીજી કઈ રીતે હું આપની નજીક આવી શકું? આપના જેવી પથ્થર અને સુવર્ણને એક માનતી માનસિક શક્તિ મારે જોઈએ છે. આપ જ મને એ આપો.' રાજાએ આર્જવપૂર્વક સાધુને કહ્યું.

'હું શું? પ્રભુના ચરણની રજ. પહેલાં જ મેં મને ઓળખાવ્યો. વાતચીત તો મારી સાથે શી કરવાની! હું અજ્ઞાનીની સાથે? સાચી વાતચીત પ્રભુ સાથે થાય, રાજન્! અને એ વાણીનો વિષય નથી;

એ તો હૈયા ઉકલતની વાત બની રહે છે. અને મારા જેવા શક્તિ ? સુવર્ણ અને પથ્થરને એક માને એવી ? રાજન ! સુવર્ણ અને પથ્થર બંનેના બનાવનાર પ્રભુ ! માગો એ શક્તિ એની પાસે.'

'એ ક્યારે મળે ?'

'પ્રભુને ઓળખો, પ્રભુમાં તન્મય થઈ જાઓ, તે દિવસે પ્રભુની સઘળી રિદ્ધિસિદ્ધિઓ તમારી આસપાસ રમ્યા કરશે. કલ્યાણ થાઓ, રાજન ! જય શ્રીકૃષ્ણ !'

રાજા બળદેવવર્મન વિચાર કરતો ઊભો રહ્યો અને પરવા વગરના સાધુને ઈશ્વરસ્મરણ કરતો જતો જોઈ રહ્યો. મહારાજાને લાગ્યું કે તે પોતે ધર્મિષ્ઠ હતો. રાજાને યોગ્ય આચરણ પણ કરતો હતો, અને તેની રૈયત પણ સુખી હતી; છતાં, સર્વસત્તાધીશ રાજા હોવા છતાં, હજી એની પાસે એ ન હતું. જે આ ચાલ્યા જતા સાધુ પાસે હતું. એ કયું તત્ત્વ ? પ્રભુ ! પ્રભુનું સાન્નિધ્ય ! એ સિવાયની સઘળી પ્રાપ્તિ અધૂરી તો ખરી જ ને ?

ધર્માચરણ કરતા રાજાને અંધારપિછોડો ઓઢીને નગરમાં ફરતાં રાજ્યની ખામી તો કાંઈ દેખાઈ નહિ, પરંતુ તેની પોતાના હૃદયની કોઈક ખામી દેખાઈ આવી. બળદેવવર્મન રાજાના હૃદયને એ જ ક્ષણથી ચોટ લાગી. રાજાને પણ સામાન્ય માનવીની માફક પ્રભુ પાસે તો પગે ચાલીને જ જવાનું ને ! રાજકાજ એ કરતો, મહારાજાઓ સાથે સંધિવિગ્રહમાં ઊતરતો, પ્રજાની ફરિયાદો સાંભળતો, આજ્ઞા આપતો, અને તેનું પાલન પણ કરાવતો; છતાં તે સર્વની પાછળ એક ડંખ તેને વાગી જ રહેલો હતો; : હજી પરમ તત્ત્વ પિછાનવાનું તો બાકી જ ને ?

એની વિકલતા પ્રધાનો, સામંતો, અધિકારીઓ અને કુટુંબીજનો પણ પરખી ગયા. એક વખત રાજ્યપુરોહિતને પણ મહારાજાએ કહ્યું કે પુરોહિત સરખા વિદ્વાન કર્મકાંડીએ રાજાને પ્રભુપ્રાપ્તિનો માર્ગ બતાવવો. પુરોહિતે પોતાની અશક્તિ જાહેર કરતાં કહ્યું :

'મહારાજ ! હું તો ભૂલ વગરનું કર્મ કરાવું અને શાસ્ત્રના

આધારો કાઢી બતાવું. પ્રભુદર્શનનો માર્ગ તો ન્યારો જ છે! એ તો કોઈ વિરલ સંત કે ભક્તની કૃપાથી આપને ખબર પણ ન પડે અને માર્ગ જડી જાય.'

'એવો ભક્ત કે સંત આપણને ક્યાં મળે?' રાજાએ પૂછ્યું

'રાજન! એવા ભક્ત કે સંત ન વેશથીપરખાય, ન સ્થાનથી. પરખાય, ન રૂપથી પરખાય, ધર્મકર્મ કરીએ, યાત્રાપર્યટનમાં ફરીએ, અગર સાચાંખોટાંનો વિચાર કર્યા વગર સાધુસંતોને સતત નોતરીએ, એમાંથી કોઈક સ્પર્શમણિ સરખો સંત આપણને મળી જાય. પુરોહિતે કહ્યું.

મહારાજા બળદેવવર્મન પુરોહિતની વાણી સાંભળી રહ્યો. રાજાનું હૃદય તો સ્વચ્છ થવા જ માંડ્યું હતું. પુરોહિતે તેના જ વિચારનો પડઘો પોતાની વાણીમાં પાડ્યો હતો. વિચાર હતો. વિચારઅને વાણી સુધી રાજા બળદેવવર્મન પહોંચ્યા. હવે તેને કર્મમાં પગલું મૂકવાનું હતું. અને રાજા બળદેવવર્મને તે મૂક્યું પણ ખરું.

૨

રાજા બળદેવવર્મને તીર્થયાત્રાઓ કરી અને ન હતાં ત્યાં તીર્થધામો ઊભાં પણ કર્યાં. યજ્ઞયાગાદિ કાર્યો પણ તેણે કરવા માંડ્યાં, સાધુસંતોને નોતરવા માંડ્યા અને વિદ્વાનોની મોટી મોટી પરિષદો તેણે ભરવા માંડી. તીર્થાટનમાં તેને લોભી તીર્થગુરુઓ મળ્યા, યજ્ઞયાગાદિમાં દક્ષિણા તરફ નજર કરતા કર્મઠો જ તેની સામે ભટકાયા અને અન્નક્ષેત્રોમાં સાધુસંતોને બદલે નિર્માલ્ય ભિક્ષુકોનાં ટોળાં ઊભરાતાં તેને દેખાયાં.

અને વિદ્વાનોની સભાઓ, પરિષદો અને સમિતિઓ તો એને તદ્દન લુખ્ખી જ લાગી. રાજાના ચિત્તને સંતોષ આપે એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરનારને એક ભાર સોનું આપવાની રાજાએ જાહેરાત પણ કરી. અને પછી તો મદુરાના વિધવિધ ધર્મોના પંડિતો અને શાસ્ત્રીઓની અવનજવર શરૂ થઈ ગઈ. શૈવ પંડિતો પણ આવે, વૈષ્ણવ

પંડિતો પણ આવે, અને શાક્ત પંડિતો પણ ત્યાં આવે; સૂર્યોપાસક પણ ત્યાં ખરા, પાશુપતો પણ ત્યાં ખરા અને ગાણપત્યો પણ ત્યાં ખરા. માયાવાદીઓની પણ ભરતી થાય, સાંખ્યવાદીઓ પણ પ્રવચનો કરે, અને વૈશેષિકો પણ પોતાના સિદ્ધાંતો રાજાને સંભળાવે. જૈનો, બૌદ્ધો અને આજીવકો પણ રાજાના દરબારમાં આવી વેદનું ખંડન પણ સંભળાવતા; અને મહારાજા બળદેવ એ બધું સાંભળતો પણ ખરો. ઘટાકાશ અને પટાકાશ, અણુ અને પરમાણુ, વહ્નિ અને સ્ફુલ્લિંગ, એવી એવી બુદ્ધિજન્ય સંભાવનાઓ રાજાની બુદ્ધિને તો ચાપલ્ય આપતી ચાલી, પરંતુ તેના હૃદયમાં તલપૂર પણ સંતોષ થતો ન હતો; કારણ આ વિદ્વાનોના અટાપટામાં પ્રભુ તરફ તેની તલપૂર પણ પ્રગતિ થતી નહિ. રાજાનું હૃદય હવે તડપવા માંડ્યું; તેના હૃદયમાં ભારે વ્યથા થવા માંડી; સાચા સાધુની ઝંખના આઠે પહોર જાગૃત રહેવા લાગી. સભાના વાદવિવાદો સાંભળી સભા પૂરી થયે કંટાળેલો રાજવી વિદ્વાનોને યોગ્ય પારિતોષિક આપી એકલો જ મસ્તકે હાથ દઈ સભાસ્થાનમાં બેઠો હતો. હજી સુધી તેને કોઈ સાચો સંત મળ્યો ન હતો એનું કષ્ટ હૃદયમાં થયા કરતું હતું. અને દ્વારપાળે આવી તેને ખબર આપી :

'મહારાજ ! વિષ્ણુચિત્ત નામધારી કોઈ વ્યક્તિ આપની સમક્ષ આવવા માગે છે.'

'એ પંડિત છે કે સાધુ ?' રાજાએ જરા કંટાળીને પૂછ્યું. એને વિદ્વાનોનો મોહ હવે રહ્યો ન હતો.

દ્વારપાળને તો એ બે વચ્ચેનો તફાવત શાનો સમજાય? તેણે જવાબ આપ્યો; 'મહારાજ ! મને એ સમજ ન પડી.'

'તો જઈને વિષ્ણુચિત્તને કહે કે આજની વિદ્વત્પરિષદ તો પૂરી થઈ ગઈ છે. આવતી કાલે પધારે.'

પાર્ષદ ગયો, અને તત્કાળ પાછો આવ્યો આવીને તેણે કહ્યું : 'મહારાજ ! વિષ્ણુચિત્ત તો કહે છે કે તેમને આ ક્ષણે જ આપને મળવું છે. ભગવાન વિષ્ણુની આજ્ઞાથી જ તેઓ અહીં પધાર્યા છે.'

'ભગવાન વિષ્ણુની આજ્ઞાથી ? જા જા, આ ક્ષણે જ બોલાવી લાવ. મારે તેમનાં દર્શન કરવાં છે. રાજાએ આજ્ઞા આપી. કોણ જાણે કેમ, તેના હૃદયમાં એકાએક ભાસ થયો કે વ્યથા નિવારવાને માટે જ ભગવાને કોઈ સંતને તેની પાસે મોકલ્યા છે.

વિષ્ણુચિત્ત પાવડી ખટખટાવતા સભાગૃહમાં ચાલ્યા આવ્યા. તેમના પહેરવેશમાં કશું વિશિષ્ટ તત્ત્વ ન હતું : તેમની ચાલમાં શાસ્ત્ર-પંડિતનો આડંબર પણ ન હતો પરંતુ તેમના મુખ ઉપર એવી પ્રસન્નતા હતી કે જે પ્રસન્નતા રાજા બળદેવવર્મને વર્ષો પહેલાં પાછલી રાતે વૃક્ષ નીચે સૂતેલા એક બેપરવા સાધુના મુખ ઉપર જોઈ હતી. રાજા એકાએક ઊભો થયો અને વિષ્ણુચિત્તના ચરણમાં તેણે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.

'ઉત્તિષ્ઠ રાજન્ ! ઊભા થાઓ. આવા પ્રણામ તો પ્રભુને શોભે, મને નહિ.' વિષ્ણુચિત્તે રાજાનો સ્પર્શ કરી તેમને ઊભા કર્યા અને સ્પર્શ થતાં જ રાજાને લાગ્યું કે પ્રભુનાં દર્શન કરાવનાર કોઈ સાચો સંત તેની પાસે આવીને તેને પ્રભુ તરફ દોરી રહ્યો છે. સહજ ગદ્ગદ વાણીમાં રાજાએ બે હાથ જોડી વિષ્ણુચિત્તને કહ્યું.'

'ગુરો ! પ્રભુ તરફ એક વાર આપે અંગુલિનિર્દેશ કર્યો; હવે પ્રભુનાં દર્શન કરાવો—પ્રત્યક્ષ.'

'રાજન્ ! તારો પ્રભુદર્શનનો અધિકાર હવે થઈ ચૂક્યો લાગે છે. સાક્ષાત નારાયણે મને આજ્ઞા આપી તારી પાસે મોકલ્યો છે.'

'સ્વપ્નમાં આજ્ઞા આપી શું, મહારાજ ?'

'સ્વપ્ન—જાગૃતની જડ જંજાળમાં તું શું કરવાને પડે છે ? જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિ : જે અવસ્થામાં પ્રભુદર્શન થાય એ જ સાચી અવસ્થા, કહે, તારી સભાઓ પૂરી થઈ ગઈ ? શું શીખ્યો તું પંડિતો પાસેથી ?'

'શીખ્યો ઘણું ઘણું; લગભગ બધાં જ ધર્મશાસ્ત્રોના સિદ્ધાંતો. પરંતુ એકે ય સિદ્ધાંત મને હજી પ્રભુની પિછાન કરવી શક્યો નહિ.'

'પ્રભુની દૃષ્ટિ હવે તારા ઉપર થઈ છે, એટલે તારી દૃષ્ટિ

પણ પ્રભુ તરફ વળે છે. પ્રભુ હવે હાથવેંતમાં જ છે.'

'પરંતુ વિદ્વાનો તો ઉપનિષદના મંત્ર આપે છે કે પરમાત્મા પ્રભુ. સહુથી પહેલા દૃષ્ટિએ પડે, શ્રવણે પડે, પછી તેમનું મનન થાય, અને ત્યાર પછી તેમનું ધ્યાન ધરાય. आत्मा वा रे द्रष्टव्यो, श्रोतव्यो मंतव्यो, निदिध्यासितव्यो...'

'રાજન! સંસ્કૃત, પ્રાકૃત અને શાસ્ત્રવાણીના એ બધા ચમત્કારા આપણે બાજુએ રહેવા દઈએ. તને ટૂંકામાં ટૂંકો, સહેલામાં સહેલો, અને પ્રભુને પળે પળે પ્રત્યક્ષ કરાવે એવો મંત્ર સંભળાવું?' વિષ્ણુચિત્ત પૂછ્યું.

'હું એ જ શોધી રહ્યો છું. કૃપા કરી મને અબઘડી એ મંત્ર સંભળાવો.'

'તો સાંભળ! આત્મા, પરમાત્મા, સાકાર, નિરાકાર, સગુણ, નિર્ગુણ—એ બધું બાજુએ મૂક. સતત નારાયણનું નામ લે, સતત નારાયણનું ધ્યાન ધર, અને તું જે કાંઈ કર તે નારાયણપ્રીત્યર્થે જ કરે છે એમ માનીને ચાલ; તું રાજ્ય કરે તે નારાયણપ્રીત્યર્થે જ કરજે!' આટલું કહી નમન કરતા રાજવીને મસ્તકે હાથ મૂકી વિષ્ણુચિત્ત સભાગૃહમાંથી ચાલ્યા ગયા. પરંતુ રાજાનું ગુરુસ્થાન પ્રાપ્ત કરી ચૂકેલા વિષ્ણુચિત્તને રાજા બહાર સન્માન વગર જવા દે એમ હતું જ નહિ. વિષ્ણુચિત્તને મન તો સન્માન અને અપમાન બંને સરખાં જ હતાં. મહારાજાએ મદુરાનગરીમાં એક ભવ્ય સન્માન-સરઘસ કાઢ્યું અને વિષ્ણુચિત્તને હાથીને હોદ્દે બેસાડી આખા ગામને તેમનાં દર્શન કરાવ્યાં. વિષ્ણુચિત્ત પાસે તો નારાયણના નામ સિવાય બીજો મંત્ર જ ન હતો. તેઓ પગે ચાલે કે હાથીને હોદ્દે બેસે, પરંતુ નારાયણના નામસ્મરણ સિવાય એમને જીવનમાં બીજી કાંઈ મહત્તા દેખાતી જ ન હતી. આ સાધુચરિત પુરુષનો આટલામાં જ એવો પ્રભાવ પડી ગયો કે આખું મદુરાનગર નારાયણના નામનો ઉચ્ચાર કરતું બની ગયું.

૩

વિષ્ણુચિત્તને રાજાઓ અને રાજદરબારો સાથે કાંઈ વિશેષ કામ હતું જ નહિ. તામિલ પ્રદેશના વિલ્લીપુર નામના સ્થળમાં આવેલા પોતાના આશ્રમમાં તે પાછા આવી ગયા. અને આશ્રમમાં નારાયણપ્રીત્યર્થે પોતાનું જીવન વ્યતીત કરતા ચાલ્યા. હજી રાજા બળદેવવર્મનના મનમાં એક શંકા રહી ગઈ હતી : જીવનમાં સર્વ કાર્યો નારાયણપ્રીત્યર્થે કેમ કરીને થાય? તે પોતે રાજવી હતો. રાજકાજમાં ચિત્ત પણ પરોવવું પડે અને ગુનેગારોને દંડ પણ દેવા પડે. આ બધું ઈશ્વરપ્રીત્યર્થે બને છે એમ કેમ કહેવાય? તેના મનનું સમાધાન ન થયું એટલે તરત એને ખ્યાલ આવ્યો : ગુરુ વિષ્ણુચિત્ત જે રીતનું જીવન વિતાવતા હોય એ રીતના જીવનમાંથી તેને પણ માર્ગદર્શન થઈ રહેશે. એ વિશ્વાસમાંથી બળદેવવર્મનને વિષ્ણુચિત્તના આશ્રમમાં હવે જવરઅવર શરૂ કરી. આશ્રમ તો નાનકડો, સાદો, વૈભવ અને એશઆરામથી રહિત હતો. ત્યાં તો કોઈ નોકર-ચાકર હોય જ નહિ. સહુ કોઈ ભક્ત, અને સહુ કોઈ એકબીજાના નોકર-ચાકર. જેમ ભક્તિભાવ વધારે તેમ અન્યની ચાકરી વિશેષ. સહુથી મોટા આશ્રમના સેવક તે વિષ્ણુચિત્ત પોતે જ. એમના આશ્રમમાં રંગનાયકી નામે એક કુમારી કન્યા ફરતી હતી. એ જ વિષ્ણુચિત્તની પરમ સેવાભાવનાનું ફળ.

એક દિવસ પ્રભુભક્તિમાં લીન શ્રી વિષ્ણુચિત્ત ભગવાનની પુષ્પમાળા બનાવવા પોતાની નાનકડી વાડીમાં પુષ્પ વીણતા હતા, અને એકાએક તુલસીક્યારામાં તરતની જન્મેલી એક બાળકી પડેલી તેમણે નિહાળી. ભગવાનની અર્પેલી આ બાળકી કઈ ન્યાતની હતી, કઈ જાતની હતી, કોની હતી, કાયદેસર જન્મેલી હતી કે બિનકાયદે, એ કશાનો વિચાર કર્યા વગર તેમણે બાળકીને પણ નારાયણઅર્પણ કરી અને તેને નારાયણની જ પ્રસાદી માની તેમણે ઉછેરવા માંડી. આશ્રમમાં કોઈ સ્ત્રી તો હતી નહિ, છતાં વિષ્ણુચિત્તે પ્રભુઆશ્રયે આ બાલિકાનો

ઉછેર આરંભ્યો અને એ બાલિકા ઉછરી પણ ગઈ. વિષ્ણુચિત્ત
પાસે એ બાલિકા ઉચ્ચારણ પણ પ્રભુનામ સિવાય બીજું શું સાંભળે ?
બાળકીના મુખનો પહેલો બોલ પણ 'હરિ' નામનો જ હતો.
જેની વાણીમાં પહેલો બોલ પ્રભુનો જ હોય એ બાળકી પણ પ્રભુ
તરફ દોરાયા વગર કેમ રહે ? રંગનાયકીની નજરમાં ચોવીસે કલાક
વિષ્ણુચિત્ત અને તેમનું કાર્ય રહ્યા કરે. પ્રભુનું નામસ્મરણ પ્રભાતથી
જ સાંભળવાનું હોય. વિષ્ણુચિત્ત ફૂલ વીણવા જાય અને બાળકી
પણ પાલક પિતાની સાથે સાથે અને પાછળ ફર્યા કરે; અને
જે જે કાર્ય વિષ્ણુચિત્ત કરે તે તે કાર્યમાં બાળકી પોતે પણ પરો
વાય. બાળકોને ખાવુંપીવું ઘણું ગમે; રમવું કૂદવું ઘણું ગમે; વાતો
સાંભળવી, ગાવું, વગાડવું એ તો બાળકના જ પ્રિય વિષયો. અને
વિષ્ણુચિત્તને ત્યાં એ બધું જ મળતું. માત્ર વિષ્ણુચિત્ત એ સઘળી
વસ્તુને એક ટકોરો મારી પ્રભુનિમિત્ત બનાવી દેતા. ફૂલ ચૂંટવાં બાળ
કને ગમે, અને ફૂલ પહેરવાં પણ બાળકને ગમે. વિષ્ણુચિત્ત રંગ
નાયકીની પાસે ફૂલ વિણાવે, અને માળા ગૂંથાવે. પરંતુ તે પ્રભુને
અર્પણ થાય અને ત્યાર પછી રંગનાયકી પોતાના દેહ ઉપર ધારણ
કરે. વિષ્ણુચિત્ત પાલક દીકરીને માળા પહેરેલી જોઈ બહુ રાજી થાય
અને કહે :

'વાહ, દીકરી ! શું સરસ માળા તને શોભે છે ? જાણે પુષ્પે
પુષ્પે પ્રભુ પધાર્યા !'

અને રંગનાયકીને પોતાને પણ એમ જ લાગે કે પુષ્પે પુષ્પે
એના દેહ ઉપર પ્રભુ જ પધારે છે.

ખાવાપીવાનું પણ પ્રભુને ધરાવીને. પ્રભુને ધરાવવાને માટે એ
સારામાં સારું બનવું જોઈએ. અને સારામાં સારું ન બન્યું હોય
તોપણ પ્રભુને ધરાવેલી વસ્તુમાં દોષ કે ખોડ કાઢી શકાય જ નહિ–
એ ભાવના વિષ્ણુચિત્તના હૃદયમાંથી રંગનાયકીના હૃદયમાં ઝીલાઈ.
રંગનાયકી ધીમે ધીમે એક સુંદર પાકપ્રવીણા થઈ.

એને રમવુંકૂદવું હોય, વૃક્ષ ઉપર ચઢવું હોય, ગાયવાછરડા

સાથે વાતો કરતી હોય, વિષ્ણુચિત્ત રંગનાયકી આખી રમતગમત પ્રભુમય બનાવી દીધી. પ્રભુ ગેડીદડા પણ રમતા, ગાયો ચરાવતા, વાંસળી વગાડતા, કદંબના વૃક્ષ ઉપર ચઢતા...અને એક વખત તો તેમણે માટી પણ ખાવા માંડી. અને જસોદા માતાએ તેમને ધમકાવ્યાં એટલે માટીના અણુમાં પ્રભુએ આખું બ્રહ્માંડ દેખાડયું ! વૃક્ષે વૃક્ષે રંગનાયકીને બાળપણથી જ યમલાર્જુન અને તેમના તારક કૃષ્ણ દેખાવા લાગ્યા. આમ તેની રમત પણ વિષ્ણુચિત્તના પરિચયમાં પ્રભુમય બની ગઈ.

અને પછી તો જેમ જેમ તેનો દેહવિકાસ અને મનોવિકાસ થવા માંડયો તેમ તેમ તેના મનમાં પ્રભુ પ્રત્યે ગોપીભાવ ઉત્પન્ન થવા માંડયો. અને માનવ પુરુષો પ્રત્યે આકર્ષાવાને બદલે મંદિરમાં બિરાજતા કૃષ્ણ—કહો કે રંગનાયકીના હૃદયમાં બિરાજતા કૃષ્ણ—પ્રત્યે તેણે પતિભાવ વિકસાવ્યા. પોતાના દેહ પ્રત્યે એ વારંવાર જોતી, આયનામાં નિહાળતી, અને પોતે સાક્ષાત્ કૃષ્ણની પત્નીની પાત્રતા મેળવી શકી છે કે કેમ તે જોયા કરતી હતી. બગીચામાં ખૂબ સુંદર પુષ્પ ખીલી રહ્યાં. પ્રભુ માટે રંગનાયકી નિત્ય માળા ગૂંથતી. આ જ તેને જ એ માળા પહેરવાનું મન થયું. તેણે વિચાર કર્યો કે આ માળા પહેરી હું પ્રભુ સામે ઊભી રહું તો હું પ્રભુની પ્રસન્નતા મેળવી શકું. માળા પહેરી પ્રભુ સામે ઊભી પણ રહી. અને મંદિરના પૂજારીએ જ્યારે તેને નિત્યક્રમ અનુસાર માળા લાવવા કહ્યું ત્યારે તેણે પોતાના ગળામાંની જ માળા કાઢી પૂજારીના હાથમાં મૂકી દીધી.

'કોઈની ઊતરેલી માળા પ્રભુને આમ પહેરાવાય ?' પૂજારીએ રંગનાયકીને જરા ક્રુદ્ધ થઈને કહ્યું. અને વિષ્ણુચિત્તે પણ એ વાર્તાલાપ સાંભળ્યો, પુત્રીને પ્રભુપૂજાનું મહત્ત્વ સમજાવ્યું અને તાજાં પુષ્પની નવી માળા તેમણે પ્રભુને અર્પણ કરી. પરંતુ પ્રભુને એ તાજાં પુષ્પની માળા ચઢાવતાં જ આખી માળા કરમાઈ ગઈ અને આખું ભક્તમંડળ વિચારમાં પડી ગયું. અંતે વિષ્ણુચિત્તે પુત્રીને પૂછ્યું.

'દીકરી ! તું કયા ભાવથી પ્રભુને માળા ધરાવતી હતી ?'

'પિતાજી ! દિવસોથી ગોપીભાવે હું પ્રભુ તરફ નિહાળું છું. કોણ જાણે કેમ, એક દિવસ મારાથી જ એ માળા પહેરાઈ ગઈ... અને હવે મારી પહેર્યા વગરની જ માળા ધરાવાય છે તે બધી પ્રભુને કાંઈ અર્પણ થતાં જ કરમાઈ જાય છે.' પુત્રીએ જરાક શરમાતાં શરમાતાં જવાબ વાળ્યો અને વિષ્ણુચિત્ત સમજી ગયા. દીકરીની પહેરેલી જ માળા તેમણે પ્રભુને અર્પણ કરી અને પુષ્પો હતાં એ કરતાં વધારે ખીલ્યાં, અને વધારે સુવાસિત બન્યાં !

આ પ્રસંગ પછી કેટલેક સમયે રંગનાયકીનાં પ્રભુની મૂર્તિ સાથે જાહેરમાં લગ્ન પણ કરવામાં આવ્યાં. અને વિષ્ણુચિત્ત તથા તેમની પાલક પુત્રી બંનેએ મંદિરમાં રહી લાખ્ખો પદ રચ્યાં; જે ગાતાં ગાતાં તામિલ પ્રદેશનો મોટો ભાગ વૈષ્ણવતા સ્વીકારી રહ્યો, અચાનક મળી આવેલી બાળકીને પાળી, પોષી, ઉછેરી, ભણાવી, પ્રભુમય બનાવી દેનાર પ્રભુભક્ત વિષ્ણુચિત્તના આશ્રમમાં વારંવાર આવી ગુરુની ચર્યા નિહાળી જતા રાજા બળદેવવર્મનને પ્રભુમય કેમ થવું તેનું પ્રત્યક્ષ શિક્ષણ મળી ગયું. સર્વ કાર્ય સ્વચ્છતાપૂર્વક, સૌંદર્યપૂર્વક, પ્રભુપરાયણતાપૂર્વક, અને પ્રભુને અર્પણ કરીને થઈ શકે છે એવું વિષ્ણુચિત્તનું વર્તન હજારો અને લાખ્ખો સામાન્ય માનવીઓને પણ પ્રભુમય બનાવી શકે. દક્ષિણના પરમ ભક્ત ગણાતા અલ્વારોમાં વિષ્ણુચિત્ત અને રંગનાયકી અગ્રસ્થાન પામ્યાં.

રંગનાયકી કઈ જ્ઞાતિની બાળકી હતી, કોની બાળકી હતી. વિધિપુરઃસરનાં થયેલાં લગ્નમાંથી જન્મેલી બાળકી હતી કે કેમ, એ બધા પ્રશ્નો ન વિષ્ણુચિત્તે પૂછ્યા, ન ત્યાર પછી આજ સુધી કોઈએ પૂછ્યા. ન્યાત, જાત, કુળ અને પ્રાકૃત ધર્મથી પર લઈ જતો સના-તન ધર્મ આમ રાયરંકને એક કક્ષાએ મૂકતો હજી પ્રચલિત છે.

# ભક્તિ કે પ્રભુકૃપા ?

## ૧

પ્રભુને પ્રાપ્ત કરવાના ત્રણ માર્ગ : અને તે એક અગર બીજે નામે પ્રત્યેક ધર્મમાં હોય જ. એક જ્ઞાનમાર્ગ, બીજો યોગમાર્ગ અને ત્રીજો ભક્તિમાર્ગ, ગીતામાં અર્જુનને આ ત્રણ બોધ થાય છે: **नहि ज्ञानेन सदृश पवित्रमिह विद्यते।** એમ કહી જ્ઞાનની પરમ પવિત્રતા વર્ણવી છે. **तस्माद् योगी भवार्जुन।** કહીને યોગની મહત્તા પણ પ્રભુએ ગાઈ છે. અને યો **मद्भक्तः स मे प्रियः।** કહીને ભક્તિનાં દ્વાર પણ પ્રભુએ ખુલ્લા મૂક્યાં છે, કઠિન યોગ અને અનેકરંગી જ્ઞાન કરતાં ભક્તિનો માર્ગ સરળ, સુગમ અને સર્વસાધ્ય છે. એ અર્થે ભક્તિનો મહિમા મોટો છે, જોકે ત્રણે માર્ગ આપણને લઈ જાય છે તો પ્રભુના પદ પાસે જ.

મધ્ય યુગનો આ એક પ્રસંગ છે જ્યારે ભક્તિમાર્ગની વ્યાપકતાએ અનેક ભારતવાસીઓના ક્લેશ સમાવ્યા હતા. વિપ્ર નારાયણનો જન્મ એક બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. બાળપણમાંથી તેણે વેદાધ્યયન કર્યું. વેદાંગ હાથ કરી લીધાં, અને ષડ્દર્શન પણ તેને જિહ્વાગ્રે થઈ ગયાં, વિદ્વાન તરીકે તેની પ્રતિષ્ઠા ખૂબ જામી. પરંતુ એ વિદ્વત્તાએ વિપ્ર નારાયણને ચતુર અને વાકપટુ બનાવ્યો ખરો છતાં એ વિદ્વત્તાએ તેને પ્રભુનો સ્પર્શ કરાવ્યો હોય એમ જરા યે લાગ્યું નહિ. વિષ્ણુમંદિરના એક ચોકમાં તેણે વિદ્વત્તાભર્યું પ્રવચન કર્યું, અને સમગ્ર શ્રોતામંડળ તેની વિદ્વત્તાથી ચકિત થઈ ગયું. ન ચકિત થયો એક અજાણ્યો સાધુ, જેણે દૂર બેઠે બેઠે વિપ્ર

નારાયણનું વ્યાખ્યાન સાંભળી ત્રણચાર વાર આછું સ્મિત કર્યું હતું. ચકોર વિપ્ર નારાયણની દૃષ્ટિ બહાર સાધુનું વર્તન ગયું ન હતું. સહુનાં વખાણ ઝીલતાં ઝીલતાં બહાર નીકળતા વિપ્ર નારાયણે હજી પણ સ્મિત કરતા સાધુને પૂછ્યું :

'સાધો! વ્યાખ્યાન ન ગમ્યું, ખરું ?'

'ન ગમે એવું એમાં કાંઈ હતું નહિ...ઠીક છે. સરસ વિદ્વાન વ્યાખ્યાન કરે એવું એ વ્યાખ્યાન હતું.' સાધુએ સ્મિતસહ જવાબ આપ્યો.

'આપને એમાં ખામી શી લાગી?' વિપ્ર નારાયણે સાધુને પૂછ્યું.

'ખામી તો કાંઈ નહિ, પરંતુ તને ખોટું ન લાગે તો એક વાત કહું.' સાધુએ જવાબ આપ્યો.

'જરૂર કહો.'

'તો સાંભળ. બુદ્ધિને તારું વ્યાખ્યાન બહુ રુચ્યું. પરંતુ એમાં હૃદયને ચોટ લાગે એવું કાંઈ ન જડયું.'

'હૃદયને શી રીતે ચોટ લાગે? શું કરું તો ચોટ લાગે?'

'ભક્તિ કરો, ભક્તિ! પંડિતજી!...પ્રભુની નિત્ય સેવા! જાતે અંગમહેનત કરીને!...કાંઈ નહિ તો પુષ્પ ચઢાવો પ્રભુને નિયમિત.' સાધુએ કહ્યું.

સાધુ અને વિપ્રનારાયણ છૂટા પડયા, પરંતુ આખી રાત વિપ્રનારાયણને સાધુનું સ્મિત દેખાયા કર્યું. વિપ્રનારાયણની વિદ્વત્તા એક જાણે કોઈ બાળકની રમત હોય; અને બાળકની એ રમત જોઈ વડીલને કૃપાભર્યું સ્મિત આવતું હોય, તેવું એ સાધુનું સ્મિત આખી રાત દમી રહ્યું. વિપ્ર નારાયણને ઊંડે ઊતરતાં સમજાયું કે તેમની પોતાની વિદ્વત્તા એ માત્ર શબ્દની રમત જ હતી. પ્રભુની નજીક લઈ જાય એવી શક્તિ એ વિદ્વત્તામાં ન હતી.

પ્રભાતમાં ઊઠીને તેમણે નિશ્ચય કર્યો કે વિદ્વત્તાને બાજુએ મૂકી અને પ્રભુની સેવામાં તલ્લીન રહેવું. સાધુની શિખામણ હતી

કે કાંઈ નહિ તો છેવટે પ્રભુને પુષ્પ પણ ચઢાવવાં. મહાવિદ્વાન વિપ્ર નારાયણ એ પ્રભાતથી મંદિરમાં જઈ પ્રભુને પુષ્પ અર્પણ કરવા લાગ્યા.

ભક્તિમાર્ગની ખૂબી જ એ છે કે સેવાકાર્ય આપોઆપ જ વિસ્તાર પામતું જાય, અને ભક્તનું હૃદય વધારે અને વધારે પ્રભુમય બનતું જાય. પહેલે દિવસે વિપ્રનારાયણે પ્રભુની મૂર્તિના ચરણ પાસે પોતાને ગમતાં સારામાં સારાં પુષ્પો ધરાવ્યાં. બીજે દિવસે એટલાં પુષ્પો તેમને ઓછાં લાગ્યાં, એટલે તેમણે પુષ્પનો એક ઢગલો સાથે રાખ્યો અને પ્રભુને ચરણે ધરાવ્યો. ભક્તિએ તેમનું હૃદય ખોલવા માંડ્યું. ત્રીજે દિવસે તેમને લાગ્યું કે સર્વાર્પણને યોગ્ય પ્રભુને આમ અવ્યવસ્થિત પુષ્પોનો પૂંજ ચઢાવવો અને તેમના ચરણને રૂંધી નાખવા એના કરતાં તેમનાં સુકોમળ ચરણને સહજ પણ કષ્ટ ન થાય એવી રીતે વ્યવસ્થિત ઢગમાં પુષ્પના મુકુર બનાવી ચઢાવવા એ વધારે સાચો માર્ગ છે, માળીને ત્યાં તો અનેક પ્રકારની પુષ્પાકૃતિઓ મળતી હતી. એવી વેચાતી લીધેલી પુષ્પાકૃતિઓ કરતાં પોતે જાતે જ પુષ્પની જુદી જુદી આભૂષણ-આકૃતિઓ બનાવે અને પ્રભુના ચરણે ધરાવે એ વધારે સાચી ભક્તિ નહિ? મહાપંડિતે પોથાં થોથાં બાજુ ઉપર મૂક્યાં, અને પ્રભુના ચરણને શોભે એવી ઢબનાં પુષ્પ-આભૂષણો જાતે જ મંદિરમાં બેસી તૈયાર કરવા માંડ્યાં. પ્રભુના ચરણ કેવા, પ્રભુની અંગુલિયો કેવડી, નૂપુર સિવાય બીજાં કયાં કયાં આભૂષણો બનાવી શકાય એમ વિચારમાં રમતા પંડિત વિપ્ર નારાયણનું મન પ્રભુની આકૃતિમાં જ રમવા લાગ્યું. અને વેદવેદાંતનાં જે ભાષ્યસૂત્રો નહોતાં કહી શકતાં તે પ્રભુલક્ષણો તેમને પુષ્પ-અલંકાર ગૂંથતાં ગૂંથતાં મનમાં પ્રગટ થતાં.

અને પુષ્પ-અલંકારો કાંઈ એકલા પગને જ અર્પણ થાય એવું કોણે કહ્યું? પ્રભુના હાથ, પ્રભુની કમર, પ્રભુનો કંઠ, પ્રભુના વક્ષ, પ્રભુના સ્કંધ, અરે! પ્રભુના શિરપેચ પણ ફૂલના શા માટે ન બનાવાય? વિદ્વાન વિપ્ર નારાયણ પ્રભુના પગ માટે પુષ્પ-અલંકારો બનાવતા હતા

તે હવે પ્રભુની આખી મૂર્તિ માટે પુષ્પ-અલંકારો બનાવતા મંદિરના એક સેવક બની ગયા. પુસ્તકોના વાંચન કરતાં પુષ્પાલંકારની રચના તેમને પ્રભુનું સાન્નિધ્ય વધારે પ્રમાણમાં આપતી હતી; અને જે ઊર્મિલતા વાચનમાંથી નહોતી મળતી તે ઊર્મિલતા હવે તેમને અલંકારરચનામાંની મળવા માંડી.

એક દિવસ અલંકારમાં કાંઈ ભૂલથી પુષ્પનું વજ્ર તેમના પુષ્પ-આભૂષણમાં રહી ગયું, અને એ વજ્ર પ્રભુને ખૂંચ્યા કરતું હોય એમ લાગતાં વિપ્ર નારાયણને ભારે પશ્ચાત્તાપ થયો:

'અરેરે! પ્રભુને આખો આખો દિવસ ખૂંચે એવું વજ્ર મેં મારા આભૂષણમાં રહેતા દીધું! પ્રભુને દુઃખ આપનારો હું પાપી છું.'

આમ તેમના હૃદયમાં પ્રભુ પ્રત્યે અને પ્રભુની જનતા પ્રત્યે ભવ્ય કુમળાશ જન્મી અને પ્રભુપિછાનની પાત્રતા ઉપજાવતી આર્દ્ર વૃત્તિ તેમના હૃદયમાં વ્યાપી ગઈ.

એક સવારે તેમના મનમાં વિચાર આવ્યો:

'પ્રભુના શણગાર માટેનાં પુષ્પો હું પાડોશીના કે ઓળખીતાના બગીચામાંથી લાવું છું. ત્યાંથી ન મળે તો હું વેચાતાં લાવું છું. કેટલી મોટી ભૂલ? મંદિરની આસપાસ આટલી મોટી પડતર જમીન પડી છે! હું જાતે જ અંગમહેનત કરી પ્રભુ માટે એક બગીચો બનાવી એ બગીચાનાં જ પુષ્પની પથારીમાં પ્રભુને સુવાડું તો એ વધારે સાચી સેવા ન કહેવાય?'

અને આવો વિચાર આવતાં જ તે જ ક્ષણે વિપ્ર નારાયણે ઊભા થઈ મંદિર આસપાસની પડતર જમીન સુધારી, તેમાં બગીચો ઉપજાવવાની યોજના ઘડી કાઢી, અને પોતાને હાથે જ કોદાળા, પાવડા લઈ ખોદકામની શરૂઆત કરી દીધી. વિદ્વાન વિપ્ર નારાયણની વિદ્વતા કે વિદ્વતાનો ઘમંડ ઓસરી જતાં ભક્ત વિપ્ર નારાયણ પ્રભુભક્તિમાં એક મજદૂર બન્યા! સામાન્યતઃ વિદ્વતાને અને મજૂરીને ભારે બનાવ તો નહિ. વિપ્ર નારાયણને કોદાળી શું, પાવડો શું, ત્રાંકમ શું, ટોપલો શું, ક્યારો શું અને ફૂલઝાડનું વાવેતર શું, એનો કશો જ

ખ્યાલ ન હતો. પાવડા ત્રીકમના ભૂમિપ્રહાર કોઈ કોઈ વાર પગપ્રહાર પણ બની જતા અને તેમની હથેલીઓમાં છાલાં પડી સુકાઈ જઈ તેમાંથી આંટણપણ ઊપસી આવ્યાં. પરંતુ પ્રભુની પુષ્પસેવા સ્વપ્રયત્નથી કરવા ઉત્સુક બનેલા વિપ્ર નારાયણને આ કાળી મજુરીમાં ખૂબ જ આનંદ આવવા લાગ્યો. જમીન તૈયાર થશે, એમાં ફૂલછોડ રોપાશે, સુંદર ફૂલનો હાર આવશે અને એમાંથી પ્રભુને ફૂલના શણગાર હિંડોળા અને શૈય્યા થશે – એ કલ્પનામાં જ વિપ્ર નારાયણને આનંદ આનંદ થઈ રહ્યો. અને ઉત્કટ આવેગમાં તેમની સેવા પ્રત્યે કૃપાભર્યું સ્મિત કરતા પ્રભુ પણ સ્વપ્નમાં ઘણુંખરું દેખાવા લાગ્યા. ભક્તને બીજું શું જોઈએ? એકાદ વર્ષ વીત્યું નહિ હોય એટલામાં તો મંદિરની આસપાસ વિપ્ર નારાયણનો રચેલો બગીચો તૈયાર થઈ ગયો, અને પ્રભુને એ જ બગીચાનાં પુષ્પોમાંથી અનેકાને પ્રકારના શણગારો રચાવા લાગ્યા, પુષ્પના વાઘા પણ તૈયાર થવા લાગ્યા, પુષ્પશૈય્યાની રચનાઓ રચાવા લાગી, અને લગભગ આખું મંદિર પુષ્પની વિવિધ કલા-આકૃતિઓથી પુષ્પમંદિર જ બની ગયું! પુષ્પના વિવિધ રંગની પાંદડીઓમાંથી સભામંડપમાં, ચોકમાં અને મંદિરના આંગણામાં અનેકાનેક પુષ્પ સાથિયાઓ પણ પુરાવા લાગ્યા, અને મંદિર આખું પુષ્પનું સ્વર્ગ જાણે બની ગયું હોય એવી રચના થઈ રહી. અને વિપ્ર નારાયણની ભક્તિની સુવાસ સમી પુષ્પસુવાસ મંદિરની આસપાસ ગાઉ સુધી પ્રસરી રહી.

૨

પ્રાચીન દેવમંદિરો એટલે ભક્તિનાં અને શ્રદ્ધાનાં ધામ. ભક્તિ અને શ્રદ્ધાની કક્ષા ભલે પાર્થિવ હોય, પથ્થરની મૂર્તિની આસપાસ એ કેન્દ્રિત થયેલી હોય, છતાં પાર્થિવતા સદાસર્વદા સૂક્ષ્મતાની પ્રતીક બની જાય છે. બ્રહ્માંડવ્યાપી પ્રભુને ઓળખવાનું, એને મળવાનું, એને પ્રાપ્ત કરવાનું પગથિયું એ મૂર્તિ. મૂર્તિ પ્રત્યે હૃદય જેટલા ઉત્કટ ભાવો અનુભવે એટલા ભાવ સૂક્ષ્મ પ્રભુને સ્પર્શ્યા વગર રહે નહિ, પછી ભલે કોઈ યુગને એમાં અંધશ્રદ્ધાનું દર્શન થાય. પ્રાચીન મંદિ-

રામાં જેમ પ્રભુની મૂર્તિને શણગાર થતા તેમ પ્રભુને પ્રસાદ પણ ધરાવાતો, અને પ્રભુને રીઝવવા માટે ગીતનૃત્ય પણ થતાં. એટલું જ નહિ પરંતુ જેમ પુષ્પાર્પણમાં વિપ્રનારાયણે સર્વાપણ ભક્તિ નિહાળી તે પ્રમાણે ગીતનૃત્યના અર્પણમાં કેટલીક સ્ત્રીઓ પ્રભુભક્તિની અંતિમ કક્ષા નિહાળતી. ભક્તિના આવેશમાં કેટલીક કલાધારીઓ પોતાનાં આખાં જીવનને પણ મંદિરાર્પણ કરી દેતી. અલબત્ત, બધા જ ભક્તિઆવેશ પરિપૂર્ણ હોતા નથી, અને સ્ખલન સહુના જીવન સાથે જેમ જડાયલું હોય છે તેમ ભક્તોના જીવન સાથે પણ જડાયલું હોય તો તેમાં નવાઈ ન કહેવાય. દેવદાસીના આવા અર્પણમાંથી ઉત્પન્ન થયેલો પ્રકાર આજ ભલે અશુદ્ધ બની વગોવાયો હોય અને તે નાબૂદ પણ ભલે થાય; છતાં ભક્તિમાર્ગે સાચાં સ્ત્રીજીવન સમર્પણ પણ જોયાં નથી એમ ગોદામ્બા તથા મીરાંબાઈના દૃષ્ટાંત ઉપરથી કોઈ ભાગ્યે જ એ કહી શકશે.

આજ દેવમંદિરમાં બે નર્તકીઓએ પોતાનાં ગીતનૃત્યને સમર્પણ કર્યું હતું. બંને હતી બહેનો. એકનું નામ દેવદેવી અને બીજીનું નામ રૂપદેવી. ગીતનૃત્યનો તે ધંધો કરે અને સવારસાંજ આ મંદિરમાં આવી પ્રભુમૂર્તિ સામે ગીત-નૃત્ય કરી ભક્તિનું પુણ્ય પણ હાંસલ કરે. દેવદેવી અને રૂપદેવીની કીર્તિ ચારે પાસ ફેલાઈ ચૂકી હતી. દેશદેશાંતરના રાજાઓ અને ધનિકો બંને બહેનોના રૂપની કીર્તિ સાંભળી આ નગરમાં આવે અને મોહિત થઈ પાછા જાય. બંને બહેનોને એક પણ હતું : દિવસમાં બે વાર દેવમંદિરમાં કલાનું સમર્પણ કર્યા સિવાય પોતાની કલાનો વિક્રય કરવો નહિ. આટલી પ્રતિજ્ઞા બંને બહેનો પાળી રહી હતી. વિપ્ર નારાયણ પ્રભુને માટે પુષ્પના શણગાર રચતા બેઠા હોય, દેવદેવી અને રૂપાદેવીનાં પ્રભુને પાસે નૃત્યગીત થાય, વિપ્ર નારાયણ તે સાંભળી પ્રફુલ્લિત બને, પરંતુ પ્રભુને અર્પણ થયેલાં ગીતનૃત્યને આકાર આપનારી સુંદરીઓનાં મુખ અને દેહ કેવાં છે એ જોવાની તેમને નવરાશ ન હોય ! કર્ણ કર્ણનું કામ કરે પરંતુ તેમનાં ચક્ષુ તો ફૂલશણગાર ગૂંથવામાં અને પ્રભુની સામે

નિહાળવામાં જ રોકાયલાં હોય.

એક દિવસ દેવદેવી અને રૂપદેવી બંને પોતાના સમય કરતાં જરા વહેલાં મંદિરે આવી ચઢયાં. વિપ્ર નારાયણના બગીચાને તેમણે અછડતો જોયો હતો અને તેમની ખાતરી પણ થઈ ગઈ હતી કે પ્રભુમંદિરમાં અર્પણ થતા પુષ્પશણગાર તેમના નૃત્ય અને ગીત શણગાર કરતાં જરા ય ઊતરતા ન હતા. સમય હતો એટલે તેમણે મંદિરના બગીચામાં ફરવા માંડયું. બગીચો પણ મંદિર જેવો જ સુંદર હતો. પ્રભુને અર્થે ઉપજાવતા પુષ્પોની ક્યારીઓ પણ પ્રભુને શોભે – પ્રભુને ગમે – એવી જ જોઈએ ને? બંને નર્તકી બહેનો આખો બગીચો ફરી વળી. બગીચાને છેડે આવેલા એક વૃક્ષ નીચે નાની સરખી એક ઝૂંપડી હતી. બંને બહેનો જોઈ શકી કે આ ભક્ત વિપ્રનારાયણનો મહાનિવાસ! આ તૂટીફૂટી ઝૂંપડીમાં પેલો પુષ્પતપસ્વી વિપ્રનારાયણ રહેતો હતો, પરંતુ નિત્ય નિત્ય એ પુષ્પનાં નવાં નવાં સ્વર્ગમંદિરમાં રચતો હતો!

સૌંદર્યના અર્ક સમી બંને બહેનો જ્યારે બાગમાં ફરી રહી હતી ત્યારે વિપ્ર નારાયણ બગીચાના પાણીવહન માટેની એક નાનકડી નહેર સમારી રહ્યો હતો. તેમના હાથ અને પગ – કદાચ મુખ અને છાતી પણ – માટીવાળાં બની ગયાં હતાં. બગીચામાં કોણ ફરે છે તેની વિપ્ર નારાયણને પરવા ન હતી. પાસે થઈને બંને બહેનોએ જવા માંડયું, પરંતુ વિપ્ર નારાયણે નહેર સુધારવામાંથી મસ્તક કે આંખ પણ ઊંચકી તેમના તરફ જોયું નહિ! દેવદેવીએ ટહુકો કર્યો :

'ભક્તરાજ! કીર્તનનો સમય થવા આવ્યો છે.'

'સમય હું નહિ ચૂકું.' વિપ્ર નારાયણે પોતાનું કામ ચાલુ રાખી જરા પણ ઊંચું જોયા વગર જવાબ આપ્યો.

'ચાલો ને, અમારી સાથે! વાર થઈ જશે તમને.' દેવદેવીએ વધારે આર્જવપૂર્વક આગ્રહ કર્યો. રૂપને અન્યની આંખ આકર્ષવી બહુ ગમે છે. દેવદેવી મંદિર સાથે આટલો સંબંધ રાખતી હતી પરંતુ એને એના રૂપનું અને આવડતનું અભિમાન જરા યે ઓછું ન હતું.

એના પ્રશંસકો એ અભિમાનને જીવંત રાખતા હતા, અને મંદિરમાં દર્શને આવનારનો કેવડો મોટો ભાગ પ્રભુના દર્શનની સાથે દેવદેવી અને રૂપદેવીનાં રૂપદર્શનનો લાભ મેળવવા આવતાં હોય તો તેમાં અસંભવિત કશું ન હતું — આજની માફક ત્યારે પણ.

તૈયાર થવા આવેલી નહેર ઉપરથી દૃષ્ટિ ખસેડી સ્ત્રીરૂપ ઉપર નજર નાખવાની વિપ્ર નારાયણને જરા ય ઇચ્છા થઈ નહિ. તેમને મન નહેરની સુધારણા એ તીવ્ર પ્રશ્ન હતો. એટલે તેમણે કોઈના પણ સામું જોયા વગર એટલું જ કહ્યું :

‘ તમે જતાં થાઓ. આટલી ગાર ચણી હું દોડતો આવું છું. એક પણ આલાપ નહિ ચૂકું.’

દેવદેવીની ભ્રૂકુટી સહજ વાંકી થઈ; તેની ડોક પણ સહજ નમી. તેણે પોતનો પગ આછો પછાડચો અને તે આગળ વધી. બંને બહેનો હવે આગળ ચાલી. હસીને રૂપદેવીએ કહ્યું :

‘ ભોટ લાગ્યો કે બેપરવા ? ’

‘ એ જે હોય તે ! એનું પતન ચોક્કસ છે.’ દેવદેવીએ ગર્વપૂર્વક કહ્યું.

‘ એટલે ? ’ રૂપદેવીએ પૂછ્યું.

‘ એટલે એમ કે એ ભોટ હોય કે ઋષિમુનિ હોય, તોપણ એના અજ્ઞાનની કે એના તપની ખંડણી એ મારે ચરણે ધરશે.’ દેવદેવીએ કહ્યું.

‘ જવા દે, બહેન ! ભક્તોને. આટઆટલા સમયથી આપણે મંદિરમાં આવીએ છીએ. દર્શન કરવા આવનાર જેટલું પ્રભુ સામું જુએ છે એટલું જ આપણી સામું જુએ છે. માત્ર આ વિપ્ર નારાયણને જ ખબર નથી કે એની નજીકમાં જ ગાનારી અને નાચનારીનાં મુખ કેવાં હશે ! ભક્તોની છેડ સારી નહિ.’ રૂપદેવી બોલી.

‘ જોતજોતામાં એ ભક્ત મારે ચરણે આ બાગનાં પુષ્પ ન ધરાવે તો જીવનભર તારી દાસી થઈને રહીશ.’ દેવદેવીએ પ્રતિજ્ઞા લીધી.

નિત્યનિયમ પ્રમાણે દેવમંદિરમાં નૃત્યકીર્તન થયાં. સમયસર

આવીને વિપ્ર નારાયણ ત્યાં બેઠા પણ ખરા. પ્રભુનું કીર્તન તેમજ ફૂલહાર ગૂંથતાં ગૂંથતાં સાંભળ્યું. ગીત અને નૃત્ય કરતાં કરતાં આજ દેવદેવી પ્રભુને બદલે વિપ્ર નારાયણ તરફ વધારે ફરતી હતી. અને એના નર્તનની આજ દેવદેવીએ એવી ખિલાવટ કરી હતી કે બે ત્રણ વાર તેનાં વસ્ત્રો નાચતાં નાચતાં વિપ્ર નારાયણને હવા આપી ગયાં, એટલું જ નહિ પરંતુ અટકી પણ ગયાં. છતાં વિપ્ર નારાયણની દૃષ્ટિ પુષ્પગૂંથનની ક્રિયામાંથી દેવદેવી તરફ વળી નહિ.

૩

એક સંધ્યાસમયે ફૂલછોડને પાણી પાઈ પોતાની ઝૂંપડીમાં પ્રવેશ કરતા વિપ્ર નારાયણે જોયું કે તેમના જ આંગણામાં આછાં હલકાં વસ્ત્રો પહેરેલી, શોક-આચ્છાદિત, એક સુંદરી તેમની જ પ્રતીક્ષા કરતી ઊભી હોય એમને લાગ્યું. વિપ્ર નારાયણને જોતાં તેણે એકદમ નમસ્કાર કર્યા અને તેમના પગ પકડી લીધા. આશ્ચર્ય ચકિત ભક્તે તેને ઊભી કરી અને પૂછ્યું :

'બાઈ ! તું કોણ છે ? અહીં શા માટે આવી છે ?'

'હું આપનું શરણ લેવા આવી છું.' સ્ત્રીએ અત્યંત કરુણ સાદે જવાબ આપ્યો.

'શરણ પ્રભુનું લે ! પ્રભુ મંદિરમાં બિરાજે છે; ત્યાં જા. હું જ શરણ શોધી રહ્યો છું તે તને ક્યાંથી શરણ આપું ?'

'હું જાણું છું કે મને શરણ મળશે તો તે આપના ચરણમાં જ. પ્રભુ પણ મળશે તો તે આપની દ્વારા જ !' કાકલૂદીભર્યા સ્વરે સુંદરીએ કહ્યું.

'તારી કાંઈક ભૂલ થાય છે. તને કોઈએ ખોટી જગાએ મોકલી છે. મારી આ ઝૂંપડી ! એમાં તને રક્ષણ શું મળે ? અને હું ધનિક નથી, સત્તાધીશ નથી કે પ્રતિષ્ઠાવાન પુરુષ નથી કે જેથી હું તને રક્ષણ આપી શકું. રક્ષણ પ્રભુનું શોધ કે સત્તાનું શોધ.' વિપ્ર નારાયણે આ જંજાળમાંથી છૂટવા તેને વિનંતી કરી.

સૌંદર્યસંપન્ન યુવતીએ હવે રડવા માંડ્યું. તેની આંખમાં આંસુ સમાતાં ન હતાં. સુંદરીના રુદન સરખી આકર્ષક શક્તિ બીજી કોઈ પણ અભિનયમાં હોઈ શકે નહિ. રડતાં રડતાં એ સુંદરીએ પોતાની કથની વિપ્ર નારાયણને કહી દીધી. તેની માતા કોઈ પણ રીતે તેના સૌંદર્યનો વિક્રય કરવાનો નિશ્ચય કરી બેઠી હતી : કાં તો એક ધનિક સામંતને પોતાનું અખંડ કૌમાર્ય અર્પણ કરી તે જાહેર રૂપજીવિની બની અર્થલાભ મેળવે અગર કોઈ મંદિરમાં દેવમૂર્તિ સાથે લગ્ન કરી દેવદાસી બની પૂજારીઓ અને જાહેર જનતાને પોતાનો દેહ સમર્પણ કરવાની પરિસ્થિતિમાં મૂકી દે. એમાંથી એક પણ માર્ગ તેને લેવો ન હતો; એને તો માત્ર ભક્તિમય જીવન જ ગાળવું હતું, અને ભલભલી રૂપસુંદરીઓ સામે કદી પણ નજર ન કરનાર ભક્તરાજ વિપ્ર નારાયણના ચરણ સિવાય એને બીજે આશ્રય પણ ક્યાં હોય? ભક્તરાજની ઇચ્છા પ્રમાણે બગીચાના કોઈ વૃક્ષ તળે પડી રહી તપોમય જીવન ગાળવાની પ્રતિજ્ઞા લઈ એ સુંદરી ફરી વિપ્ર નારાયણના પગને વળગી પડી.

ભક્તનું હૃદય પીગળ્યું. આવી પરિસ્થિતિમાં ભક્તિમાર્ગ ઉપર ચાલી આવતી સુંદરીને તરછોડવી એમાં વિપ્ર નારાયણને ભક્તધર્મનો ધ્વંસ થતો લાગ્યો. અને તેમણે એ સુંદરીને બગીચામાં રહેવાની આજ્ઞા આપી. વિપ્ર નારાયણના માર્ગમાં સહજ પણ અંતરાય ન આવે એ ઢબે અત્યંત મર્યાદાપૂર્વક એ સુંદરીએ પોતાના દિવસો નિર્ગમન કરવા માંડ્યા; અને વિપ્ર નારાયણને પણ એમ લાગ્યું કે દુર્ગતિમાં ઘસડાતી આ સુંદરીને તેમણે પ્રગતિને પંથે મૂકી છે.

ચોમાસાના દિવસો આવ્યા. આકાશ ઘનઘોર બની રહ્યું. રાત્રિના અંધકારમાં મેઘના અંધકારે તિમિરના પુંજને ચારે બાજુએ ઘટ્ટ બનાવી દીધો. વીજળીના ચમકારા પ્રકાશ વધારવાને બદલે અંધકાર વધારે ભયાનક બનાવતા હતા. અને જોતજોતામાં મુશળધાર વરસાદ તૂટી પડ્યો. હજી વિપ્ર નારાયણે આશ્રિત યુવતીનું નામ પણ પૂછ્યું ન હતું—જોકે હવે નિત્યના બનેલા અબોલ પરિચયે એના

તરફ ધ્યાન સમૂળ ખેંચ્યું ન હતું એમ કહી શકાય નહિ. હજી એ યુવતી વૃક્ષ નીચે જ પડી રહેતી. એને દેહકષ્ટ કરવું હતું; એટલે એણે ઝૂંપડી પણ પોતાને માટે બાંધી ન હતી. વરસાદની ગર્જનાએ જાગૃત રહેલા વિપ્ર નારાયણને ભર વરસાદમાં પલળતી, વૃક્ષ નીચે બારે મેઘનાં પાણી માથે લેતી, આશ્રિત સ્ત્રી યાદ આવી. અને તેમણે ઝૂંપડીની ઓસરીમાં આવી, બૂમ પાડી, દીવો દેખાડી, તેને ઝૂંપડી પાસે બોલાવી. આશ્રિત સુંદરી પાણીમાં તરબોળ થઈ ગઈ હતી. ભીનાં વસ્ત્રમાંથી તેનો આખો દેહ લગભગ ઊપસી આવતો હતો. તે થરથર કંપતી હતી. વિપ્ર નારાયણે કહ્યું :

'અંદર આવ; કપડાં બદલ અને આજે ઝૂંપડીમાં જ સૂઈ જા.'

'નહિ, પ્રભો! હું જ્યાં છું ત્યાં જ ઠીક છું.' યુવતીએ કંપતે સ્વરે કહ્યું.

'ટાઢે આવી ઘેરી લીધેલી છે, મારાથી તને આવા કાળામેઘમાં પાછી ન જ મોકલાય. આવ અંદર, અને કપડાં બદલી લે.' વિપ્ર-નારાયણે કહ્યું અને હજી પણ ઝૂંપડીમાં આવતાં સંકોચાતી યુવતીનો હાથ પકડી, દેહ પકડી, વિપ્ર નારાયણ તેને ઝૂંપડીના અંદરના ભાગમાં લઈ આવ્યા.

'મને અંદર તો આપ લાવ્યા, પરંતુ હું કપડાં ક્યાં બદલીશ? મારાં વસ્ત્રો જે કાંઈ એકબે હતાં તે વૃક્ષ નીચે પલળી ગયાં, પાણીમાં વહી ગયાં. હું તો આપની આરામની જગાને પાણીથી ભીંજવી રહી છું.' સુંદરીએ વિવેક સાથે સત્યનું ઉચ્ચારણ કર્યું.

વિપ્ર નારાયણ સુંદરીની આ મુશ્કેલી પણ સમજી ગયા. આખી રાત ભીને વસ્ત્રે તો એ યુવતીને બેસાડી રાખી શકાય જ નહિ એમ તેમનું દયાર્દ્ર હૃદય કહેતું હતું. તેમને એક ઉપાય સૂઝ્યો. તેમણે સહજ સ્મિત સહ કહ્યું :

'તું મારાં – પુરુષનાં – કોરાં વસ્ત્રો અંધોળમાં છે તે પહેરી લે, અને કોરી થઈ જા, ભીને વસ્ત્રે તો તને જ્વર ચઢી આવશે.'

એટલું કહી વિપ્ર નારાયણે આશ્રિત યુવતીને પોતાનાં પુરુષવસ્ત્રો –

નાનકડી લૂંગી અને અંચળો આપ્યાં. ઝૂંપડીમાં વસ્ત્ર બદલવાનો ખંડ તો ન જ હોય! બહુ કાળજીપૂર્વક યુવતીએ સ્ત્રીવસ્ત્રો બદલીને વિપ્રનારાયણનાં પુરુષવસ્ત્રો પહેરી લીધાં. પરંતુ પુરુષવસ્ત્રો સ્ત્રી દેહને માટે રચાયેલાં હોતાં નથી. સ્ત્રીવસ્ત્રોમાં ઢંકાતાં સ્ત્રી દેહનાં અંગ પુરુષવસ્ત્રોમાં સ્ત્રીત્વનું પ્રાગટ્ય કદી કદી વધારે કરી દે છે. તેમાં યે ભક્ત વિપ્રનારાયણનાં ટૂંકાં વસ્ત્રો આશ્રિત સ્ત્રીના અવયવોનું સૌંદર્ય વધારે ખીલવી રહ્યાં.

હજી આશ્રિત સ્ત્રીની ટાઢ શમી ન હતી. તે પુરુષવસ્ત્રો પહેરી શરમાઈ ઝૂંપડીને એક ખૂણે બેસી ગઈ હતી, છતાં એના દેહનો થરકાટ હજી મટ્યો ન હતો. કૃપાળુ વિપ્ર નારાયણે પોતાની એકની એક ચટાઈ અને ઓઢવાનો કામળો તેની પાસે પાથરી થરથરતી સુંદરીને તેના ઉપર સુવાડી દીધી. સૂતાં સૂતાં ઠંડીનો ઉચ્ચાર કરતાં વિપ્ર નારાયણના હાથ પકડી ખેંચી આશ્રિત સુંદરીએ વિપ્ર નારાયણને પણ એ જ પાથરણામાં ઘસડ્યા અને કહ્યું :

'હું એવી સ્વાર્થી નથી કે આપની પથારીનો ઉપયોગ કરી આપને આ કાળઠંડીમાં ખુલ્લા થરથરતા મૂકું.'

વિપ્ર નારાયણને પણ ખરેખર ઠંડી લાગતી હતી. તેઓ ઘસડાયા. આશ્રિત સ્ત્રી સાથે શયન કરી તેમણે ઉષ્મા આપી અને ઉષ્મા મેળવી.

પરંતુ તે સાથે તેમનું એ રાત્રે પતન થયું. સૌંદર્યનિધાન, સુખનિધાન, પ્રભુને થોડીક ક્ષણો ભુલાવે એવું સૌંદર્ય અને સુખ નારીદેહમાં પણ હોય છે એવો કંપભર્યો અનુભવ ભક્તરાજે આજ પહેલવહેલો કર્યો, અને પ્રભુ ભુલાઈ ગયા. દેવદેવીની પ્રતિજ્ઞા સફળ થઈ અને વિદ્વત્તામાંથી ભક્તની ઉચ્ચ કક્ષાએ ઊડતા આ સાધકનો પગ એટલો બધો લપસ્યો કે તેમણે બગીચાનો નિવાસ પણ છોડી દીધો; પોતાની સંપત્તિ–મિલકત જે કાંઈ હતાં તે બધાં દેવદેવીને ચરણે ધર્યાં. અને પ્રભુમાં સંક્રાંત થવા પાત્ર એકાગ્રતા દેવદેવીના રૂપમાં વાળી દીધી.

પતનના લાંબા વર્ણનની જરૂર ન જ હોય. પ્રભુ પતનને પણ જીવનની ચઢઊતરનાં પગથિયાં બનાવે છે. અને પાપનાં પાતાળ દેખાડીને પણ પ્રભુ માનવીનો ઉદ્ધાર જ કરે છે! નીચે અને નીચે ઊતરતા જતા વિપ્ર નારાયણને અંતે એક દિવસે પતનનું અટકસ્થાન મળ્યું. તેમની સંપત્તિનું જે દિવસે તળિયું દેખાયું તે દિવસે અનેક પ્રસંગોને વિસારી દેવદેવીએ વિપ્ર નારાયણને પોતાના આવાસમાંથી જરા ય શરમ રાખ્યા સિવાય બહાર ધકેલી મૂક્યા.

## ૪

વિપ્ર નારાયણને હવે પ્રભુનું મંદિર સાંભર્યું, પરંતુ પ્રભુ સન્મુખ જતાં તેમના પગ ઊપડ્યા નહિ. જે પ્રભુ સામેથી તેમની આંખ ખસતી ન હતી એ પ્રભુ સામે દેવદેવીમાં રચીપચી રહેલી આંખ હવે કેમ કરીને જોઈ શકે? સંપત્તિ તો હવે રહી ન હતી; વિદ્વત્તાનો દુનિયાને ખપ ન હતો. અને ભક્ત તરીકેની તેમની કીર્તિ ક્યારની યે કલંકિત થઈ ચૂકી હતી. તેઓ ક્યાં જાય? ક્યાં બેસે? ક્યાં સૂએ? ક્યાં જમે? અને કોણ જમાડે? મહાન ભક્ત પતન થતાં ભિખારીની સ્થિતિએ આવી પડ્યા. એક વૃક્ષ નીચે પથ્થરની છાટ પડેલી હતી. તેને હાથ વડે સાફ કરી વિપ્ર નારાયણ પોતાની પરિસ્થિતિનો વિચાર કરતા આડા પડ્યા. રાત્રિ વધતી હતી છતાં નિદ્રા આવતી ન હતી. જીવનમાં અનેક નાટકો અર્ધ જાગૃત અવસ્થામાં નિહાળતા વિપ્ર નારાયણને કોઈ માણસે આવી ઢંઢોળ્યા અને જાગૃત કર્યા. જાગૃત કરી તે માણસે વિપ્ર નારાયણને કહ્યું :

'ચાલો ચાલો, જલદી ચાલો. દેવદેવી તમને બોલાવી રહી છે, અને તમારી સ્મૃતિમાં તેણે નિદ્રા પણ ગુમાવી છે;'

'મશ્કરી ન કરો, મહાશય! હું ત્યાંથી જ ધકેલાઈને અહીં આવ્યો છું. હવે તો પગ લઈ જાય ત્યાં જ જવું છે.' વિપ્ર નારાયણે જવાબ આપ્યો.

'દેવદેવી હૃદયહીન છે એમ ન માનશો. એ કુલીન છે, પ્રેમાળ

છે અને તમને જ શોધે છે. ચાલો, આટલું દુઃખ વેઠયું, દેવદેવીને દ્વારે આટલા ધક્કા ખાધા તો એક વધારે...મારે ખાતર હું જો જૂઠો હોઉં તો.' આગન્તુકે કહ્યું.

અને મનની તથા શરીરની વિહ્વળતામાં વિપ્ર નારાયણ આગંતુકની સાથે દેવદેવીને દ્વારે પહોંચી ગયા. દેવદેવીએ તેમના ઉપર પ્રેમ વર્ષાવ્યો. અને વિપ્ર નારાયણે બાકી રહેલી રાત્રિ આનંદમાં વિતાવી. પરંતુ એ આનંદ હવે તેમને વાગતો હોય એમ લાગ્યું. શૂળી ભોંકતા આનંદે તેમને દેવદેવીના ઘરમાં પણ મંદિરની અને દેવમૂર્તિની સ્મૃતિ કરાવી. અને ગૂંગળાવતા આનંદને બદલે પ્રભુભક્તિના પ્રફુલ્લ આનંદમાં હવે પછીનું જીવન વિતાવવા તેમની પાસે પ્રતિજ્ઞા લેવડાવી— એક નર્તકીની શૈય્યામાં સૂતાં સૂતાં !

પ્રભાતનો સમય થતાં પહેલાં દેવદેવીના ઘરને રાજસિપાઈ-ઓએ ઘેરી લીધું. મંદિરનો એક સુવર્ણથાળ મંદિરના ભંડારમાંથી રાત્રે જ ખોવાયેલો માલૂમ પડયો. અને મંદિરનો જૂનો જાણકાર વિપ્ર નારાયણ રાત્રે મંદિરની આસપાસ ભટકતો જોવામાં આવ્યો હતો, એટલે એણે જ એ સોનાનો થાળ ચોરી લીધો હશે એવી સ્વાભાવિક રીતે જ સહુને શંકા લાગી. વિપ્ર નારાયણનું સ્થાન હવે સહુ કોઈ જાણતા હતા. એટલે નગર રક્ષપાળોએ દેવદેવીના ઘરને ઘેરી લીધું અને દેવદેવી તથા વિપ્ર નારાયણને કેદ પકડયાં. બંને કેદી-ઓની પૂછપરછ શરૂ થઈ, અને દેવાલયનો સુવર્ણથાળ પાછો આપી દેવા ધમકી અપાઈ. દેવદેવીએ કબૂલ કર્યું :

'સુવર્ણથાળ મારા મકાનમાં છે ખરો, પરંતુ તે મને વિપ્ર નારાયણનો નોકર આપી ગયો હતો...માટે મેં ઘરમાંથી દૂર કરેલા વિપ્ર નારાયણને ઘરમાં પાછો બોલાવ્યો.'

વિપ્ર નારાયણના મુખ ઉપર હવે હર્ષ કે શોક કાંઈ રહ્યાં જ ન હતાં. તેમને પ્રશ્ન કરવામાં આવતાં. તેમણે તો જવાબ આપ્યો કે :

'ભાઈઓ ! હું તો ધન, સગાં, સંબંધી અને પ્રતિષ્ઠા બધું ગુમાવી એક ભિખારી બની ગયો છું. મંદિરની આસપાસ હું રખડતો

એ વાત સાચી, પરંતુ મંદિરમાં મારો પગ પ્રવેશતાં જ જૂઠો પડી ગયો!...અને ભિખારી બની ગયેલા મારા જેવાની પાસે નોકર પણ કોણ હોય અને મંદિરના ભંડારમાંથી સોનાનો થાળ ચોરવાની હિંમત પણ કોણ કરે?'

પરંતુ મંદિરમાંથી સોનાનો થાળ ચોરાયો હતો એ વાત સાચી હતી. દેવદેવીને એ થાળ મળ્યો હતો એ વાત પણ સાચી હતી. વિપ્ર નારાયણનો નોકર એ થાળ દેવદેવીને આપી ગયો હતો એમ દેવદેવી પોતે જ કહેતી હતી. હવે માત્ર વિપ્ર નારાયણ ના પાડે એટલા ઉપરથી રક્ષકદળનાં માણસો વિપ્ર નારાયણને જતાં કરે એ સંભવિત ન હતું. એક વિચિત્ર વસ્તુ હજી ઊકલી ન હતી. દેવદેવીને મળેલો સુવર્ણથાળ દેવદેવીના ઘરમાં જડતો ન હતો, જોકે એ તેના ઘરમાં આવ્યો હતો એ વાત તે કબૂલ રાખતી હતી. આવી કિંમતી વસ્તુ વિપ્ર નારાયણ અને દેવદેવી મળી ગમે ત્યાં વગે કરી દે એમાં આશ્ચર્ય ન જ કહેવાય. એમ જ માનીને સિપાઈઓએ વિપ્ર નારાયણને તો કેદ કર્યા; ઉપરાંત દેવદેવીએ પોતાને મળેલો સુવર્ણથાળ ગુમ કરવા માટે સિપાઈઓએ દેવદેવીને પણ કેદ કરી. અને બંને જણ પતનની છેલ્લી કક્ષાની સજા ભોગવતાં આખી રાત કેદખાને રહ્યાં.

બંનેની આંખના પડળ હવે ખૂલી ગયાં. વિપ્ર નારાયણ એક વખત ભવ્ય ભક્ત હતાં, વિદ્વત્તા મૂકી તેઓ ભક્ત બન્યાં હતાં અને પોતે પ્રભુ સિવાય બીજું કાંઈ જોતા જ ન હતા એવું ભાન – એવું અભિમાન – પણ સેવતા થઈ ગયા હતા. પ્રભુની દુનિયામાં સર્વ કાંઈ પ્રભુમય જ છે, પછી તે પ્રભુમૂર્તિ હોય, પુષ્પ હોય, કે પાપી ગણિકા હોય. સાચા ભક્તને સર્વમાં પ્રભુ દેખાવો જોઈતો હતો. એને બદલે મૂર્તિમાં જ પ્રભુ જોવાની સંકુચિત ટેવ વિપ્ર નારાયણે પાડી હતી. હવે વિપ્ર નારાયણને અત્યારે દેવનું મંદિર, ગણિકાનો આવાસ પથ્થરની છાટ અને કેદખાનાં સર્વ સરખા જ પ્રભુમય લાગ્યાં. એટલે તેમને ગણિકાગમન, ચોરીનો આરોપ અને કેદખાનાનો વસવાટ એ ત્રણેમાં પ્રતિષ્ઠાહાનિને બદલે પ્રભુની કૃપા જ દેખાવા લાગી.

અને દેવદેવીને તો સો સો વીંછીના ડંખ વાગ્યા હોય એવો પશ્ચાત્તાપ થઈ રહ્યો. જે પવિત્ર પુરુષને ગુરુસ્થાને બેસાડી પ્રભુ પાસે પહોંચાય એમ હતું એ પુરુષને સૌંદર્યના ગુમાનમાં દેવદેવીએ પતિત બનાવ્યો એ ભયંકર પાપની સજા દેવદેવી અત્યારે ભોગવી રહી હતી એવી તેને ખાતરી થઈ. અને વારંવાર માનસિક ક્ષમાયાચના પ્રભુની અને વિપ્ર નારાયણની કરી લીધી.

પ્રભાતમાં સૂર્યોદય થતાં પહેલાં બંદીપાલે આવી વિપ્ર નારાયણને અને દેવદેવીને એમ બંનેને, કેદખાનેથી છૂટાં કર્યાં. વિપ્ર નારાયણે પૂછ્યું :

'મને ગુનેગારને કયે કારણે છોડવામાં આવે છે ?'

'જે થાળ ખોવાયો કહેવાયો એ થાળ ખરેખર ખોવાયો નથી.' બંદીપાલે કહ્યું.

'એ જણાયું શી રીતે ?' વિપ્ર નારાયણે પૂછ્યું.

'ભંડારીને તેમ જ મહારાજાને બંનેને સ્વપ્નમાં કોઈ દૈવીપુરુષ દેખાયા અને તેમણે સોનાના થાળ ફરી ગણી જોવા આજ્ઞા આપી. મહારાજા તેમ જ ભંડારીએ બંનેએ રાતમાં ને રાતમાં ભંડાર ખોલી સુવર્ણથાળ ગણી જોયા. એકે થાળ ગુમ થયો દેખાયો નહિ. એટલે એ દૈવીપુરુષની ઇચ્છાનુસાર આપ બંને ગુનેગારોને નિર્દોષ માની છૂટા કરવાની રાજાજ્ઞા થઈ છે.' બંદીપાલે કહ્યું અને વિપ્ર-નારાયણને છૂટા મૂકયા.

એ જ પ્રમાણે દેવદેવીને છોડનાર બંદીપાલ સાથે દેવદેવીને પણ વાતચીત થઈ, અને દેવદેવીને છોડી મૂકવામાં આવી. પરંતુ દેવ-દેવીના મનની એક સમસ્યા ઊકલી નહિ. તેણે તો બંદીપાલને આગ્રહ-પૂર્વક કહ્યું પણ ખરું :

'પણ એ સુવર્ણથાળ મારા હાથમાં—મારા સગા હાથમાં—મુકાયો હતો એ હું હજી પણ કહું છું. મારે ઘેર પછીથી જડચો નહિ એ વાત સાચી. પરંતુ મેં મારા ઘરમાં એ સુવર્ણથાળ લઈ અને ઠેકાણે મૂકચો હતો એ હકીકત એથી પણ વધારે સાચી છે.

'એ અમે કશું ન જાણીએ. ચોરાયેલો કહેવાતો માલ મળી ગયો અને તે પોતાને સ્થાને જ મળી ગયો, એટલે તમને અમે ગુનેગાર ગણી શકીએ નહિ.' બંદીપાલે કહ્યું અને દેવદેવી બંદીગૃહમાંથી છૂટી થઈ બહાર પડી. એને એક વિચાર આવ્યો :

'ભક્ત વિપ્ર નારાયણના નોકર તરીકે સુવર્ણથાળ લઈ આવેલી વ્યક્તિ એ સાક્ષાત્ પ્રભુ તો ન હોય?—જે પ્રભુએ મહારાજાને અને મંદિરના ભંડારીને સ્વપ્ન આપ્યું.

પછી તો વિપ્ર નારાયણ પ્રતિષ્ઠા, ભક્તિભાવ અમે અહંભાવ સઘળું વીસરી પાછા પોતાના મંદિરમાં આવ્યા. પ્રભુની દયા ઉપર —નહિ કે પોતાની ભક્તિ ઉપર આખું જીવન સમર્પણ કર્યું અને ઊજડી ગયેલા બગીચાને સજીવન કરી પુષ્પ અર્પણનો પોતાનો પ્રયોગ પાછો શરૂ કર્યો.

દેવદેવીએ પણ એ જ બગીચામાં આવીને વૃક્ષતળે પોતાનો નિવાસ પાછો શરૂ કર્યો અને પ્રભુની પાસે પોતાની નૃત્યકળા અને સંગીતકળાનું સમર્પણ કર્યું. વરસાદ આવતો ત્યારે હવે તે ભીંજાતી વિપ્ર નારાયણની ઝૂંપડીમાં જતી નહિ. ભીંજાતા પહેલાં જ તે વિપ્ર-નારાયણની ઝૂંપડીમાં ચાલી જતી. પરંતુ એ ઝૂંપડીએ ફરી વિપ્ર-નારાયણનું કે દેવદેવીનું પતન જોયું નહિ. ભક્તિરસમાં તલ્લીન રહેતાં, પ્રભુની કૃપા ઉપર પોતાના જીવનની નૌકા ચલાવ્યે જતાં, બંને મુક્તિપથગામી બની ગયાં.

દેવદેવીએ પોતાની આખી મિલકત મંદિરને સમર્પણ કરી દીધી.

વિપ્ર નારાયણ પાસે સમર્પણ કરવાને કશું રહ્યું જ ન હતું, સિવાય કે પોતાનું જીવન. સહુએ તેમને પાછા ભક્તરાજ તરીકે સંબોધવા માંડચા પરંતુ એમણે ભક્તરાજ અને વિપ્ર નારાયણ એ બંને નામો જતાં કરી પોતાનું 'નામ ભક્તપદરેણુ' ભક્તિની પણ ચરણરજ —રાખ્યું. અને પરમભક્ત તરીકે તેઓ અલ્વારની મહાન ભક્તશ્રેણીમાં સ્થાન પામી ચૂકયા.

તેમની પુષ્પભક્તિ હવે એવી તો સોટચ બની રહી કે એ યુગની દુનિયા તેમને પ્રભુની વૈજયંતીમાલાનો અવતાર માનવા લાગી.

ભક્તિમાં–સાચી ભક્તિમાં–પ્રભુભક્તિનું અહં પણ રહેવા ન દે. કેવળ પ્રભુકૃપા ઉપર જીવનને છોડી મૂક્યા સિવાય ભક્તિ પણ અધૂરી રહે છે.

# દૂધમાંથી અમૃત

૧

હિમાલયની બહુ જ નજીક—હિમાલયના પડછાયામાં—વ્યાઘ્રપાદ મુનિનો આશ્રમ. કુલમાતા અંબા તેમનાં પત્ની. ઋષિમુનિઓની પરંપરા પ્રમાણે મુનિ વ્યાઘ્રપાદ ધ્યાન, ધારણા અને સમાધિમાં મગ્ન રહેતા, અને વિદ્યાર્થીઓને રાખી વિદ્યાદાન આપતા હતા. કેટલાક મુનિઓના આશ્રમ આબાદ, સમૃદ્ધ અને વ્યવસ્થિત રહેતા, જ્યારે કેટલાક અતિઈશ્વર પરાયણ મુનિઓના આશ્રમોમાં આબાદીની ઝાંખી ઓછી દેખાતી. વળી કેટલાક મુનિઓના આશ્રમ અત્યંત પહાડી જગ્યામાં હોય તો ત્યાં પણ કૃષિ કરતાં કુદરત ઉપર વધારે આધાર રાખવો પડતો હતો. અને વ્યાઘ્રપાદનો આશ્રમ ટેકરા, ટેકરી અને ગુફાઓમાં જ સમાઈ જતો; તે એટલે સુધી કે ત્યાં ગાયોનું પણ પોષણ થઈ શકતું નહિ. અને આર્યોને ઉચિત ગૌશાળા વ્યાઘ્રપાદ આશ્રમમાં વર્ષો સુધી ખાલી રહી.

એક સમયે વ્યાઘ્રપાદનાં પત્ની અંબા પોતાના બાલક ઉપમન્યુને લઈ એક પરિચિત ઋષિના આશ્રમમાં મળવાને માટે ગયાં. ત્યાંનાં ઋષિપત્નીએ મળવા આવેલા બાળકને ગાય દોહી તાજું સુંદર દૂધ પીવાને આપ્યું, અને તે નાનકડા ઉપમન્યુને ખૂબ ભાવ્યું. આવું દૂધ તેણે કદી પણ પીધું હોય એવું તેને યાદ ન હતું. પરિચિત મુનિના આશ્રમમાંથી ઉપમન્યુને લઈ અંબા પાછાં પોતાને આશ્રમે આવી ગયાં. પ્રભાત થતાં ઉપમન્યુને બીજા આશ્રમમાં પીધેલું દૂધ યાદ આવ્યું. તેણે માતાની પાસે માગણી કરી :

'મા! પેલા આશ્રમમાં મને આપ્યું હતું તેવું દૂધ તું મને

આપ.'

માતા અંબા જરા ચમક્યાં. આશ્રમમાં ગાય તો હતી જ નહિ. એટલે દૂધ મળે જ ક્યાંથી? ઉપમન્યુએ દૂધ જોયું હતું, અને ચાખ્યું હતું એટલે એને દૂધની ઇચ્છા થાય એ પણ સ્વાભાવિક હતું. ગરીબીમાં સંતુષ્ટ રહેનાર આર્યસન્નારીએ બાલકને સંતોષવા યુક્તિ કરી. જવના ધોળા લોટને પાણીમાં પલાળી દૂધ જેવો તેનો દેખાવ કરી માતાએ પુત્ર પાસે લાવીને દૂધ મૂકી દીધું. ઉપમન્યુએ તે પીવા માંડયું પરંતુ તેને જોતાં જ શંકા પડી હતી એટલે પીતાં તો તેની ખાતરી જ થઈ ગઈ કે આ પ્રવાહી પદાર્થ દૂધનો ન હતો. મા પાસે જઈને તેણે કહ્યું :

'મા! આ કંઈ પેલું પીધું હતું એવું દૂધ ન હોય. તેં મને કંઈ જુદી જ વસ્તુ આપી છે.'

માતાના મુખ ઉપર સહજ સંકોચ થયો; ગ્લાનિ પણ થઈ. અને પોતાના મોંઘા પુત્રને દૂધ આપી શકાતું ન હતું એ દીનતા પણ તેમના હૃદયમાં ઊપસી આવી. તેમની આંખમાં ઝળઝળિયાં પણ આવ્યાં. તપમાં અને અધ્યાપનમાં નિમગ્ન રહેતા મહાસમર્થ મુનિ વ્યાઘ્રપાદ ધારે તો અણખૂટ સમૃદ્ધિ ઉપજાવી શકે એમ હતું. પરંતુ તેમને સુખસમૃદ્ધિની પરવા જ ક્યાં હતી? પ્રભુમાં લીન તપસ્વીને દૂધ-દહીં અને ઘી-માખણ જેવી પાર્થિવ વસ્તુઓ ઉપજાવવા તરફ પ્રેરવા એ માતા અંબાને કદી ગમ્યું ન હતું. આજ પણ તે તેમને ગમ્યું નહિ. સાથે સાથે પોતાનો પુત્ર દૂધ માગીને દૂધ વગરનો રહે એ પણ માતૃહૃદયને કેમ ગમે? પુત્રે માતાની મૂંઝવણ જોઈ—નાનો હતો છતાં. અને તેણે પૂછ્યું :

'મા! કેમ આમ આંસુ લાવે છે? દૂધ આપણી પર્ણકુટિમાં નથી શું?'

'ના, દીકરા! આપણો આશ્રમ એવો સમૃદ્ધિહીન છે કે આપણને દૂધ મળી શકે એમ નથી. માતાએ અશ્રુ લૂછતાં જવાબ આપ્યો.

'એ દૂધ મેળવવાનો કંઈ માર્ગ હશે ખરો, મા?'

'હા દીકરા! આ જીવનમાં કાંઈ પણ મેળવવું હોય તો હું એક જ માર્ગ જાણું છું, તારા પિતાએ કહેલો : શિવનું પૂજન કરવું અને નમઃ શિવાયનો જાપ જપવો.' માતાએ કહ્યું.

'જાપ તો હું જપી લઈશ. પણ શિવની પૂજા કેમ થાય. મા?'

'દીકરા! શિવતત્ત્વ તો સર્વવ્યાપક છે. જ્યાંથી જેવી રીતે પૂજીશ તેવી રીતે તે પૂજા સ્વીકારશે.' માએ કહ્યું.

'તો મા! હું એમ કરું? તું બતાવે તેમ આ આશ્રમની માટીમાંથી નાના નાના ગોળા લઈ આવું અને તું મને શિવની આકૃતિ એમાંથી ઊભી કરી આપ. એટલે હું તેમનું સતત પૂજન કર્યા જ કરીશ—શિવ પ્રત્યક્ષ ન થાય ત્યાં સુધી.' ઉપમન્યુએ કહ્યું.

માતાને – પુત્રને આ દૃઢ નિશ્ચય વિસ્મયભરેલો લાગ્યો. છતાં માતા અંબા રાજી થયાં અને માટીની કણીઓ લઈ પાર્થિવેશ્વર બનાવવાની રમતમાં ઉપમન્યુને પ્રેર્યો. પ્રાચીન ઋષિકુળોમાં રમત પણ ઈશ્વરને અવલંબીને જ થતી હતી.

## ૨

પરંતુ ઉપમન્યુ માટે એ રમત ન હતી. દૂધ મેળવી આપનાર શક્તિશાળી દેવની એ એકાગ્ર ઉપાસના હતી. કામ ન હોય ત્યારે એ બાલક નમઃ શિવાયનો મંત્ર ભણે અગર માટીનાં શિવલિંગ બનાવી નિત્ય તેની પૂજા કરે. અલબત્ત, અન્ય શિષ્યોની સાથે તે પિતા વ્યાઘ્રપદ પાસે અભ્યાસ પણ કરતો રહ્યો, છતાં એ અભ્યાસનું કેન્દ્ર અને ધ્યેય બ્રહ્મતત્ત્વ તેને શિવસ્વરૂપે જ ઓળખાયા કરતું હતું, અને તેની શિવપૂજા વય અને અભ્યાસ વધતાં પણ ચાલુ રહી—વય વધતાં એના મનમાંથી દૂધનું મહત્ત્વ ઘટતું ચાલ્યું હતું અને માત્ર શિવતત્ત્વનું મહત્ત્વ સચવાઈ રહ્યું હતું. આમ બાલ્યાવસ્થામાં ઊપજેલી દૂધની તૃષ્ણા સંતુષ્ટ કરવા માટે શિવ સમર્થ છે એ જ્ઞાનમાંથી પાર્થિવ દૂધ બાજુ ઉપર રહી ગયું, અને યુવાન ઉપમન્યુ મહાન શિવભક્ત બની ગયો.

એના અભ્યાસનું પણ હાર્દ શિવ, એના પૂજનનું પણ હાર્દ શિવ, અને એના તપ ધ્યાનનું હાર્દ પણ શિવ. વ્યાઘ્રપાદના–પિતાના આશ્રમમાં હવે એને જરૂરી એકાંત મળતું ન હોય એમ લાગ્યું. કારણ જેમ જેમ તેનું વય વધતું ગયું તેમ તેમ શિવતત્ત્વને મેળવવાની તેની તાલાવેલી પણ વધતી ચાલી. જે દિવસો જતા હતા તેમાં શિવના ધ્યાનનો વ્યાપાર વધતો જતો હતો, અને પિતાના આશ્રમનું એકાંત પૂરતું ન હોવાથી પાસેના હિમાલયના અરણ્યમાં જઈ ઉપમન્યુએ શિવપૂજન અને શિવતપ આદર્યું.

અરણ્ય સદા સર્વદા સાત્ત્વિક જ હોતાં નથી. આસપાસ હિંસક પ્રાણીઓ પણ હોય, ઝેરી જંતુઓ પણ ફરતાં હોય, અને પ્રેત જેવાં, પિશાચ જેવાં અસંસ્કૃત માનવીઓ પણ ત્યાં વસતાં હોય. પાર્થિવેશ્વર બનાવવા ખાતર માટી ચૂંથતો, અને કાંઈ પણ કામકાજ કર્યા વગર પદ્માસનવાળી, આંખ મીંચી, આળસમાં સમય ગાળતો. આળસુ માનવી એ વનમાનવીઓને તો વિચિત્ર જ લાગે, એટલે તેમણે તેને વનમાંથી હાંકી કાઢવા અને તેને ધ્યાનભંગ કરવા બની શકતા બધા પ્રયાસો કર્યા. પરંતુ શિવતત્ત્વની ઉપાસનામાં પડેલા ઉપમન્યુમાં ન હતો ભય કે ન હતો ક્રોધ. સર્વનું કલ્યાણ ઇચ્છતા ઉપમન્યુના વાતાવરણમાં ધીમે ધીમે હિંસક પ્રાણીઓ હિંસા પણ ભૂલ્યાં અને વનમાનવો ધીમે ધીમે આર્યઋષિમુનિઓને માર્ગે ડગ ભરવા લાગ્યા. કહે છે કે પિશાચ જાતિનો એક આગેવાન મરીચિ ઉપમન્યુની અસર નીચે એક મહા તપસ્વી પણ બની ગયો.

આ જાતનું તપ, આ જાતનું પૂજન, આ જાતની સાત્ત્વિક ચર્યા, છતાં શિવનાં પ્રત્યક્ષ દર્શન હજી ઉપમન્યુને થયાં નહિ. શિવનું કલ્યાણ સ્વરૂપ ભલે વ્યાપક હોય, પરંતુ એને તો એક વખત એ સર્વવ્યાપી તત્ત્વના અર્ક સરખાં શંકર-પાર્વતીને હાજરાહજૂર નિહાળવાં હતાં. પ્રભુના સર્વવ્યાપીપણાનો ભલે તેને ખ્યાલ આવ્યો હોય, એનું તેને ઠીક ઠીક ભાન પણ થયું હોય, છતાં એ વ્યાપક તત્ત્વના વાણાતાણા અતિશય ઢીલા લાગતા હતા. અને ઘણી વાર

ધુમ્મસની માફક વ્યાપક તત્વ વેરાઈ જતું હતું. ઉપમન્યુને સુદૃઢ, સુબદ્ધ, નક્કર, જીવતીજાગતી આંખે દેખાય એવું, અને જીવતાજાગતા કાને સંભળાય એવું, વાતચીતને શક્ય બનાવતું દૃઢ, ઘન, શિવસ્વરૂપ નિહાળવું હતું. એ હજી પ્રત્યક્ષ કેમ થતું ન હતું ?

એક દિવસ ઉપમન્યુને ખૂબ વેદના જાગી. એ માગતો હતો એ શિવસ્વરૂપ હવે પ્રત્યક્ષ ન થાય તો દેહત્યાગ સુધીની તપશ્ચર્યા આદરવી એવો નિશ્ચય કરતા ઉપમન્યુએ એકાએક સુંદર દૃશ્ય નિહાળ્યું. એની સામે વનરાજીમાંથી કોઈ પર્વતટેકરી ઉપરથી ઊતરતા સર્વાંગ સુંદરદેવ દૃષ્ટિએ પડ્યા. કલ્યાણકારી દૃશ્યો આંખને જરૂર ખેંચે. દેવ તરફ ઉપમન્યુની દૃષ્ટિ વળી અને તેને લાગ્યું કે દેવ તેના તરફ જ આવી રહ્યા હતા—અરે ! જોતજોતામાં તેની પાસે આવી પણ પહોંચ્યા. સ્મિતભર્યા મુખવાળા એ દેવમાં ઉપમન્યુને શંકરનાં દર્શન થયાં ન હતાં છતાં દેવના કલ્યાણતત્ત્વને નમન કરી ઉપમન્યુ દેવ સામે ઊભો રહી પૂછવા લાગ્યો :

'દેવ આપનાં દર્શન દુર્લભ છે. હું કયા કલ્યાણકારી દેવનાં દર્શન કરી રહ્યો છું ?'

'ઉપમન્યુ ! તું તો વેદપારંગત તપસ્વી છો. દેવોનાં સ્વરૂપને નિત્ય રટનારો છે. મને તું નહિ ઓળખી શકે ?' દેવે પ્રસન્નતાપૂર્વક ઉપમન્યુને આહ્‌વાન આપ્યું.

'મંત્રોની સ્મૃતિ તો મને કહે છે કે આપ દેવોના પણ દેવ ઇન્દ્રદેવ છો. હું દેવાધિદેવને પ્રણામ કરું છું.' ઉપમન્યુએ શિવમાંથી સ્મૃતિ ખસેડી ઇન્દ્રલક્ષણની ઋચાઓ યાદ કરી કહ્યું.

'ધન્ય, ઉપમન્યુ ! તેં મને ઓળખ્યો ખરો. તારી ઇચ્છામાં આવે એ વર માગ. હું પ્રસન્ન છું.' ઇન્દ્રે વરદ મુદ્રા કરી ઉપમન્યુને કહ્યું.

'નહિ, દેવ ! આપનાં દર્શન એ મારે મન મોટું સાફલ્ય છે. આપ કંઈ મને સેવા બતાવો તો તે કરી હું કૃતાર્થ થાઉં.,

'સેવા ? મારી સેવા ? અસંખ્ય દેવતાઓ, સપ્તર્ષિ, ગાંધર્વ, અપ્સરા, એ સર્વની સેવા મને પૂરતી થાય છે. મારાં દર્શન વ્યર્થ જવાં

ન જોઈએ. તારે કાંઈ વર માગવો જ પડશે. દેવદર્શન અફળ ન જ જાય.' ઇન્દ્રે આગ્રહ કર્યો. અને દેવ તરીકેની પોતાની સ્વર્ગમહત્તા પણ ઉપમન્યુ આગળ રજૂ કરી. કોઈ તપસ્વી સિદ્ધિ માગે, કોઈ તપસ્વી અપ્સરાનું રૂપ માગે, અગર પૃથ્વી ઉપરના વૈભવો માગે તો એ ખામી ભરેલા તપને ફલિત કરવાનો ધર્મ ઇન્દ્રનો હતો. પરંતુ એવું તપખંડન ઉપમન્યુના તપમાં શક્ય ન હતું. ઇન્દ્રનો આગ્રહ જોઈ તેણે નમ્રતાપૂર્વક ઇન્દ્રને વિનંતી કરી :

'દેવ ! આપનાં સાચાં દર્શન મને થયાં હોય, અને દર્શન મને ફળ આપનાર હોય તો હું એક જ વર માગું છું.'

'માગી લે આ ક્ષણે જ, મારું અહીંથી વિસર્જન થાય તે પહેલાં.' ઇન્દ્રે કહ્યું.

'દેવ ! જીવનભર શંકરના શિવસ્વરૂપને પ્રત્યક્ષ જોવા મથું છું. મને તેમનાં દર્શન કરાવો.' ઉપમન્યુએ કહ્યું.

'ઓ ઘેલા તપસ્વી ! માગી માગીને તેં આ માગ્યું ? નહિ દેવના, નહિ અસુરોના, અર્ધ અસુર સરખા, ભાન વગરના, વ્યસની, સ્મશાનવાસી ઇષ્ટને તું માગે છે ? તારી ભયંકર ભૂલ થાય છે...'

'ભૂલ થતી હોય તો થવા દો, દેવ ! અને શિવસ્વરૂપની નિંદા ઇન્દ્રમુખે ન થાય એવી હું પ્રાર્થના કરું છું.' ઉપમન્યુએ કાને હાથ દઈ દેવરાજને વિનંતી કરી.

'માગવું હોય તો રંભા, ઉર્વશી કે તિલોત્તમાને માગી લે. જંબુદ્વીપ કે લક્ષદ્વીપનું રાજ્ય માગી લે. કોઈથી પરાજિત ન થવાય એવું સામર્થ્ય માગી લે. આ અર્ધ જંગલી, ભૂતપ્રેતના નેતા, ભાંગમસ્ત, અઘોર, નવસ્ત્રા દેવનાં દર્શન કરીને તું શું પામવાનો છે ?'

'ઇન્દ્રદેવ ! ક્ષમા કરો. મારે શિવતત્ત્વ સિવાય બીજું કાંઈ જ પામવું નથી. આપને મારું તપ વ્યર્થ લાગતું હોય તો આપ ભલે સમેટાઈ જાઓ પરંતુ મારા કર્ણ હવે શિવનિંદા નહિ સાંભળી શકે.' ઉપમન્યુએ કહ્યું.

'અને હું શિવનિંદા કરીશ તો તું શું કરીશ ?' ઇન્દ્રે કહ્યું.

'કહ્યું હું શું કરીશ તો...નિંદા કરનારને હું ખસેડી ન શકું તો હું જાતે અદૃશ્ય થઈશ.' ઉપમન્યુએ કહ્યું.

'અદૃશ્ય થવાની કળા આવડે છે ખરી ?' ઇન્દ્રે હસતાં હસતાં પૂછ્યું.

'હા, જી! એના જેવી સહેલી કળા બીજી એકે નથી. જીવ મારો છે, મારે કબજે છે, એને હું આ શરીરમાંથી જોતજોતામાં અલોપ કરી દઈશ. મને મરતાં વાર નહિ લાગે.'

'એમ ? એ બેડોળ ચક્રમ્ દેવ માટે...થોભ, થોભ ઉપમન્યુ! મૃત્યુનું આહ્વાન બંધ રાખ અને મારી સામે જો! ઇન્દ્રે શિવને ગાળ દેવાની પાછી શરૂઆત તો કરી, પરંતુ એ સાંભળી ન શકવાથી ઉપમન્યુએ આગ્નેયી મંત્ર ભણવાની શરૂઆત કરી કે જે દેહને મંત્રોચ્ચાર પૂર્ણ થતાંમાં ભસ્મ કરી નાખે એવી શકિત ધરાવતો હતો. ઉપમન્યુએ મંત્ર બોલતાં બોલતાં ઇન્દ્ર સામે જોયું તો ઇન્દ્રનું અસ્તિત્વ જ ત્યાં હતું નહિ! ઊલટું, ઇન્દ્રને સ્થાને ભગવાન શિવ અને માતા પાર્વતી નંદી ઉપર બિરાજમાન થયેલાં ઉપમન્યુએ નિહાળ્યાં. શંકરનું સ્મિતભર્યું મુખ કલ્યાણવાણી ઉચ્ચારી રહ્યું સંભળાયું;

'ઉપમન્યુ! તારા ઉપર હું પ્રસન્ન છું. તારી છેલ્લી કસોટી કરવા મેં ઇન્દ્રનું સ્વરૂપ ધારણ કર્યું હતું. માગ માગ, જે માગે તે આપું.'

શંકરનાં દર્શન અને શંકરની વાણી સાંભળી ઉપમન્યુનાં રોમાંચ ઊભાં થઈ ગયાં. બાલ્યાવસ્થાથી જે ઇષ્ટનું એ તપ કરી રહ્યો હતો તે ઇષ્ટ તેની સામે જ પ્રત્યક્ષ ઊભા હતા. આજ તેની તપશ્ચર્યા ફળી. જગદ્વ્યાપી શિવતત્ત્વ ઘન આકાર ધારણ કરી, ભકતને સંતોષવા માટે સાકાર બન્યું હતું. ભરી ભરી, આંખે ઉપન્યુએ શિવ-પાર્વતીનાં દર્શન કર્યાં. આંખમાં શિવ-પાર્વતીની મૂર્તિ સદાય અંકાઈ રહે એમ તે અવાક્ બની દૃશ્ય જોયા જ કરતો.

'માગી લે, ઉપમન્યુ! શિવતત્ત્વ પાસે તું જે માગીશ તે મળશે.' ભગવાન શંકરે અવાક્ બની ગયેલા ઉપમન્યુની વાણી ઉઘાડવા

તેને કહ્યું.

પ્રભો! આપનાં દર્શન પછી કોઈને પણ માગવાપણું રહે જ શું? કલ્યાણતત્ત્વની સાક્ષાત્ મૂર્તિ મારી આંખમાં વસી ગઈ એ કદી ભૂંસાય નહિ એ જ વરદાન મારું હોઈ શકે.' ઉપમન્યુએ અત્યંત ભાવપૂર્વક વરદાન માગ્યું.

'એ વર માગ્યો ન કહેવાય. મારું દર્શન થાય એ તો સદાય તારી આંખમાં કાયમ રહેવાનું જ. એ તારા તપનું ફળ છે. હવે મારી પ્રસન્નતાના ફળરૂપ કંઈ પણ ઈપ્સિત તું માગી લે.' શંકરે કૃપાભર્યાં વચનો ભકતને કહ્યાં.

'હવે મારે કાંઈ પણ ઇપ્સિત રહ્યું જ નથી. છેલ્લો પુરુષાર્થ મને સાધ્ય થઈ ગયો. હવે માગવાનું કાંઈ બાકી રહેતું નથી.' ઉપમન્યુએ કહ્યું. અને શંકર-પાર્વતીને નમન કરતો તે ઊભો રહ્યો. માતા પાર્વતીના મુખ ઉપર સ્મિત ફેલાયું, અને તેમની વીણા સરખી વાણી ઉપમન્યુએ સાંભળી:

'ઉપમન્યુ! તને યાદ છે તેં શી ઇચ્છાથી શંકરનું તપ આદર્યું હતું તે?'

ઉપમન્યુને પોતાનું બાળપણ યાદ આવ્યું, માતા પાસે દૂધ માગેલું હતું તે યાદ આવ્યું, અને તે ન મળતાં બાળચેષ્ટામાં પરંતુ એક તપસ્વીના દૃઢ નિશ્ચયથી તેણે શંકરની આરાધના કરી હતી તે સાંભર્યું. ઉપમન્યુ એ બાલવાંછનાની સ્મૃતિથી સહજ લજ્જિત થયો, અને તેણે સંકોચપૂર્વક કહ્યું:

'જગત્જનની! એ બાલચેષ્ટા યાદ કરી હું સંકોચ પામું છું. આપનાં દર્શનમાં મને દૂધ જ નહિ પરંતુ અમૃત મળી ચૂક્યું છે. હવે તેની તૃષ્ણા રહી જ નથી.'

'પરંતુ હું તારે માટે મારે હાથે જ તૈયાર કરેલું દૂધ લાવી છું. અને મારે હાથે જ એ હું તને પાવાની છું. આવ મારી સમક્ષ, અને આ દૂધનો કટોરો હું પાઉં તેમ પી જા!' પાર્વતીએ કહ્યું. શંકરના દર્શનથી જે હર્ષાશ્રુ તેની આંખમાં નહોતાં આવ્યાં તે

પાર્વતીના આ માતૃઅભિનયથી આવી ગયાં. હર્ષાશ્રુથી ઊભરાતી આંખે જગન્માતાએ તેની સામે ધરેલો દૂધનો કટોરો તેણે પી લીધો. એ સદ્ભાગ્ય બહુ જ થોડા ભક્તોને પ્રાપ્ત થઈ શકે, ઉપમન્યુનું જીવન આજ સફળ થયું. અંતર્ધાન થતાં થતાં શિવજીએ તેને આશીર્વાદ આપ્યો :

'ક્ષીરસાગરનો હું તને અધિપતિ ઠરાવું છું.'

પરંતુ સાક્ષાત્ શિવસ્વરૂપનાં દર્શન કરી ચૂકેલા ઉપમન્યુને ક્ષીરસાગર શું પ્રલોભન આપી શકે? શંકરની છાયા ધારણ કરતા હિમાલય ઉપર ઉપમન્યુએ નિવાસ કર્યો અને શંકરનું ધ્યાન ધરતાં ધરતાં તેણે અનેક સ્તોત્રો રચ્યાં અને શિવસ્મૃતિ પણ તેણે રચી. એના આશ્રમમાં નિત્ય ગુંજન થતું હતું કે,

**ध्याये नित्यं महेशं रजतगिरिनिभं चारुचंद्रावतंसं**
**रत्नाकल्पोज्ज्वलांगं परशुमृगवराभीतिहस्तं प्रसन्नम् ।**
**पद्मासीनं समन्तात्स्तुतममरगणैर्व्याघ्रकृत्तिं वसानम्**
**विश्वाद्यं विश्ववंद्यं निखिलभयहरं पञ्चवक्त्रं त्रिनेत्रम् ॥**

# કુલશેખર

શું બ્રાહ્મણ? દ્વિજ? નહિ નહિ. ભારતમાં તો અનેક શૂદ્રો પણ ભક્તો થઈ ચૂક્યા છે. શૂદ્ર વાલ્મીકિએ આખું રામાયણ રચી આર્યાવર્તને એક અમર સંસ્કારઝરો આપ્યો.

સંપત્તિ છોડીને બેઠેલા સંન્યાસીઓ જ શું ભક્ત થઈ શકે? ના. સંપત્તિ, સત્તા અને સુખસાહેબીમાં ઉછરતા અનેક રાજવીઓ પણ આપણે ત્યાં અનુપમ ભક્તો બની ચૂક્યા છે.

ભારતીય સંસ્કૃતિનું એક મુખ્ય લક્ષણ એ કે બીજી કોઈ પણ સંસ્કૃતિએ નહિ ઉપજાવ્યા હોય એટલા ભક્ત અને સંસ્કારી રાજવીઓ ભારતીય સંસ્કૃતિએ ઉપજાવ્યા છે.

દક્ષિણના કેરલ પ્રદેશમાં મહારાજા કુલશેખરનો જન્મ. એ જ કેરલમાં શંકરાચાર્યનો પણ જન્મ. કેરલના દઢવ્રત નામના રાજવીને કંઈ સંતાન ન હતું. ધર્મી, અધર્મી, સહુને જીવનમાં કોઈક વાર સંતાનની ઇચ્છા થાય છે. મહારાજા દઢવ્રતે પ્રભુ પાસે એક તેજસ્વી પુત્ર માગ્યો અને પ્રભુએ તે આપ્યો પણ ખરો. એ જ પુત્ર તે પરમ ભક્ત કુલશેખર. બાલ્યાવસ્થાથી રાજકુમાર કુલશેખરે શસ્ત્રમાં અને શાસ્ત્રમાં પ્રાવીણ્ય મેળવવા માંડ્યું. અને દઢવ્રતે જ્યારે જોયું કે રાજકુંવર રાજ્યભાર વહન કરવાને માટે શક્તિમાન થયો છે એટલે રાજાએ પોતે રાજ્યાસન છોડી દીધું. યુવરાજને પોતાની નજર સામે રાજ્યાભિષેક કરાવ્યો અને પોતે વનમાં વસી વાનપ્રસ્થધર્મ સંપૂર્ણ રીતે પાળવા માંડ્યો. પ્રાચીન રાજાઓમાંથી ઘણા જીવતાં સુધી રાજ્યગાદી ઉપર ચીટકી રહેવાની ક્ષુદ્રતા દર્શાવતા ન હતા. કુલશેખર રાજવી તો

હતો, રાજ્યભાર વહન પણ કરતો હતો, છતાં એના હૃદયમાં એક ઝંખના જાગી હતી : ચર્મચક્ષુ પણ પ્રભુનાં જ દીધેલાં; એ ચક્ષુ સામે પ્રભુ આવીને કેમ ઊભા ન રહે ? માનવી ને તો ચર્મચક્ષુ અને દિવ્યચક્ષુઓના ભેદ ! પ્રભુ એ ભેદ કેમ રહેવા દે ?

મહારાજા કુલશેખરને સઘળી સત્તા હતી. ધારે તેને મારે અને ધારે તેને જિવાડે એ સત્તા હતી તો ખરી, છતાં કુલશેખર જોઈ શક્યો કે એનાથી ગમે તેને મારી શકાતું ન હતું...અને સર્વ માંદા કે સર્વ મૃતને જિવાડી શકાતું તો હતું જ નહિ ! રોગગ્રસ્તોને રોગમુક્ત કરવા અને લાંબું જિવાડવા એણે ઔષધશાળાઓ અને સારવારગૃહો આખા રાજ્યમાં સ્થાપ્યાં એ ખરું, પરંતુ મૃતદેહને સજીવન કરી શકે એવા કોઈ કલાધર ઉપર એની સત્તા તો હતી જ નહિ. ઔષધવૈદ્યો અને શસ્ત્રવૈદ્યો સાથે એણે ઘણી ચર્ચા કરી, પરંતુ મૃત દેહને સજીવન કરવાની વિદ્યા કે કલા કોઈ માનવીના હાથમાં ન હતી એમ સાબિત થયું. રાજવીની આમ અબાધિત ગણાતી સત્તા ખૂબ ખૂબ મર્યાદિત માલૂમ પડી.

કુલશેખરે કૃષિ અને વ્યાપાર ખૂબ આગળ કર્યાં. અને તેની વહેંચણી એવી વ્યવસ્થિત રીતે કરી કે એની પ્રજાનું સંપૂર્ણ ભરણ-પોષણ થાય, સહુને આનંદ ઉત્સવ અને પ્રભુસ્મરણ કરવાનો સમય રહે, અને કોઈ પણ ધનિકના ધનનો ઢગલો એવડો મોટો ન વધી જાય કે જેથી એ ધનના ઢગલાને જોનારનું કે એ ઢગલા ઉપર બેસનારનું મન ફટકી જાય ! વ્યક્તિ વ્યક્તિ વચ્ચે અને કોમ કોમ વચ્ચે, સમાનતા વ્યાપી જાય એવી એની રાજ્યકુશળતા.

જમીન ધાન્યના ઢગલા આપતી હતી એ વાત સાચી, પરંતુ મહારાજા કુલશેખર જોઈ શક્યા કે બાજરી વાવી બાજરી જ લણાતી; બાજરી વાવીને ચોખા ઉપજાવી શકાતા નહિ ! અને ચોખા વાવીને તેમાંથી ઘઉંનાં ખળાં ભરી શકતાં નહિ ! કુલશેખરે મિશ્રણના કંઈ કંઈ પ્રયોગો કર્યા–કરાવ્યા, પરંતુ રાજસત્તાને જાયફળમાંથી કેરી ઉપજાવવાની શક્તિ મળી હોય એમ લાગ્યું નહિ !

સૂર્ય એનો સમય થયે ઊગતો અને સમય થયે આથમતો. રાજા કુલશેખર સૂર્યને મોડો ઊગવાની આજ્ઞા કરે કે ચંદ્રને નીચે ઊતરી આવવાની આજ્ઞા કરે, એ આજ્ઞાઓ રાજાના હોવા છતાં સૂર્ય-ચંદ્ર પાલન કરતા હોય એવી કુલશેખરને ખાતરી થઈ નહિ. રાજાનો પણ એક રાજા હતો એ કુલશેખરની સમજમાં આવેલું. ભકતનો એ પુત્ર હતો એટલે એનામાં ભારે નમ્રતા તો હતી જ. રાજસત્તા અતિશય મર્યાદિત હતી એવી પણ એને ખાતરી થઈ ચૂકી. રાજસત્તા એ કુદરતી સત્તા નહિ, કુદરતી સત્ય પણ નહિ, માત્ર મર્યાદિત માનવોએ ટોળે મળી એક વ્યવસ્થાભ્રમ ઉપજાવ્યો એનું નામ રાજસત્તા. સાચી સત્તા તો કોઈ સાચા સત્તાધીશના હાથમાં છે જે સૂર્યચંદ્રને ઉગાડે છે, પૃથ્વીમાંથી જીવન પ્રગટાવે છે અને પાણીને પવનથી હલાવે છે! એ સત્તાનું સૂત્ર જેના હાથમાં હોય તે સાચો સત્તાધીશ! અને એ હશે કોણ? આંખ બનાવનાર એ સત્તાધીશ આંખ સામે કેમ ન દેખાય? અને કુલશેખરે આ ભાવના થતાં બરાબર એ મહાન સત્તાધીશને આંખ સામે પ્રત્યક્ષ કરવા માનસિક તપ આદર્યું.

એ સત્તાધીશનો આકાર શો? એનું રૂપ શું? એની વાણી કેવી? આકાર વગર એ માનવ ઇંદ્રિયોને પ્રત્યક્ષ થાય પણ શી રીતે? ભકતો કહેતા હતા કે માનવ જીવનમાં પ્રભુ રામ રૂપે, કૃષ્ણ રૂપે નારાયણ સ્વરૂપે પ્રગટ થયા છે. આંખને તો કોઈ નિરાકાર સત્તા પ્રગટ દેખાતી ન હતી. શા માટે મહારાજા કુલશેખર એ ભક્તોએ વર્ણવેલા રામ, કૃષ્ણ, વિષ્ણુ અને નારાયણના આકારને આંખ સામે સતત ન રાખી શકે? સર્વશક્તિમાન પ્રભુ આકારહીન હોય તો યે એને વિગ્રહ–આકાર ધારણ કરવામાં હરકત કેમ આવે? કુલશેખરે પ્રભુનું સ્મરણ થાય એમ નિત્ય કથાવાર્તા પોતાના મહેલમાં શરૂ કરાવી અને આખા નગરને નોતરવા માંડ્યું.

* * *

રાજમહેલમાં રામાયણની કથા ચાલતી હતી. રામાયણની કથા.

અને તેમાં યે કથાકાર બહુ મોટા કલાવિદ્ –એની વાણીમાંથી રામાયણનાં પાત્રો સજીવન બની આકાર ધારણ કરતા હોય એવું એનું કવિત્વમય વક્તવ્ય હતું. વિશાળ શ્રોતામંડળ બેઠું હતું અને રાજા કુલશેખર તલ્લીન થઈ રામાયણની કથા સાંભળતા હતા. એક દિવસ રામાયણનો ખર-દૂષણ સાથેના યુદ્ધનો પ્રસંગ આવ્યો. આદર્શ ભ્રાતા લક્ષ્મણને સીતાજીનું રક્ષણકાર્ય સોંપી રામ એકલા પોતે ધનુષ-બાણ લઈ ખર-દૂષણની ચૌદ હજાર રાક્ષસોની સેના સામે યુદ્ધ કરવા ચાલ્યા

**चतुर्दशसस्राणि रक्षसां भीमकर्मणाम् ।**
**एकश्च रामो धर्मात्मा कथं युद्धं भविष्यति ॥**

કથાકારે આ અસમાન યુદ્ધનું બહુ રોચક શબ્દોમાં વર્ણન આપ્યું. અને એના શબ્દોએ ચૌદ હજાર રાક્ષસો એક પાસ અને સામે એકલા રામ, જાણે પ્રત્યક્ષ કરી દીધા ! ભાવિક કુલશેખર તન્મય થઈને કથા શ્રવણ કરતો હતો. એણે તો પોતાની આંખ સામે આ યુદ્ધ રચાતું જોયું. એ વીસરી ગયો કે અહીં તો રામાયણની કથા ચાલતી હતી, ભાન ભૂલી મહારાજા કુલશેખર ઊભો થયો. પોતાનાં શસ્ત્રાસ્ત્રો તૈયાર કર્યાં અને ઘોર શંખનાદ કરી આખી રાજસેનાને એકત્રિત કરી દીધી, સેનાનાયક પણ ભક્તરાજાના રાજ્યમાં અંશતઃ ભક્ત બની ગયો હતો. રાજાની પ્રવૃત્તિ જોઈ આખી સભા ચકિત થઈ અને સેનાપતિ પણ ચકિત થયો. રાજાના હૃદયમાં કોઈ અવનવો ઉત્પાત થયો છે કે હું, એવો તેમને ભય પણ લાગ્યો સેનાપતિએ નમ્રતાપૂર્વક પૂછ્યું :

'મહારાજ ! શી આજ્ઞા છે ?'

'જોતા નથી, સેનાપતિજી ! કે રામ એકલા ચૌદ હજાર રાક્ષસો સામે યુદ્ધ કરવા જઈ રહ્યા છે ? આપણે શું અહીં બેઠા રહેવું છે. અને રામને કષ્ટ પડે એ સગી આંખે નિહાળવું છે ?'

'પણ...' સેનાપતિ કાંઈ કહેવા જતા હતા પરંતુ તેમને અટકાવી

કુલશેખરે જવાબ આપ્યો :

'પણ બણ કાંઈ નહિ, રામ સાથે આપણી જીવનભરની સંધિ અલિખિત. એની હાકલ થાય કે આપણે ઊભા જ થવું જોઈએ. ચાલો સૈન્ય લઈને.'

વ્યવહારની દૃષ્ટિ આને ઘેલછા કહે, ભુલાયેલા ભાન તરીકે ઓળખાવે અગર ભક્તિભાવનું ચક્રમપણું પણ નામ આપે ! એ જે હોય તે ! સેનાપતિને તો રાજાજ્ઞા પાળવાની જ હતી. કુલશેખરને એક બાજુએ એકલા રામ અને સામી બાજુએ ખર-દૂષણ અને તેમની પાછળના ચૌદ હજાર રાક્ષસો સ્પષ્ટ દેખાતા હતા. સૈન્ય તૈયાર હતું. સેનાપતિ પણ તૈયાર હતા, પરંતુ તેમણે ક્યાં જવું ? કોની સાથે લડવું ? કથા કહેનાર શાસ્ત્રી કુલશેખર જેવા પરમ ભક્ત તો હતા નહિ, પરંતુ એ વિચક્ષણ વિદ્વાન હતા, વાણીનો મહિમા સમજતા હતા અને ભક્તનાં હૃદય વાણીનો કેવો પડઘો પાડે છે એ પણ સમજતા હતા. તેમણે સમજી લીધું કે તેમની-અસરકારક શૈલીએ આબેહૂબ રામ-રાક્ષસનું ચિત્ર કુલશેખરના ભક્તહૃદય પર પાડ્યું હતું. એકાએક તેમણે ખર-દૂષણ અને ચૌદ હજાર રાક્ષસો રામના એક જ બાણથી વીંધાઈ ગયા એવો એક શ્લોક લલકાર્યો અને ત્યારે કુલશેખરને ખાતરી થઈ કે ભગવાન રામને કોઈ માનવીની સહાય જરૂરની ન હતી...અને ધીમે ધીમે તેમને સમજાયું કે તેઓ માત્ર એક કથા સાંભળતા હતા !

* * *

ભક્તોને ઘણી વાર પોતાના શ્રેષ્ઠ સ્થાનનું ભાન રહેતું નથી. એને એ શ્રેષ્ઠ સ્થાન સાચવી રાખનારાઓને ભાન ભુલાવતી ભક્તિ જરાય ગમતી નથી. રાજા રાજદંડ ધારણ કરી સિંહાસન ઉપર બેસી ગંભીરતાભરી આજ્ઞા આપે એ રાજકર્મચારીઓને જરૂર ગમે; પરંતુ એ રાજા સિંહાસન છોડી પ્રભુની કોઈ મૂર્તિ સામે કરતાલ લઈ નાચે એ તેમને ન ગમે એ પણ સમજી શકાય એવું છે. સાચા ભક્તોને વ્યવહારની મર્યાદા નડતી નથી, પરંતુ વ્યવહારના અર્ક સમા રાજ-

કારણમાં તો ડગલે ને પગલે મર્યાદા દોરાયે જાય. કુલશેખર પોતાનું રાજકાજ સારી રીતે કરતો હતો એ સાચું; પરંતુ એનો રાજવૈભવ, એનો રાજદબદબો અને એની સત્તાવાહી રાજાજ્ઞા, ધીમે ધીમે ભક્તિમાં પલોટાઈ અતિશય સૌમ્ય બનવા માંડ્યાં.

રાજદરબારીઓને અળગા કરી કુલશેખર સાધુસંતો અને ભક્તો તરફ વધારે ધ્યાન આપવા માંડે એ રાજપુરુષને ડંખવા લાગ્યું. અને રાજા તો વધારે અને વધારે પ્રમાણમાં સાધુસંતોને મહેલમાં અને પોતાની આસપાસ ફેરવતો થઈ ગયો; ભક્ત રાજવીની પ્રજા સુખી હતી. પ્રજાના સર્વ વર્ગો સંતુષ્ટ હોવાથી ગુનાઓ બનતા જ નહિ. પડોશના રાજવીઓ ભક્ત રાજવીનો પ્રદેશ ખૂંચવી લેવાને બદલે એની સીમાનું રક્ષણ થાય એવી મૈત્રી દાખવવા લાગ્યા; કારણ કુલશેખર તરફથી રાજકીય કે સૈનિક આક્રમણ થાય એવો ભય કોઈને હતો જ નહિ. ભક્તિની અતિશયતામાંથી, ભક્તોના ઝમેલામાંથી રાજાને મુક્ત શી રીતે કરવા એ મહાપ્રશ્ન દરબારીઓની પાસે પ્રત્યક્ષ થયો. અને એક દિવસ રાજમહેલમાં બૂમ ઊઠી કે રાજ્યના તોષાખાનામાંથી મૂલ્યવાન હીરાઓ ચોરાઈ ગયા છે.

રાજમહેલ રાજમંદિર રહ્યો ન હતો, પરંતુ તે સાધુસંતોનો એક અખાડો બની રહ્યો હતો. છતાં બૂમો ઊઠી તે મહારાજા કુલશેખરના કાન સુધી પહોંચ્યા વગર રહી નહિ. અને બૂમની સાથે આરોપ પણ ધીમો ધીમો ઘટ્ટ થવા માંડ્યો...રાજમહેલમાં સાધુસંતોનાં ઝુંડ ફર્યા કરે...ભક્તોની અવરજવર બધે જ...શયનગૃહ હોય કે સભાગૃહ હોય, રાત હોય કે દિવસ હોય, જોગટાઓ બધે જ ફરતા હોય !...ભક્તોને કહે કોણ ? અને કહે તો સાંભળે કોણ ? બધા સાધુઓ કંઈ સરખા હોય છે ? લક્ષ્મી દેખી મુનિવર ચળે...આમ જુદી જુદી ઢબે આરોપો પણ રાજા કુલશેખરને કાને પહોંચી ગયા.

રાજાએ કર્મચારીઓને બોલાવ્યા અને તપાસ શરૂ કરી. હીરા ખોવાયા હતા એ વાત સાચી. હીરા ખોવાય તેની રાજાને ખાસ ચિંતા પણ ન હતી; પરંતુ રાજવી તરીકે રાજમહેલમાં બનતો ગુનો શોધી

કાઢવાની તેની ફરજ હતી. તપાસ શરૂ થઈ. પ્રજાજનો સુખી હતા. ગુનેગારોનું નામનિશાન રાજ્યમાં હતું નહિ રાજમહેલના કર્મચારીઓને ભરપટ્ટે પગાર મળતો હતો એટલે હીરા ચોરવાની કોઈ નોકરને તો જરૂર હતી નહિ; બાકી રહ્યા રાજમહેલમાં ફરતા સાધુ, સંતો અને વૈષ્ણવો !

રાજાએ એ યુગને છાજે એવો ગુનાશોધનનો પ્રકાર યોજ્યો. ગુનેગાર જડે નહિ ત્યારે એ શોધવાનું કામ દિવ્ય સત્ત્વને સોંપવામાં આવતું. રાજાએ એક દિવ્ય સોંપણી ગુનેગાર માટે રજૂ કરી અને સર્વ રાજમંદિર સાથે સંબંધ ધરાવનાર ભક્ત અને કર્મચારીઓને ભેગા કર્યા, અને હળાહળ વિષ ભરેલા એક સર્પનો કંડિયો લાવી સર્વની વચ્ચે મૂક્યો. રાજાને મન આ ગુનો બે પક્ષમાં વહેંચાઈ ગયો હતો. કાં તો સાધુ-સંતોએ હીરા ચોર્યા હોય, કાં તો દરબારી નોકરોએ. કંડિયો આવતાં બરોબર રાજાએ આજ્ઞા આપી :

'ગુનેગાર શોધવાની હવે એક જ રીત બાકી રહી. આ કંડિયામાં ભયાનક સર્પ છે, વિષધર નાગ છે; એમાં સહુ કોઈ હાથ ઘાલે. ગુનેગાર હશે તેને સર્પદંશ થશે; ગુનેગાર નહિ હોય તે દંશથી મુક્ત રહેશે. ચાલો, કોણ શરૂઆત કરે છે ?'

દરબારીઓ સંકોચાયા, જ્યારે સાધુસંતોમાં કોણે પહેલો હાથ નાખવો એની હોંસાતોંસી થવા માંડી. રાજાના મનમાં તો ખાતરી જ હતી કે આ સાધુસંતોનું કામ નથી, પરંતુ સાધુસંતોથી કંટાળેલા રાજદ્વારી પુરુષોનું જ આ કામ છે. તેણે એકાએક પોતાનો હાથ ઊંચો કર્યો. સહુ સ્તંભી ગયા. ભેગી મળેલી સર્વ મંડળી સાંભળે એમ કુલશેખરે ગંભીર નાદે કહ્યું :

'આ રાજમહેલમાં સાધુસંતો આવે છે મારા આમંત્રણે. એની જવાબદારી મારી છે. હું પોતે જ મારા પોતાના ઉપર સર્પદિવ્યનો પ્રયોગ કરું છું. અને જો સાધુસંતોમાંથી કોઈએ પણ હીરા ચોર્યા હોય તો મારી પ્રભુને પ્રાર્થના છે કે સર્પદંશ મને જ થાય !'

રાજા કુલશેખર આટલું કહીને અટક્યો નહિ. સંતો અને દર-

બારીઓ બંને રાજાને અટકાવે તે પહેલાં રાજાએ સર્પના કંડિયામાં પોતાનો હાથ ખોસી ઘાલ્યો. ક્ષણ વીતી, બે ક્ષણ વીતી, પા ઘટિકા વીતી. છતાં રાજાનો હાથ અંદરનો અંદર સલામત રહ્યો અને તેના મુખ ઉપર દંશનું એક ચિહ્ન પણ દેખાયું નહિ. કંડિયાનું ઢાંકણું ખોલાતાં સહુ દેખે એમ રાજાએ નાગની સોડમાં પોતાનો હાથ અડાડી રાખ્યો. નાગે હાથ ઉપર ફણા કરી પરંતુ નાગ જરા પણ ડસ્યો નહિ અને ફણા સંકેલી કંડિયામાં પાછો સમેટાઈ ગયો. ભક્ત રાજવીની ક્ષત્રિયવટ સંતોને નિર્દોષ ઠરાવી રહી.

અલબત્ત, કર્મચારીઓને શરમ આવી. હીરા બધા જ જડ્યા. મહારાજા કુલશેખરને સંતોની ચુંગાલમાંથી ઉગારવાનો દરબારીઓનો આ બાલિશ પણ પ્રામાણિક પ્રયત્ન હતો એ જાહેર થયું; અને ભક્ત રાજવીને તો સદા યે ગુનાની શિક્ષા ક્ષમામાં જ હોય! દરબારીઓનો શુભ ઉદ્દેશ વિચારી તેણે કોઈને કાંઈ શિક્ષા કરી નહિ, અને દરબારીઓએ પણ એ સમય પછી રાજાના ભક્તમાર્ગમાં સહજ પણ વિઘ્ન નાખવાનો પ્રયત્ન કર્યો નહિ.

ભક્તશિરોમણિ ક્ષત્રિય રાજવી કુલશેખર રાજાઓ કરતાં ભક્તોમાં વધારે મોટું સ્થાન આજ સુધી પામી રહ્યો છે. દક્ષિણનો એ પરમ-વૈષ્ણવ રાજવી.

'મુકુંદમાલા' નામનો એક સંસ્કૃત સ્તોત્રગ્રંથ આ રાજવીની વિદ્વતા અને ભક્ત પ્રદર્શિત કરતો આજ પણ ભક્ત અને વિદ્વાનોમાં બહુ આદર પામે છે.

# રૂપનો ઈજારદાર

૧

માનવી જાતે પોતે જ પોતાના સુખની આડે ન આવતો હોત તો તેની આસપાસ સુખનું સ્વર્ગ રચાયે જ જતું હોત. પરંતુ મોટે ભાગે માનવી પોતે જ પોતાના સુખને પકડી ખેંચી રાખવા માગે છે. મૂઠીમાં, પેટીમાં કે પહેરામાં સંતાડી રાખવા માગે છે અને રખે કોઈ એ સુખમાં ભાગ પડાવી જાય એનો ભય સેવ્યા કરે છે, એટલે એનું સુખ પણ એને કંઈ કામમાં આવતું નથી.

શરદ એક સુખી યુવાન હતો; ભણેલો હતો, સંસ્કારી હતો. અને ધનિક પિતાનો પુત્ર હોઈ એની નાની વયથી જ ધનના વ્યવસાયમાં તે લાગી ચૂકેલો હતો. કેટલાક યુવાનોનાં માતાપિતા તેમના યૌવનને આંગણે જ મૃત્યુ પામી યુવાનોને મિલકતના માલિક બનાવી આભારી કરે છે. શરદનાં માતાપિતા પણ તેની ૨૨–૨૪ વર્ષની વયે મૃત્યુ પામ્યાં હતાં અને તેને આખી મિલકતનો વારસ અને વ્યવસ્થાપક બનાવતાં ગયાં. ભણતર, બુદ્ધિ અને અનુભવ ત્રણેએ મળીને તેને એક સફળ ધંધાદારી બનાવ્યો અને સ્વર્ગમાં બેઠેલાં માતાપિતા બહુ રાજી થઈ આશીર્વાદ વરસાવે એવી કુશળતા અને કુનેહપૂર્વક શરદે પોતાનો ધંધો ધપાવ્યે રાખ્યો. એમાં એની પ્રતિષ્ઠા પણ વધતી ગઈ અને જનતામાં તેનો સામાજિક ઉપયોગ પણ સરસ થવા લાગ્યો. આમ માનવી માગી શકે એટલું સુખ શરદને શરદનો પૈસો આપી શકે તેમ હતું,

તેને અત્યંત રૂપાળી પત્ની પણ મળી હતી. પત્નીનું નામ માધવી. માધવી રૂપાળી જ માત્ર ન હતી; તે સારું ભણેલી હતી,

ચબરાક હતી અને ખૂબ આનંદી પણ હતી. સુંદર પત્ની હોવી એ સદ્ભાગ્યની નિશાની છે. છતાં સુંદર, સુશીલ અને સુશિક્ષિત પત્ની હોવી એ વળી મહાભાગ્યની નિશાની છે. શરદને એ મહાભાગ્ય પ્રાપ્ત થયું હતું. અને જનતા માનતી હતી કે શરદ જેવો ભાગ્યશાળી માનવી આ વિશ્વમાં ભાગ્યે જ બીજો કોઈ હશે. શરદે પોતે પણ શરૂઆતમાં એમ જ માની લીધું. એના પોતાના સુખનો પાર ન હતો. પત્નીને હીરા-મોતીના દાગીનાની ખોટ ન હતી, રેશમી અને જરીનાં વસ્ત્રોની ખોટ ન હતી, અને સુખી દંપતીને જવરઅવર માટે, રૂપપ્રદર્શન માટે, ધનપ્રદર્શન માટે, તેમ જ કલાપ્રદર્શન માટે વિસ્તારભરેલો પ્રદેશ પડ્યો હતો. નાટક, સિનેમા, પાર્ટીઓ અને જલસાઓ, સભાઓ અને સંમેલનો, કલામંડળો અને કલાપ્રદર્શનો, હરકોઈ જ્ઞાન, રૂપ, શૃંગાર, ચાતુર્ય અને ધન દર્શાવવાનાં વિપુલ સાધનો બની રહે છે; અને શરદે તથા તેની અત્યંત લાવણ્યવતી પત્ની માધવીએ આ સાધનોનો સારા પ્રમાણમાં ઉપયોગ પણ કરવા માંડ્યો.

પછી તો શરદની આસપાસ—કહો કે માધવીની આસપાસ—મિત્રોની, પ્રશંસકોની, ઓળખીતાઓની અને ઓળખાણ માગનારાઓની ઠીકઠીક ટોળી જામવા માંડી. ચા ઉપર, નાસ્તા ઉપર, જમણ ઉપર, ફરવા માટે, સિનેમા જોવા માટે, શરદને અને માધવીને આમંત્રણો મળવા લાગ્યાં અને આ આમંત્રણો સ્વીકારાય એટલે સામાં આમંત્રણ તેમને આપવાં પણ પડ્યાં. ધનિકોને તો કામ હોય છે, પરંતુ ધનિકોની પત્નીઓને પોતે સ્વીકારે એટલું જ કામ કરવાનું રહે છે. એટલે આવાં ઘણાં આમંત્રણોમાં શરદને જવું મુશ્કેલ થઈ પડતું, અને તે આવા કેટલાંયે રૂબરૂ આમંત્રણોમાં પોકારી ઊઠતો :

'આમ બધે જવું તો મને ન જ પાલવે.'

'પણ હવે આમંત્રણ આવ્યું જ છે તો આપણે ગયા વગર કેમ ચાલે? તને ખરેખર કામ હોય તો હું જઈ આવીશ; પણ છેક આમંત્રણ નકારવું એ અભિમાનમાં ગણાશે.' માધવી શરદને જવાબ આપતી, અને કેટલીક વાર શરદને મૂકીને પણ તેને જવું પડતું.

અને માધવી તેને જ્યાં સુધી આમ કહેતી ત્યાં સુધી એને એ કથન સ્વાભાવિક લાગતું. પરંતુ કદી કદી આમંત્રણ આપનારાઓ પણ તેને કહેતા :

'આપને તો અનેક વ્યવસાયો હોય એટલે આપ ના પાડો એ સમજી શકાય; પરંતુ માધવીબહેનને તો આપ જરૂર મોકલો.'

અને માધવીને વિશેષ કામ ન હોવાથી તે જતી પણ ખરી.

કોણ જાણે કેમ, પરંતુ માધવી પોતાને મૂકી એકલી જાય એ શરદને ગોઠ્યું નહિ. એક વસ્તુ ન ગોઠતાં અનેક વસ્તુઓ અણગોઠતી બની જાય છે. રસ્તે જતા લોકો પોતાના કરતાં માધવી સામે વધારે નજર કરે છે, ઓળખીતાઓ પણ શરદ કરતાં માધવીને મળવામાં વધારે રાજી હોય છે, પોતાની આસપાસનાં ટોળાં કરતાં માધવીની આસપાસ મિત્રમંડળનું ટોળું વધારે પ્રમાણમાં જામી જાય છે. અને ઘણી વાર તો શરદને બાજુએ મૂકી, શરદને વેગળો રાખી, માધવી સાથે વધારે પ્રમાણમાં ચબરાકીભરી હસી-ટીખળ થાય છે. આમ તેને ધીમે ધીમે લાગવા માંડ્યું; અને એક દિવસ તો આવા કોઈ પ્રસંગે તેના મનમાં માધવીનું પોતાની માલિકીનું રૂપ બીજાઓની દૃષ્ટિએ પડીને સાર્વત્રિક બની જાય છે એમ પણ હૃદયખટકા સાથે તેને લાગી આવ્યું. તે જ ક્ષણથી તેને ઈશ્વરે, સમાજે અને લગ્ને આપેલું માધવીનું રૂપ, આનંદ અને સુખ આપવાને બદલે ક્લેશ અને દુઃખ આપતું બની ગયું.

૨

આજ સુધી શરદ પોતાની પત્નીનું રૂપ નિહાળતો હતો, ધારી ધારીને નિહાળતો હતો અને પોતાને ભાગ્યશાળી માનતો હતો. આજથી તેને એ રૂપ માટે ચટપટી ઉત્પન્ન થવા માંડી. જે રૂપ તેનું એકલાનું હતું, એકલાની માલિકીનું હતું, તે ઉપર જાપ્તો અને પહેરો મૂકવાની જાણે જરૂર ઉત્પન્ન થઈ ન હોય એમ શરદને લાગવા માંડ્યું! માધવી પત્ની શરદની અને એના મિત્રો એ પત્નીના રૂપ સામે શા માટે જુએ? લગ્ને માધવીનો હાથ શરદને આપ્યો હતો; એ હાથને એના

ઓળખીતાઓ પકડી હસ્તધૂનન શા માટે કરે ? એના કરતાં એવી પાર્ટીઓમાં ન જવું એ શું વધારે સારું નથી ? ક્લબમાં જઈને માધવી બેડમિન્ટન રમે કે પત્તાં રમે. અને એ રમતમાં તે બહોશી બતાવે અને ચબરાકીભરી વાતો કરે ! એની સારી રમતને લોકો તાળી ઓથી વધાવે ! અને કદી કદી ‘ ડ્રીન્કસ ’ને બહાને માધવીને પોતાનાથી છૂટી પડીને તેઓ હસે અને માધવીને હસાવે ! માધવી હસતી ત્યારે તે હતી તેના કરતાં પણ વધારે રૂપાળી લાગતી હતી. પરંતુ તેને હસાવવાનો સાચો અધિકાર તો શરદને જ હોય ને ? પત્તાં કે બેડ-મિન્ટન રમવામાં તેના જીવનભરના ભાગીદારને બાજુએ મૂકી તે તત્કાલીન અને કામચલાઉ ભાગીદારોને કેવી રીતે પસંદ કરી શકે ? ચોવીશ કલાકના શરદના હક્કમાંથી કેટલા કલાકની આ ચોરી અને લૂંટ ચાલતી હશે ? શરદનો આનંદ ઓસરતો ચાલ્યો અને સાથે સાથે તે દિવસે દિવસે ચીડીઓ થતો ચાલ્યો. એક દિવસ તો માધવીએ જ શરદને પૂછ્યું :

‘ શરદ ! તારા મુખ ઉપર કેમ આમ ગ્લાનિનો દેખાવ દેખાય છે ?’

‘ કાંઈ નહિ, અમસ્તો.’ જરા તોછડાઈથી શરદે જવાબ આપ્યો.

‘ તારી તબિયત સારી લાગતી નથી. ચાલ, આપણે ડૉકટરને ત્યાં જઈ આવીએ.’ માધવીએ કહ્યું.

ડૉકટરને ત્યાં જવાની શી જરૂર છે ? એ તો અહીં રોજ આવે છે. એક વાર નહિ, બે વાર.’

‘ આવે પણ ખરા. આપણે એ માટે પૈસા આપીએ છીએ.’

‘ આપણી શરતમાં એક વાર આવવાનું બંધન છે, બે વાર નહિ.’

‘ એટલો એ સારો માણસ !...એક ને બદલે બે વાર આવે છે તે.’

‘ ઘણો સારો માણસ !...તને સમજ પડતી નથી એ શા માટે બે વાર આવે છે તે ?’

‘ મને શી સમજ પડે ?’

‘ તને જોવાને, તારી સાથે વાતચીત કરવાને, અને તારો હાથ

પકડવાને માટે એ આવે છે!'

'કેમ આજે આમ છે? કોઈ દિવસ નહિ ને આજ ડૉક્ટર ઉપર ગુસ્સો?'

'તારી આંખથી લાલાશ જોવાને બહાને એણે તારા ગાલનો સ્પર્શ કર્યો ત્યારથી મને એ ડૉક્ટર ઉપર અણગમો આવ્યો છે. હું એને રજા આપી દેવાનો છું.'

'એમ ઘેલાં ન કાઢ. આવો વહેમી ક્યાંથી થઈ ગયો?'

'ઘેલાં કાઢવાની તને એકલીને જ છૂટ મળે એમ તું ઇચ્છે છે, નહિ?' શરદે કહ્યું, અને માધવીએ બેચાર ક્ષણ શરદની સામે તાકીને જોયું. તે કાંઈ પણ બોલી નહિ. અને બંને વચ્ચે ફેલાયેલી અશાંત શાંતિનો ભાર અસહ્ય થઈ પડવાથી માધવી ઊભી થઈ અને પોતાના ખંડમાં ચાલી ગઈ. શરદ પોતાને સ્થાને બેસી જ રહ્યો હતો; તે ઊઠ્યો નહિ. એના મનમાં ઊભરાતા અનેક તર્કવિતર્કને ઢાંકીને તે બેઠો હતો. ઘણું ઢાંકવા છતાં તેનું મુખ વ્યગ્રતાનું ભાન કરાવ્યા સિવાય રહ્યું નહિ. અડધે કલાકે સુંદર વસ્ત્રાભૂષણ સજી માધવી તેની પાસે પાછી આવી ત્યારે પણ શરદના મુખ ઉપર ઘેરાયેલું વાદળ નિર્મળ બન્યું ન હતું. માધવીને જોતાં શરદની જે આંખો આનંદથી ચમકી ઊઠતી તે આંખમાં આનંદને સ્થાને કટાર ચમકતી હોય એવો ભાસ માધવીને થયો. શરદની પાસે ઊભા રહી માધવીએ બહુ જ સૌમ્યતાપૂર્વક કહ્યું :

'તૈયાર થવું નથી, શરદ?'

'ના.'

'પણ તેં તો જવાનું વચન આપ્યું છે. તું નહિ આવે તો એ મિત્રોને ખોટું લાગશે.'

'ભલે મેં વચન આપ્યું; મારે એ વચનનો ભંગ કરવો છે.'

'અરે પણ તેમને ખોટું લાગશે તેનો તેં વિચાર કર્યો?'

'હા, મેં વિચાર કર્યો છે. તું એકલી જઈશ તો તેમને ખોટું નહિ પણ વધારે સારું લાગશે.'

'શરદ! તને આજે શું થયું છે? તું કોઈના ઉપર ચિડાયો છે? મારા ઉપર કાંઈ ખોટું લાગ્યું છે?' માધવીએ જરાક તેની બાજુમાં બેસી તેનો હાથ પકડી પૂછ્યું.

'મને જે થયું હશે તે ખરું. તું તારી મેળે જા. અને જેટલા મિત્રો, ઓળખીતાઓ અને સગાંવહાલાંઓ હોય તેમને રાજી કર.'

માધવીનું મુખ એકાએક તંગ બની ગયું. સ્વપ્ને પણ નહિ ધારેલા ભાવ પોતાના પતિના હૃદયમાં ઊછળી રહ્યા હતા એ તેને અસહ્ય લાગ્યું. તે ઊભી થઈ. ક્ષણભર પતિ સામે જોયું. અને વાંકી ભ્રૂકુટિ કરી તેણે જરા પગ પછાડી ચાલવા માંડ્યું.

એકાએક શરદ ઊભો થયો અને તેણે બૂમ પાડી:

'ક્યાં જાય છે?'

'તું જાણે છે પછી મને કેમ પૂછે છે?' માધવીએ પણ જરા સખતાઈથી જવાબ આપ્યો.

'મને મૂકીને શું જવું છે?'

'મેં ક્યાં કહ્યું કે હું તને નથી લઈ જવાની? તને સાથે લેવા માટે તો હું અહીં આવી છું.'

'એટલે તું મને સાથે લે' એમ? મારી સાથે તું નહિ, ખરું ને?'

'તને કંઈ વળગાડ તો નથી વળગ્યો ને?' સહજ હસીને મુખ ઉપરની તંગ રેખાઓ હળવી બનાવીને માધવીએ કહ્યું. માધવીને લાગ્યું કે કોઈ પણ કારણે આજ હઠ અને રોષમાં આવેલા પતિને સહજ હળવાશથી, સહજ હાસ્યથી, મુલાયમ બનાવી શકાશે. પરંતુ



શરદના મુખ ઉપર એક હઠની રેખા વધારે વધી અને તેણે કહ્યું:

'હા, મને વળગાડ વળગ્યો છે.'

'તો કોઈ ભૂવાને બોલાવીએ!' હજી હાસ્ય ચાલુ રાખી માધવીએ કહ્યું.

'જેમાં તેમાં તને પરપુરુષ જ સાંભર્યા કરે છે! બોલાવવામાં

પણ ભૂલો...જા, તારે જ્યાં જવું હોય ત્યાં.'

'મારે કોઈ પણ જગાએ જવું નથી. આજથી આ ઘરના કમરાની બહાર હું નીકળીશ નહિ. બસ ને?' માધવીએ કહ્યું.

અને જરાક તિરસ્કારપૂર્વક હસીને શરદ બોલ્યો : 'જોઈએ, એ પણ કેટલા કલાક ચાલે છે તે!'

અને આ સાંભળતાં જ માધવીએ પોતાના ગળામાં પહેરેલો મોતીનો કંઠો તોડી જમીન ઉપર પટક્યો અને બહાર નીકળવાને બદલે તે પાછી પોતાના ખંડમાં ચાલી ગઈ.

એ દિવસ પછીથી માધવી કદી ઘરની બહાર નીકળી નહિ અને તેને મળવા અને નીરખવા આવતાં પુરુષોનાં ટોળાંને પોતાની સમક્ષ આવવાની મના કરી. એ ક્ષણથી શરદ પણ જાણે તેને અણગમતો થઈ પડ્યો હોય તેમ માધવીએ શરદ સામે હસીને પ્રેમથી ફરી જોયું જ નહિ.

શરદને પોતાને તો પોતાનો ઇજારો કાયમ થયો હોય એમ લાગ્યું. માધવીનું રૂપ તેને જોઈતું હતું, સ્મિત તેને જોઈતું હતું, પ્રેમ તેને જોઈતો હતો. માધવીની અતિલોકપ્રિયતામાં એ સઘળું વેડફાઈ જતું અટકાવવાનો જ તેનો દૃઢ નિશ્ચય હતો. એ તેનો નિશ્ચય ફળીભૂત થયો; અને જોકે માધવીનું રૂપ તેનું સ્મિત અને તેનો પ્રેમ અત્યારે ઢંકાઈ ગયાં હતાં છતાં એક દિવસ વીતે, અઠવાડિયું વીતે મહિનો માસ વીતે, એ સંપૂર્ણપણે સર્વહક્કપૂર્વક સ્વાધીન થઈ જશે એવી તેની ખાતરી થઈ અને એ ખાતરીમાં તો સહજ મુખ મલકાવી પણ શક્યો.

## ૩

શરદનું મુખ તો મલક્યું, પરંતુ એ આનંદમુદ્રા બહુ લાંબા સમય સુધી ચાલી નહિ. માધવીનું સ્મિત પોતાનું એકલાનું જ બને એ માટેના તેના પ્રયાસમાંથી પરિણામ એ આવ્યું કે માધવીનું સ્મિત તદ્દન અદૃશ્ય થઈ ગયું, અને તેના મુખ ઉપર માર્દવતાને સ્થાને

રેષાઓ દોરાવા લાગી. માધવીના પ્રેમને પોતાના તરફ વાળવાની તરકીબમાંથી એવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ કે માધવીનો પ્રેમ થીજી ગયો હતો કે વહી શકે એવો હતો તેની શંકા શરદને ઉત્પન્ન થવા લાગી. પરપુરુષોનો માધવીએ ત્યાગ કર્યો જ હતો, પરંતુ શરદને હવે લાગવા માંડ્યું કે માધવીનો દેહ અને માધવીનું મન તેનો પણ ત્યાગ પુકારી રહ્યાં છે. બોલાવ્યા સિવાય માધવી શરદની પાસે આવતી નહિ, આવતી ત્યારે તે કાંઈ બોલતી નહિ. અને તેના મુખ ઉપર સ્મિત લાવવાના શરદના સઘળા પ્રયાસો મિથ્યા જતા હતા. આભૂષણનો માધવીએ ત્યાગ જ કર્યો હતો, માત્ર હાથની બંગડી અને લગ્નની વીંટી સિવાય. વસ્ત્રોમાં તેણે એવી સાદાઈ લાવી દીધી કે તેનાં અને તેની નોકરબાઈનાં વસ્ત્રો વચ્ચે ભાગ્યે જ કાંઈ તફાવત દેખાય.

શરદનું જીવન એકાએક ખારું બની ગયું, અને એ ખારાશને પ્રતાપે તેના પુરુષત્વના વાગેલા ઘાવમાં લૂણ ઉમેરાયું. શરદના દિલમાં પુરુષ સહજ ક્રૂરતા જાગી અને એ ક્રૂરતામાંથી માધવીના રિસાયલા છંછેડાયલા, સંકોચાયલા, સ્વત્વ ઉપર તેણે ચોકી પણ મૂકી દીધી. માધવીના વર્તનમાં ધીમે ધીમે તેને સ્ત્રીચરિત્ર દેખાયું. સ્વપત્નીમાં સ્ત્રીચરિત્ર જોનાર પતિ ચોવીસ કલાક તેનો રખેવાળ બની રહે છે. સ્ત્રીચરિત્ર એટલે જ પતિને ભોળવવાની ક્રિયા; પછી એ ભોળવવાની ક્રિયા સ્મિતથી પણ થાય, રીસથી પણ થાય અને આંસુથી પણ થાય. માધવીની રીસમાં શરદને માધવીનું કાંઈ કરતૂક દેખાવા લાગ્યું, અને તેણે માધવીની આસપાસ જાસૂસી જાળ પણ બિછાવી દીધી. પતિથી પત્નીની પહેરેગીરી પણ ચોવીસે કલાક તો ન જ થાય. વિશાળ ઉદ્યોગનો શરદ ચાલક હતો. અનેક વ્યવસાયોમાં તે ઊંડો ઊતરેલો હતો, અને ઘર છોડીને બહાર નીકળવાના તેને અનેકાનેક પ્રસંગો આવતા હતા.

એક દિવસ શરદ ઘેરથી નીકળી પોતાની ઑફિસે ગયો. એ દરમિયાન એના જેવડા જ એક યુવાન પુરુષે ઘરમાં આવી પ્રથમ શરદને મળવાની ઇચ્છા પ્રગટ કરી, અને શરદ ન હોવાથી શરદની પત્ની માધવીને મળવાની ઈંતેજારી દર્શાવી. શરદને મળવા માટે તેને

ઑફિસે જવાનું કહેવામાં આવ્યું, અને માધવીને મળવાનું કહેતાં તેને એવો જવાબ મળ્યો કે માધવીની તબિયત સારી ન હોવાથી તે કોઈને મળી શકે એમ હતું જ નહિ.

'માધવીની તબિયત સારી ન હોય તો તો મારે એને અવશ્ય મળવું જોઈએ.' એ યુવકે કહ્યું.

'પરંતુ એ અશક્ય છે. ડૉકટરોની મના છે.' નોકરે અને નોકરબાઈ બંનેએ એ યુવકને ખબર આપી.

ડૉકટરોની મના બધા માટે ન હોય. મારું નામ દેશો તો માધવી પોતે જ મને બોલાવી લેશે...અને મારી હાજરીથી તેની માંદગીમાં તેને સારું પણ લાગશે.' યુવકે કહ્યું.

'આપનું નામ શું?' નોકરે પૂછ્યું.

'મારું નામ ગિરીશ.' યુવકે કહ્યું. અને નોકર માધવી પાસે આ નામ લઈ જવાનો દેખાવ કરીને પાછો આવ્યો: પાછાં આવીને તેણે કહ્યું:

'માધવીબહેન કોઈને પણ મળી શકશે નહિ.'

'મને પણ નહિ?' ગિરીશે જરા આશ્ચર્ય દર્શાવ્યું.

'આપને જો ખરેખર મળવાની ઇચ્છા જ હોય તો ઘરના માલિક શરદકુમાર ઘરમાં આવે ત્યાર પછી આવો. એમની હાજરી વગર કોઈ પણ પુરુષને માધવીબહેન મળતાં નથી.' નોકરે જવાબ આપ્યો. અને અણધાર્યું સત્ય જાહેર પણ કરી દીધું.

'વારુ. આજ તો મારે કામ છે. એક કલાકમાં મારે અહીંથી ચાલ્યા જવાનું. ફરી ક્યારે આવીશ તે હું કહી શકતો નથી. પરંતુ મારું આટલું કાર્ય તમે ન કરો?' ગિરીશે કહ્યું.

'હા જી. શું છે?'

'આટલી મારી ભેટ માધવી પાસે લઈ જાઓ તો હું તમારો આભાર માનીશ.' કહી ગિરીશે પોતાના ખિસ્સામાંથી એક ડબી કાઢી, એ ડબી ઉઘાડી અને નોકરોને બતાવી. એ ડબીમાં બહુ સુંદર હીરાની બે બંગડીઓ અને બે હીરાનાં એરિંગ હતાં. એ ડબી પાછી બંધ

કરી ગિરીશે નોકરબાઈના હાથમાં મૂકી અને એના ઉપર એક જાડા કાગળના ચકતામાં લખ્યું :

'માધવીને ગિરીશ તરફથી બાળપણના એક ચિરસ્મરણીય પ્રસંગની યાદમાં.' ડબી સાથે કાગળ પણ તેણે મૂકી દીધો, અને જરા નિરાશ થઈને બહાર નીકળ્યો. બહાર શરદના બંગલાની પોર્ચમાં શરદની કારને પણ આંટે એવી એક કાર ઊભી હતી તેમાં ગિરીશ બેસી ગયો. અને એ ભારે કાર ત્યાંથી ચાલી ગઈ.

માલિકો ધારે એનાં કરતાં વધારે ઊંડાણથી નોકરો ઘરના વાતાવરણને સમજી જાય છે. કેટલા યે દિવસથી શેઠ અને શેઠાણી વચ્ચે બિચાબારું ચાલતું હોય એવી નોકરોને ખાતરી થઈ ગઈ હતી. અને વિશ્વાસપાત્ર નોકરો જાસૂસી કરતા જ હતા. એટલે તેમને ખાતરી થઈ કે જે પ્રસંગની તપાસ માટે શેઠ આતુર હતો એ જ પ્રસંગ આજ બની ગયો. ગિરીશ જેવા સોહામણા અને ધનિક યુવક માટે જ પતીપત્ની વચ્ચેનો ઝઘડો થયો હોવો જોઈએ અને શરદની ગેરહાજરીમાં ગિરીશ આવી માધવીને મળે નહિ અગર ક્યાંય લઈ જાય નહિ, અથવા કાંઈ બંને વચ્ચે આપ–લે થાય નહિ, તે જ જોવાની વિશ્વાસુ નોકરોની ફરજ આજ બજાવાઈ શકાઈ એમ નોકરોને લાગ્યું. અને બંને નોકર અને નોકરબાઈ માધવીને કાંઈ પણ ખબર આપ્યા સિવાય, શરદની ઈંતેજારીપૂર્વક રાહ જોવા લાગ્યાં.

નિત્યની માફક સંધ્યાકાળે શરદ આવ્યો. ઘરનું વાતાવરણ હતું તેવું ને તેવું જ શોકગ્રસ્ત હતું. હસતે મુખે તેને લેવા સામે આવતી માધવી કેટલા યે દિવસથી તેની સામે આવતી ન હતી; ઘરમાં હાસ્ય તો સંભળાતું જ ન હતું; અને માધવીની અવરજવરથી જાગ્રત રહેતું આખું ઘર ખાલીખાલી જ લાગ્યા કરતું હતું. માધવી પોતાના ખંડમાં ખાલી આંખે, અને શૂન્ય મસ્તકે, એક ખુરશી ઉપર બેસી રહી હતી. શરદ કદી કદી આવતો એને તેને એકાક્ષરી જવાબમાં પતાવી પાછા જવાની માધવી ફરજ પાડતી. આજ પણ કંઈ નિત્યપ્રયોગ આદરવામાં આવ્યો. પહેલાં કપડાં કાઢી સ્વસ્થ થઈ શરદ

માધવીના ખંડમાં આવી જતો. આજ વૈમનસ્ય પહેલાંની ઢબે પહેરેલા કપડે જ શરદ માધવીના ખંડમાં આવ્યો. માધવીએ તેના તરફ જોયું નહિ, એટલે શરદ તેની સામે આવ્યો અને કહ્યું :

'માધવી !'

'હં !' શરદની સામે જોયા વગર માધવીએ જવાબ આપ્યો.

'હવે આમ કેટલો વખત ચલાવવું છે ?'

'ઈશ્વર ચલાવે ત્યાં સુધી.'

'નાહક ઈશ્વરને વચમાં ન લાવીશ. એમ કહે કે ગિરીશ ચલાવે ત્યાં સુધી.'

'ગિરીશ ?' જરા સતેજ બની શરદની સામે જોઈ માધવીએ પૂછ્યું.

'હા, ગિરીશ. તું તેને ઓળખતી લાગે છે.'

'હું ગિરીશને જ નહિ, પરંતુ એ સિવાય ઘણા ઘણાને ઓળખું છું.'

'પરંતુ આ ગિરીશનું ઓળખાણ કંઈ અવનવું જ લાગે છે.'

'શા માટે અવનવું ? જેવાં બીજાં ઓળખાણ તેવું આ પણ ઓળખાણ.'

'એના કરતાં કાંઈ વિશેષ લાગે છે. ગિરીશના ઓળખાણ-માંથી ભેટ સોદાગરના ભંડાર ખૂલતા લાગે છે.'

'એ કશી ખબર મને નથી. હું એટલું જાણું છું કે મારા બાળપણમાં ગિરીશ નામનો એક મિત્ર મારી સાથે ભણતો હતો.'

'મિત્ર ! હીરામોતીના દાગીનાની તને ભેટ આપી શકે એવો એ તારો મિત્ર હતો, નહિ ?'

'ના; એ ગરીબ માબાપનો પુત્ર હતો. એ કદી મને ભેટ મોકલાવે એમ હું માનતી નથી.

'તો–જો, જરા આંખો ખોલીને, આ ડબી અને ડબીમાં મૂકેલા અલંકાર તથા ભેટ આપનારનું નામ.' કહી શરદે પોતાના ખિસ્સામાંથી ડબી કાઢી એક નાના સ્ટૂલ ઉપર માધવીની આગળ મૂકી દીધી

જાસૂસ નોકરોએ શરદને ભેટની ડબી, અને ભેટ આપનારાનું વર્ણન આપી દીધાં હતાં.

'મારે એ ડબી જોવી નથી: મને ઘરેણાંમાં કશો રસ નથી.' માધવીએ કહ્યું.

'પરંતુ ગિરીશનાં આપેલાં ઘરેણાંમાં તને જરૂર રસ પડશે.' કહી શરદે ચાંપ દાબી ડબી ખોલી નાખી અને તેમાંથી ઝબકતાં ચાર હીરાનાં ઘરેણાં પ્રકાશી ઊઠયાં.

માધવીએ ઘરેણાં સહિત ડબી ઉઠાવી પાસેની બારીમાંથી બહાર ફેંકી દીધી.

'એમ દેખાવ કરે દોષ ઢંકાશે નહિ. કોણ છે એ ગિરીશ?' શરદે ધમકાવીને કહ્યું.

'દોષ! દોષ હવે ઢંકાય એમ છે જ નહિ. તારી આંખ જ દોષથી ભરેલી છે, એટલે બીજો ઇલાજ નથી. ગિરીશનું જે વર્ણન હું આપીશ તે તને ખોટું જ લાગવાનું છે. મારે એને ઓળખાવવો નથી.' માધવીએ જવાબ આપ્યો.

'મારી આંખમાં દોષ? તારા દોષ ભરેલા દેહને જરા કહેવા દે કે ગિરીશ કોણ છે. એ જાણ્યા વગર હું રહેવાનો નથી જ.'

'આ આડાઈનું પરિણામ શું આવશે તે તું જાણે છે?'

'જે પરિણામ આવ્યું છે તેના કરતાં બીજા કોઈ ખરાબ પરિણામની હું આશા રાખતી નથી. મારું અને તારું જીવન ભાંગીને તેં ભૂકો કરી નાખ્યું છે.'

'અને છતાં તું મારા ઘરમાં ચેનપૂર્વક રહી શકે છે એ ભૂલીશ નહિ.' પુરુષ વિકરાળ બને છે ત્યારે તે સ્ત્રીનું અહં ઘવાય એવી જ વાણી ઉચ્ચારે છે. શરદે માધવીના અહં ઉપર છેલ્લો ફટકો માર્યો.

## ૪

માધવીની આંખમાથી અગ્નિ ખર્યો. એણે કંઈ પણ જવાબ ન આપતાં ઊભાં થઈ ખંડની બહાર જવા માંડયું. અપમાનિત

શરદ બૂમ પાડી ઊઠ્યો :

'ક્યાં જાય છે, માધવી ?'

માધવીએ પાછું ફરી ન જોતાં આગળ ડગલાં મૂકયે રાખ્યાં. અને ગૃહના પ્રવેશદ્વાર નજીક આવી ચઢી. ઉશ્કેરાયેલો શરદ તેની પાછળ ગયો, અને ઘરની બહાર પગ મૂકતાં જ માધવીનો હાથ ઝાલી તેણે કહ્યું :

'બહાર ક્યાં જાય છે ?'

'મને જ્યાં ફાવશે ત્યાં હું જઈશ મારો હાથ છોડો.'

'હું તારો પતિ છું તે વાત તું ભૂલી જાય છે, ખરું ?'

'હું નથી ભૂલતી, તું ભૂલે છે. રક્ષણ આપી શકે તે પતિ, રક્ષણ ન આપે તેને શું નામ આપવું એની મને ખબર નથી. તું મારો પતિ નથી. તું મારો એક જુલમી પહેરેગીર છે. તારા પહેરામાં હું હવે નહિ રહી શકું.'

'રીતસરનાં લગ્ન કરી આપણે પતિપત્ની બન્યાં છીએ, એ તને યાદ આપવું પડશે ?'

'હા, એ મને યાદ આપવું પડશે, અને તે અદાલતમાં જઈને તારી પત્નીનો કબજો મેળવવા તું કોર્ટમાં દાવો લાવજે. તે સિવાય તારો કબજો મેં ફેંકી દીધો છે.' કહી માધવી હાથ છોડાવી એકાએક ઘરનાં પગથિયાં ઊતરી ઝડપભેર કમ્પાઉન્ડની બહાર ચાલી ગઈ. શરદને માટે આ અનુભવ તદ્દન નવો હતો. સ્ત્રી રિસાઈ ઘરમાં બેસી રહે એ શક્ય હતું : પરંતુ આવી સુંદર ભણેલી, પ્રતિષ્ઠા-સંપન્ન પત્ની તેનું ઘર છોડીને જાય, અને તે આમ નોકરચાકરોના દેખતાં, એ તેને કંપાવનારું દૃશ્ય થઈ પડ્યું હતું. માધવીની ઉગ્રતા અત્યારે સૌમ્ય બને એવી તેને લાગી નહિ. પ્રતિષ્ઠા તેને રોકતી હોત તો તે આમ ખુલ્લે છોગે તેનો હાથ છોડાવી કદી ચાલી ગઈ હોત નહિ. ગિરીશ નામના તેના કોઈક પ્રેમીએ માધવીને ભરમાવી છે, ચઢાવી છે, અને કંઈ ન બને તો ભગાડવાનો પણ પ્રયાસ કર્યો છે એમ એક પાસ તેને લાગ્યું. શું કરવું તેની એને કંઈ સૂઝ પડી

નહિ. માધવી પાછી ફરશે એમ પણ તેને એક સંભવ લાગ્યો. પરંતુ માધવીને ગયે પા કલાક થયો, અડધો કલાક થયો, અને છતાં માધવી પાછી ફરી નહિ ત્યારે શરદનું હૃદય ધડકી ઊઠયું. અને કલાક થયો ત્યારે તો શરદનું મન હાથમાં રહ્યું નહિ અને આખું ભરેલું ઘર અને ભરેલું શહેર તેને તદ્દન ખાલી લાગી ગયું. તેના હૃદયમાં પણ વ્યથા ઉપજાવતી શૂન્યતા વ્યાપી રહી અને એકાએક તે ઊભો થયો, કાર મંગાવી અને કારમાં બેસી તેણે શોફરને હુકમ આપ્યો :

'ઝડપ વધારે રાખો.'

'ક્યાં લઈ જાઉં, સાહેબ ?' શોફરે પૂછ્યું.

'જ્યાં લઈ જવાય ત્યાં. માધવીની પાછળ જવું છે અને એને પાછી લાવવી છે.' શરદે કહ્યું. એનો હુકમ તદ્દન અદ્ધર હતો. બંગલામાં કાંઈ પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો છે અને "બાઈસાહેબ" કાંઈક ચાલ્યાં ગયાં છે એટલી હકીકત શોફર સુધી પહોંચી હતી. અને આછીપાતળી જાસૂસી કરી ચૂકેલા શોફરને આ બનાવની પાછળનું વાતાવરણ સહેજ માલૂમ હતું. ઓળખીતા, મિત્રો અને સગાંસંબંધીઓને ત્યાં શોફરે કાર દોડાવી. અને બાઈ સાહેબની ભાળ કાઢવા પ્રયત્ન કર્યો. પરંતુ માધવીનો કોઈ પણ સ્થળે પત્તો લાગ્યો નહિ.

'તળાવ ઉપર લઈ જા.' કારમાં બેઠેલા શરદે શોફરને આજ્ઞા કરી. કદાચ રીસ ચઢાવીને માધવી તળાવમાં ડૂબી જવા માટે ચાલી ગઈ હોય એવો હૃદય હલાવતો થડકારભર્યો અંદેશો શરદના મનમાં આવ્યો,

શોફરે ગામના સુંદર સરોવર ઉપર કાર લીધી. પૂનમનો ચંદ્ર આકાશમાં ખીલી રહ્યો હતો, અને આછાં વાદળાં ચંદ્રના તેજમાં રમતાં દોડતાં હતાં. ચંદ્રના પ્રકાશમાં સરોવર ઉપર એક નાનું મંદિર જોવામાં આવ્યું અને મંદિરની પાસે એક કાર ઊભેલી પણ શોફરને દેખાઈ.

'પેલી કાર દેખાય છે એ નવી કાર ગામમાં આવેલી લાગે છે.' શોફરે શરદને કહ્યું.

'જોઈ આવ, કોની કાર છે?' શરદે કહ્યું.

અને શૉફરે મંદિર પાસે ગાડી લાવી ઊભી રાખી. તે નવી દેખાતી કાર પાસે ગયો, અને કારમાંથી સૂચના મળતાં શૉફર મંદિરની અંદર તપાસ કરવા માટે ઝડપથી ગયો. શરદ પણ કારમાંથી નીચે ઊતરી સરોવરને કિનારે ચંદ્રની ચાંદનીમાં ડગલાં ભરવા લાગ્યો. અત્યારે ચંદ્રની ચાંદની તેના ઉપર અગ્નિ વરસાવતી હોય એમ તેને લાગ્યું. માધવી વગરનું જીવન શરદને અકારું થઈ પડ્યું.

એકાએક શૉફર દોડતો આવ્યો અને શરદને કહેવા લાગ્યો :

'સાહેબ ! બાઈસાહેબ અંદર મંદિરમાં છે.'

'અંદર શું કરે છે?' અત્યંત જિજ્ઞાસાથી દોડવાની તૈયારી કરતા શરદે પૂછ્યું. શૉફરના મુખ ઉપર જરા ગ્લાનિ ફરી વળી. તેણે ધીમે ધીમે લથડતે અવાજે જવાબ આપ્યો :

'અંદર તો કંઈ...ધાર્મિક વિધિ...થતી દેખાય છે.'

'ધાર્મિક વિધિ ? શેની?' જરા ચોંકીને શરદે પૂછ્યું.

'બાઈસાહેબ એક પાટલા ઉપર બીજા કોઈ પુરુષ પાસે બેઠાં છે; પુરુષ પણ પાટલા ઉપર જ બેઠો છે. અને બાઈસાહેબ એને ચાંલ્લો કરતાં મને દેખાયાં.'

'એમ ! શરદની આંખમાંથી ઝેર વરસી રહ્યું. શરદની જે શંકા હતી તે સાબિત થઈ. હજી ઘરમાંથી ગયે બે કલાક પણ થયા નથી એટલામાં છતે પતિએ માધવી બીજા પુરુષને ચાંલ્લો કરી રહી હતી. મંદિરમાં ધસી ગયેલા શરદે અંદર જતાં શૉફરનું વર્ણન સાચું પડતું જોયું. માધવી એક સુંદર યુવાનનો હાથ પોતાના હાથમાં લઈને બેઠી હતી, પરંતુ શરદને ચમક સાથે લગ્નના હસ્તમેળાપ કરતાં કંઈક જુદો જ હસ્તમેળાપ દેખાયો.

માધવી એ પુરુષનો હાથ પોતાના હાથમાં લઈ તેને રક્ષા બાંધતી હોય એવો ભાસ થયો. એટલું જ નહિ, માધવીનો સુકોમળ કંઠ પણ શરદને સંભળાયો.

'ભાઈ ગિરીશ ! આટલે વર્ષે પણ તું મને યાદ કરી મારી

પાસે રાખડી બંધાવવા આવ્યો! બહેનની આશિષ છે કે તું સો વર્ષનો થા, અને કદી પણ શંકા ન ઊપજે એવી પત્નીને પામ!'

ધસીને આવતા શરદનો રોષ એકાએક ઊતરી ગયો. સાપની કાંચળી જેમ ખંખેરાઈ ખરી જતી હોય તેમ શરદ બીજો જ શરદ બનીને આગળ આવ્યો. ગિરીશે અને માધવીએ શરદને નિહાળ્યો. માધવી કાંઈ બોલી નહિ. ગિરીશે ધારી લીધું કે આવનાર યુવક માધવીનો પતિ શરદ જ હોવો જોઈએ. તેણે કહ્યું :

'પધારો, શરદભાઈ!' અને પાસે પડેલો એક પાટલો લેવા તેણે અંગુલિનિર્દેશ કર્યો.

'હવે બેસવું નથી. માધવી અને માધવીના ભાઈને મારે ઘેર તેડી જવા આવ્યો છું.'

'પણ શરદભાઈ! હું માધવીનો સગો ભાઈ નથી. પરંતુ હું ભણતો ત્યારે અમારી બાલ્યાવસ્થામાં બહેને મને રાખડી બાંધી. એ રાખડીને પ્રતાપે હું અત્યંત ગરીબ અને નિરાધાર બાળક આજ મોટો ધનિક બની ગયો છું. મને લાગ્યું કે આજની બળેવે મારે ફરી બહેન પાસે રક્ષા બંધાવવી અને નવો આશીર્વાદ મેળવવો. વચમાં વર્ષોનાં વર્ષો વીતી ગયાં પરંતુ હું અને માધવી મળ્યાં ન હતાં. એટલે આજ સો માઈલ છેટેથી કાર લઈને હું બહેન પાસે આવ્યો છું. ગિરીશે પોતાનો લાંબો ઇતિહાસ ટૂંકાણમાં કહ્યો. શરદે પૂછ્યું નહિ કે ગિરીશ સીધો પોતાને ત્યાં કેમ આવ્યો ન હતો. શરદ તો જાણતો જ હતો. ગિરીશ ભેટ લઈને તારે ઘેર આવ્યો જ હતો પરંતુ શરદની આજ્ઞાએ તેને ઘરમાં પેસતો અટકાવી દીધો હતો. કદાચ માધવી ઘર બહાર નીકળી ત્યારે ફરીથી કાર લઈને ગિરીશ શરદના ઘર ભણી આવ્યો હોવો જોઈએ. અને રિસાયલી માધવીને જોઈ તેને કારમાં લઈ તે આ મંદિરના પોતાના ઉતારા ઉપર ચાલ્યો હોવો જોઈએ. વધારે પૂછપરછ કરવાની શરદમાં હવે શક્તિ રહી ન હતી. તેણે તો માત્ર એટલું જ કહ્યું :

'માધવી! ભાઈને ઘેર લઈ લે. અને ત્યાં મીઠું મોં કરાવ.'

'ભાઈથી બહેનને ઘેર ઊતરાય જ નહિ.' ગિરીશે કહ્યું.

'આપને હું પાછા મોકલીશ, મોં મીઠું કરાવીને.' શરદે કહ્યું.

'એક શર્તે ભાઈ આવશે. તારા બધા જ મિત્રોને આજે રાત્રે બોલાવ અને બધાને જ હાથે હું રાખડી બાંધું ત્યારે.' માધવીએ ટકોર કરી.

'તારી એક પણ શર્ત હવે એવી નહિ હોય કે જેને મારી મંજૂરીની જરૂર પડે. તારો બોલ એ જ મારો જીવનમંત્ર.'

ચંદ્રના મુખ ઉપરની કાળું વાદળું ઓસરી ગયું. શરદ અને માધવીના મુખ ઉપર પણ પથરાયેલો શ્યામ પડદો ખસી ગયો અને માધવીએ આખી દુનિયાના પતિદેવોની મશ્કરી કરી. શરદ અને ગિરીશ બંને ખડખડ હસ્યા:

'પછીથી દરરોજ આખા શહેરના પુરુષોને હું રાખડી બાંધીશ અને શરદ સિવાયના બધા જ પુરુષોને હાથે રક્ષાબંધન બંધાઈ રહે ત્યાં સુધી હું આંખે પાટા બાંધીને ફરીશ.' માધવીએ કહ્યું.

'એમ કેમ?' ગિરીશે પૂછ્યું.

'એમ જ હોય! દરેક પતિ પત્નીના રૂપનો ઇજારદાર છે!' માધવી બોલી.

શરદ હસ્યો ખરો પરંતુ એણે ફરી માધવી ઉપર પહેરો ભરવાનું છોડી દીધું અને એનું ગૃહ હાસ્યથી કલ્લોલતું બની ગયું.

# હીરાની ચમક

ખાનદેશમાં તાપીને કિનારે બુરહાનપુર નામનું નગર. આજ પણ એ નગર છે જ. મીર ખલીલ બુરહાનપુરનો સૂબો અને તેની પત્ની શાહજાદા ઔરંગઝેબની માસી થાય. શાહજાદા ઔરંગઝેબને અને તેના પિતા શહેનશાહ શાહજહાનને બહુ બને નહિ, છતાં એ બાહોશ શાહજાદાને દક્ષિણ ગુજરાત, સિંધ અને મુલતાન જેવાં મહત્ત્વનાં સ્થળોએ સૂબાગીરી આપવામાં આવતી હતી. અને મધ્યભારતના ગોન્ડ રાજ્ય સામે તેમ જ અફઘાનિસ્તાનમાં લડવા માટે મોકલવામાં આવતો હતો. બાહોશ શાહજાદો પોતાના કાર્યમાં સફળતા પ્રાપ્ત કરતો. માત્ર તેને લાગ્યા કરતું હતું કે તેની બાહોશીના પ્રમાણમાં તેના પિતા તેની કદર કરતા નહિ. શાહજાદો ચુસ્ત મુસલમાન. પાંચ વાર નિમાજ પઢે, કુરાન લખે-વાંચે, મુસ્લિમ સંતોને પૂજે અને શરાબને અડકે પણ નહિ. તેના પિતા અને એના ભાઈઓને દારૂની બહુ છોછ ન હતી. તેઓ મુસ્લિમ રીતરિવાજો પાળતા હતા ખરા; છતાં હિંદુ સાધુ-સંતો તરફ માનવૃત્તિ રાખતા હતા. અને વળી તેનો વડીલ ભાઈ દારા તો હિંદુ પંડિતો અને સાધુ-સંતોને પોતાની પાસે બોલાવી ગીતા, ઉપનિષદ્ સમજવા મથન કરતો.

રાજકુટુંબની આ બંને પ્રણાલિકા શાહજાદા ઔરંગઝેબને જરા ય પસંદ ન હતી. એક ચુસ્ત મુસ્લિમ તરીકે ઔરંગઝેબ અન્યધર્મીઓ સાથે જરા ય હળતોમળતો નહિ અને અન્ય ધર્મના ઊંડાણમાં ઊતરવા મથતો પણ નહિ. દારૂ પ્રત્યે તેને અતિશય તિરસ્કાર. અને દારૂ પીનાર પ્રત્યે એથી પણ વધારે તિરસ્કાર. લપસી પડાય

એવું ઇસ્લામીપણું ઔરંગઝેબ કદી પસંદ કરે નહિ, અને લપસી પડનાર પોતાનો ભાઈ હોય કે બાપ હોય તોપણ તેમના હળવા હૃદય માટે તે તેમનો મનમાં તિરસ્કાર કરતો અને પોતાની પવિત્ર ધર્મચુસ્તતા માટે અંગત ગર્વ પણ સેવતો. પિતા-પુત્ર વચ્ચે સતત છણછણાટભર્યો સંબંધ ચાલ્યા જ કરતો. અને એક દિવસ તેને એકાએક દક્ષિણની સૂબાગીરી સંભાળવાનું શાહી ફરમાન મળી ગયું. દિલ્હી દૂર દૂર ફેંકાતા શાહજાદાને અણગમો તો ઘણો આવ્યો. દિલ્હી આગ્રાનો પ્રદેશ તેને ખૂબ ગમતો. હુકમનો અમલ તત્કાલ કરવાનો હતો, એટલે બીજે દિવસે પ્રભાતમાં આગ્રા તેને છોડવું પડે એમ હતું. એટલે તૈયારીના હુકમો આપી તે જમનાકિનારે સાંજે એકલો એકલો લટાર મારી રહ્યો હતો, અને મનમાં પિતાની અવકૃપા માટે પિતાના અસ્થિર હૃદયને દોષ દેવા લાગ્યો.

યમુનાતટ ઉપર એ જ વખતે એક સાધુ મોટી શિલા ઉપર ભાંગ ઘૂંટી રહ્યો હતો. નિર્વ્યસની શાહજાદાને આ સાધુ નિહાળી અત્યંત ક્રોધ ચડ્યો. પોતે ગાદીએ આવે તો માત્ર શરાબ જ નહિ, આસવ જ નહિ, પરંતુ સાધુઓના ગાંજો અને ભાંગ પણ તે બંધ કરાવે! સાચું મુસ્લિમપણું કોઈ પણ વ્યસનને આવકારે નહિ. અને તેણે ખુદાને પ્રાર્થના કરી કે માનવજાતને નિર્વ્યસની બનાવવા, તથા સાચા ઇસ્લામને પુષ્ટ કરવા માટે પ્રભુ તેને દિલ્હીની શહેનશાહત અર્પણ કરે! યમુનાતટ જેવી સાર્વજનિક જગાએ કોઈ પણ પરધર્મી નશો કરવાની તૈયારી કરે તે એના રાજ્યમાં કદી પણ બની શકે નહિ એમ તેણે ધાર્યું. પિતાના નિર્બળ, નિર્માલ્ય અને નિરંકુશ રાજ્યમાં જ આવા જાહેર સ્થળે સાધુને ભાંગ તૈયાર કરવાની તક મળી શકી. અમુસ્લિમ કૃત્ય અટકે એ ખાતર પણ ઔરંગઝેબે દિલ્હીનું રાજ્ય મેળવવું જ જોઈએ, એવો ઝડપી વિચાર તેના મનમાં ફરી વળ્યો.

'જય જમનામૈયા કી! શાહજાદા લાગો છો!' ભાંગ રગડતા સાધુએ કહ્યું. ઔરંગઝેબ સાધુની પાસે આવી લાગ્યો હતો. એના એકબે અંગરક્ષકો એની પાછળ દૂર હતા.

'હા, હું શાહજાદો છું. મને એક નવાઈ લાગે છે કે ખુદાને માર્ગે જવાનો ઢોંગ કરનાર માણસ આવું વ્યસન કેમ કરી શકે ?' ઔરંગઝેબે સાધુની પાસે આવીને કહ્યું.

'હું આ ભાંગ લસોટું છું, તેને આપ વ્યસન કહો છો, નહિ ? વ્યસનથી પણ પ્રભુ પાસે વહેલા પહોંચાતું હોય તો વ્યસન પણ ધર્મ બની જાય.' સાધુએ કહ્યું.

'એ ધર્મ જ ખોટો છે જે વ્યસનનો માર્ગ પ્રભુનો માર્ગ માને છે. હું જો શહેનશાહ હોઉં તો...' ઔરંગઝેબે વાક્ય પૂરું ન કર્યું.

'શહેનશાહ આપ થાઓ એવાં બધાં જ લક્ષણ આપના મુખ ઉપર દેખાય છે.' સાધુએ કહ્યું.

'ખોટી ખુશામત કરવાની જરૂર નથી. વ્યસન ઉપરાંત બીજું પણ તમે પાપ કરી રહ્યા છો.' ઔરંગઝેબે વાક્ય પૂરું ન કર્યું.

'વ્યસનને, વ્યસનીને, પાપીને, પાપને, આમ તિરસ્કારો નહિ, શાહજાદા ! હું કદી કોઈની ખુશામત કરતો નથી. સાચું કહું ? ઊંડાણમાં જોતાં મને કાંઈ કાંઈ દેખાય છે, તમારા જીવનમાં...શહેનશાહત તો છે જ...પણ...' સાધુએ કહ્યું.

'કેમ અધું બોલી અટકી ગયા ?' ઔરંગઝેબે પૂછ્યું.

શહેનશાહતનું ભાવિ તેને માટે નિર્માણ થયું હતું એ કથન ગમ્યું ખરું, પરંતુ સાધુને હજી કંઈ કહેવાનું બાકી હતું એમ ઔરંગઝેબને લાગ્યું.

વ્યસન રહિત હો તો તેનો ઘમંડ ન કરશો. માનવી વ્યસનથી બચે છે, ખુદાની કૃપા વડે...તમે પણ, શાહજાદા ! ખુદાની કૃપાથી જ નિર્વ્યસની રહ્યા છો. એનું અભિમાન રાખશો તો એકાદ વખત જરૂર પછડાશો.' સાધુએ કહ્યું.

'હું પછડાઉં, વ્યસનમાં ? અશક્ય ! પક્કો સાચો મુસ્લિમ, બીજા રજવાડી મુસ્લિમો જેવો નથી કે જે તમારા સરખા કાફરોની ભવિષ્યવાણીથી ભોળવાઈ જાય.' ઔરંગઝેબે કડકાઈથી જણાવ્યું.

'એવો પ્રસંગ આવે ત્યારે મને યાદ કરજો. એ પ્રસંગ આવવાનો

જ છે.' સાધુએ કહ્યું.

'અને ન આવે તો ? કેટલાં વર્ષમાં તમારું ભવિષ્ય ખરું પડવાનું છે ?' ઔરંગઝેબે જરા તિરસ્કારપૂર્વક હસીને કહ્યું.

'આ વર્ષમાં જ, શાહજાદા !' સાધુએ કહ્યું.

'એમ ન થાય તો...આ જમનાકિનારે તમારે મુસલમાન બની જવું...કબૂલ છે ?' ઔરંગઝેબે પૂછ્યું.

'મને સાધુને ઇસ્લામ અને આર્ય ધર્મ સરખા જ છે. અમે વ્યસની સઘળા વટલેલા. એકકે ધર્મ અમારો નહિ. જીવનમૃત્યુની રમત જોતા અમે મસ્તાન ધર્મછાપથી પર થઈ ચૂક્યા છીએ. શાહજાદા ! મારું એ ભવિષ્ય ભાખેલું ખરું પડે તો તમારા બીજા ભવિષ્ય તરફ પણ તમે નજર કરજો. એ પણ મને દેખાય છે.'

'એમ ? મને બિવરાવવો છે કે ચમકાવવો છે ?' ઔરંગઝેબે પૂછ્યું.

'બેમાંથી એકકે નહિ ! ચમકાવવા હોત કે બિવરાવવા હોત તો હું તમારી શહેનશાહતને જોઈ શક્યો ન હોત...ખૂબ ખૂબ ખીલશે ...મહાન કહેવાશો...આખું હિંદ એક વાર તમારા ચરણ તળે હશે. પરંતુ મન સંકોડશો તો આખી શહેનશાહત તમારા દેખતાં જ ડગમગી જશે...' સાધુએ ઊંડે ઊંડે જોઈને કહ્યું.

'બીજું કંઈ ?' શાહજાદા ઔરંગઝેબે જરા રમૂજથી આ વ્યસની સાધુને ખીલવવા પ્રયત્ન કર્યો.

'અને બીજું એ જ કે આપની ડગમગતી મોગલાઈ ઉપર છેલ્લો નિઃશ્વાસ નાખવા આપ જમનાકિનારે આવી પણ શકશો નહિ, જે જમનાકિનારા ઉપર આપ મને પ્રશ્ન કરી રહ્યા છો તે !' કહીને ભાંગનો લોટો ભરી આખો લોટો સાધુએ ગટગટાવ્યો. 'જય જમનામૈયા' કહી સાધુએ જમનાજળમાં કૂદીને ડૂબકી મારી. થોડી વાર સુધી ઔરંગઝેબ તેને જોઈ રહ્યો, પરંતુ એને પાણી બહાર નીકળેલો ન જોતાં બેદરકારીથી ટહેલતો ટહેલતો તે પાછો ફર્યો.

## ૨

ખાનદેશને ગુજરાતને એક બનાવતી નદી સૂર્યદેહા – તાપીને એક કિનારે બુરહાનપુર નગર અને સામે કિનારે ઝઈનાબાદી મહેલ અને મહેલની આસપાસ વિશાળ બગીચો. મોગલ સૂબાઓની સૂબાગીરી સૂબાઓને મુલ્કી અને લશ્કરી બંને સત્તાઓ આપતી. સૂબો આખા સૈન્યનો સેનાપતિ પણ ખરો, અને રાજ્યભાગ તથા ખંડણી ઉઘરાવનાર શ્રેષ્ઠ અમલદાર પણ ખરો. કામ વ્યવસ્થિત ગોઠવાઈ ગયેલાં હોય એટલે જ્યાં સુધી કોઈ નાજુક કે જોખમભર્યું કામ માથે ન આવે ત્યાં સુધી સૂબાઓને મોજશોખ માટે તથા રંગરાગ માટે ઘણો વખત મળતો. ખાનદેશના સૂબા મીર ખલીલને તો બુરહાનપુરમાં કચેરીએ જવું પડે અને પ્રાંતમાં ફરવું પણ પડે. પરંતુ સૂબાની બેગમને કચેરીમાં કોઈ કામ હોય નહિ, મહેલ અને બાગબગીચો મૂકી ફરવાનું મન થાય નહિ એટલે મીર ખલીલની પત્ની તો તાપીકિનારે ઝઈનાબાદ બગીચામાં જ પોતાનો સમય પસાર કરતી. સાહેબી અને ઠઠારામાં સૂબાગીરી શાહી રુઆબને પગલે ચાલતી એટલે સૂબાની બેગમની આસપાસ અનેક નોકર-સ્ત્રીઓ હાજર રહેતી. કોઈ નોકરડીને ગાતાં આવડે, કોઈ નોકરડીને કેશગૂંથણ આવડે, કોઈ ગુલામસ્ત્રી ગંભીર વાર્તા કહેવાની કલામાં પ્રવીણ હોય તો કોઈ કોઈ ગુલામસ્ત્રી હાસ્યરસની વાર્તા કહેવાનાં પ્રવીણ હોય. કોઈ સ્નાનક્રિયામાં પ્રવીણ હોય, તો કોઈ વસ્ત્રાભૂષણની ક્રિયામાં પ્રવીણ હોય. કોઈ શતરંજ-ચોપાટ પણ સરસ ખેલી શકતી હોય અને કોઈ દોડવાની રમતમાં પ્રવીણ હોય. કોઈ નોકરસ્ત્રી સખી બની સૂબાના મહેલનાં અને મોગલ રાજમહેલની ભેદભરમની વાતો કહેતી હોય, તો કોઈ મૌન સેવતી દાસી આખા જનાનખાના ઉપર જાસૂસી કરતી હોય. બેગમ સાહેબાને જે વખત જેવી જાતનો આનંદ જોઈતો હોય તેવે વખતે તેવી જાતનો આનંદ આપવા માટે ગુલામસ્ત્રીઓનું એક મોટું સૈન્ય સૂબાના મહેલમાં બેગમની આસપાસ તૈયાર જ હોય. એ યુગમાં ગુલામગીરીની પ્રથા

ખરી. પરંતુ આજ જે પ્રકારનું દાસત્વ કરાવવામાં આવે છે તે પ્રકારના દાસત્વ કરતાં એ યુગની ગુલામગીરી વધારે કઠણ નહિ હોય. ઘણી દાસીઓ તે સખીઓ બની રહેતી,

એ તાપીકિનારે ઝઈનાબાદી રાજમહેલમાં પોતાની માસીને ત્યાં ઔરંગઝેબ આવ્યો. દક્ષિણની અણગમતી સૂબાગીરી પિતાએ તેને માથે મારી હતી; એ સૂબાગીરી સાચવવા દક્ષિણ જતાં જતાં તે ખાનદેશમાં માશીને ત્યાં કેટલાએક દિવસ રહ્યો અને વળી પિતાની ખફગી વહોરી લીધી.

પણ એ ખફગી વહોરવાનું કંઈ કરણ ?

ઔરંગઝેબ આવ્યો તેને બીજે જ દિવસે તાપીકિનારે સુંદર બગીચામાં ફરવા લાગ્યો ઝઈનાબાદ બગીચો ખૂબ ગમી ગયો. વિશાળ બગીચામાં ફરવાના. રમવાના, સંતાવાના અને કારસ્થાનો માટેનાં બહુ બહુ અનુકૂળ સ્થળો હતાં. યુવાન શાહજાદો ફરતાં ફરતાં એક વૃક્ષઘટા પાસે આવી ચઢ્યો. એ ઘટામાંથી હળવું હળવું સંગીત — સ્ત્રીકંઠનું સંગીત ચાલ્યું આવતું હતું. કડક મુસ્લિમ ઔરંગઝેબ સંગીતનો તો દુશ્મન, પણ કોણ જાણે કેમ આજે તાપીના શીતળ પ્રવાહે, તે બગીચાની ઉત્તેજક સૌરભે તેને સંગીતઅભિમુખ બનાવ્યો. ધીમું ધીમું, ઝીણું ઝીણું, ટુકડે ટુકડે ગવાતું ગીત તેને ચોટ લગાડી ગયું

'કોણ આવું સુંદર ગાનાર આ બગીચામાં હશે ?' તેના હૃદયે પ્રશ્ન કર્યો અને તે વૃક્ષઘટાની બહુબહુ નજીક આવ્યો. નજીક આવતાં તેણે જોયું કે એક અદ્દભુત સૌંદર્યવતી યુવતી ફરતી ફરતી કાંઈક ગાતી હતી અને ન પહોંચાય એવા વૃક્ષે લટકતાં ફળને તોડવાને માટે વચમાં વચમાં કૂદકો પણ મારતી હતી. ઔરંગઝેબની નજર તે બાજુએ પડી, અને તે જ ક્ષણે એ યુવતીએ એક ફળ તોડવા કૂદકો માર્યો.

શાહજાદો પાંપણ પણ હલાવ્યા સિવાય આ નાનકડી સૌંદર્ય ફાળને નિહાળી રહ્યો. તેણે જાતે ઘણી ફાળો ભરેલી હતી, ઊંચી અને લાંબી. તેણે ઘણા પુરુષો અને સ્ત્રીઓને પણ ફાળ ભરતાં જોયાં હતાં. પરંતુ આ યુવતીની ફાળમાં તેને વાદળામાં ઊડતી, રમતી, કૂદતી

વીજળીનો ભાસ થયો. એનાં કપડાં પણ એની ગતિ સાથે જ ઝોલાં લેતાં હતાં અને તેના સૌંદર્યને પાર્શ્વભૂમિ અર્પતાં હતાં. તે ગાતી જાય અને ફળ વીણતી જાય; ઊંચા આવેલાં ફળને માટે કૂદકો ભરતી જાય અને હસતી જાય. આમ કરતાં કરતાં તેનું ઉત્તરીય પણ અવ્યવસ્થિત બની ગયું અને રમતમાં તેને ભાન પણ ન રહ્યું કે એક યુવાનની નજર તેના દેહ ઉપર ચોંટી રહી છે.

એકાએક ઔરંગઝેબ તેની નજીક ગયો અને બોલ્યો : 'હું થોડાંક ફળ ઉતારી આપું ? હું તમારાથી ઊંચો છું.'

યુવતી એકાએક ચમકી. તેણે ધાર્યું ન હતું કે કોઈ યુવક તેની ફળ તોડવાની રમત નિહાળતો હશે. શરમાતાં શરમાતાં, વસ્ત્રને સહજ ગભરાટપૂર્વક ઠીક ગોઠવીને તેણે જવાબ આપ્યો : 'ના જી. ફળ પૂરતાં થઈ ગયાં છે.'

'તમારે અત્યારે ફળ કેમ તોડવાં પડે છે ?' ઔરંગઝેબે પૂછ્યું.

'શહેનશાહના શાહજાદા અહીં પધાર્યા છે. બેગમ સાહેબા કહેતાં હતાં કે શાહજાદાને કેરી બહુ ભાવે છે. આ આંબાની કેરી બેનમૂન ગણાય છે, એટલે શાહજાદા માટે હું લઈ જાઉં છું.' યુવતીએ કહ્યું.

'એ શાહજાદો હું જ હોઉં તો ?' ઔરંગઝેબે જરા હસતાં હસતાં પૂછ્યું. ઔરંગઝેબની આંખમાં મસ્તી વધતી જતી હતી.

'બેઅદબીની મારે માફી જ માગવી રહી. વૃક્ષ સાથે મારે આવી જંગલી રમત નહોતી કરવી જોઈતી...મહાન શાહજાદા સમક્ષ.' યુવતીએ શરમાતાં – ગભરાતાં જવાબ આપ્યો.

'જંગલી રમત ? મને એ રમત ગમી ગઈ હોય તો ?...એ રમત જોયા પછી તો મને ઇનામ આપવાનું મન થયું. અને મારે માટે કેરી ચૂંટતી હતી એ સાંભળી મને ઇનામ આપવાનું વધારે મન થયું છે. કહો, શું ઇનામ આપું ?' ઔરંગઝેબે યુવતીને પોતાની દૃષ્ટિમાં ભરી લેતાં કહ્યું.

'ઇનામ ? નામવર ! હું તો બેગમ સાહેબાની એક નાચીજ દાસી છું. આપનાં મને દર્શન થયાં એ મારે મન ખુદાના નૂરનાં

દર્શન થયાં. એટલું ઇનામ મારા જેવી દાસીને માટે ઘણું છે.' યુવતી બોલી.

'દાસી ! તારું નામ શું ?' ઔરંગઝેબે પૂછ્યું.

'આ દેહને હીરાને નામે સહુ કોઈ પોકારે છે.' યુવતીએ જવાબ આપ્યો.

'હીરા ! નામ પાડનારે બહુ જ સાચું નામ પડ્યું છે. હું તને દાસીપણામાંથી મુક્ત કરી હીરા તરીકે મારે ગળે ભેરવી દઉં તો ?'

'શાહજાદા ! આપની ખ્યાતિ તો એક ભારે મજહબી પરહેજગારની છે. આસમાનમાં ઝુલતા અફતાબને જમીન ઉપરનો આગિયો શું ખેંચી શકે ? અને તેમાં ય નામદાર ! હું બેગમ સાહેબાની બાંદી છું. જીવનભર આ મહેલાત સાથે જડાયલી છું.' સહજ નિઃશ્વાસ સહ હીરા બોલી; અને આવા એક રાજપુત્ર સાથે આટલી લાંબી વાત તેનાથી થઈ ગઈ તેને માટે તોબાહ કરતી તેણે શાહજાદાને સલામ કરી, પીઠ ફેરવી આગળ પગલાં ભર્યાં.

'હું માશી પાસેથી તને માગી લઉં તો ?' હીરાની પીઠને ઔરંગઝેબે સંભળાવ્યું. ક્ષણભર મુખ પાછું ફેરવી ઔરંગઝેબ તરફ ન સમજાય એવી દૃષ્ટિ નાખી હીરા ઝટપટ ત્યાંથી મહેલમાં ચાલી ગઈ. જતાં જતાં તેણે ઔરંગઝેબના હૃદયને મીઠો પરંતુ અસહ્ય ઘાવ કર્યો. સ્ત્રી અને સંગીત બંનેથી પર રહેવા મથતો શાહજાદો આજ સ્ત્રીલુબ્ધ બની ગયો.

ગુલામો, દાસીઓ અને બાંદીઓની એ યુગમાં કાંઈ ભારે કિંમત ન હતી. વળી એ ભેટ સોગાદમાં કે દહેજમાં આપવા જેવી માનવવસ્તુઓ ગણાતી હતી. માશીને પોતાના માનીતા ભાણેજનું મન જોતજોતામાં સમજાઈ ગયું. અને તે જ દિવસે ઔરંગઝેબને હીરાની ભેટ મળી. પરિણીત બેગમની નજર બહાર દાસીઓના દેહ સાથે માલિક ફાવે તે રમત રમી શકતો. ઔરંગઝેબે તે રાત્રિએ દાસી હીરાને પોતાના શયનગૃહમાં બોલાવી તેની પાસે સંગીત સાંભળવા આગ્રહ કર્યો. હીરા પોતાની ગાયકી માટે બહુ જ વખાણાતી. ઔરંગઝેબના શયનગૃહમાં

તે એકલો જ હતો. ઔરંગઝેબનું માનસ હીરા ન ઓળખે એવી તે અજ્ઞાત ન હતી. એ ય આવી સુંદર વસ્ત્રોમાં સજ્જ થઈને. સંગીતનું એકાદ સાજ પણ તે સાથ લઈ આવી. અલબત્ત, કોઈ પણ સાજિંદા વગર ઔરંગઝેબની ગાદીની સામે તે નમ્રતાપૂર્વક બેસી ગઈ અને પોતાના મુખને અધું પોણું ઢાંકેલું રાખ્યું.

ઔરંગઝેબે તેની ખબર પૂછી અને તેને સુંદર સંગીત સંભળાવવા વિનંતી કરી. હીરાએ પોતાના કંઠને ખામી ભરેલો જણાવ્યો; શાહજાદા સમક્ષ ગાઈ શકવા જેવી પોતાનામાં આવડત નથી એવી પણ જાહેરાત કરી; અને અત્યંત આગ્રહ થતાં પોતાની નાદુરસ્ત તબિયતનું કારણ પણ હીરાએ બતાવ્યું. અંતે ઔરંગઝેબે કહ્યું:

'હીરા! આ બધા તારા બહાનાં છે. તું જાણે છે કે હું તને સાચા દિલથી ચાહું છું. પછી તું મારી વિનંતીને કેમ નકારે છે?'

'નામવર! મારે આપના પ્રેમનું પારખું જોવું છે. આપનો પ્રેમ સાચો હોય તો આપ મારી પણ વિનંતી સ્વીકારો, એટલે હું આપને મનભર સંગીત સંભળાવીશ.' હીરાએ કહ્યું.

'તારે માત્ર શબ્દોચ્ચાર જ કરવાનો રહે છે. માગ માગ; જે માગે તે આપું!' ઔરંગઝેબે કહ્યું.

'શાહજાદા! મારે હાથે શરાબનો એક ઘૂંટડો આપ પી લો એટલે બસ. હું જીવનભર આપની દાસી થવાને સર્જાયલી છું તે સાચી આપની દાસી જ રહીશ.' હીરાએ પોતાની આંખ ચમકાવી પોતાની માગણી ઔરંગઝેબ પાસે રજુ કરી. ઔરંગઝેબ ચમકી ઊઠ્યો અને બોલ્યો :

'હીરા! તને કદાચ ખબર નહિ હોય, પણ મારી આસપાસ શરાબના રંગબેરંગી ફુવારા ઊડે છે છતાં હું સાચો મુસલમાન એક ટીપું પણ મારા દેહ ઉપર પડવા દેતો નથી. તારી આ માગણી હું પૂરી કેમ કરી શકું?'

'તો આપ માલિક છો. હું માત્ર એટલું જ સમજીશ કે શાહજાદાનો મારે માટેનો પ્રેમ ક્ષણિક છે. પળવારમાં પ્રગટ થઈ તે હોલ

વાઈ જવાનો છે !' હીરાએ જવાબ આપ્યો.

'હું તને તારા દાસીપદમાંથી ઊંચકી મારી પરિણીત બેગમ બનાવું તો ? તો પછી તને મારા પ્રેમની ખાતરી તો થશે ને ?' ઔરંગઝેબે અત્યંત આર્જવપૂર્વક કહ્યું.

'મોગલ શાહજાદાઓને બેગમોની ક્યાં ખોટ પડે એમ છે ? પ્રેમની વાત કહી એટલે હું દાસી હોઉં કે બેગમ હોઉં તોપણ એક વાર મેં શર્ત મૂકી તે પાછી ખેંચી લઉં તો હું આપના મનથી પણ જોતજોતામાં ઊતરી જઈશ. બેગમ બનવાનું ભાગ્ય હોય તો યે મારી આ શર્ત એક વાર કબૂલ થાય તો જ મારા મનને ખાતરી થાય !' હીરાએ કહ્યું.

ઔરંગઝેબ ખૂબ વિચારમાં પડ્યો. તેણે હીરાને ઘણું ઘણું સમજાવી, પરંતુ તે એકની બે થઈ નહિ. ઔરંગઝેબ હીરા પાછળ એટલો ઘેલો થયો હતો, અને એની ઘેલછા એટલી બધી વધતી જતી હતી, અને બાહોશ કલાધરી હીરા એ ઘેલછાને ધીમે ધીમે એટલી પ્રજ્વલિત કરતી જતી હતી કે અંતે ઔરંગઝેબે તેને કહ્યું :

'લાવ હીરા ! જીવનમાં પહેલી જ વાર તારા પ્રેમને ખાતર, તારા ભાવિની ખાતરી આપવા માટે, કદી ન કરેલું કાર્ય કરી એક ઘૂંટડો શરાબ તારે હાથે પીશ.' અને હીરાએ પોતાની પાસેથી એક નાનકડી રૂપાળી સુરાઈ બહાર કાઢી. સુંદર કાચના પ્યાલામાં થોડો સરખો શરાબ રેડ્યો અને તે ઔરંગઝેબના મુખ સામે ધર્યો.

ઔરંગઝેબે જેવો પ્યાલાને હોઠે અડાડ્યો કે તરત હીરાએ પ્યાલાને પાછો ખેંચી લીધો અને ઔરંગઝેબને અત્યંત પ્રસન્નતાપૂર્વક તે નિહાળી રહી.

'કેમ હીરા ! શું થયું ? પ્યાલો કેમ પાછો ખેંચી લીધો ?'

'હીરાને આપે તો બેગમ બનાવવાનું વચન આપ્યું. દાસી મટી બેગમ બનવાની લાયકાત હીરામાં હોય તો હીરા કદી એક પાક મુસ્લિમ શાહજાદાને શરાબનો ઘૂંટડો પાઈ ભ્રષ્ટ ન જ કરે, નામવર ! મને ખાતરી થઈ ગઈ કે આપનો પ્રેમ સાચો જ છે. સામેથી મારો પ્રેમ

પણ સાચો છે એ દર્શાવવા હું મારા પ્રિયતમને પાક મજહબમાંથી નીચે તો ન જ ખેંચી લાવું. બસ, નામવર ! હવે આપ કહો એટલે હું મારું ગીત શરૂ કરું !' કહી હીરા ઊભી થઈ અને તેણે સુરાઈ, પ્યાલો અને શરાબ ત્રણે બારીમાંથી નીચે ફેંકી દીધાં અને ઔરંગઝેબને ભ્રષ્ટ થતાં બચાવી લીધો.

એ રાત્રે ઔરંગઝેબે હીરાનું સંગીત પણ સાંભળ્યું. બીજે દિવસે વચન આપ્યા પ્રમાણે તેણે હીરાને બેગમનું માનવંતું સ્થાન આપ્યું.

એ જ ઔરંગઝેબની સુપ્રસિદ્ધ બેગમ પ્રિયતમા હીરા ઝહીનાબાદી.

રાત્રે સૂતી વખતે ઔરંગઝેબે અલ્લાની ખૂબ પ્રાર્થના કરી. અને હૃદયને આભારની લાગણીથી ભરી દીધું. એ આભારની લાગણીમાં પ્રભુ સાથે હીરાનો પણ ભાગ હતો.

માત્ર પ્રાર્થના કરી રહ્યા પછી સૂતાં સૂતાં તેના કાનમાં એક ભણકાર વાગ્યો :

'જય જમનામૈયા કી.'

અને ઘડીભર ઔરંગઝેબની દૃષ્ટિ સમક્ષ ઔરંગઝેબનું ભવિષ્ય ભાખી રહેલો પેલો જમનાકિનારાનો સાધુ ભાસ રૂપે દેખાયો.

• •

## રમણલાલ વ. દેસાઈ

વડલા શા વિશાળ કુટુંબની જવાબદારી વહેતાં, વડોદરા જેવા મહત્ત્વપૂર્ણ ને પ્રગતિશીલ રાજ્યમાં ઉચ્ચ કક્ષાની વહીવટી કામગીરી દક્ષતાથી બજાવતાં, સંગીત-વ્યાયામ-રમતગમત-પુરાતત્ત્વ-સામાજિક સેવાકાર્ય એવા અનેકવિધ શોખ સાથે લેખનને પૂરક-પોષક એવી સંશોધનપ્રવૃતિમાં સતત રમમાણ રહેતાં રહેતાં માતબર અને મબલખ સાહિત્યના સર્જન દ્વારા ગુજરાતને અડધી સદી સુધી આ



જન્મ: ૧૨-૫-૧૮૯૨
નિધન: ૨૦-૯-૧૯૫૪

સિદ્ધહસ્ત સર્જકે પોતાની સાથે રાખ્યું હતું. રમણલાલ વ. દેસાઈનાં સાહિત્યસર્જન પાછળ ગુજરાત ઘેલું હતું. એમની નવી નવલ ક્યારે બહાર પડે છે તે જોવા-જાણવા ગુજરાતનો વિશાળ વાચકવર્ગ ઉત્કંઠિત રહેતો. એમનાં પાત્રો પરથી સંતાનોનાં નામ પડાતાં ! ત્યારે સંસ્કારિતાનો એક માપદંડ 'ર. વ. દે.નું સાહિત્ય વાંચ્યું છે કે નહિ' તે હતો. કેટકેટલા નવોદિત અને પછીથી પ્રતિષ્ઠિત લેખકોનો પ્રેરણાસ્રોત હતા ર. વ. દે.. એક આખા યુગને એમણે પોતાના સર્જનમાં સમેટ્યો અને બીજા યુગોનાં ચિત્રણ-અર્થઘટનમાંયે એને વિવિધ સંદર્ભે સાંકળી લીધો છે. આ યુગમૂર્તિ વાર્તાકાર આજેય હોંશથી વંચાય છે. એમના વિપુલ સર્જનના અમર વારસાને એમની જન્મશતાબ્દી નિમિત્તે, ફરી એકવાર કલાત્મક કાયાકલ્પ કરી, પુનઃ પ્રકાશિત કરતાં ગૌરવ અને આનંદ અનુભવીએ છીએ...